ૐ હ્રીં શ્રીશંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ



# શ્રી વસંત સ્તોત્રાદિ સંગ્રહ

સંપાદિકા

સ્વ૦ સા. શ્રી વિનયપ્રભાશ્રીજી મહારાજ

—: પ્રકાશક :—

પં. પુખરાજજી અમીચંદજી કોઠારી
(વડગામવાળા)

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ
મહેસાણા (ઉ. ગુ.)

ૐ હ્રીં શ્રી પાર્શ્વનાથાય નમઃ

ૐ હ્રીં શ્રી મહાવીરસ્વામિને નમઃ

શ્રી ગૌતમગણધરાય નમઃ

યોગનિષ્ઠાચાર્ય શ્રી બુદ્ધિસાગરસદ્ગુરુભ્યો નમઃ

# શ્રી વસંત સ્તોત્રાદિ સંગ્રહ



સંપાદિકાઃ—સ્વર્ગસ્થ સા. શ્રી. વિનયપ્રભાશ્રીજી મ.

—: પ્રકાશકઃ—

પં. પુખરાજજી અમીચંદજી કોઠારી

(વડગામવાળા)

શ્રી જૈન શ્રેયસ્કર મંડળ. મહેસાણા (ઉ. ગુ.)

વિ. સં. ૨૦૩૩ મૂલ્ય પઠન–પાઠન વીર સં. ૨૫૦૩

ગૃહસ્થને કિંમત : રૂ. ૪-૦૦

પુસ્તક પ્રાપ્તિસ્થાન.
પં. પુખરાજજી અમીચંદ કોઠારી
ઠે. શ્રી યશોવિજયજી જૈન સંસ્કૃત
પાઠશાળા
P.-મહેસાણા ( ઉ. ગુ. )

દ્વિતીય સંસ્કરણ-૧૦૦૦



: મુદ્રક :
રાજુભાઈ સી. શાહ
કેનિમેક પ્રિન્ટર્સ,
આશુનાયકની પોળ,
અમદાવાદ-૧

"णमो वीयरागाणं"

## —પ્રાક્ કથન—

આનંદની અભિલાષા વિશ્વના સઘળાયે જીવો સેવે છે. અને એ અભિલાષાને પૂર્ણ કરવા માટે આનંદની ખોજમાં એ આત્માઓ અનેકવિધ પ્રયત્નો કરે છે.

આનંદને શોધતા એ આત્માઓ શરીર અને સમયનું ભાન ભૂલી અનેક સ્થાનોએ ભટકે છે.

કોઈ સીનેમા-નાટ્યગૃહોમાં જાય છે તો કોઈ નિર્જન-વનમાં જાય છે.

કોઈ ગિરિકંદરાઓમાં જાય છે તો કોઈ વનવિહારોમાં જાય છે.

કોઈ ભોજનાલયમાં જાય છે તો કોઈ ક્રીડાલયોમાં જાય છે.

કોઈ વસ્ત્ર-પરિધાનમાં આનંદ શોધે છે તો કોઈ અલંકારોમાં શોધે છે.

આ રીતે અનેકાનેક આયાસો સતત કરે છે, છતાંય આનંદની અનુભૂતિ થતી નથી. અનુભૂતિ થાય છે તો ટકતી નથી. કારણકે **આ વાસ્તવિક 'આનંદ જ નથી.** આ તો ખરજવાના રોગમાં ખણજથી ઉત્પન્ન થતા આનંદનાં જેવો મનનો માનેલો-કાલ્પનિક આનંદ છે. તેમાં તો **અજ્ઞ જીવો રાચે.** જ્યારે સુજ્ઞ જીવો એમાં મુંઝાય નહિ. એ તો વાસ્તવિક આનંદને માટે જ પ્રયત્નશીલ હોય છે.

એ વાસ્તવિક-સત્ય આનંદનો માર્ગ શ્રી જિનશાસનમાંથી મળે છે.

શ્રી જિનશાસનમાં કાળે કાળે અનેક મહાપુરુષો થયા છે. જેમણે સ્વ-પ્રયત્ને એ વાસ્તવિક આનંદની અનુભૂતિ કરી છે. એ મહાત્માઓએ અન્ય આત્માઓ પણ એ આનંદની અનુભૂતિ કરી

શકે તે માટે સ્થળે સ્થળે તેના ઉપાયોનો જુદી જુદી રીતે નિર્દેશ કર્યો છે.

શ્રી જ્ઞાનસારમાં પૂ. ઉપાધ્યાયજી મ. સાહેબે કહ્યું છે કે—

वत्स ! किं चञ्चलस्वान्तो, भ्रान्त्वा भ्रान्त्वा विषीदसि ?
निधिं स्वसन्निधावेव, स्थिरता दर्शयिष्यति ॥ १ ॥

રે વત્સ ! તું ચંચળ ચિત્તવાળો થઈને અનેક સ્થળે ભમે છે, ભમી ભમીને થાકી જાય છે. આનંદના નિધિને તું બીજે બીજે શોધે છે. પણ એ થીએટર, હોસ્ટેલ કે વનિતાગૃહોમાં નથી. અથવા વન, ઉપવન કે નોવેલોના વાંચનમાં નથી. આનંદનો એ સભર ભંડાર તો તારી બીલકુલ નજીકમાં-તારી પાસે જ છે. એને શોધવા માટે બીજે કયાંય પ્રયત્ન કરવાની જરૂર નથી, તારે જો એ આનંદના નિધિને જોવો હોય તો તું સ્થિરતાને ધારણ કર. એ સ્થિરતા તને જરૂર એ વાસ્તવિક આનંદ પમાડશે.

એ સ્થિરતાની પ્રાપ્તિ અર્થે આત્મામાં અનાદિ રાગ-દ્વેષથી પેદા થયેલી અસ્થિરતાને દૂર કરવી પડશે. કારણકે જ્યાં સુધી એ અનાદિની અસ્થિરતા દૂર થતી નથી ત્યાં સુધી શાશ્વતી સ્થિરતા પ્રાપ્ત થઈ શકતી નથી. દેહમાંથી મલ-શુદ્ધિ કર્યા વિના ઉત્તમોત્તમ પ્રકારનાં અનેક રાસાયણિક દ્રવ્યોનું સેવન કરવામાં આવે તો પણ શું એ દ્રવ્યો ગુણકારક બની શકે ? ન જ બની શકે.

એ અસ્થિરતાને દૂર કરવાનું સાધન છે ભક્તિ અને વૈરાગ્ય.

ભક્તિ અને વૈરાગ્ય જીવનમાં જેમ જેમ વધતાં જાય તેમ તેમ અસ્થિરતા ઓછી થાય. જેમ જેમ અસ્થિરતા ઓછી થાય તેમ તેમ સ્થિરતા દ્વારા આનંદની અભિલાષા પૂર્ણ થતી રહે.

આ પુસ્તકમાં જે સ્તોત્ર અને શતકાદિનો સંગ્રહ છે તે ભક્તિ અને વૈરાગ્ય રસે પૂર્ણ છે. જેટલી આવાં પુસ્તકોના વાંચનમાં ચિત્તની એકાગ્રતા વધે તેટલી ભક્તિ અને વૈરાગ્યમાં લીનતા વધે જ.

ભક્તિ અને વૈરાગ્યમાં લીન બનેલો આત્મા સંસારના સઘળા

વિકલ્પો-અસ્થિરતાને ભૂલવાની ક્ષમતા ધરાવે છે અને અંતે સત્ય આનંદની અનુભૂતિ કરે છે.

**ઇન્દ્રિય પરાજય શતકના** કર્તા **૧૭મી સદીમાં** થયેલ પૂ. ઉપા. શ્રી **જયસોમવિજયજી** મ. સા.ના શિષ્ય પૂ. મુનિરાજ શ્રી **ગુણવિજયજી** મ. સા. છે. **શ્રી પંચસૂત્ર** તથા **વૈરાગ્ય શતકના** કર્તા પ્રયત્ન કરવા છતાં જાણી શકાયા નથી. જો કે શ્રી **પંચસૂત્ર** ઉપર પૂ. આ, શ્રી **હરિભદ્રસૂરીશ્વરજી** મ૦ સા૦ કૃત ટીકા છે જેને આધારે તેનો ભાવાનુવાદ અહિં આપેલ છે. જ્યારે **વૈરાગ્ય શતક** ઉપર પૂ૦ મુનિરત્ન **શ્રી ગુણવિજયજી** મ૦ સા૦ કૃત ટીકા ઉપલબ્ધ છે. અન્ય સ્તોત્રાદિના કર્તા સુપ્રસિદ્ધ છે. તેમની ઓળખ આપવી એ સૂર્યની ઓળખ કરાવવા દીપક ધરવા સમ જ કહેવાય.

આ સ્તોત્ર-શતકાદિના એકેક શબ્દમાંથી અનુપમ ભક્તિ અને વૈરાગ્યનો રસ ઝુમે છે વિજ્ઞ પુરુષો એનું અનુપાન કરી ઇષ્ટને પ્રાપ્ત કરે.

આવું પ્રકાશન કરવા બદલ પ્રકાશકશ્રી અને જેમના સંકલ્પે પુસ્તકનું પ્રકાશન થયું છે તે સર્વની પણ ગુણાનુરાગપૂર્ણ-હૈયે અનુમોદના...

અંતમાં આ પુસ્તક પ્રકાશનમાં સહાય કરનાર સર્વકોઈનો શુભાશય સફળ થાય એજ અભ્યર્થના...

સં. ૨૦૨૩ મા. સુ. ૩ **સા. વસંત શ્રી**

ચરમ તીર્થાધિપતિ શ્રી મહાવીરાય નમ:

# બે બોલ

શ્રી વીતરાગ પરમાત્માના શાસનમાં તપના અનેક પ્રકારમાં સ્વાધ્યાયને પણ જ્ઞાની ભગવંતોએ અભ્યંતર તપમાં ગણાવેલ છે. અને "तपसा निर्जरा च" તપથી બદ્ધ કર્મોની નિર્જરા થાય છે. અને નવ્ય કર્મોનો આશ્રવ અટકે છે.

પક્ષ દિવસમાં ઉપવાસાદિ તપશ્ચર્યા કરવાને અસમર્થ વ્યક્તિ બે હજાર ગાથાનો સ્વાધ્યાય કરી અતિચારથી અટકી વિશુદ્ધ બને છે.

આજ સુધી સ્વાધ્યાયને લગતાં અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. છતાં આ "**વસંત સ્તોત્રાદિ સંગ્રહ**" નામની લઘુ પુસ્તિકા મુમુક્ષુ જીવાત્માઓને વધુ લાભદાયી નીવડી આરાધનાના માર્ગે આગળ ધપાવવાનું સુંદર કાર્ય કરશે, તેની ખાત્રી પુસ્તિકાના વાચક વર્ગને અવશ્ય થશે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી **હેમચન્દ્રાચાર્ય** મહારાજ તેમજ પૂજ્ય આચાર્ય શ્રી **સોમપ્રભસૂરીશ્વરજી** મહારાજ આદિ મુનિપુંગવોએ વિરચિત ભક્તિગર્ભિત તેમજ વૈરાગ્ય-ગર્ભિત વીતરાગ સ્તોત્ર, સિન્દૂર પ્રકર જેવા અનેક પ્રાચ્ય સ્તોત્રો વિગેરેનો સંગ્રહ આ પુસ્તકમાં કરવામાં આવેલ છે. સાથે સાથે લગભગ દરેક સ્તોત્રનો સરલ ગુજરાતી ભાષામાં સુંદર રીતે અનુવાદ કરેલ હોવાથી સંસ્કૃત જેવી અતિગહન ભાષાના મર્મને નહિ સમજતા જિજ્ઞાસુઓને આ પુસ્તિકા અતિપ્રિય બની સમ્યગ્ જ્ઞાનનો બહોળો ફેલાવો કરવા દ્વારા ઉપકારક થશે. એમ મારું ચોક્કસ માનવું છે.

પ્રત્યેક સ્તોત્રાદિમાં ભક્તિભાવોલ્લાસ તથા વૈરાગ્ય વધારવાની ગૂઢ શક્તિ રહેલી છે. તે ગૂઢ શક્તિનું સંશોધન કરી તેમાં રમત રમવાની મજા માણનાર ભવ્યાત્માને **વીતરાગ** સ્તોત્ર રાગ-દ્વેષની જાળમાંથી નિર્મુક્ત કરી વીતરાગપણું આપી શકે છે. **ઇન્દ્રિયપરાજય** શતક પાંચ ઇન્દ્રિયો રૂપી મહારિપુઓની ગુલામી દૂર કરી તેનો વિજય પ્રાપ્ત કરાવી શકે છે. અને **વૈરાગ્ય શતક** અસાર સંસારના પૌદ્‌ગલિક સુખોથી કંટાળો આપી વિરાગના રાગમાં મસ્ત થવાની તાલાવેલી જગાડે છે. શું આ અતિશયોક્તિ નથી ? ના, લવલેશ નહિ ! આખું સ્તોત્ર તો દૂર રહો. એમાંની એક એક પંક્તિના રહસ્યને હૃદયમાં ધારણ કરનાર ભવ્ય જીવના ગાઢ કર્મબન્ધનો વનમયૂરને જોવા માત્રથી ચન્દનવૃક્ષને લાગેલા સર્પના બન્ધનની માફક શીઘ્ર ત્રુટી પડે છે.

**મહેસાણા—શ્રીમદ્‌ યશોવિજયજી પાઠશાળામાં** પચીસ વર્ષથી પૂજ્ય સાધુ સાધ્વીજી મહારાજ સાહેબ આદિને જ્ઞાનપાન કરાવતા મારા વિદ્યાગુરુ કર્મતત્ત્વવેત્તા વિદ્વાન્‌ પં. **શ્રી પુખરાજજી અમીચંદજીએ** સ્વયં પ્રજ્ઞાચક્ષુ છતાં આ પુસ્તક પ્રકાશનમાં પોતાના સમયનો ભોગ આપવા દ્વારા જ્ઞાનભક્તિનો વિશેષ લાભ પ્રાપ્ત કર્યો એ ખરેખર અનુમોદનીય છે. અને તેઓશ્રીની સત્પ્રેરણાથી મારા જેવા સામાન્ય માણસને આ પુસ્તકમાં બે બોલ લખવા દ્વારા શ્રુત-ભક્તિની અપૂર્વ તક મળી તે બદલ હું તેમનો સદા ઋણી છું.

અંતમાં શાસન સેવકો જ્ઞાનની આશાતના ન થાય તેની કાળજી રાખી પુસ્તકનો સદુપયોગ કરી સમ્યગ્‌ દર્શન, જ્ઞાન અને ચારિત્ર દ્વારા સિદ્ધિ પદને પામે એ જ શુભેચ્છા.

સં. ૨૦૨૩<br>કાર્તક વ. ૧૦<br>**મહેસાણા**

લિ.<br>**શ્રીસંઘ સેવક વસંતલાલ નરોત્તમદાસ શાહ**<br>શ્રી. ય. વિ. પાઠશાળા

ॐ શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમોનમઃ

# પ્રકાશકીય-નિવેદન

આજે તો નવું પ્રભાત ઊગે છે અને નવું સાહિત્ય બહાર પડે છે પણ તેમાંના બહુલતમ સાહિત્યમાં તો એવા વિચારોનું સર્જન હોય છે કે જેના વાંચનથી અનાદિના મોહના સંસ્કારો ઘટવાને બદલે વૃદ્ધિ જ પામે, અને તેથી આવું સાહિત્ય ઊર્ધ્વગતિના પંથે પ્રયાણ કરાવવાને બદલે અધોગતિની ઊંડી ખાઈમાં ધકેલનાર બને છે

જ્યારે પ્રાચીન અને ઐદંયુગીન મહાપુરુષો અને તત્ત્વજ્ઞોએ એવા સાહિત્યનું સર્જન કર્યું છે કે જેનાથી અનાદિમોહના સંસ્કારો વિલીન થાય છે. જેમાં ભાષાની પ્રૌઢતા હોય છ જેના સતત વાંચન, મનન અને નિદિધ્યાસનથી શબ્દો એના એ જ હોવા છતાં નવ-નવીન આત્મ-સ્વરૂપદર્શક તત્ત્વો પ્રાપ્ત થાય છે અને એથી જ એ સાહિત્ય અવશ્ય ઊર્ધ્વગતિ પ્રાપક બને છે. આજ કારણથી આવા સાહિત્યનું વારંવાર પ્રકાશન થતું રહે છે. સાથે જ સંસ્કૃત-પ્રાકૃત ભાષાથી અનભિજ્ઞ આરાધકોના ઉપયોગ માટે તેનો ભાવાનુવાદ પણ પ્રકાશિત કરવામાં આવે છે.

તે જ રીતે મેં પણ પ. પૂ. ૧૦૦૮ યોગનિષ્ઠ સ્વ. આ. દેવશ્રી **બુદ્ધિસાગરસૂરીશ્વરજી** મ. સા. ના શિષ્યરત્ન, શાન્તમૂર્તિ ૧૦૦૮ પ. પૂ સ્વર્ગસ્થ આ. દેવશ્રી કીર્તિસાગરસૂરીશ્વરજી મ. સા. ના પ્રશિષ્ય આચાર્ય દેવ ૧૦૦૮ શ્રી **કૈલાસસાગરસૂરીશ્વરજી** મ.સા.નાં



સપાદશત ગ્રંથ પ્રણેતા, યોગનિષ્ઠ પૂ.
આ. શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ

આજ્ઞાવર્તિની પરમવિદુષી સ્વ. સા. શ્રી **દોલતશ્રીજી** મ. સા. નાં શિષ્યા પરમતપસ્વિની સા. શ્રી **વસંતશ્રીજી** મ. સા. નાં શિષ્યા સા. શ્રી **વિનયપ્રભાશ્રીજી** મ. સા.શ્રીના સૂચનથી એઓશ્રીની ઈચ્છાને માન આપી આ ગ્રંથનું પ્રથમ પ્રકાશન વિ. સં. ૨૦૨૩માં કરેલ.

આ પ્રકાશનમાંના લગભગ દરેક ગ્રંથો પૂર્વાચાર્યો કૃત હોઈ પ્રસિદ્ધ જ છે એટલે તે સંબંધી કંઈ ઉલ્લેખ કરવા જેવું નથી જ.

આ પુસ્તિકાનાં સંપાદિકા પૂ. **વિનયપ્રભાશ્રીજી** મ. સાહેબે અમદાવાદમાં ઓપરેશન કરાવેલ અને બે જ દિવસ પછી નાની જ ઉંમરમાં વિક્રમ સંવત ૨૦૨૩માં ચૈત્ર સુદ નોમના સમાધિપૂર્વક કાલધર્મ પામેલ, ત્યારબાદ આ પુસ્તિકાની વારંવાર મ. સા. તરફથી ખૂબ જ માગણીઓ આવવા લાગી અને જ્યાં સુધી મારી પાસે તેમ જ પૂ. વસંતશ્રીજી મ. સા. પાસે હતી ત્યાં સુધી દરેકને મોકલાવેલ, પુસ્તક ખલાસ થવા છતાં અવારનવાર માગણી ચાલુ રહેવાથી ફરીથી પ્રકાશન કરવાની મારી ઈચ્છા થઈ અને મેં પૂ. વસંતશ્રીજી મ. સા.ને જણાવેલ તેથી તેઓશ્રીએ પણ સહર્ષ મારી વિનંતિને માન આપી ફરીથી પુસ્તકનું પ્રકાશન કરવા રજા આપેલ એટલું જ નહિ, પરંતુ તે માટે તેઓશ્રીએ ઉપદેશ દ્વારા લગભગ ૨૫૦૦) જેટલી મોટી રકમ એકત્ર કરાવી આ પ્રકાશન માટે મને મોકલાવી આપેલ અને મેં પણ પ્રયત્ન કરી અન્ય પૂ. સા. મ. સા. આદિની મારફત બે હજાર જેટલી રકમ મેળવેલ જેઓની શુભ નામાવલી પાછળ આપવામાં આવેલ છે. તેમ જ હમણાં **પંચસૂત્ર** અને **સંબોધસિત્તરી**નું પઠન પણ ચતુર્વિધ સંઘમાં વિશેષ પ્રમાણમાં ચાલુ હોવાથી તેમજ બંને ગ્રંથો પૂર્વાચાર્યકૃત તેમ જ ખૂબ જ ઉપયોગી હોવાથી પૂ. વિદુષી સા. મ. સા.શ્રી **વસંતશ્રીજીએ** આ પુસ્તિકામાં ગુજરાતી અનુવાદ સહિત લેવા જણાવેલ અને મને પણ તે ખૂબ જ જરૂરી લાગવાથી તેઓશ્રીની ઇચ્છાને માન આપી બંને

ગ્રંથો આમાં પ્રકાશન કરવાનું નક્કી કરેલ, પરંતુ કેટલાંક કારણોસર હું હમણાં પ્રસ્તુત બંને ગ્રંથોનો અનુવાદ કરી શકું તેમ ન હોવાથી પંચસૂત્રનો ભાવાનુવાદ પ. પૂ. ૧૦૦૮ શ્રી **હીરસૂરીશ્વરજી** મ.સા.ના શિષ્યરત્ન **લલિતશેખરજી** મ. સા. ના શિષ્યરત્ન વિદ્વદ્વર્ય પ. પૂ. **રાજશેખર વિજયજી** મ. સા. ને લખી આપવા વિનંતી કરેલ અને તેઓશ્રીએ અનેક કાર્યો હોવા છતાં તે કાર્યોને ગૌણ કરી બહુ જ થોડા ટાઈમમાં આ ગ્રંથનો સુંદર ભાવાનુવાદ લખી મને મોકલી આપેલ તે બદલ તેઓશ્રીનો આ સ્થળે અત્યંત આભાર માનું છું અને સંબોધ સિત્તરીની નાની પુસ્તિકા ઘણાં વર્ષો પહેલાં રાજનગર વિદ્યાશાળા તરફથી ભાવાનુવાદ સહિત પ્રકાશિત થયેલ હતી તેનો અક્ષરશ; અનુવાદ આ પુસ્તકમાં છપાવેલ છે,

આમાંના કેટલાક ગ્રંથોનો અનુવાદ અન્ય ગ્રંથોમાંથી સંક્ષિપ્ત કરી સામાન્ય ફેરફાર સાથે આપવામાં આવેલ છે. તેમજ વચમાં ઉપયોગી કેટલાંક ઉપદેશ પદો અને પ્રાસ્તાવિક શ્લોકો પણ આપવામાં આવ્યા છે. તદુપરાંત કેટલાક ફેરફાર કરી આ બીજું પ્રકાશન કરવામાં આવેલ છે.

આ પુસ્તકનુ મુદ્રણ કરાવવાની સર્વ કાર્યવાહી અમદાવાદમાં પંડિત ભાઈશ્રી **રસીકલાલ શાન્તિલાલ**ના સહકારથી ભાઈશ્રી **રતિલાલ ચીમનલાલે** કાળજીપૂર્વક કરેલ છે. અને પ્રથમ પ્રકાશન વખતે કેટલાક ગ્રંથોનો અનુવાદ તપાસવામાં, પ્રેસમેટર લખવામાં તથા શુદ્ધિપત્રક વગેરે બનાવવામાં **મહેસાણા શ્રીયશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા**ના અધ્યાપક **રતિલાલ ચીમનલાલ** દોશીએ તેમજ ગૃહપતિ **શાન્તિલાલ સોમચંદ** મહેતાએ સંપૂર્ણ સહકાર આપેલ છે. તે બદલ તેમજ આ પ્રકાશનમાં પ્રુફ સંશોધન વગેરેનું સંપૂર્ણ કાર્ય ભાઈશ્રી **રતિલાલ ચીમનલાલ** દોશીએ અને શુદ્ધિપત્રક આદિ બનાવી આપવાનું કાર્ય ભાઈશ્રી **રસીકલાલ શાંતિલાલે** કરી આપેલ છે. તે

બદલ તે સર્વનો તેમજ ટુંક સમયમાં સુંદર મુદ્રણ કરી આપનાર... ક્રેનિમેક પ્રેસના અધિપતિ તથા તેના કાર્યકર ભાઈઓનો હું આભાર માનું છું.

છદ્મસ્થતાના કારણે પ્રમાદથી, દષ્ટિદોષ કે પ્રેસદોષથી અશુદ્ધિઓ અગર ત્રુટિઓ રહી હોય તે બદલ ક્ષમાયાચું છું સાથે સાથે તે ભૂલો ધ્યાનમાં લાવવા સુજ્ઞજનોને વિનંતિ છે.

વિ. સં. ૨૦૩૩
મહેસાણા (ઉ. ગુ.) } પુખરાજજી અમીચંદજી કોઠારી

## આ પ્રકાશનમાં દ્રવ્ય સહાય કરનાર વ્યક્તિઓની શુભ નામાવલિ

### પૂ. સા. શ્રી. વસંતશ્રીજી મ. સા. ના સદુ ઉપદેશથી

રૂ.
૧૦૦૧] સૂરત નવાપરાના શ્રાવિકા બહેનોના ઉપાશ્રયના જ્ઞાન ખાતા તરફથી.

૧૫૧] વલસાડના શ્રાવિકા બહેનોના ઉપાશ્રયના જ્ઞાન ખાતા તરફથી.
૧૦૧] પ્રભાબેન જગુભાઈ પ્રભાસપાટણ,
૧૦૧] સુશીલાબેન બાબુભાઈ પ્રભાસપાટણ,
૧૦૧] શાન્તાબેન હરકીશનદાસ વેરાવળ,
૧૦૧] તારાબેન ઉમેદભાઈ મુંબઈ
૧૦૧] જવલબેન કાંતિભાઈ, પ્રભાસપાટણ
૧૦૧] પાનીબેન ઘોકા, સાદડી

૫૧) નગીનદાસ ઝવેરચંદ હસ્તે વિજયાબેન વલસાડ
૫૧) જીવીબેન કપુરચંદ વલસાડ
૫૧) સરોજબેન હીરૂભાઈ વલસાડ
૫૧) લીલીબેન વર્ધમાનભાઈ પ્રભાસપાટણ
૫૧) કાંતાબેન અમૃતલાલ ઉજ્જૈન
૨૫) શકુંતલાબેન બાબુભાઈ પ્રભાસપાટણ
૨૫) સરલાબેન બાબુભાઈ વલસાડ
૨૫) કમુબેન મગનલાલ વલસાડ
૧૧) ભુરીબેન લલ્લુભાઈ વલસાડ
૧૧) ગુલાબબેન ચુનીલાલ વલસાડ
૭૦૦) પૂ૦ સા૦ શ્રી **લાવણ્યશ્રીજી** મ૦ સા૦ (પાટડીવાળાં)ના સદુપદેશથી જુના ડીસા શ્રાવિકાશાળાના જ્ઞાનખાતામાંથી
૫૦૧) પૂ. સા. મ. સા. શ્રી દિવાકરાશ્રીજી (વાગડવાળા)ના સદુપદેશથી કચ્છ-ભુજપુર સંઘના જ્ઞાનખાતામાંથી

૩૦૧) પૂ. સા. મ. સા. શ્રી મનોહરશ્રીજીના સદુપદેશથી લોદ્રા સંઘના જ્ઞાનખાતામાંથી

૩૦૧) પૂ. સા. મ. સા. શ્રી નીતિશ્રીજી (વાગડવાળા)ના સદુપદેશથી સરીયદ સંઘના જ્ઞાનખાતા તરફથી

૨૦૧) પૂ. સા. મ. સા. શ્રી પ્રમોદશ્રીજીના સદુપદેશથી વિજાપુર બેનોના ઉપાશ્રયના જ્ઞાનખાતા તરફથી

૩૦૧) અધ્યાપક મોતીલાલ ડુંગરશીની પ્રેરણાથી સમી સંઘના જ્ઞાનખાતા તરફથી

# શુદ્ધિપત્રક

| પાનું | પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧ | ૮ | હીન | હીનં |
| ૪ | ૧૧ | વભુ | વિભુ |
| ૯ | ૨૦ | સહસ્રમુચ્ચયે | સહસ્રસમુચ્ચયે |
| ૧૬ | ૧૨ | જાડય | જાડ્ય |
| ૨૬ | ૨ | ઈન્દ્ર | ઈન્દ્રે |
| ૪૦ | ૮ | સમ્નિ | સમ્ભિન્નં |
| ૪૧ | ૧૬ | સિદ્ધ્ય | સિદ્ધ્યો |
| ૪૨ | ૧૦ | અને | મને |
| ૪૨ | ૧૮ | ભ્રિન્ધિ | ભિન્ધિ |
| ૪૩ | ૧૧ | સ્તુત્યોઽસ્નિ | સ્તુત્યોઽસ્તિ |
| ૪૭ | ૧૫ | મુખહેતુષુ | સુખહેતુષુ |
| ૫૬ | ૧૮ | વૈકલ્યમાપિ | વૈકલ્યમપિ |
| ૫૮ | ૧૫ | શક્તોઽરિમ· | શક્તોઽસ્મિ |
| ૫૯ | ૨૦ | કુદ્ધધઃ | ક્રુદ્ધધઃ |
| ૬૩ | ૧૬ | ચાપકચક્રાદિ | ચાપચક્રાદિ |
| ૭૪ | ૫ | ૨યહંડકાર | ૨યહંકાર |
| ૮૨ | ૯ | કટ્ઠકરં | કટ્ઠંવ |
| ૮૨ | ૯ | અઈજિદિ૰ | અજિઈદિ૰ |
| ૮૪ | ૨ | જલઓ | જલિઓ |
| ૮૪ | ૩ | દુનિવારઓ | દુન્નિવારઓ |
| ૮૫ | ૧૧ | નય તુજઝ જીવ, | નમ જીવ તુજઝ |
| ૮૬ | ૧૮ | ઉવલેવા | ઉવલેવો |

| | | | |
|---|---|---|---|
| ૮૭ | ૪ | છઢા | જુઢા |
| ૮૭ | ૨૩ | ૧પજ્જઇ | પિજ્જઇ |
| ૮૯ | ૫ | કુચ્ચુલ્લા | કુચ્ચુલ્લો |
| ૮૯ | ૧૦ | ભવોધં | ભવોહં |
| ૯૦ | ૧૧ | દિટ્ટંતો | દિટ્ઠંતો |
| ૯૧ | ૩ | પંખા | પક્ખા |
| ૯૨ | ૧૧ | વિયોયણુ | વિરોયણુ |
| ૯૭ | ૭ | ખેલઈ | ખેલ્લઈ |
| ૯૮ | ૭ | બિલાડેહિં | બિડાલેહિં |
| ૯૯ | ૫ | ઈણુમા | ઈણુમો |
| ૧૦૧ | ૧૧ | વિષમાં | વિષયમાં |
| ૧૦૫ | ૪ | વિસય | વિસંવ |
| ૧૦૫ | ૨૧ | ગહણુ | ગહણુટ્ઠ |
| ૧૦૯ | ૪ | કા | કો |
| ૧૦૯ | ૧૦ | વેઆલા | વેઆલો |
| ૧૦૯ | ૧૧ | ત | તં |
| ૧૧૦ | ૧૫ | ડસિયા | ડંસિયા |
| ૧૧૨ | ૪ | હુતિ | હુંતિ |
| ૧૧૫ | ૧૬ | યં | યઃ |
| ૧૧૮ | ૪ | દુર્ગતિ | દુર્ગતિં |
| ૧૩૮ | ૯ | ફલાં | કલાં |
| ૧૪૦ | ૨૨ | કુગંતિયુવંતિ | કુગતિયુવતિ |
| ૧૪૭ | ૨૨ | ચિત્તં | ચિત્ત |
| ૧૫૬ | ૧૬ | કિમપરં | કિમપરો |
| ૧૭૦ | ૯ | અજીવો | અ જીવો |
| ૧૭૨ | ૭ | પત્તો | પત્તા |
| ૧૮૦ | ૧૫ | દુક્ખં | દુહં |

| | | | |
|---|---|---|---|
| ૧૮૧ | ૭ | મમાયં | પમાયં |
| ૧૮૭ | ૨ | પિયયુત્ત | પિયપુત્ત |
| ૧૯૫ | ૫ | જિયાણુ | જીયાણુ |
| ૧૯૭ | ૨૧ | જાઈએ | જોઈએ |
| ૨૧૮ | ૨ | ધયં | ધૈયં |
| ૨૩૧ | ૬ | સમિલ્લંતિ | સંમિલ્લંતિ |
| ૨૬૭ | ૬ | કકઠત્તિ | કકુત્તિ |
| ૨૭૧ | ૭ | કુણિંઈ | કુણઈ |
| ૨૭૬ | ૧૮ | ગુર્હા | ગર્હા |
| ૨૮૭ | ૯ | નિરિકૂખજ્જં | નિરિક્ખિજ્જ |
| ૨૯૪ | ૧૨ | પરિભાવિઅ | પરિભાવિએ |
| ૨૯૪ | ૧૩ | અપરોવતાવો | અપરોવતાવં પરોવતાવો |
| ૩૦૦ | ૫ | સંઠવિઅ | સંઠવિઅ સંઠવિઅ |
| ૩૦૭ | ૧૧ | વિધિપૂક | વિધિપૂર્વક |
| ૩૧૦ | ૧૩ | નિકામેણ | નિઅમેણ |
| ૩૨૬ | ૫ | અઓ | તઓ |
| ૩૨૯ | ૪ | મમરણ | મરણ |
| ૩૩૩ | ૧૬ | સ૦ણ્ણૂણં | સવ્વણ્ણૂણં |
| ૩૫૦ | ૧૯ | અભવ્યોના | ભવ્યોના |

# વિષયાનુક્રમણિકા


| વિષય | પૃષ્ઠ |
|---|---|
| વીતરાગ સ્તુતિ | ૧ |
| શારદા સ્તુતિ | ૧ |
| ગુરુ સ્તુતિ | ૨ |
| શ્રી ગૌતમાષ્ટક | ૨ |
| જિનસહસ્રનામ સ્તોત્ર | ૪ |
| વીતરાગ સ્તોત્ર–સાર્થ | ૧૭ |
| રત્નાકર પંચવિંશતિકા–સંસ્કૃત | ૭૧ |
| ,, ,, ગુજરાતી | ૭૭ |
| ઈન્દ્રિય પરાજય શતક સાર્થ | ૮૧ |
| સિંદૂર પ્રકર ,, | ૧૧૪ |
| વૈરાગ્યશતક ,, | ૧૬૫ |
| ઉપદેશક પદ્યો | ૧૯૮ |
| સુખ બીજે શોધીશ માં | ૨૦૮ |
| જાગતો જોગેન્દ્ર | ૨૦૯ |
| સ્મરણાંજલિ | ૨૧૦ |
| સદ્ગુરૂદેવનો છંદ | ૨૧૧ |
| ગુરુગુણ સ્મરણાંજલિ | ૨૧૨ |
| રાસમણિમાળા | ૨૧૩ |
| પ્રાસ્તાવિક શ્લોકસંગ્રહ | ૨૧૯ |
| સંબોધસિત્તરિ સાર્થ | ૨૨૯ |
| શ્રી પંચસૂત્ર ,, | ૨૭૩ |



પૂ. સા. શ્રી દોલતશ્રીજી મ. સા.



પૂ. સા. શ્રી વસંતશ્રીજી મ. સા.

॥ णमो वोयरागाणं ॥

# વસંત-સ્તોત્રાદિ-સંગ્રહ

## વીતરાગ-સ્તુતિઃ

ચિદાનંદલીલારસાસ્વાદલીનં,
ગુણૈઃ સિદ્ધિભાજામનંતૈરહીનં;
મુદા સર્વદા શ્રીયુગાદીશદેવં,
સ્તુવે ભદ્રદાયિ ક્રમાંભોજસેવમ્ ॥૧॥

અર્હન્તં નૌમિ નાભેયં કલ્યાણં કલસં સતાં,
રેજુરામ્રદલાનીવ, યત્કર્ણનિકટે જયઃ ॥૨॥

કમઠે ધરણેન્દ્રે ચ સ્વોચિતં કર્મ કુર્વતિ;
પ્રભુસ્તુલ્યમનોવૃત્તિઃ પાર્શ્વનાથઃ શ્રિયેઽસ્તુ વઃ ॥૩॥

નમો દુર્વારરાગાદિ-વૈરિવારનિવારિણે,
અર્હતે યોગિનાથાય મહાવીરાય તાયિને ॥૪॥

## શારદા-સ્તુતિઃ

યા કુન્દેન્દુતુષારહારધવલા, યા શ્વેતપદ્માસના,
યા વીણાવરદંડમંડિતકરા, યા શુભ્રવસ્ત્રાવૃતા;
યા બ્રહ્માચ્યુતશંકરપ્રભૃતિભિર્દેવૈઃ સદા વંદિતા
સાં મા પાતુ સરસ્વતી ભગવતી નિઃશેષજાડયાપહા ॥૧॥

## ગુરુસ્તુતિ:

આત્મધ્યાનપરાયણ-નિજગુણાન્ સંશોધયન્તઃસદા,
જ્ઞાનાનંદ-મહાલયં ક્ષિતિજન-ક્ષેમંકરં શંકરમ્ ,
હેયાહેયવિવેકરત્નજલધિં સત્યવ્રતક્ષેત્રકમ્ ,
સિરિ શ્રીવૃત્ત બુદ્ધિસાગરમુનિં વંદે સદાયોગિનમ્ ।૧।
શ્રીમન્તં જ્ઞાનવંતં વિશદમતિમતાં સંમતં ચારુમૂર્તિં,
સૌભાગ્યૈકપ્રદાનં પ્રવરસુખદં સર્વશાસ્ત્રપ્રવીણમ્ ,
શુદ્ધાનન્દપ્રકાશં વિબુધજનપ્રવરં કર્મભૂમિખનિત્રમ્
બુદ્ધ્યબ્ધિં સૂરિવર્યં સ્મરત ભવિજનાઃ
સદ્‌ગુરુદિવ્યરૂપમ્ ।।૨।।

## 'શ્રી ગૌતમાષ્ટકમ્'

શ્રી ઇન્દ્રભૂતિં વસુભૂતિપુત્રં,
પૃથ્વીભવં ગૌતમગોત્રરત્નમ્ ।
સ્તુવન્તિ દેવાસુરમાનવેન્દ્રાઃ
સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે ।।૧।।
શ્રીવર્ધમાનાત્ ત્રિપદીમવાપ્ય, મુહૂર્તમાત્રેણ કૃતાનિ યેન
અંગાનિ પૂર્વાણિ ચતુર્દશાપિ, સ ગૌતમો યચ્છતુ-
વાઞ્છિતં મે ।।૨।।
શ્રીવીરનાથેન પુરા પ્રણીતમ્ ,
મન્ત્રં મહાનન્દસુખાય યસ્ય ।

ધ્યાયન્ત્યમી સૂરિવરાઃ સમગ્રાઃ,
સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે ॥૩॥
યસ્યાભિધાનં મુનયોઽપિ સર્વે,
ગૃહ્ણન્તિ ભિક્ષાભ્રમણસ્ય કાલે ।
શુદ્ધાન્નપાનામ્બરપૂર્ણકામાઃ,
સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે ॥૪॥
અષ્ટાપદાદ્રૌ ગગને સ્વશક્ત્યા,
યયૌ જિનાનાં પદવન્દનાય ।
નિશમ્ય તીર્થાતિશયં સુરેભ્યઃ,
સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે ॥૫॥
ત્રિપઞ્ચસંખ્યાશતતાપસાનામ્,
તપઃકૃશાનામપુનર્ભવાય ।
અક્ષીણલબ્ધ્યા પરમાન્નદાતા,
સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે ॥૬॥
સદક્ષિણં ભોજનમેવ દેયં,સાધર્મિકંસંઘસપર્યયેશ્વ ।
કૈવલ્યવસ્ત્રં પ્રદદૌ મુનીનામ્,
સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે ॥૭॥
શિવં ગતે ભર્તરિ વીરનાથે, યુગપ્રધાનત્વમિહૈવ મત્વા ।
પટ્ટાભિષેકો વિદધે સુરેન્દ્રૈઃ,
સ ગૌતમો યચ્છતુ વાઞ્છિતં મે ॥૮॥
શ્રી ગૌતમસ્યાષ્ટકમાદરેણ, પ્રબોધકાલે મુનિપુંગવા યે ।
પઠન્તિ તે સૂરિપદં ચ દેવાનન્દં લભન્તે સુતરાં ક્રમેણ ॥૯॥

કલિકાલ સર્વજ્ઞ
"શ્રી હેમચન્દ્રાચાર્ય વિરચિત"

# જિનસહસ્રનામ સ્તોત્ર

અર્હન્નામાપિ કર્ણાભ્યાં, શૃણ્વન્ વાચા સમુચ્ચરન્ ।
જીવઃ પીવરપુણ્યશ્રી-ર્લભતે ફલમુત્તમમ્ ॥૧॥
અત એવ પ્રતિપ્રાતઃ, સમુત્થાય મનીષિભિઃ ।
ભક્ત્યાષ્ટાગ્રસહસ્રાર્હ-ન્નામોચ્ચારો વિધીયતે ॥૨॥
શ્રીમાનર્હન્ જિનઃ સ્વામી, સ્વયંભૂઃ શંભુરાત્મભૂઃ ।
સ્વયંપ્રભુઃ પ્રભુર્ભોક્તા, વિશ્વભૂરપુનર્ભવઃ ॥૩॥
વિશ્વાત્મા વિશ્વલોકેશો, વિશ્વતશ્ચક્ષુરક્ષરઃ ।
વિશ્વવિદ્ વિશ્વવિદ્યે (શ્વે)શો, વિશ્વયોનિરનીશ્વરઃ ॥૪॥
વિશ્વદશ્વા વિભુર્ધાતા, વિશ્વેશો વિશ્વલોચનઃ ।
વિશ્વવ્યાપી વિધુર્વેધાઃ શાશ્વતો વિશ્વતોમુખઃ ॥૫॥
વિશ્વપો વિશ્વતઃ પાદો, વિશ્વશીર્ષઃ શુચિશ્રવાઃ ।
વિશ્વદૃગ્વિશ્વભૂતેશો, વિશ્વજ્યોતિરનશ્વરઃ ॥૬॥
વિશ્વસૃડ્ વિશ્વસૂર્વિશ્વેટ્, વિશ્વભુગ્ વિશ્વનાયકઃ ।
વિશ્વાશી વિશ્વભૂતાત્મા, વિશ્વજિદ્ વિશ્વપાલકઃ ॥૭॥
વિશ્વકર્મા જગદ્વિશ્વો, વિશ્વમૂર્ત્તિર્જિનેશ્વરઃ ।
ભૂતભાવિભવદ્ભર્ત્તા, વિશ્વવૈદ્યો યતીશ્વરઃ ॥૮॥

સર્વાદિઃ સર્વદૃક્ સાર્વઃ સર્વજ્ઞઃ સર્વદર્શનઃ ।
સર્વાત્મા સર્વલોકેશઃ, સર્વવિત્ સર્વલોકજિત્ ॥૯॥
સર્વગઃ સુશ્રુતઃ સુશ્રૂઃ, સુવાક્ સૂરિર્બહુશ્રુતઃ ।
સહસ્રશીર્ષઃ ક્ષેત્રજ્ઞઃ સહસ્રાક્ષઃ સહસ્રપાત્ ॥૧૦॥
યુગાદિપુરુષો બ્રહ્મા, પંચબ્રહ્મમયઃ શિવઃ ।
બ્રહ્મવિદ્ બ્રહ્મતત્ત્વજ્ઞો, બ્રહ્મયોનિરયોનિજઃ ॥૧૧॥
બ્રહ્મનિષ્ઠઃ પરબ્રહ્મઃ, બ્રહ્માત્મા બ્રહ્મસંભવઃ ।
બ્રહ્મેડ્ બ્રહ્મપતિ બ્રહ્મ-ચારી બ્રહ્મપદેશ્વરઃ ॥૧૨॥
વિષ્ણુર્જિષ્ણુર્જયી જેતા, જિનેન્દ્રો જિનપુંગવઃ ।
પરઃ પરતરઃ સૂક્ષ્મઃ પરમેષ્ઠી સનાતનઃ ॥૧૩॥

ઇતિશ્રી અર્હન્નામસહસ્રસમુચ્ચયે પ્રથમશતપ્રકાશઃ ॥૧॥

જિનનાથો જગન્નાથો, જગત્સ્વામી જગત્પ્રભુઃ ।
જગત્પૂજ્યો જગદ્વન્દ્યો, જગદીશો જગત્પતિઃ ॥૧॥
જગન્નેતા જગજ્જેતા, જગન્માન્યો જગદ્વિભુઃ ।
જગજ્જ્યેષ્ઠો,જગચ્છ્રેષ્ઠો જગદ્ધ્યેયો જગદ્ધિતઃ ॥૨॥
જગદર્ચ્યો જગદ્બન્ધુ-ર્જગચ્છાસ્તા જગત્પિતા ।
જગન્નેત્રો જગન્મૈત્રો, જગદ્દીપો જગદ્ગુરુઃ ॥૩॥
સ્વયંજ્યોતિરજોઽજન્મા, પરંતેજઃ પરં મહઃ ।
પરમાત્મા શમી શાન્તઃ, પરં જ્યોતિસ્તમોઽપહઃ॥૪॥
પ્રશાન્તારિરનન્તાત્મા, યોગી યોગીશ્વરો ગુરુઃ ।
અનન્તજિદનન્તાત્મા, ભવ્યબન્ધુરબન્ધનઃ ॥૫॥

શુદ્ધબુદ્ધિઃ પ્રબુદ્ધાત્મા, સિદ્ધાર્થ: સિદ્ધશાસનઃ ।
સિદ્ધઃ સિદ્ધાન્તવિદ્ ધ્યેયઃ,સિદ્ધઃસાધ્યઃસુધીઃસુગીઃ।૬।
સહિષ્ણુરચ્યુતોઽનન્તઃ પ્રભવિષ્ણુર્ભવોદ્ભવઃ ।
સ્વયંભૂષ્ણુરસંભૂષ્ણુઃ, પ્રભૂષ્ણુરભયોઽવ્યયઃ ॥૭॥
દિવ્યભાષાપતિર્દિવ્યઃ, પૂતવાક્ પૂતશાસનઃ ।
પૂતાત્મા પરમજ્યોતિ–ર્ધર્માધ્યક્ષો દમીશ્વરઃ ॥૮॥
નિર્મોહો નિર્મદો નિઃસ્વો, નિર્દમ્ભો નિરુપદ્રવઃ ।
નિરાધારો નિરાહારો, નિર્લોભો નિશ્ચલોઽચલઃ ॥૯॥
નિષ્કામી નિર્મમો નિષ્વક્, નિષ્કલંકો નિરંજનઃ ।
નિર્ગુણો નીરસો નિર્ભી–ર્નિર્વ્યાપારો નિરામયઃ॥૧૦॥
નિર્નિમેષો નિરાબાધો, નિર્દ્વન્દ્વો નિષ્ક્રિયોઽનઘઃ ।
નિઃશંકશ્ચ નિરાતંકો, નિષ્કલો નિર્મલોમલઃ ॥૧૧॥

ઇતિ શ્રીઅર્હન્નામસહસ્રસમુચ્ચયે દ્વિતીયશતપ્રકાશઃ ॥૨॥

તીર્થકૃત્તીર્થસૃટ્ તીર્થ–કરસ્તીર્થકરઃ સુદૃગ્ ।
તીર્થકર્તા તીર્થભર્ત્તા, તીર્થેશસ્તીર્થનાયકઃ ॥૧॥
સુતીર્થોઽધિપતિસ્તીર્થ–સેવ્યસ્તીર્થિકનાયકઃ ।
ધર્મતીર્થકરસ્તીર્થ–પ્રણેતા તીર્થકારકઃ ॥૨॥
તીર્થાધીશો મહાતીર્થ–સ્તીર્થસ્તીર્થવિધાયકઃ ।
સત્યતીર્થકરસ્તીર્થ–સેવ્યસ્તીર્થિકતાયકઃ ॥૩॥
તીર્થનાથસ્તીર્થરાજ–સ્તીર્થેટ્ તીર્થપ્રકાશકઃ ।
તીર્થવન્દ્યસ્તીર્થમુખ્ય–સ્તીર્થારાધ્યઃ સુતીર્થિકઃ ॥૪॥

સ્થવિષ્ઠઃ સ્થવિરો જ્યેષ્ઠઃ, પ્રેષ્ઠઃ પ્રષ્ઠો વરિષ્ઠધીઃ ।
સ્થેષ્ઠો ગરિષ્ઠો બંહિષ્ઠઃ, શ્રેષ્ઠોઽણિષ્ઠો ગરિષ્ઠધીઃ ॥૫॥
વિભવો વિભયો વીરો શોકો વિજરો જરન્ ।
વિરાગો વિમદોઽવ્યક્તો, વિવિક્તો વીતમત્સરઃ ॥૬॥
વીતરાગો ગતદ્વેષો, વીતમોહો વિમન્મથઃ ।
વિયોગો યોગવિદ્ વિદ્વાન્ , વિધાતા વિનયી નયી ॥૭॥
ક્ષાન્તિવાન્ પૃથિવીમૂર્ત્તિઃ, શાન્તિભાક્ સલિલાત્મકઃ ।
વાયુમૂર્ત્તિરસઙ્ગાત્મા, વહ્નિમૂર્ત્તિરધર્મધુક્ ॥૮॥
સુયજ્વા યજમાનાત્મા, સુત્રામસ્તોમપૂજિતઃ ।
ઋત્વિગ્ યજ્ઞપતિર્યાજ્યો, યજ્ઞાઙ્ગમમૃતં હવિઃ ॥૯॥
સોમમૂર્ત્તિઃ સુસૌમ્યાત્મા, સૂર્યમૂર્ત્તિર્મહાપ્રભઃ ।
વ્યોમમૂર્તિરમૂર્તાત્મા, નીરજાઃ વિરજાઃ શુચિઃ ॥૧૦॥
મન્ત્રવિન્મન્ત્રકૃન્મન્ત્રી, મન્ત્રમૂર્ત્તિરનન્તરઃ ।
સ્વતન્ત્રઃ સૂત્રકૃત્ સ્વત્રઃ, કૃતાન્તશ્ચ કૃતાન્તકૃદ્ ॥૧૧॥

**ઇતિશ્રી અર્હન્નામ સહસ્ર સમુચ્ચયે તૃતીયશતપ્રકાશઃ ॥૩॥**

કૃતી કૃતાર્થઃ સંસ્કૃત્યઃ, કૃતકૃત્યઃ કૃતક્રતુઃ ।
નિત્યો મૃત્યુઞ્જયોઽમૃત્યુ–રમૃતાત્માઽમૃતોદ્ભવઃ ॥૧॥
હિરણ્યગર્ભઃ શ્રીગર્ભઃ પ્રભુતવિભવોઽભવઃ ।
સ્વયંપ્રભઃ પ્રભૂતાત્મા, ભવો ભાવો ભવાન્તકઃ ॥૨॥
મહાશોકધ્વજોઽશોકઃ, કઃ સ્રષ્ટા પદ્મવિષ્ટરઃ ।
પદ્મેશઃ પદ્મસંભૂતિઃ, પદ્મનાભિરનુત્તરઃ ॥૩॥

પદ્મયોનિર્જગદ્યોનિ-રિત્યઃ સ્તુત્યઃ સ્તુતીશ્વરઃ ।
સ્તવનાર્હો હૃષીકેશોઽજિતો જેયઃ કૃતક્રિયઃ ॥૪॥
વિશાલો વિપુલોદ્યોતિ-રતુલોઽચિન્ત્યવૈભવઃ ।
સુસંવૃતઃ સુગુપ્તાત્મા, શુભંયુઃ શુભકર્મકૃત્ ॥૫॥
એકવિદ્યો મહાવૈદ્યો, મુનિઃ પરિવૃઢો દૃઢઃ ।
પતિર્વિદ્યાનિધિઃ સાક્ષી, વિનેતા વિહતાન્તકઃ ॥૬॥
પિતા પિતામહઃ પાતા, પવિત્રઃ પાવનો ગતિઃ ।
ત્રાતા ભિષગ્વરો વર્યો, વરદઃ પારદઃ પુમાન્ ॥૭॥
કવિઃ પુરાણપુરુષો, વર્ષીયાન્ ઋષભઃ પુરઃ ।
પ્રતિષ્ઠાપ્રસવો હેતુ—ર્ભુવનૈકપિતામહઃ ॥૮॥
શ્રીવત્સલક્ષણઃ શ્લક્ષ્ણો, લક્ષણ્યઃ શુભલક્ષણઃ ।
નિરક્ષઃ પુંડરીકાક્ષઃ, પુષ્કલઃ પુષ્કલેક્ષણઃ ॥૯॥
સિદ્ધિદઃ સિદ્ધસંકલ્પઃ, સિદ્ધાત્મા સિદ્ધશાસનઃ ।
બુદ્ધબોધ્યો મહાબુદ્ધિ-ર્વર્ધમાનો મહર્દ્ધિકઃ ॥૧૦॥
વેદાંગો વેદવિદ્ વેદ્યો, જાતરૂપો વિદાંવરઃ ।
વેદવૈદ્યઃ સ્વસંવેદ્યો, વિવેદો વદતાંવરઃ ॥૧૧॥

ઇતિશ્રી અર્હન્નામ સહસ્રસમુચ્ચયે ચતુર્થ શતપ્રકાશઃ ॥૪॥

સુધર્મા ધર્મધીર્ધર્મો, ધર્માત્મા ધર્મદેશકઃ ।
ધર્મચક્રી દયાધર્મઃ, શુદ્ધધર્મો વૃષધ્વજઃ ॥૧॥

વૃષકેતુર્વૃષાધીશો, વૃષાઙ્કશ્ચ વૃષોદ્ભવઃ ।
હિરણ્યનાભિર્ભૂતાત્મા, ભૂતભૃદ્ ભૂતભાવનઃ ॥૨॥
પ્રભવો વિભવો ભાસ્વાન્, મુક્તઃ શક્તોઽક્ષયોઽક્ષતઃ ।
કૂટસ્થઃ સ્થાણુરક્ષોભ્યઃ, શાસ્તા નેતાચલસ્થિતિઃ ॥૩॥
અગ્રણી ર્ગ્રામણીર્ગણ્યો, ગણ્યગણ્યો ગણાગ્રણીઃ ।
ગણાધિપો ગણાધીશો, ગણજ્યેષ્ઠો ગણાર્ચિતઃ ॥૪॥
ગુણાકરો ગુણામ્ભોધિ–ર્ગુણજ્ઞો ગુણવાન્ ગુણી ।
ગુણાદરો ગુણોચ્છેદી, સુગુણોઽગુણવર્જિતઃ ॥૫॥
શરણ્યઃ પુણ્યવાક્પૂતો, વરેણ્યઃ પુણ્યગીર્ગુણઃ ।
અગણ્યપુણ્યધીઃ પુણ્યઃ, પુણ્યકૃત્ પુણ્યશાસનઃ ॥૬॥
અતીન્દ્રોઽતીન્દ્રિયોઽધીન્દ્રો, મહેન્દ્રોઽતીન્દ્રિયાર્થદૃગ્ ।
અતીન્દ્રિયો મહેન્દ્રાર્ચ્યો, મહેન્દ્રમહિતો મહાન્ ॥૭॥
ઉદ્ભવઃ કારણં કર્તા, પારગો ભવતારકઃ ।
અગ્રાહ્યો ગહનં ગુહ્યઃ, પરર્દ્ધિઃ પરમેશ્વરઃ ॥૮॥
અનન્તર્દ્ધિરમેયર્દ્ધિ–રચિન્ત્યર્દ્ધિઃ સમગ્રધીઃ ।
પ્રાગ્ર્યઃ પ્રાગ્ર્યહરોઽત્યગ્રઃ,પ્રત્યગ્રોઽગ્રોઽગ્રિમોઽગ્રજઃ ॥૯॥
પ્રાણકઃ પ્રણવઃ પ્રાણઃ, પ્રાણદઃ પ્રાણિતેશ્વરઃ ।
પ્રધાનમાત્મા પ્રકૃતિઃ, પરમઃ પરમોદયઃ ॥૧૦॥

ઇતિશ્રી અર્હન્નામ સહસ્રમુચ્ચયે પઞ્ચમશતપ્રકાશઃ ॥૫॥

મહાજિનો મહાબુદ્ધો, મહાબ્રહ્મા મહાશિવઃ ।
મહાવિષ્ણુ ર્મહાજિષ્ણુ–ર્મહાનાથો મહેશ્વરઃ ॥૧॥
મહાદેવો મહાસ્વામી, મહારાજો મહાપ્રભુઃ
મહાચન્દ્રો મહાદિત્યો, મહાસૂરો મહાગુરુઃ ॥૨॥
મહાતપા મહાતેજા, મહોદર્કો મહોમયઃ ।
મહાયશો મહાધામ, મહાસત્ત્વો મહાબલઃ ॥૩॥
મહાધૈર્યો મહાવીર્યો, મહાકાન્તિર્મહાદ્યુતિઃ ।
મહાશક્તિર્મહાજ્યોતિ—ર્મહાભૂતિર્મહાધૃતિઃ ॥૪॥
મહામતિર્મહાનીતિ—ર્મહાક્ષાન્તિર્મહાકૃતિઃ ।
મહાકીર્તિર્મહાસ્ફૂર્તિ—ર્મહાપ્રજ્ઞો મહોદયઃ ॥૫॥
મહાભાગો મહાભોગો, મહારૂપો મહાવપુઃ ।
મહાદાનો મહાજ્ઞાનો, મહાશાસ્તા મહામહાઃ ॥૬॥
મહામુનિર્મહામૌની, મહાધ્યાનો મહાદમઃ
મહાક્ષમો મહાશીલો, મહાયોગો મહાલયઃ ॥૭॥
મહાવ્રતો મહાયજ્ઞો, મહાશ્રેષ્ઠો મહાકવિઃ ।
મહામન્ત્રો મહાતન્ત્રો, મહોપાયો મહાનયઃ ॥૮॥
મહાકારુણિકો મન્તા, મહાનાદો મહાયતિઃ ।
મહામોદો મહાઘોષો, મહેજ્યો મહસાં પતિઃ ॥૯॥
મહાવીરો મહાધીરો, મહાધુર્યો મહેષ્ઠવાક્ ।
મહાત્મા મહસાં ધામ, મહર્ષિર્મહિતોદયઃ ॥૧૦॥

મહામુક્તિર્મહાગુપ્તિ—ર્મહાસત્યો મહાર્જવઃ ।
મહાબુદ્ધિર્મહાસિદ્ધિ—ર્મહાશૌચો મહાવશી ॥૧૧॥
મહાધર્મો મહાશર્મા, મહાત્મનો મહાશયઃ ।
મહામોક્ષો મહાસૌખ્યો, મહાનન્દો મહોદયઃ ॥૧૨॥
મહાભવાબ્ધિસંતારી, મહામોહારિસૂદનઃ ।
મહાયોગીશ્વરારાધ્યો, મહામુક્તિપદેશ્વરઃ ॥૧૩॥

ઇતિશ્રી અર્હન્નામ સહસ્રસમુચ્ચયે ષષ્ઠશતપ્રકાશઃ ॥૬॥

આનન્દો નન્દનો નન્દો, વન્દ્યો નન્દ્યોઽભિનન્દનઃ ।
કામહા કામદઃ કામ્યઃ, કામધેનુરરિઞ્જયઃ ॥૧॥
મનઃ કલેશાપહઃ સાધુ—રુત્તમોઽઘહરો હરઃ ।
અસંખ્યેયઃ પ્રમેયાત્મા, શમાત્મા પ્રશમાકરઃ ॥૨॥
સર્વયોગીશ્વરોઽચિન્ત્યઃ, શ્રુતાત્મા વિષ્ટરશ્રવાઃ ।
દાન્તાત્મા દમતીર્થેશો, યોગાત્મા યોગસાધકઃ ॥૩॥
પ્રમાણપરધિર્દક્ષો, દક્ષિણોઽધ્વર્યુરધ્વરઃ ।
પ્રક્ષીણબન્ધઃ કર્મારિઃ, ક્ષેમકૃત્ ક્ષેમશાસનઃ ॥૪॥
ક્ષેમી ક્ષેમંકરઃ ક્ષેમ્યઃ, ક્ષેમકર્મા ક્ષમાપતિઃ ।
અગ્રાહ્યો જ્ઞાનિવિજ્ઞેયો, જ્ઞાનિગમ્યો જિનોત્તમઃ ॥૫॥
જિનેન્દુર્જનિતાનન્દો, મુનીન્દુર્દુન્દુભિસ્વનઃ ।
મુનીન્દ્રવન્દ્યો યોગીન્દ્રો, યતીન્દ્રો યતિનાયકઃ ॥૬॥

અસંસ્કૃતઃ સુસંસ્કારઃ, પ્રાકૃતો વૈ કૃતાન્તવિત્ ।
અન્તકૃત્ કાન્તગુઃકાન્ત–શ્ચિન્તામણિરભીષ્ટદઃ ॥૭॥
અજિતો જિતકામારિ–રમિતોઽમિતશાસનઃ ।
જિતક્રોધો જિતામિત્રો, જિતકલેશો જિતાન્તકઃ ॥૮॥
સત્યાત્મા સત્યવિજ્ઞાનઃ, સત્યવાક્ સત્યશાસનઃ ।
સત્યાશીઃ સત્યસંધાનઃ, સત્યઃ સત્યપરાયણઃ ॥૯॥
સદાયોગઃ સદાભોગઃ, સદાતૃપ્તઃ સદાશિવઃ ।
સદાગતિઃ સદાસૌખ્યઃ, સદાવિદ્યઃ સદોદયઃ ॥૧૦॥
સુઘોષઃ સુમુખઃ સૌમ્યઃ, સુખદઃ સુહિતઃ સુહૃદ્ ।
સુગુપ્તો ગુપ્તિભૃદ્ ગોપ્તા, ગુપ્તાક્ષો ગુપ્તમાનસઃ ॥૧૧॥

ઇતિશ્રી અર્હન્નામ સહસ્રસમુચ્ચયે સપ્તમશતપ્રકાશઃ ॥૭॥

બૃહદ્ બૃહસ્પતિર્વાગ્મી, વાચસ્પતિરુદારધીઃ ।
મનીષી ધિષણો ધીમાન્, શેમુષીશો ગિરાંપતિઃ ॥૧॥
નૈકરુપો નયોત્તુંગો, નૈકાત્મા નૈકધર્મકૃત્ ।
અવિજ્ઞેયઃ પ્રતર્ક્યાત્મા, કૃતજ્ઞઃ કૃતલક્ષણઃ ॥૨॥
જ્ઞાનગર્ભો દયાગર્ભો, રત્નગર્ભઃ પ્રભાસ્વરઃ ।
પદ્મગર્ભો જગદ્ગર્ભો, હેમગર્ભઃ સુદર્શનઃ ॥૩॥
લક્ષ્મીશઃ સદયોઽધ્યક્ષો, દૃઢયોર્નિર્નયીશિતા ।
મનોહરો મનોજ્ઞોઽર્હો, ધીરો ગંભીરશાસનઃ ॥૪॥

ધર્મયૂપો દયાયોગો, ધર્મનેમિર્મુનીશ્વરઃ ।
ધર્મચક્રાયુધો દેવઃ, કર્મહા ધર્મઘોષણઃ ॥૫॥
સ્થેયાન્ સ્થવીયાન્ નેદીયાન્ દવીયાન્ દૂરદર્શનઃ ।
સુસ્થિતઃ સ્વાસ્થ્યભાક્ સુસ્થો, નીરજસ્કો ગતસ્પૃહઃ॥૬॥
વશ્યેન્દ્રિયો વિમુક્તાત્મા, નિઃસપત્નો જિતેન્દ્રિયઃ ।
શ્રીનિવાસશ્ચતુર્વક્ત્ર—શ્ચતુરાસ્યશ્ચતુર્મુખઃ ॥૭॥
અધ્યાત્મગમ્યોઽગમ્યાત્મા, યોગાત્મા યોગિવન્દિતઃ ।
સર્વત્રગઃ સદાભાવી, ત્રિકાલવિષયાર્થદૃક્ ॥૮॥
શંકરઃ સુખદો દાન્તો દમી ક્ષાન્તિપરાયણઃ ।
સ્વાનન્દઃ પરમાનન્દઃ સૂક્ષ્મવર્ચાઃ પરાપરઃ ॥૯॥
અમોઘોઽમોઘવાક્ સ્વાજ્ઞો, દિવ્યદૃષ્ટિરગોચરઃ ।
સુરૂપઃ સુભગસ્ત્યાગી, મૂર્તોઽમૂર્તઃ સમાહિતઃ ॥૧૦॥
એકોઽનેકો નિરાલંબો—ઽનીદૃગ્નાથો નિરન્તરઃ ।
પ્રાર્થ્યોઽભ્યર્થ્યઃ સમભ્યર્ચ્ય—સ્ત્રિજગન્મંગલોદયઃ ।૧૧।

ઇતિશ્રી અર્હન્નામ સહસ્રસમુચ્ચયેઽષ્ટમશતપ્રકાશઃ ॥૮॥

ઈશોઽધીશોઽધિપોઽધીન્દ્રો, ધ્યેયોઽમેયો દયામયઃ ।
શિવઃ શૂરઃશુભઃસારઃ, શિષ્ટઃસ્પષ્ટઃ સ્ફુટોઽસ્ફુટઃ ॥૧॥
ઇષ્ટઃ પુષ્ટઃ ક્ષમોઽક્ષામો—ઽકાયોઽમાયોઽસ્મયોઽમયઃ ।
દશા દશ્યોઽણુરસ્થૂલો, જીર્ણો નવ્યો ગુરુર્લઘુઃ ॥૨॥

સ્વભૂઃ સ્વાત્મા સ્વયંબુદ્ધઃ સ્વેશઃ સ્વૈરીશ્વર સ્વરઃ ।
આદ્યોઽલક્ષ્યોઽપરિઙ્રુષો–ઽસ્પર્શોઽશબ્દોઽરિહારુહઃ ।૩।
દીપ્તોઽલેશ્યોઽરસોઽગન્ધો–ઽચ્છેદ્યોઽભેદ્યોઽજરોઽમરઃ ।
પ્રાજ્ઞો ધન્યો યતિઃ પૂજ્યો, મહોઽર્ચ્યઃ પ્રશમી યમી ।૪।
શ્રીશઃ શ્રીન્દ્રઃ શુભઃ સુશ્રી–રુત્તમશ્રીઃ શ્રિયઃપતિઃ ।
શ્રીપતિઃ શ્રીપરઃ શ્રીપઃ, સચ્છ્રીઃ શ્રીયુક્ શ્રિયાશ્રિતઃ।।૫।।
જ્ઞાની તપસ્વી તેજસ્વી, યશસ્વી બલવાન્ બલી ।
દાની ધ્યાની મુનિર્મૌની, લયી લક્ષ્યઃ ક્ષયી ક્ષમી ।।૬।।
લક્ષ્મીવાન્ ભગવાન્ શ્રેયાન્, સુગતઃ સુતનુર્બુધઃ ।
બુદ્ધો વૃદ્ધઃ સ્વયંસિદ્ધઃ, પ્રોચ્ચઃ પ્રાંશુઃ પ્રભામયઃ।।૭।।

ઇતિશ્રી અર્હન્નામ સહસ્રસમુચ્ચયે નવમશતપ્રકાશઃ ।।૯।।

આદિદેવો દેવદેવઃ પુરદેવોઽધિદેવતા ।
યુગાદીશો યુગાધીશો, યુગમુખ્યો યુગોત્તમઃ ।।૧।।
દીપ્તઃ પ્રદીપ્તઃ સૂર્યાભો–ઽરિઘ્નોઽવિઘ્નોઽઘ્નનો ઘનઃ ।
શત્રુઘ્નઃ પ્રતિઘસ્તુંગો–ઽસંગઃ ઽસંગોઽગ્રગઃ સુગઃ ।।૨।।
સ્યાદ્વાદી દિવ્યગીર્દિવ્ય–ધ્વનિરુદ્દામગીઃ પ્રગીઃ ।
પુણ્યવાગર્થ્યવાગર્ધ–ઽમાગધીયોક્તિરિદ્ધગીઃ ।।૩।।
પુરાણપુરુષોઽપૂર્વો—પૂર્વશ્રીઃ પૂર્વદેશકઃ ।
જિનદેવો જિનાધીશો, જિનનાથો જિનાગ્રણીઃ ।।૪।।

શાન્તિનિષ્ઠો મુનિજ્યેષ્ઠઃ, શિવતાતિઃ શિવપ્રદઃ ।
શાન્તિકૃત્ શાન્તિદઃ શાન્તિઃ, કાન્તિમાન્ કામિતપ્રદઃ ॥૫॥
શ્રિયાં નિધિરધિષ્ઠાન-મપ્રતિષ્ઠઃ પ્રતિષ્ઠિતઃ ।
સુસ્થિરઃ સ્થાવરઃ સ્થાણુઃ, પ્રથીયાન્ પ્રથિતઃ પૃથુઃ ॥૬॥
પુણ્યરાશિઃ શ્રિયોરાશિ-સ્તેજોરાશિરસંશયી ।
જ્ઞાનોદધિરનન્તૌજા, જ્યોતિર્મૂર્તિરનન્તધીઃ ॥૭॥
વિજ્ઞાનોઽપ્રતિમો ભિક્ષુ-ર્મુમુક્ષુર્મુનિપુંગવઃ ।
અનિદ્રાલુસ્તન્દ્રાલુ-ર્જાગરૂકઃ પ્રમામયઃ ॥૮॥
કર્મણ્યઃ કર્મઠોઽકુણ્ઠો, રુદ્રો ભદ્રોઽભયંકરઃ ।
લોકોત્તરો લોકપતિ-ર્લોકેશો લોકવત્સલઃ ॥૯॥
ત્રિલોકીશસ્ત્રિકાલજ્ઞ-સ્ત્રિનેત્રસ્ત્રિપુરાન્તકઃ ।
ત્ર્યમ્બકઃ કેવલાલોકઃ, કેવલી કેવલેક્ષણઃ ॥૧૦॥
સમન્તભદ્રઃ શાન્તાદિ-ર્ધર્માચાર્યો દયાનિધિઃ ।
સૂક્ષ્મદર્શી સુમાર્ગજ્ઞઃ, કૃપાલુર્માર્ગદર્શકઃ ॥૧૧॥
પ્રાતિહાર્યોજ્જ્વલશ્રીતા-તિશયો વિમલાશયઃ ।
સિદ્ધાનન્તચતુષ્કશ્રી-ર્જીયાચ્છ્રીજિનપુંગવઃ ॥૧૨॥

ઇતિશ્રી અર્હન્નામસહસ્રસમુચ્ચયે અષ્ટોત્તરશત-
નામયુક્તો દશમપ્રકાશઃ ॥૧૦॥

ઉપસંહાર :—

એતદષ્ટોત્તરં નામ—સહસ્રં શ્રીમદર્હતઃ ।
ભવ્યાઃ પઠન્તુ સાનન્દં, મહાનન્દૈકકારણમ્ ॥૧૩॥
ઇત્યેતજ્જિનદેવસ્ય, જિનનામ સહસ્રકમ્ ।
સર્વાપરાધશમનમ્, પરં ભક્તિવિવર્ધનમ્ ॥૧૪॥
અક્ષયં ત્રિષુ લોકેષુ, સર્વસ્વર્ગૈકસાધનમ્ ।
સ્વર્ગલોકૈકસોપાનં, સર્વદુઃખૈકસાધનમ્ ॥૧૫॥
સમસ્તદુઃખહં સદ્યઃ, પરં નિર્વાણદાયકમ્ ।
કામક્રોધાદિનિઃશેષ—મનોમલવિશોધનમ્ ॥૧૬॥
શાન્તિદં પાવનં નૃણાં, મહાપાતકનાશનમ્
સર્વેષાં પ્રાણિનામાશુ, સર્વાભીષ્ટફલપ્રદમ્ ॥૧૭॥
જગજ્જાડ્યપ્રશમનં, સર્વવિદ્યાપ્રવર્ત્તકમ્ ।
રાજ્યદં રાજ્યભ્રષ્ટાનાં, રોગિનાં (ણાં)
સર્વરોગહૃત્ ॥૧૮॥
વન્ધ્યાનાં સુતદં ચાશુ, ક્ષીણાનાં જીવિતપ્રદમ્ ।
ભૂતગ્રહવિષધ્વંસિ, શ્રવણાત્ પઠનાજ્જપાત્ ॥૧૯॥

ઇતિ શ્રી હેમચંદ્રાચાર્ય વિરચિતઃ શ્રી અર્હન્નામસમુચ્ચયઃ

★

કલિકાલ સર્વજ્ઞ શ્રીમદ્ હેમચન્દ્રાચાર્ય વિરચિત

# શ્રી વીતરાગ સ્તોત્ર

## પ્રકાશ પહેલો

યઃ પરાત્મા પરંજ્યોતિઃ, પરમઃ પરમેષ્ઠિનામ્ ।
આદિત્યવર્ણં તમસઃ, પરસ્તાદામનન્તિ યમ્ ॥૧॥

જેઓ પરમાત્મા, પરંજ્યોતિ અને પરમેષ્ઠિઓમાં પ્રધાન છે. જેમને પંડિતપુરુષો અજ્ઞાનની પેલે પાર ગયેલા અને સૂર્યની જેવા ઉદ્યોત કરવાવાલા માને છે. (૧)

સર્વે યેનોદમૂલ્યન્ત, સમૂલાઃ ક્લેશપાદપાઃ
મૂર્ધ્ના યસ્મૈ નમસ્યન્તિ, સુરાસુરનરેશ્વરાઃ ॥૨॥

જેઓએ રાગાદિ ક્લેશવૃક્ષોને મૂળથી ઉખેડી નાખ્યાં છે. જેમને સુર, અસુર, મનુષ્ય અને તેના અધિપતિઓ મસ્તક વડે નમસ્કાર કરે છે. (૨)

પ્રાવર્ત્તન્ત યતો વિદ્યાઃ, પુરુષાર્થપ્રસાધિકાઃ ।
યસ્ય જ્ઞાનં ભવદ્ભાવિ–ભૂતભાવાવભાસકૃત્ ॥૩॥

જેમનાથી પુરુષાર્થને સિદ્ધકરનારી શબ્દાદિ વિદ્યાઓ પ્રવર્તેલી છે. જેમનું જ્ઞાન વર્તમાન, ભાવિ અને ભૂત–ભાવોને પ્રકાશનારૂં છે. (૩)

યસ્મિન્ વિજ્ઞાનમાનન્દં, બ્રહ્મ ચૈકાત્મતાં ગતમ્ ।
સ શ્રદ્ધેયઃ સ ચ ધ્યેયઃ, પ્રપદ્યે શરણં ચ તમ્ ।।૪।।

જેમનામાં વિજ્ઞાન–કેવલજ્ઞાન, આનન્દ–સુખ અને બ્રહ્મ–પરમપદ એ ત્રણે એકપણાને પામેલ છે, તે શ્રદ્ધેય છે તે જ ધ્યેય છે, અને તેમનું શરણ હું અંગીકાર કરું છું. (૪)

તેન સ્યાં નાથવાંસ્તસ્મૈ, સ્પૃહયેયં સમાહિતઃ ।
તતઃ કૃતાર્થો ભૂયાસં, ભવેયં તસ્ય કિઙ્કરઃ ।।૫।।

તેમના વડે હું સનાથ થાઉં. સમાહિત મનવાલો હું તેમને વાંછું, તેમનાથી હું કૃતાર્થ થાઉં; અને તેમનો હું કિંકર થાઉં. (૫)

તત્ર સ્તોત્રેણ કુર્યાં ચ, પવિત્રાં સ્વાં સરસ્વતીમ્ ।
ઇદં હિ ભવકાન્તારે, જન્મિનાં જન્મનઃ ફલમ્ ।।૬।।

તેમની સ્તુતિ કરવા વડે હું મારી વાચાને પવિત્ર કરું. કારણ કે આ ભવ અટવીમાં પ્રાણીઓના જન્મનું એજ એક ફલ છે. (૬)

ક્વાહં પશોરપિ પશુ–ર્વીતરાગસ્તવઃ ક્વ ચ ।
ઉત્તિતીર્ષુરરણ્યાનીં, પદ્ભ્યાં પઙ્ગુરિવાસ્મ્યતઃ ।।૭।।

પશુથી પણ પશુ એવો હું ક્યાં? અને સુરગુરુથી પણ અશક્ય એવી વીતરાગની સ્તુતિ ક્યાં? એ કારણે એ પગ વડે મોટી અટવીનું ઉલ્લંઘન કરવાને ઇચ્છતા પંગુની જેવો હું છું. (૭)

તથાપિ શ્રદ્ધામુગ્ધોઽહં, નોપાલભ્યઃ સ્ખલન્નપિ ।
વિશૃઙ્ખલાપિ વાગ્વૃત્તિઃ, શ્રદ્દધાનસ્ય શોભતે ॥૮॥

તોપણ શ્રદ્ધાથી મુગ્ધ એવો હું પ્રભુની સ્તુતિ કરવામાં સ્ખલના પામવા છતાં ઉપાલંભને પાત્ર નથી. શ્રદ્ધાળુ આત્માની સંબંધ વિનાની વાકય-રચના પણ શોભાને પામે છે. (૮)

શ્રીહેમચન્દ્રપ્રભવાત્, વીતરાગસ્તવાદિતઃ ।
કુમારપાલભૂપાલઃ, પ્રાપ્નોતુ ફલમીપ્સિતમ્ ॥૯॥

**શ્રી હેમચંદ્રસૂરિએ** રચેલા આ શ્રી વીતરાગ સ્તવથી **શ્રી કુમારપાલ** ભૂપાલ કર્મક્ષય લક્ષણ ઇચ્છિત ફલને પ્રાપ્ત કરો. (૯)

## પ્રકાશ બીજો

પ્રિયઙ્ગુ-સ્ફટિક-સ્વર્ણ-પદ્મરાગાઞ્જનપ્રભઃ ।
પ્રભો ! તવાધૌતશુચિઃ, કાયઃ કમિવ નાક્ષિપેત્ ॥૧॥

હે પ્રભો ! પ્રિયંગુની જેમ નીલ, સ્ફટિકની જેમ ઉજ્જવલ, સ્વર્ણની જેમ પીળો, પદ્મરાગની જેમ રાતો અને અંજનની જેમ શ્યામ કાન્તિવાળો અને ધોયા વિનાજ પવિત્ર એવો આપનો દેહ કોને આશ્ચર્યચકિત ન કરે ? (૧)

મન્દાર-દામવન્નિત્ય-મવાસિત-સુગન્ધિનિ ।
તવાઙ્ગે ભૃઙ્ગતાં યાન્તિ, નેત્રાણિ સુરયોષિતામ્ ॥૨॥

કલ્પતરુના પુષ્પોની માલાની જેમ સ્વભાવથીજ સુગન્ધિ એવા આપના શરીરને વિષે દેવાંગનાઓનાં નેત્રો ભ્રમરપણાને પામે છે. (૨)

દિવ્યામૃતરસાસ્વાદ–પોષપ્રતિહતા ઇવ ।
સમાવિશન્તિ તે નાથ! નાઙ્ગે રોગોરગવ્રજાઃ ॥૩॥

હે નાથ! દિવ્ય અમૃતરસના આસ્વાદની પુષ્ટિથી જાણે પરાભવ પામ્યા ન હોય તેમ કાસ-શ્વાસાદિક રોગરૂપી-સર્પના સમૂહો આપના શરીરને વિષે પ્રવેશ પામતા નથી.(૩)

ત્વય્યાદર્શતલાલીન—પ્રતિમાપ્રતિરૂપકે ।
ક્ષરત્સ્વેદવિલીનત્વ—કથાપિ વપુષઃ કુતઃ? ॥૪॥

દર્પણના તલની અંદર પ્રતિબિંબિત થયેલા પ્રતિબિંબની જેમ સ્વચ્છ એવા આપને વિષે કાયાનું ઝરતા પ્રસ્વેદથી વ્યાપીપણું હોય, એવી વાત પણ ક્યાંથી હોય? (૪)

ન કેવલં રાગમુક્તં, વીતરાગ! મનસ્તવ ।
વપુઃસ્થિતં રક્તમપિ, ક્ષીરધારાસહોદરમ્ ॥૫॥

હે વીતરાગ! કેવલ આપનું મન રાગરહિત છે, એમ નથી. આપના શરીરમાં રહેલું રુધિર પણ દૂધની ધારા જેવું ઉજ્જવલ છે. (૫)

જગદ્વિલક્ષણં કિં વા, તવાન્યદ્વક્તુમીશ્મહે!
યદવિસ્રમબીભત્સં, શુભ્રં માંસમપિ પ્રભો! ॥૬॥

અથવા હે પ્રભો! જગતથી વિલક્ષણ એવું આપનું બીજું કેટલું વર્ણન કરવા અમે સમર્થ થઈ શકીએ?

કારણકે આપનું માંસ પણ દુર્ગન્ધ વિનાનું, દુર્ગંચ્છા વિનાનું તથા ઉજ્જવલ છે. (૬)

જલસ્થલસમુદ્‌ભૂતાઃ સંત્યજ્ય સુમનઃસ્રજઃ ।
તવ નિઃશ્વાસસૌરભ્ય–મનુયાન્તિ મધુવ્રતાઃ ॥૭॥

જલ અને સ્થલને વિષે ઉત્પન્ન થયેલા પુષ્પોની માળાઓનો ત્યાગ કરીને ભ્રમરો આપના નિઃશ્વાસની સૌરભ લેવાને માટે આપની પાછળ આવે છે. (૭)

લોકોત્તરચમત્કાર–કરી તવ ભવસ્થિતિઃ ।
યતો નાહારનીહારૌ, ગોચરશ્ચર્મચક્ષુષામ્ ॥૮॥

આપની ભવસ્થિતિ–સંસારમાં વસવાપણું લોકોત્તર ચમત્કાર–અપૂર્વ આશ્ચર્યને પેદા કરનારું છે, કારણ કે આપના આહાર અને નીહાર ચર્મચક્ષુવાળાઓને અગોચર–અદૃશ્ય છે. (૮)

## પ્રકાશ ત્રીજો

સર્વાભિમુખ્યતો નાથ ! તીર્થકૃન્નામકર્મજાત્ ।
સર્વથા સમ્મુખીનસ્ત્વમાનન્દયસિ યત્પ્રજાઃ ॥૧॥

હે નાથ ! જે કારણ માટે તીર્થંકર નામકર્મ જનિત સર્વાભિમુખ્ય નામના અતિશયથી, કેવલજ્ઞાનના પ્રકાશ વડે સર્વથા સર્વ દિશાએ સન્મુખ રહેતા એવા આપ, દેવ–મનુષ્યાદિ સર્વ પ્રજાને સર્વ પ્રકારે આનંદ પમાડો છો. (૧)

યદ્યોજનપ્રમાણેઽપિ, ધર્મદેશનસદ્મનિ ।
સંમાન્તિ કોટિશસ્તિર્યગ્નૃદેવાઃ સપરિચ્છદાઃ ॥૨॥

એક યોજન પ્રમાણ એવી પણ ધર્મદેશનાની ભૂમિને વિષે પોતપેતાના પરિવાર સહિત ક્રોડો તિર્યંચો, મનુષ્યો અને દેવતાઓ સમાઈ જાય છે. (૨)

તેષામેવ સ્વ–સ્વભાષા–પરિણામમનોહરમ્ ।
અપ્યેકરૂપં વચનં, યત્તે ધર્માવબોધકૃત્ ॥૩॥

પોતપોતાની ભાષામાં પરિણામ પામવાવાળું હોવાથી મનોહર એવું એક સરખું પણ આપનું વચન તેઓને ધર્મનો અવબોધ કરનારું થાય છે. (૩)

સાગ્રેઽપિ યોજનશતે, પૂર્વોત્પન્નાઃ ગદામ્બુદાઃ ।
યદઞ્જસા વિલીયન્તે, ત્વદ્વિહારાનિલોર્મિભિઃ ॥૪॥

આપના વિહારરૂપી પવનની લહરીઓ વડે સવાસો યોજનને વિષે પૂર્વે ઉત્પન્ન થયેલા રોગરૂપી વાદળાંઓ તત્કાલ વિલય પામી જાય છે. (૪)

નાવિર્ભવન્તિ યદ્ભૂમૌ, મૂષકાઃ શલભાઃ શુકાઃ ।
ક્ષણેન ક્ષિતિપ–ક્ષિપ્તા, અનીતય ઇવેતયઃ ॥૫॥

રાજાઓ વડે દૂર કરાયેલી અનીતિઓની જેમ ભૂમિને વિષે મૂષક–ઉંદર, શલભ–તીડ અને શુક–પોપટ વિગેરેના ઉપદ્રવો ક્ષણવારમાં નાબૂદ થઈ જાય છે. (૫)

સ્ત્રીક્ષેત્રપદ્રાદિભવો, યદ્વૈરાગ્નિઃ પ્રશામ્યતિ ।
ત્વત્કૃપાપુષ્કરાવર્ત્ત–વર્ષાદિવ ભુવસ્તલે ॥૬॥

આપની કૃપારૂપી પુષ્કરાવર્તના મેઘની વૃષ્ટિથી જ જાણે હોય નહિ ? તેમ જ્યાં આપ ચરણ ધરો છો ત્યાં સ્ત્રી, ક્ષેત્ર અને નગરાદિથી ઉત્પન્ન થયેલો વૈરરૂપી અગ્નિ શમી જાય છે. (૬)

ત્વત્પ્રભાવે ભુવિ ભ્રામ્યત્યશિવોચ્છેદડિણ્ડિમે ।
સમ્ભવન્તિ ન યન્નાથ ! મારયો ભુવનારયઃ ॥૭॥

હે નાથ ! અશિવનો ઉચ્છેદ કરવાને ડિંડિમનાદ સમાન આપનો પ્રભાવ ભૂમિ ઉપર ફેલાયે છતે ભુવનના–દુશ્મનભૂત મારી–મરકી વિગેરે ઉપદ્રવો ઉત્પન્ન થતા નથી. (૭)

કામવર્ષિણિ લોકાનાં, ત્વયિ વિશ્વૈકવત્સલે ।
અતિવૃષ્ટિરવૃષ્ટિર્વા, ભવેદ્યન્નોપતાપકૃત્ ॥૮॥

લોકના કામિતને વર્ષાવનાર, વિશ્વને વિષે અદ્વિતીય વત્સલ એવા આપ વિદ્યમાન છતે ઉપતાપને કરનારી અતિવૃષ્ટિ કે અનાવૃષ્ટિ થાય નહિ. (૮)

સ્વરાષ્ટ્ર–પરરાષ્ટ્રેભ્યો, યત્ક્ષુદ્રોપદ્રવા દ્રુતમ્ ।
વિદ્રવન્તિ ત્વત્પ્રભાવાત્, સિંહનાદાદિવ દ્વિપાઃ ॥૯॥

સિંહનાદથી જેમ હાથીઓ ભાગી જાય તેમ સ્વરાષ્ટ્ર અને પરરાષ્ટ્રથી ઉત્પન્ન થયેલા ક્ષુદ્ર ઉપદ્રવો આપના પ્રભાવથી તત્કાળ ભાગી જાય છે. (૯)

યત્ ક્ષીયતે ચ દુર્ભિક્ષં, ક્ષિતૌ વિહરતિ ત્વયિ ।
સર્વાદ્ભુતપ્રભાવાઢચે, જઙ્ગમે કલ્પપાદપે ॥૧૦॥

સર્વપ્રકારના અદ્ભુત પ્રભાવશાળી જંગમ કલ્પતરુ સમાન આપ ક્ષિતિતલ ઉપર વિહરતે છતે દુર્ભિક્ષ ક્ષયપામી જાય છે. (૧૦)

યન્મૂર્ધ્નઃ પશ્ચિમે ભાગે, જિતમાર્ત્તણ્ડમણ્ડલમ્ ।
મા ભૂદ્વપુર્દુરાલોકમિતીવોત્પિણ્ડિતં મહઃ ॥૧૧॥

આપનું શરીર જોવામાં અડચણ ન આવે એ માટે જ જાણે હોય નહિ ? તેમ સુરાસુરોએ આપના મસ્તકની પાછળ એક સ્થાને ભેગું કરેલું આપના શરીરનું જ મહાતેજ જાણે ન હોય ? તેવું સૂર્યના મંડળને પણ જીતી જનારું તેજનું મંડળ-ભામંડળ સ્થાપેલું છે. (૧૧)

સ એષ યોગસામ્રાજ્ય—મહિમા વિશ્વવિશ્રુતઃ ।
કર્મક્ષયોત્થો ભગવન્ ! કસ્ય નાશ્ચર્યકારણમ્ ? ॥૧૨॥

હે ભગવન્ ! તે આ ઘાતીકર્મના ક્ષયથી ઉત્પન્ન થયેલો વિશ્વવિખ્યાત યોગસામ્રાજ્યનો મહિમા કોને આશ્ચર્ય કરનારો નથી ? (૧૨)

અનન્તકાલપ્રચિત—મનન્તમપિ સર્વથા ।
ત્વત્તો નાન્યઃ કર્મકક્ષમુન્મૂલયતિ મૂલતઃ ॥૧૩॥

અનંતકાલથી ઉપાર્જન કરેલ અને અન્તવિનાના કર્મવનને આપના સિવાય બીજો કોઈ મૂલથી ઉખેડી નાખવાને સમર્થ નથી. (૧૩)

તથોપાયે પ્રવૃત્તસ્ત્વં, ક્રિયાસમભિહારતઃ ।
યથાનિચ્છન્નુપેયસ્ય, પરાં શ્રિયમશિશ્રિયઃ ॥૧૪॥

હે પ્રભુ! ચારિત્રરૂપી ઉપાયમાં વારંવાર અભ્યાસથી આપ તેવા પ્રકારે થયા છો કે જેથી નહિ ઇચ્છવા છતાં ઉપેય–મોક્ષની ઉત્કૃષ્ટ લક્ષ્મીને આપે પ્રાપ્ત કરી છે. (૧૪)

મૈત્રીપવિત્રપાત્રાય, મુદિતામોદશાલિને ।
કૃપોપેક્ષાપ્રતીક્ષાય, તુભ્યં યોગાત્મને નમઃ ॥૧૫॥

મૈત્રી ભાવનાના પવિત્ર પાત્રરૂપ, પ્રમોદ ભાવના વડે સુશોભિત તથા કરુણા અને માધ્યસ્થ્ય ભાવના વડે પૂજનીય યોગાત્મા–યોગસ્વરૂપ એવા આપને નમસ્કાર થાઓ. (૧૫)

## પ્રકાશ ચોથો

મિથ્યાદશાં યુગાન્તાર્કઃ, સુદશામમૃતાઞ્જનમ્ ।
તિલકં તીર્થકૃલ્લક્ષ્મ્યાઃ, પુરશ્ચક્રં તવૈધતે ॥૧॥

મિથ્યાદષ્ટિઓને પ્રલય કાળના સૂર્ય તુલ્ય અને સમ્યગ્દષ્ટિઓને અમૃતના અંજન તુલ્ય શાન્તિકારી, તીર્થંકરની લક્ષ્મીના તિલકભૂત હે પ્રભુ! આપની આગળ ધર્મચક્ર શોભી રહ્યું છે. (૧)

એકોઽયમેવ જગતિ, સ્વામીત્યાખ્યાતમુચ્છ્રિતા ।
ઉચ્ચૈરિન્દ્રધ્વજવ્યાજાત્તર્જની જંભવિદ્વિષા ॥૨॥

'જગતમાં આ વીતરાગ જ એક સ્વામી છે' એમ, કહેવાને માટે ઇન્દ્ર ઊંચા એવા ઈન્દ્રધ્વજના બ્હાને પોતાની તર્જની આંગળી ઊંચી કરી છે, એમ જણાય છે. (૨)

યત્ર પાદૌ પદં ધત્તસ્તવ તત્ર સુરાસુરાઃ ।
કિરન્તિ પઙ્કજવ્યાજાચ્છ્રિયં પઙ્કજવાસિનીમ્ ॥૩॥

જ્યાં આપના બે ચરણો સ્થાન ધારણ કરે છે, ત્યાં દેવ અને દાનવો સુવર્ણ કમળના મિષથી–બહાનાથી કમળમાં નિવાસ કરનારી લક્ષ્મીને વિસ્તારે છે. (૩)

દાનશીલતપોભાવ–ભેદાદ્ ધર્મં ચતુર્વિધમ્ ।
મન્યે યુગપદાખ્યાતું, ચતુર્વક્ત્રોઽભવદ્ ભવાન્ ॥૪॥

દાન, શીલ, તપ અને ભાવના ભેદથી ચારપ્રકારના ધર્મને એક સાથે કહેવા માટે જ હોય નહિ? તેમ આપ ચાર મુખવાળા થયા છો, એમ હું માનું છું. (૪)

ત્વયિ દોષત્રયાત્ ત્રાતું, પ્રવૃત્તે ભુવનત્રયીમ્ ।
પ્રાકારત્રિતયં ચક્રુસ્ત્રયોઽપિ ત્રિદિવૌકસઃ ॥૫॥

ત્રણે ભુવનને રાગ, દ્વેષ અને મોહરૂપ ત્રણે દોષોથી બચાવવાને માટે આપ પ્રવૃત્ત થયે છતે વૈમાનિક, જ્યોતિષી અને ભવનપતિ એમ ત્રણ પ્રકારના દેવોએ રત્નમય, સુવર્ણમય અને રુપ્યમય એમ ત્રણ પ્રકારના કિલ્લાઓની રચના કરી છે. (૫)

અધોમુખાઃ કંટકાઃ સ્યુ ર્ધાત્ર્યાં વિહરતસ્તવ ।
ભવેયુઃ સમ્મુખીનાઃ કિં, તામસાસ્તિગ્મરોચિષઃ ॥૬॥

પૃથ્વીતલ પર આપે વિહાર કર્યે છતે કંટકો-કાંટાઓ અધોમુખવાળા થઈ જાય છે. સૂર્ય ઉદય પામે ત્યારે ઘુવડ અથવા અંધકારના સમૂહ શું ટકી શકે ખરા? (૬)

કેશરોમનખશ્મશ્રુ, તવાવસ્થિતમિત્યયમ્ ।
બાહ્યોઽપિ યોગમહિમા, નાપ્તસ્તીર્થકરૈઃ પરૈઃ ॥૭॥

આપના કેશ, રોમ, નખ અને શ્મશ્રુ=દાઢી-મૂછના વાળ અવસ્થિત-દીક્ષા ગ્રહણ અવસરે જેટલા હોય છે તેટલા જ રહે છે. આ પ્રકારનો બાહ્ય પણ યોગનો મહિમા હરિહરાદિ અન્ય દેવોએ પ્રાપ્ત કર્યો નથી. (૭)

શબ્દ-રૂપ-રસ-સ્પર્શ-ગન્ધાખ્યાઃ પઞ્ચ ગોચરાઃ ।
ભજન્તિ પ્રાતિકૂલ્યં ન, ત્વદગ્રે તાર્કિકા ઇવ ॥૮॥

આપની આગળ બૌદ્ધ, નૈયાયિકાદિ તાર્કિકોની જેમ શબ્દ, રૂપ, રસ, સ્પર્શ અને ગન્ધરૂપ પાંચે ઇન્દ્રિયોના વિષયો પ્રતિકૂલપણાને ભજતા નથી. કિંતુ અનુકૂળતાને ધારણ કરે છે. (૮)

ત્વત્પાદાવૃતવઃ સર્વે, યુગપત્પર્યુપાસતે ।
આકાલકૃતકન્દર્પ—સાહાયકભયાદિવ ॥૯॥

અનાદિકાલથી કામદેવને કરેલી સહાયના ભયથી જ જાણે હોય નહિ? તેમ સઘળી ઋતુઓ એક સાથે આવીને આપના ચરણોની સેવા કરે છે. (૯)

સુગન્ધ્યુદકવર્ષેણ, દિવ્યપુષ્પોત્કરેણ ચ ।
ભાવિત્વત્પાદસંસ્પર્શાં, પૂજયન્તિ ભુવં સુરાઃ ॥૧૦॥

ભવિષ્યમાં આપના ચરણનો સ્પર્શ થવાનો છે તે ભૂમિને દેવતાઓ સુગન્ધિ જલની વૃષ્ટિ વડે તથા દિવ્ય પુષ્પોના સમૂહ વડે પૂજે છે. (૧૦)

જગત્પ્રતીક્ષ્ય ! ત્વાં યાન્તિ, પક્ષિણોઽપિ પ્રદક્ષિણમ્ ।
કા ગતિર્મહતાં તેષાં, ત્વયિ યે વામવૃત્તયઃ ॥૧૧॥

હે જગત્પૂજ્ય ! પક્ષિઓ પણ આપને પ્રદક્ષિણા આપે છે, તો પછી આપના પ્રત્યે પ્રતિકૂળ વર્તન રાખનારા મોટા ગણાતા એવા મનુષ્યોની શી ગતિ સમજવી ? (૧૧)

પંચેન્દ્રિયાણાં દૌઃશીલ્યં, ક્વ ભવેદ્ ભવદન્તિકે ।
એકેન્દ્રિયોઽપિ યન્મુઞ્ચત્ય–નિલઃ પ્રતિકૂલતામ્ ॥૧૨॥

આપની આગળ પંચેન્દ્રિયોનું દુષ્ટપણું તો હોય જ કયાંથી ? કારણ કે એકેન્દ્રિય એવો વાયુ પણ આપની આગળ પ્રતિકૂલપણાનો ત્યાગ કરે છે. (૧૨)

મૂર્ધ્ના નમન્તિ તરવસ્ત્વન્માહાત્મ્યચમત્કૃતાઃ ।
તત્કૃતાર્થં શિરસ્તેષાં, વ્યર્થં મિથ્યાદૃશાં પુનઃ ॥૧૩॥

હે પ્રભુ ! આપના માહાત્મ્યથી ચમત્કાર પામેલા વૃક્ષો પણ આપને મસ્તક વડે નમસ્કાર કરે છે–તે કારણે તેઓનાં મસ્તક કૃતાર્થ છે, કિન્તુ આપને નહિ નમનારા મિથ્યાદૃષ્ટિઓનાં વ્યર્થ છે. (૧૩)

જઘન્યતઃ કોટિસઙ્ખ્યાસ્ત્વાં સેવન્તે સુરાસુરાઃ ।
ભાગ્યસમ્ભારલભ્યેઽર્થે, ન મન્દા અપ્યુદાસતે ॥૧૪॥

હે પ્રભુ ! જઘન્યથી એક ક્રોડ દેવો અને અસુરો આપની સેવા કરે છે. કારણકે ભાગ્યના સમૂહથી પ્રાપ્ત થયેલ પદાર્થને વિષે મન્દ આત્માઓ પણ ઉદાસીનતા ધારણ કરતા નથી. (૧૪)

## પ્રકાશ પાંચમો

ગાયન્નિવાલિવિરુતૈ-ર્નૃત્યન્નિવ ચલૈર્દલૈઃ ।
ત્વદ્ગુણૈરિવ રક્તોઽસૌ. મોદતે ચૈત્યપાદપઃ ॥૧॥

હે નાથ ! ભ્રમરોના શબ્દ વડે જાણે ગાયન કરતો ન હોય? ચંચલ પાંદડાઓ વડે જાણે નૃત્ય કરતો ન હોય? તથા આપના ગુણો વડે જાણે રક્ત-રાતો બન્યો ન હોય? તેમ આ અશોકવૃક્ષ હર્ષ પામે છે. (૧)

આયોજનં સુમનસોઽધસ્તાન્નિક્ષિપ્તબન્ધનાઃ ।
જાનુદઘ્નીઃ સુમનસો, દેશનોર્વ્યાં કિરન્તિ તે ॥૨॥

હે નાથ ! એક યોજન સુધી જેનાં ડીંટડાં નીચાં છે એવા જાનુ પ્રમાણ પુષ્પોને દેવતાઓ આપની દેશનાભૂમિને વિષે વરસાવે છે. (૨)

માલવકૈશિકીમુખ્ય—ગ્રામરાગપવિત્રિતઃ ।
તવ દિવ્યો ધ્વનિઃ પીતો, હર્ષોદ્ગ્રીવૈર્મૃગૈરપિ ॥૩॥

માલકોશ વિગેરે ગ્રામરાગથી પવિત્ર થયેલો આપનો દિવ્યધ્વનિ હર્ષ વડે ઊંચી ગ્રીવાવાળા બનેલા હરણીયાઓ દ્વારા પણ પીવાયો છે. (૩)

તવેન્દુધામધવલા, ચકાસ્તિ ચમરાવલી ।
હંસાલિરિવ વક્ત્રાબ્જ–પરિચર્યાપરાયણા ॥૪॥

ચંદ્રની કાંતિ સમાન ઉજ્જવળ એવી ચામરોની શ્રેણિ જાણે આપના મુખકમલની સેવામાં તત્પર થયેલી હંસની શ્રેણિ ન હોય ? તેમ શોભે છે. (૪)

મૃગેન્દ્રાસનમારૂઢે, ત્વયિ તન્વતિ દેશનામ્ ।
શ્રોતું મૃગાસ્સમાયાન્તિ, મૃગેન્દ્રમિવ સેવિતુમ્ ॥૫॥

દેશના દેવા માટે આપ સિંહાસન પર આરૂઢ થયે છતે આપની દેશના શ્રવણ કરવા માટે હરણીયાઓ આવે છે, તે જાણે પોતાના સ્વામી મૃગેન્દ્રની સેવા કરવા માટે આવતા હોય તેમ લાગે છે. (૫)

ભાસાં ચયૈઃ પરિવૃતો, જ્યોત્સ્નાભિરિવ ચન્દ્રમાઃ ।
ચકોરાણામિવ દૃશાં, દદાસિ પરમાં મુદમ્ ॥૬॥

જ્યોત્સ્ના વડે વીંટળાયેલો ચંદ્રમા જેમ ચકોર પક્ષિઓના નેત્રોને આનંદ આપે છે, તેમ તેજના પુંજ સ્વરૂપ ભામંડલ વડે વીંટળાયેલા આપ સજ્જનોની ચક્ષુઓને પરમ આનંદ આપો છો. (૬)

દુન્દુભિર્વિશ્વવિશ્વેશ ! પુરો વ્યોમ્નિ પ્રતિધ્વનન્ ।
જગત્યાપ્તેષુ તે પ્રાજ્યં, સામ્રાજ્યમિવ શંસતિ ॥૭॥

હે સર્વ વિશ્વના ઈશ ! આકાશમાં આપની આગળ પડઘો પાડતો દેવદુન્દુભિ જાણે, જગતને વિષે આપ્ત

પુરુષોમાં આપનું પરમ સામ્રાજ્ય છે એમ કહેતો ન હોય તેમ ધ્વનિત કરે છે. (૭)

તવોર્ધ્વમૂર્ધ્વં પુણ્યર્દ્ધિ—ક્રમસબ્રહ્મચારિણી ।
છત્રત્રયીત્રિભુવન—પ્રભુત્વપ્રૌઢિશંસિની ॥ ૮ ॥

વધતી જતી એવી આપની પુણ્ય ઋદ્ધિના ક્રમ સમાન ઉપરાઉપરી રહેલાં ત્રણ છત્રો જાણે ભુવનને વિષે રહેલી આપની પ્રભુતાની પ્રૌઢતાને કહી રહ્યાં છે. (૮)

એતાં ચમત્કારકરીં, પ્રાતિહાર્યશ્રિયં તવ ।
ચિત્રીયન્તે ન કે દૃષ્ટ્વા, નાથ ! મિથ્યાદૃશોઽપિ હિ ।૯।

હે નાથ ! ચમત્કારને કરનારી આપની આ પ્રાતિહાર્ય લક્ષ્મીને જોઈને કયા મિથ્યાદષ્ટિ આત્માઓ પણ આશ્ચર્ય નથી પામતા ? અર્થાત્ સૌ કોઈ આશ્ચર્ય પામે છે. (૯)

## પ્રકાશ છટ્ઠો

લાવણ્યપુણ્યવપુષિ, ત્વયિ નેત્રામૃતાઞ્જને ।
માધ્યસ્થ્યમપિ દૌઃસ્થ્યાય, કિં પુનર્દ્વેષવિપ્લવઃ । ૧ ।

નેત્રોને અમૃતના અંજન તુલ્ય અને લાવણ્ય વડે પવિત્ર શરીરવાળા એવા આપને વિષે મધ્યસ્થપણું ધારણ કરવું, એ પણ દુઃખને માટે છે, તો પછી દ્વેષ ભાવ ધારણ કરવો, એ માટે તો કહેવું જ શું ? (૧)

તવાપિ પ્રતિપક્ષોઽસ્તિ, સોઽપિ કોપાદિવિપ્લુતઃ ।
અનયા કિં વદન્ત્યાપિ, કિં જીવન્તિ વિવેકિનઃ ।૨।

આપને પણ પ્રતિપક્ષ–દુશ્મન છે અને તે પણ કોપાદિથી વ્યાપ્ત છે. આ જાતની કિંવદન્તી–કુત્સિત વાર્તા સાંભળીને વિવેકી પુરુષો શું પ્રાણ ધારણ કરી શકે? ન જ કરી શકે. (૨)

**વિપક્ષસ્તે વિરક્તશ્ચેત્, સ ત્વમેવાથ રાગવાન્ ।**
**ન વિપક્ષો વિપક્ષઃ કિં, ખદ્યોતો દ્યુતિમાલિનઃ ॥૩॥**

આપનો વિપક્ષ જો વિરક્ત છે, તો તે આપ જ છો. અને જો રાગવાન્ છે, તો તે વિપક્ષ જ નથી. શું સૂર્યનો વિપક્ષ ખજવો હોઈ શકે? (૩).

**સ્પૃહયન્તિ ત્વદ્યોગાય, યત્તેઽપિ લવસત્તમાઃ ।**
**યોગમુદ્રાદરિદ્રાણાં, પરેષાં તત્કથૈવ કા? ॥૪॥**

આપના યોગની સ્પૃહા લવસત્તમ–અનુત્તર વિમાન-વાસી તે દેવો પણ કરે છે. યોગની મુદ્રા વડે પણ રહિત એવા પરદર્શનીઓને વિષે તે યોગની કથા–વાર્તા પણ શાની હોય? ન જ હોય. (૪)

**ત્વાં પ્રપદ્યામહે નાથં, સ્તુમસ્ત્વામુપાસ્મહે ।**
**ત્વત્તો હિ ન પરસ્ત્રાતા કિં બ્રૂમઃ! કિમુ કુર્મહે? ॥૫॥**

આપને અમે નાથ તરીકે સ્વીકારીએ છીએ, આપની અમે સ્તુતિ કરીએ છીએ અને આપની અમે ઉપાસના કરીએ છીએ. કારણ કે આપનાથી અધિક બીજો કોઈ રક્ષક નથી, આપની સ્તુતિથી અધિક બીજું કાંઈ બોલવા લાયક નથી, અને આપની ઉપાસનાથી અધિક બીજું કાંઈ કરવા લાયક નથી. (૫)

સ્વયં મલીમસાચારૈઃ, પ્રતારણપરૈઃ પરૈઃ ।
વઞ્ચ્યતે જગદપ્યેતત્કસ્ય પૂત્કુર્મહે પુરઃ? ॥૬॥

સ્વયં મલિન આચારવાલા અને પરને ઠગવામાં તત્પર એવા અન્ય દેવો વડે આ જગત્ ઠગાઈ રહ્યું છે. હે નાથ! કોની આગળ અમે પોકાર કરીએ? (૬)

નિત્યમુક્તાન્ જગજ્જન્મ–ક્ષેમક્ષયકૃતોદ્યમાન્ ।
વન્ધ્યાસ્તનન્ધયપ્રાયાન્, કો દેવાંશ્ચેતનઃ શ્રયેત્ ॥૭॥

નિત્ય મુક્ત અને જગતની ઉત્પત્તિ, સ્થિતિ તથા પ્રલય કરવામાં ઉદ્યમી એવા વન્ધ્યાના પુત્ર સમાન દેવોનો કોણ સચેતન આશ્રય કરે? (૭)

કૃતાર્થા જઠરોપસ્થ–દુઃસ્થિતૈરપિ દૈવતૈઃ ।
ભવાદૃશાન્નિહ્નુવતે હા હા! દેવાસ્તિકાઃ પરે ॥૮॥

જઠર–ઉદર અને ઉપસ્થ–ઇન્દ્રિયવર્ગથી વિડમ્બિત થયેલા દેવોથી કૃતકૃત્ય બનેલા અન્ય દેવાસ્તિકો–અમે દેવને માનનારા છીએ એવી બુદ્ધિ ધારણ કરનારા કુતીર્થિકો–આપના જેવાનો અપલાપ કરે છે, એ ખરેખર અત્યંત દુઃખનો વિષય છે. (૮)

ખપુષ્પપ્રાયમુત્પ્રેક્ષ્ય, કિઞ્ચિન્માન પ્રકલ્પ્ય ચ ।
સંમાન્તિ દેહે ગેહે વા, ન ગેહેનર્દિનઃ પરે ॥૯॥

આકાશના પુષ્પ જેવી કોઈ વસ્તુની કલ્પના કરી તેને સિદ્ધ કરવા કોઈ પ્રમાણને આગળ ધરીને ગેહેનર્દી-ઘરમાં શૂરવીર એવા પરતીર્થિકો પોતાના દેહમાં કે ઘરમાં માતા નથી-અમારો જ ધર્મ શ્રેષ્ઠ છે એમ માની ફોગટ ફુલાય છે. (૯)

કામરાગ સ્નેહરાગા—વીષત્કરનિવારણૌ ।
દૃષ્ટિરાગસ્તુ પાપીયાન્, દુરુચ્છેદ: સતામપિ ॥૧૦॥

કામરાગ અને સ્નેહરાગનું નિવારણ સુકર છે, કિંતુ પાપિષ્ઠ દૃષ્ટિરાગ સજ્જન પુરુષોને પણ દુરુચ્છેદ છે. (૧૦)

પ્રસન્નમાસ્યં મધ્યસ્થે, દશૌ લોકમ્પૃણં વચ: ।
ઇતિ પ્રીતિપદે બાઢં, મૂઢાસ્ત્વય્યપ્યુદાસતે ॥૧૧॥

પ્રસન્નમુખ, મધ્યસ્થ લોચન અને લોકપ્રિય વચનને ધારણ કરનારા એવા અત્યંત પ્રીતિના સ્થાનરૂપ આપને વિષે પણ મૂઢ લોકો ઉદાસીનતા ધારણ કરે છે! (૧૧)

તિષ્ઠેદ્વાયુદ્રવેદદ્રિ—ર્જ્વલેજ્જલમપિ ક્વચિત્ ।
તથાપિ ગ્રસ્તો રાગાદ્યૈ—ર્નાપ્તો ભવિતુમર્હતિ ॥૧૨॥

કદાચ વાયુ સ્થિર થઈ જાય, પર્વત ગળી જાય-અને જલ જાજ્વલ્યવાન બની જાય, તોપણ રાગાદિથી ગ્રસ્ત પુરુષ આપ્ત થવાને યોગ્ય નથી. (૧૨)

## પ્રકાશ સાતમો

ધર્માધર્મૌ વિના નાઙ્ગં, વિનાઙ્ગેન મુખં કુતઃ ।
મુખાદ્વિના ન વક્તૃત્વં, તચ્છાસ્તારઃ પરે કથમ્ ? ॥૧॥

ધર્મ અને અધર્મ વિના શરીર નથી, શરીર વિના મુખ નથી અને મુખ વિના વક્તૃત્વ નથી. તો પછી ધર્માધર્મ અને શરીરાદિથી રહિત અન્ય દેવો શાસ્તા-ઉપદેશદાતા કેવી રીતે ઘટે ? (૧)

અદેહસ્ય જગત્સર્ગે, પ્રવૃત્તિરપિ નોચિતા ।
ન ચ પ્રયોજનં કિંચિત્, સ્વાતન્ત્ર્યાન્ન પરાજ્ઞયા ॥૨॥

શરીર રહિતને જગતનું સર્જન કરવાની પ્રવૃત્તિ પણ ઘટતી નથી. કૃતકૃત્ય હોવાથી સર્જન કરવાનું કાંઈ પ્રયોજન નથી અને સ્વતંત્ર હોવાથી પારકાની આજ્ઞાએ પણ પ્રવર્ત્તવાનું નથી. (૨)

ક્રીડયા ચેત્પ્રવર્ત્તેત, રાગવાન્ સ્યાત્ કુમારવત્ ।
કૃપયાથ સૃજેત્તર્હિ, સુખ્યેવ સકલં સૃજેત્ ॥૩॥

ક્રીડા માટે જો પ્રવર્તે તો બાલકની જેમ રાગવાન ઠરે, અને જો કૃપાથી બનાવે તો સકલ જગતને સુખી જ બનાવે. (૩)

દુઃખદૌર્ગત્યદુર્યોનિ-જન્માદિક્લેશવિહ્વલમ્ ।
જનં તુ સૃજતસ્તસ્ય, કૃપાલોઃ કા કૃપાલુતા ? ॥૪॥

દુ:ખ, દૌર્ગત્ય અને દુષ્ટ યોનિઓને વિષે જન્માદિના ક્લેશ વડે વિહ્વળ એવા જગતને સર્જતા તે કૃપાલુની કૃપાલુતા ક્યાં રહી ? (૪)

કર્માપેક્ષઃ સ ચેત્તર્હિ, ન સ્વતન્ત્રોઽસ્મદાદિવત્ ।
કર્મજન્યે ચ વૈચિત્ર્યે, કિમનેન શિખંડિના ॥૫॥

દુ:ખાદિ દેવામાં જો તે પ્રાણીઓના કર્મની અપેક્ષા રાખે છે, તો તે અમારી–તમારી જેમ સ્વતંત્ર નથી અને જગતનું વૈચિત્ર્ય જો કર્મજન્ય છે. તો નપુંસક સમાન ઈશ્વરને વચ્ચે લાવવાની પણ શી જરૂર છે ? (૫)

અથ સ્વભાવતો વૃત્તિ–રવિતર્ક્યા મહેશિતુઃ ।
પરીક્ષકાણાં તર્હ્યેષ, પરીક્ષાક્ષેપડિણ્ડિમઃ ॥૬॥

અને જો મહેશ્વરની આ પ્રવૃત્તિ સ્વભાવથી છે કિન્તુ તર્ક કરવા લાયક નથી, એમ કહેશો, તો તે પરીક્ષક લોકોને પરીક્ષા કરવાનો નિષેધ કરવાનું ડિંડિમ–ઢોલ વગાડવા જેવું છે. (૬)

સર્વભાવેષુ કર્તૃત્વં, જ્ઞાતૃત્વં યદિ સમ્મતમ્ ।
મતં નઃ સન્તિ સર્વજ્ઞા, મુક્તાઃ કાયભૃતોઽપિ ચ ॥૭॥

સર્વ પદાર્થોનું જ્ઞાતૃત્વ એજ જો કર્તૃત્વ છે, તો એ વાત અમને પણ સમ્મત છે. કારણ કે અમારો એ મત છે કે સર્વજ્ઞ મુક્ત–અશરીરી ( સિદ્ધ ) છે અને શરીરધારી ( અરિહંત ) પણ છે. (૭)

સૃષ્ટિવાદકુહેવાક–મુન્મુચ્યેત્યપ્રમાણકમ્ ।
ત્વચ્છાસને રમન્તે તે, યેષાં નાથ ! પ્રસીદસિ ॥૮॥

હે નાથ ! આપ જેમના ઉપર પ્રસન્ન છો, તે આત્માઓ પ્રમાણ રહિત એવા સૃષ્ટિવાદના દુરાગ્રહને છોડીને આપના શાસનને વિષે રમણ કરે છે. (૮)

## પ્રકાશ આઠમો

સત્ત્વસ્યૈકાન્તનિત્યત્વે, કૃતનાશાકૃતાગમૌ ।
સ્યાતામેકાન્તનાશેઽપિ, કૃતનાશાકૃતાગમૌ ॥૧॥

પદાર્થનું એકાન્ત નિત્યપણું માનવામાં કૃતનાશ અને અકૃતાગમ નામના બે દોષ છે. એકાન્ત અનિત્યપણું માનવામાં પણ કૃતનાશ અને અકૃતાગમ નામના બે દોષ રહેલા છે. (૧)

આત્મન્યેકાન્તનિત્યે સ્યાન્ન ભોગઃ સુખદુઃખયોઃ ।
એકાન્તાનિત્યરૂપેઽપિ, ન ભોગઃ સુખદુઃખયોઃ ॥૨॥

આત્માને એકાન્ત નિત્ય માનવામાં સુખ–દુઃખનો ભોગ ઘટતો નથી. એકાન્ત અનિત્ય સ્વરૂપ માનવામાં પણ સુખ–દુઃખનો ભોગ ઘટતો નથી. (૨)

પુણ્યપાપે બન્ધમોક્ષૌ, ન નિત્યૈકાન્તદર્શને ।
પુણ્યપાપે બન્ધમોક્ષૌ, નાનિત્યૈકાન્તદર્શને ॥૩॥

એકાન્ત નિત્ય દર્શનમાં પુણ્ય, પાપ અને બન્ધ, મોક્ષ ઘટતા નથી. એકાન્ત અનિત્ય દર્શનમાં પણ પુણ્ય, પાપ અને બન્ધ–મોક્ષ ઘટતા નથી. (૩)

ક્રમાક્રમાભ્યાં નિત્યાનાં, યુજ્યતેઽર્થક્રિયા ન હિ ।
એકાન્તક્ષણિકત્વેઽપિ, યુજ્યતેઽર્થક્રિયા ન હિ ॥૪॥

નિત્ય પદાર્થોને વિષે ક્રમથી કે અક્રમથી અર્થ ક્રિયા ઘટતી નથી અને એકાન્ત ક્ષણિક પક્ષમાં પણ ક્રમથી કે અક્રમથી અર્થક્રિયા ઘટતી જ નથી. (૪)

યદા તુ નિત્યાનિત્યત્વ–રૂપતા વસ્તુનો ભવેત્ ।
યથાત્થ ભગવન્નૈવ, તદા દોષોઽસ્તિ કશ્ચન ॥૫॥

હે ભગવન્! આપે કહી છે તે રીતે જો વસ્તુની નિત્યાનિત્ય સ્વરૂપતા હોય, તો જ કોઈ પણ પ્રકારનો દોષ આવતો નથી. (૫)

ગુડો હિ કફહેતુઃ સ્યાન્નાગરં પિત્તકારણમ્ ।
દ્વયાત્મનિ ન દોષોઽસ્તિ, ગુડનાગરભેષજે ॥૬॥

ગોળ એ કફનો હેતુ છે અને સૂંઠ એ પિત્તનું કારણ છે. જ્યારે ગોળ અને સૂંઠ બન્ને એકત્ર મળે છે ત્યારે દોષ રહેતો નથી કિન્તુ ભેષજ–ઔષધ રૂપ બની જાય છે. (૬)

દ્વયં વિરુદ્ધં નૈકત્રા–સત્પ્રમાણપ્રસિદ્ધિતઃ ।
વિરુદ્ધવર્ણયોગો હિ, દૃષ્ટો મેચકવસ્તુષુ ॥૭॥

એજ પ્રમાણે એક વસ્તુને વિષે નિત્યત્વ અને અનિત્યત્વાદિ બે વિરુદ્ધ ધર્મોનું રહેવું, એ પણ વિરુદ્ધ નથી. પ્રત્યક્ષાદિ કોઈપણ પ્રમાણથી તેમાં વિરોધ સિદ્ધ થઈ શકતો નથી. કારણકે મેચક–કાબરચીતરી વસ્તુઓને વિષે વિરુદ્ધ વર્ણોનો સંયોગ પ્રત્યક્ષ દેખાય છે (૭)

વિજ્ઞાનસ્યૈકમાકારં, નાનાકારકરમ્બિતમ્ ।
ઇચ્છંસ્તથાગતઃ પ્રાજ્ઞો, નાનેકાન્તં પ્રતિક્ષિપેત્ ॥૮॥

નાના–વિચિત્ર આકારથી સહિત વિજ્ઞાન એક આકાર વાળું છે, એમ સ્વીકારતો પ્રાજ્ઞ બુદ્ધ અનેકાન્તવાદનું ઉત્થાપન કરી શકતો નથી. (૮)

ચિત્રમેકમનેકં ચ, રૂપં પ્રામાણિકં વદન્ ।
યોગો વૈશેષિકો વાઽપિ, નાનેકાન્તં પ્રતિક્ષિપેત્ ॥૯॥

એક ચિત્રરૂપ અનેક રૂપવાળું પ્રમાણ સિદ્ધ છે એમ કહેનારો યોગ (નૈયાયિક) કે વૈશેષિક પણ અનેકાન્તવાદનું ઉત્થાપન કરી શકતો નથી (૯)

ઇચ્છન્પ્રધાનં સત્ત્વાદ્યૈર્વિરુદ્ધૈર્ગુમ્ફિતં ગુણૈઃ ।
સાઙ્ખ્યઃ સઙ્ખ્યાવતાં મુખ્યો,
નાનેકાન્તં પ્રતિક્ષિપેત્ ॥૧૦॥

સત્વ રજસ આદિ વિરુદ્ધ ગુણો વડે ગુમ્ફિત એક પ્રધાન (પ્રકૃતિ)ને ઇચ્છતો એવો વિદ્વાનોમાં મુખ્ય સાંખ્ય પણ અનેકાન્તવાદને ઉત્થાપી શકતો નથી. (૧૦)

વિમતિસ્સમ્મતિર્વાપિ, ચાર્વાકસ્ય ન મૃગ્યતે ।
પરલોકાત્મમોક્ષેષુ, યસ્ય મુહ્યતિ શેમુષી ॥૧૧॥

પરલોક. આત્મા અને મોક્ષ આદિ પ્રમાણસિદ્ધ પદાર્થોને વિષે પણ જેની મતિ મુંઝાયેલી છે, એવા ચાર્વાક–નાસ્તિકની વિમતિ છે કે સમ્મતિ છે, તેને જોવાની કંઈ જરૂર નથી. (૧૧)

તેનોત્પાદવ્યયસ્થેમ–સમ્મિનં ગોરસાદિવત્ ।
ત્વદુપજ્ઞં કૃતધિયઃ, પ્રપન્ના વસ્તુતસ્તુ સત્ ॥૧૨॥

તે કારણથી બુદ્ધિમાન પુરુષો સત્ પદાર્થ માત્રને આપના કહ્યા મુજબ ગોરસાદિની જેમ ઉત્પાદ, વ્યય અને ધ્રૌવ્યથી સમ્મિશ્ર–મળેલા માને છે. (૧૨)

## પ્રકાશ નવમો

યત્રાલ્પેનાપિ કાલેન, ત્વદ્ભક્તેઃ ફલમાપ્યતે ।
કલિકાલઃ સ એકોઽસ્તુ, કૃતં કૃતયુગાદિભિઃ ॥૧॥

જ્યાં અલ્પકાલમાં આપની ભક્તિનું ફલ પ્રાપ્ત કરાય છે, તે એક કલિકાલ જ સ્પૃહણીય હો. કૃતયુગાદિ અન્ય યુગો વડે સર્યું. (૧)

સુષમાતો દુઃષમાયાં, કૃપા ફલવતી તવ ।
મેરુતો મરુભૂમૌ હિ, શ્લાઘ્યા કલ્પતરોઃ સ્થિતિઃ ॥૨॥

સુષમા કાલ કરતાં દુઃષમા કલિકાલમાં આપની કૃપા અધિક ફલવતી છે. મેરુપર્વત કરતાં મરુભૂમિમાં કલ્પતરુની સ્થિતિ વધારે પ્રશંસા પાત્ર છે. (૨)

શ્રાદ્ધઃ શ્રોતા સુધીર્વક્તા, યુજ્યેયાતાં યદીશ ! તત્ ।
ત્વચ્છાસનસ્ય સામ્રાજ્ય–મેકચ્છત્રં કલાવપિ ॥૩॥

હે ઈશ ! શ્રદ્ધાવાન શ્રોતા અને બુદ્ધિવાન વક્તા એ બેનો યોગ થાય તો આ કલિકાલમાં પણ આપના શાસનનું સામ્રાજ્ય એક છત્ર છે. (૩)

યુગાન્તરેઽપિ ચેન્નાથ !, ભવન્ત્યુચ્છૃઙ્ખલાઃ ખલાઃ
વૃથૈવ તર્હિ કુપ્યામઃ, કલયે વામકેલયે ॥૪॥

હે નાથ ! અન્યકૃતયુગાદિને વિષે પણ ગોશાળા જેવા ઉચ્છૃંખલ પુરુષો હોય છે તો પછી વામકેલિ–અયોગ્ય–ક્રીડાવાળા આ કલિકાલના ઉપર અમે ફોગટ જ કોપ કરીએ છીએ. (૪)

કલ્યાણસિદ્ધ્યૈ સાધીયાન્, કલિરેવ કષોપલઃ ।
વિનાગ્નિં ગન્ધમહિમા, કાકતુણ્ડસ્ય નૈધતે ॥૫॥

કલ્યાણની સિદ્ધિ માટે આ કલિકાલ રૂપી કસોટીનો પત્થર એજ શ્રેષ્ઠ છે, અગ્નિ વિના કાકતુંડ અગરુ ધૂપના ગન્ધનો મહિમા વધતો નથી. (૫)

નિશિ દીપોઽમ્બુધૌ દ્વીપં, મરૌ શાખી હિમે શિખી ।
કલૌ દુરાપઃ પ્રાપ્તોઽયં. ત્વત્પાદાબ્જરજઃકણઃ ॥૬॥

રાત્રિને વિષે દીપક, સાગરને વિષે દ્વીપ, મારવાડને વિષે વૃક્ષ અને શિયાળામાં અગ્નિની જેમ કલિકાલમાં દુર્લભ એવા આપના ચરણકમલના રજકણની પ્રાપ્તિ અમને થઈ છે. (૬)

યુગાન્તરેષુ ભ્રાન્તોऽસ્મિ, ત્વદ્દર્શનવિનાકૃતઃ ।
નમોऽસ્તુ કલયે યત્ર, ત્વદ્દર્શનમજાયત ॥૭॥

હે નાથ! અન્યયુગોમાં આપના દર્શન કર્યા વિના જ હું સંસારમાં ભટક્યો છું તેથી આ કલિકાલને જ નમસ્કાર થાઓ કે જેમાં અને આપનું દર્શન થયું. (૭)

બહુદોષો દોષહીનાત્ત્વત્તઃ કલિરશોભત ।
વિષયુક્તો વિષહરાત્ફણીન્દ્ર ઇવ રત્નતઃ ॥૮॥

હે નાથ! વિષ યુક્ત એવો વિષધર જેમ વિષને હરણ કરનાર રત્નથી શોભે છે, તેમ બહુ દોષવાળો પણ આ કલિકાલ સર્વદોષ રહિત એવા આપનાથી શોભે છે. (૮)

## પ્રકાશ દશમો

મત્પ્રસત્તેસ્ત્વત્પ્રસાદસ્ત્વત્પ્રસાદાદિયં પુનઃ ।
ઇત્યન્યોન્યાશ્રયં ભિન્ધિ, પ્રસીદ ભગવન્ મયિ ॥૧॥

હે ભગવાન્! મારી પ્રસન્નતાથી આપની પ્રસન્નતા અને આપની પ્રસન્નતાથી મારી પ્રસન્નતા એ જાતિના અન્યોન્યાશ્રય દોષને ભેદી નાખો અને મારા ઉપર આપ પ્રસન્ન થાઓ. (૧)

નિરીક્ષિતું રૂપલક્ષ્મીં, સહસ્રાક્ષોઽપિ ન ક્ષમઃ ।
સ્વામિન્ ! સહસ્રજિહ્વોઽપિ,
શક્તો વક્તું ન તે ગુણાન્ ॥૨॥

હે સ્વામિન્ ! આપના રૂપની શોભાને જોવા માટે હજાર આંખવાળો ( ઇન્દ્ર ) પણ સમર્થ નથી. તથા આપના ગુણોને કહેવા માટે હજાર જીભવાળો ( શેષનાગ ) પણ સમર્થ નથી. (૨)

સંશયાન્ નાથ ! હરસેઽનુત્તરસ્વર્ગિણામપિ ।
અતઃ પરોઽપિ કિં કોઽપિ,
ગુણઃ સ્તુત્યોઽસ્તિ વસ્તુતઃ ॥૩॥

હે નાથ ! આપ અહીં રહ્યા છતાં અનુત્તર વિમાન વાસી દેવતાઓના સંશયોને હરો છો. આથી બીજો કોઈ-પણ ગુણ વસ્તુતઃ—પરમાર્થથી સ્તુતિ કરવા લાયક છે ! અર્થાત નથી. (૩)

ઇદં વિરુદ્ધ શ્રદ્ધત્તાં. કંથમશ્રદ્દધાનકઃ ! ।
આનન્દસુખસક્તિશ્ચ, વિરક્તિશ્ચ સમં ત્વયિ ॥૪॥

અખંડઆનંદરુપ સુખમાં આસક્તિ અને સકલ-સંગથી વિરક્તિ, એ બે વિરૂદ્ધ વાતો એકી સાથે આપનામાં રહેલી છે, એ વાતની અશ્રદ્ધાળુ આત્મા કેવી રીતે શ્રદ્ધા કરે ? (૪)

નાથેયં ઘટ્યમાનાપિ. દુર્ઘટા ઘટતાં કથમ્ ? ।
ઉપેક્ષા સર્વસત્ત્વેષુ, પરમા ચોપકારિતા ॥૫॥

હે નાથ ? સર્વ પ્રાણીઓને વિષે ઉપેક્ષા-રાગદ્વેષ રહિતપણું અને પરમોપકારિતા-સમ્યગ્દર્શનાદિ મોક્ષ માર્ગનું ઉપદેશકપણું એ બે વાતો આપને વિષે પ્રત્યક્ષ દેખાતી હોવાથી ઘટમાન છતાં અન્યત્ર-હરિહરાદિમાં અઘટમાન હોવાથી શી રીતે ઘટી શકે ? (૫)

દ્વયં વિરુદ્ધં ભગવં-સ્તવ નાન્યસ્ય કસ્યચિત્ ।
નિર્ગ્રન્થતા પરા યા ચ, યા ચોચ્ચૈશ્ચક્રવર્ત્તિતા ॥૬॥

હે ભગવાન્ ! શ્રેષ્ઠ નિર્ગ્રન્થતા-નિઃસ્પૃહપણું અને ઉત્કૃષ્ટ ચક્રવર્તિપણું-ધર્મસમ્રાટ્પદવી આ બે વિરુદ્ધ વસ્તુઓ આપના સિવાય અન્ય કોઈપણ દેવમાં નથી. (૬)

નારકા અપિ મોદન્તે, યસ્ય કલ્યાણપર્વસુ ।
પવિત્રં તસ્ય ચારિત્રં, કો વા વર્ણયિતું ક્ષમઃ ? ॥૭॥

અથવા તો જેમના પાંચે કલ્યાણક પર્વોમાં નારકીના જીવો પણ સુખ પામે છે, તેમના પવિત્ર ચારિત્રને વર્ણન કરવા કોણ સમર્થ છે ? (૭)

શમોઽદ્ભુતોઽદ્ભુતં રૂપં, સર્વાત્મસુ કૃપાદ્ભુતા ।
સર્વાદ્ભુતનિધીશાય, તુભ્યં ભગવતે નમઃ ॥૮॥

અદ્ભુતસમતા, અદ્ભુતરૂપ અને સર્વ પ્રાણીઓ ઉપર અદ્ભુતકૃપા ધારણ કરનારા અને સર્વ અદ્ભુતતા મહાનિધાન એવા હે ભગવન્ ! આપને નમસ્કાર થાઓ. (૮)

## પ્રકાશ અગિયારમો

નિઘ્નન્પરીષહચમૂમુપસર્ગાન્ પ્રતિક્ષિપન્ ।
પ્રાપ્તોઽસિ શમસૌહિત્યં, મહતાં કાપિ વૈદુષી ॥૧॥

હે નાથ ! પરિષહોની સેનાને હણતા તથા ઉપસર્ગોનો તિરસ્કાર કરતા એવા આપ સમતારૂપ અમૃતની તૃપ્તિને પામ્યા છો. અહો મોટાઓની ચાતુરી કોઈ અદ્ભુત હોય છે. (૧)

અરક્તો ભુક્તવાન્મુક્તિ–મદ્વિષ્ટો હતવાન્દ્વિષઃ ।
અહો ! મહાત્મનો કોઽપિ, મહિમા લોકદુર્લભઃ ॥૨॥

હે નાથ ! આપ રાગરહિત છતાં મુક્તિ–સ્રીને ભોગવો છો અને દ્વેષ રહિત છતાં આંતરિક દુશ્મનોને હણો છો. અહો ! લોકને વિષે દુર્લભ એવો મહાન્ આત્માઓનો મહિમા કોઈ અદ્ભુત જ હોય છે. (૨)

સર્વથા નિર્જિગીષેણ, ભીતભીતેન ચાગસઃ
ત્વયા જગત્રયં જિગ્યે, મહતાં કાપિ ચાતુરી ॥૩॥

હે નાથ ! સર્વથા જીતવાની ઇચ્છા નહિ છતાં તથા પાપથી અત્યંત ભય પામેલા છતાં આપે ત્રણે જગતને જીતી લીધા છે. ખરેખર મહાન્ આત્માઓની ચતુરાઈ કોઈ અદ્ભુત જ હોય છે. (૩)

દત્તં ન કિઞ્ચિત્ કસ્મૈચિન્નાત્તં કિઞ્ચિત્કુતશ્ચન ।
પ્રભુત્વં તે તથાપ્યેતત્, કલા કાપિ વિપશ્ચિતામ્ ।૪।

હે નાથ ! આપે કોઈને કાંઈ (રાજ્યાદિ) આપ્યું નથી અને કોઈ પાસેથી કાંઈ (દંડાદિ) લીધું નથી. તો પણ આપનું આ પ્રભુત્વ છે. તેથી એમ લાગે છે કે કુશળ–પુરુષોની કલા કોઈ અદ્‌ભુત હોય છે. (૪)

યદ્ દેહસ્યાપિ દાનેન, સુકૃતં નાર્જિતં પરૈઃ ।
ઉદાસીનસ્ય તન્નાથ ! પાદપીઠે તવાલુઠત્ ॥૫॥

હે નાથ ! દેહના પણ દાન વડે બીજાઓએ જે સુકૃત પ્રાપ્ત ન કર્યું, તે સુકૃત ઉદાસીનભાવે રહેલા આપના પાદપીઠમાં આળોટયું છે. (૫)

રાગાદિષુ નૃશંસેન, સર્વાત્મસુ કૃપાલુના ।
ભીમકાન્તગુણેનોચ્ચૈઃ, સામ્રાજ્યં સાધિતં ત્વયા ।૬।

હે નાથ ! રાગાદિને વિષે દયા વિનાના અને સર્વ પ્રાણીઓને વિષે દયાવાળા એવા આપે ભયાનકતા અને મનોહરતારૂપી બે ગુણ વડે મોટું સામ્રાજ્ય મેળવ્યું છે. (૬)

સર્વે સર્વાત્મનાઽન્યેષુ, દોષાસ્ત્વયિ પુનર્ગુણાઃ ।
સ્તુતિસ્તવેયં ચેન્મિથ્યા, તત્પ્રમાણં સભાસદઃ ॥૭॥

હે નાથ ! હરિહરાદિ અન્ય દેવોને વિષે સર્વ પ્રકારે સર્વ દોષો રહેલા છે, અને આપને વિષે સર્વ પ્રકારે સર્વ ગુણો રહેલા છે. આપની આ સ્તુતિ જો મિથ્યા હોય તો સભાસદો પ્રમાણભૂત છે. (૭)

મહીયસામપિ મહાન્, મહનીયો મહાત્મનામ્ ।
અહો ! મે સ્તુવતઃ સ્વામી, સ્તુતે ગોચરમાગમત્ ।૮।

અહો ! આનંદની વાત છે કે મોટાથી પણ મોટા અને મહાત્માઓને પણ પૂજનીય એવા સ્વામી આજે મારી સ્તુતિના વિષયને પ્રાપ્ત થયા છે. (૮)

## પ્રકાશ બારમો

પટ્વભ્યાસાદરૈઃ પૂર્વં, તથા વૈરાગ્યમાહરઃ ।
યથેહ જન્મન્યાજન્મ, તત્સાત્મીભાવમાગમત્ ॥૧॥

હે નાથ ! પૂર્વભવોમાં આદરપૂર્વકના સુંદર અભ્યાસ વડે આપે તેવા પ્રકારના વૈરાગ્યને પ્રાપ્ત કર્યો હતો કે જેથી આપને આ (ચરમ) ભવમાં જન્મથી જ તે વૈરાગ્ય સહજપણાને–એકમેકપણાને પામ્યો છે. સારાંશ કે આપ જન્મથી જ વિરાગી છો. (૧)

દુઃખહેતુષુ વૈરાગ્યં, ન તથા નાથ ! નિસ્તુષમ્ ।
મોક્ષોપાયપ્રવીણસ્ય, યથા તે સુખહેતુષુ ॥૨॥

હે નાથ ! મોક્ષપ્રાપ્તિના ઉપાયમાં પ્રવીણ એવા આપને સુખના હેતુઓમાં જેવો નિર્મળ વૈરાગ્ય હોય છે, તેવો દુઃખના હેતુઓમાં હોતો નથી. કારણ કે દુઃખહેતુક વૈરાગ્ય ક્ષણિક હોવાથી ભવસાધક છે અને સુખહેતુક વૈરાગ્ય નિશ્ચલ હોવાથી મોક્ષ સાધક છે. (૨)

વિવેકશાણૈર્વૈરાગ્ય,–શસ્ત્રં શાતં ત્વયા તથા ।
યથા મોક્ષેઽપિ તત્સાક્ષા,–દકુણ્ઠિતપરાક્રમમ્ ॥૩॥

હે નાથ! વિવેકરૂપી શરાણવડે વૈરાગ્યરૂપી શસ્ત્રને આપે તેવા પ્રકારે ઘસીને તીક્ષ્ણ કર્યું છે કે જેથી મોક્ષને વિષે પણ તે વૈરાગ્યરૂપી શસ્ત્રનું પરાક્રમ સાક્ષાત્ અકુંઠિત–હણાયા વિનાનું રહ્યું (૩)

યદા મરુન્નરેન્દ્રશ્રી,–સ્ત્વયા નાથોપભુજ્યતે ।
યત્ર તત્ર રતિર્નામ, વિરક્તત્વં તદાપિ તે ॥૪॥

હે નાથ! જ્યારે આપ પૂર્વભવમાં દેવઋદ્ધિનો અને મનુષ્યભવમાં રાજ્યઋદ્ધિનો ઉપભોગ કરો છો ત્યારે પણ જ્યાં ત્યાં આપની રતિ જણાય છે, તે પણ વિરક્તરૂપ હોય છે. કારણ કે તે તે ઋદ્ધિને, ભોગવતાં પણ આપ ભોગફળવાળું કર્મ વિના ભોગવે ક્ષય નહિ પામે એમ વિચારીને અનાસક્તપણે જ ભોગવો છો. (૪)

નિત્યં વિરક્તઃ કામેભ્યો, યદા યોગં પ્રપદ્યસે ।
અલમેભિરિતિ પ્રાજ્યં, તદા વૈરાગ્યમસ્તિ તે ॥૫॥

હે નાથ! જો આપ કામભોગોથી સદા વિરક્ત છો. તો પણ જ્યારે આપ રત્નત્રયીરૂપ યોગને સ્વીકારો છો ત્યારે 'આ વિષયોથી સર્યું' એવો વિશાળ વૈરાગ્ય આપનામાં હોય છે. (૫)

સુખે દુઃખે ભવે મોક્ષે, યદૌદાસીન્યમીશિષે ।
તદા વૈરાગ્યમેવેતિ, કુત્ર નાસિ વિરાગવાન્ ॥૬॥

જ્યારે આપ સુખને વિષે, દુઃખને વિષે, સંસારને વિષે અને મોક્ષને વિષે ઉદાસીન–મધ્યસ્થભાવ ધારણ કરો છો, ત્યારે પણ આપને વૈરાગ્ય હોય જ છે. તેથી આપ કયાં અને કયારે વિરાગવાળા નથી? સર્વત્ર વિરાગી જ છો. (૬)

દુઃખગર્ભે મોહગર્ભે, વૈરાગ્યે નિષ્ઠિતાઃ પરે ।
જ્ઞાનગર્ભં તુ વૈરાગ્યં, ત્વય્યેકાયનતાં ગતમ્ ॥૭॥

હે ભગવન્! પરતીર્થિકો દુઃખગર્ભિત અને મોહગર્ભિત વૈરાગ્યમાં સ્થિત થયેલા છે પરન્તુ જ્ઞાન ગર્ભિત વૈરાગ્ય તો કેવળ આપનામાં જ એકીભાવને પામેલ છે. (૭)

ઔદાસીન્યેઽપિ સતતં, વિશ્વવિશ્વોપકારિણે ।
નમો વૈરાગ્યનિઘ્નાય, તાયિને પરમાત્મને ॥૮॥

ઉદાસીનભાવમાં પણ નિરન્તર સમસ્ત વિશ્વ ઉપર ઉપકાર કરનાર, વૈરાગ્યમાં તત્પર, સર્વના રક્ષક અને પરબ્રહ્મસ્વરૂપ એવા પરમાત્માને અમારો નમસ્કાર થાઓ. (૮)

## પ્રકાશ તેરમો

અનાહૂતસહાયસ્ત્વં, ત્વમકારણવત્સલઃ ।
અનભ્યર્થિતસાધુસ્ત્વં, ત્વમસમ્બન્ધબાન્ધવઃ ॥૧॥

હે ભગવન્! મોક્ષમાર્ગમાં પ્રયાણ કરનારા પ્રાણીઓને આપ બોલાવ્યા વિના જ સહાય કરનારા છો. અકારણ-

વત્સલ છો, પ્રાર્થના કર્યા વિના જ પરનું કાર્ય કરનારા છો, તથા સંબંધ વિના જ જગતના બાંધવ છો. (૧).

અનક્તસ્નિગ્ધમનસ—મમૃજોજ્જવલવાક્પથમ્ ।
અધૌતામલશીલં ત્વાં, શરણ્યં શરણં શ્રયે ॥૨॥

હે નાથ! મમતારૂપી ચીકાશથી ચોપડાયા વિના જ સ્નિગ્ધ મનવાળા, માર્જન કર્યા વિના જ ઉજ્જવળ વાણીને ઉચ્ચારનારા તથા ધોયા વિના જ નિર્મલ શીલને ધારણ કરનારા, શરણ કરવાલાયક આપનું હું શરણ અંગીકાર કરૂં છું. (૨)

અચણ્ડવીરવ્રતિના, શમિના શમવર્તિના ।
ત્વયા કામમકુટ્યન્ત, કુટિલાઃ કર્મકણ્ટકાઃ ॥૩॥

ક્રોધ વિના જ વીરવ્રતવાળા–સુભટવૃત્તિવાળા, ઉપશમરૂપી અમૃતના યોગે વિવેકયુક્ત ચિત્તવાળા તથા સર્વે પ્રત્યે સમાનભાવભર્યું વર્તન કરનારા એવા આપે કર્મરૂપી કુટિલકંટકોને અત્યંત કુટી નાંખ્યા છે. (૩)

અભવાય મહેશાયા—ગદાય નરકચ્છિદે ।
અરાજસાય બ્રહ્મણે, કસ્મૈચિદ્ ભવતે નમઃ ॥૪॥

ભવ–મહાદેવ નહિ છતાં મહેશ્વર, ગદા નહિ છતાં નરકને છેદનારા નારાયણ, રજોગુણ નહિ છતાં બ્રહ્મા એવા અદ્વિતીય આપને નમસ્કાર થાઓ. (૪)

અનુક્ષિતફલોદગ્રા—દનિપાતગરીયસઃ ।
અસઙ્કલ્પિતકલ્પદ્રો—સ્ત્વત્તઃફલમવાપ્નુયામ્ ॥૫॥

સર્વવૃક્ષો જલસિંચન કરવાથી જ પોતાના કાળે ફળને આપે છે, પડવાથી જ મોટા ભારવાળા હોય છે અને પ્રાર્થના કરવાથી જ ઇચ્છિત વસ્તુને આપે છે, પરન્તુ આપ તો સિંચન કર્યા વિના જ પરિપૂર્ણ ફળને આપનારા, પડયા વિના જ એટલે સ્વ-સ્વરૂપમાં રહેવાથી જ ગૌરવતાવાળા તથા પ્રાર્થના કર્યા વિના જ ઇચ્છિતને આપનારા છો. એવા કલ્પતરૂ સ્વરૂપ આપના થકી હું ફલને પામું છું. (૫)

અસઙ્ગસ્ય જનેશસ્ય, નિર્મમસ્ય કૃપાત્મનઃ ।
મધ્યસ્થસ્ય જગત્ત્રાતુ—રનઙ્કસ્તેઽસ્મિ કિઙ્કરઃ ।૬।

(આ શ્લોકમાં પરસ્પર વિરૂદ્ધ વિશેષણો બતાવ્યાં છે.) સંગરહિત હોય તે લોકના સ્વામી ન હોય, મમતા રહિત હોય તે કોઈના ઉપર કૃપા ન કરે અને મધ્યસ્થ–ઉદાસીન હોય તે અન્યનું રક્ષણ ન કરે. પરન્તુ આપ તો સર્વ સંગના ત્યાગી હોવા છતાં જગતનાં લોકોથી સેવ્ય હોવાના કારણે જનેશ છો. મમતા રહિત હોવા છતાં પણ જગતના સર્વ પ્રાણીઓ ઉપર કૃપાવાળા છો. રાગદ્વેષનો નાશ કરેલો હોવાથી મધ્યસ્થ– ઉદાસીન હોવા છતાં એકાંત હિતકર ધર્મનો ઉપદેશ દેવાથી સંસારથી ત્રાસ પામેલા જગતના જીવોના રક્ષક છો. ઉપરોક્ત વિશેષણવાળા આપનો હું ચિહ્ન–કુગ્રહરુપી કલંકરહિત નોકર છું. (જે નોકર હોય તે તરવાર બંદુક આદિ કાંઈ ચિહ્નવાળો હોય છે.) (૬)

અગોપિતે રત્નનિધા–વવૃતે કલ્પપાદપે ।
અચિન્ત્યે ચિન્તારત્ને ચ, ત્વય્યાત્માયં મયાર્પિતઃ ।૭।

નહિ ગોપવેલા રત્નના નિધિ સમાન, કર્મરૂપી વાડથી નહિ વીંટાયેલા કલ્પવૃક્ષ સમાન અને અચિન્તનીય ચિંતામણિ રત્ન સમાન એવા આપને વિષે (આપના ચરણ કમળમાં) મેં મારો આ આત્મા સમર્પિત કર્યો છે. (૭)

ફલાનુધ્યાન–વન્ધ્યોઽહં, ફલમાત્રતનુર્ભવાન્ ।
પ્રસીદ યત્કૃત્યવિધૌ, કિઙ્કર્તવ્યજડે મયિ ॥૮॥

હે નાથ! આપ સિદ્ધત્વસ્વરૂપ ફળમાત્ર શરીરવાળા છો. હું જ્ઞાનાદિનું ફળ જે સિદ્ધત્વ તેના યથાવસ્થિત સ્મરણથી પણ રહિત છું માટે મારે શું કરવું ? એ બાબતમાં મૂઢ બનેલા મારા ઉપર કૃપા કરીને કરવાલાયક વિધિ બતાવવા કૃપા કરો. (૮)

## પ્રકાશ ચૌદમો

મનોવચઃકાયચેષ્ટાઃ, કષ્ટાઃ સંહૃત્ય સર્વથા ।
શ્લથત્વેનૈવ ભવતા, મનઃશલ્યં વિયોજિતમ્ ॥૧॥

મન, વચન અને કાયાની સાવદ્ય ચેષ્ટાઓને સર્વથા તજીને આપે શિથિલપણાવડે જ–સ્વભાવ વડે જ મનરૂપી શલ્યને દૂર કર્યું છે. (૧)

સંયતાનિ ન ચાક્ષાણિ, નૈવોચ્છૃઙ્ખલિતાનિ ચ ।
ઇતિ સમ્યક્પ્રતિપદા, ત્વયેન્દ્રિયજયઃ કૃતઃ ॥૨॥

હે પ્રભુ ! આપે ઇન્દ્રિયોને બળાત્કારે નિયંત્રિત કરી નથી તથા લોલુપતાથી છુટી પણ નથી મૂકી પણ યથાવસ્થિત વસ્તુતત્ત્વને અંગીકાર કરવા દ્વારા આપે સમ્યક્પ્રકારે કુશળ બુદ્ધિ વડે ઇન્દ્રિયો ઉપર વિજય મેળવ્યો છે. (૨)

યોગસ્યાષ્ટાઙ્ગતા નૂનં, પ્રપઞ્ચઃ કથમન્યથા ? ।
આબાલભાવતોઽપ્યેષ, તવ સાત્મ્યમુપેયિવાન્ ॥૩॥

હે યોગરૂપી સમુદ્રના પારને પામેલા પ્રભુ ! અન્યશાસ્ત્રોમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિ આ આઠ યોગના અંગો કહ્યા છે. તે માત્ર પ્રપંચ ( વિસ્તાર ) હોય તેમ ભાસે છે. કારણ કે જો તેમ ન હોય તો આપને બાલ્યાવસ્થાથી જ આ યોગો સહજપણાને કેમ પામે–સ્વાભાવિક રીતે જ કેમ પ્રાપ્ત થાય ? અર્થાત્ આ યોગ પ્રાપ્તિનો ક્રમ સામાન્ય યોગિઓની અપેક્ષાએ છે. આપ તો યોગિઓના પણ નાથ છો, માટે આમ બને તેમાં કાંઈ આશ્ચર્ય નથી. (૩)

વિષયેષુ વિરાગસ્તે, ચિરં સહચરેષ્વપિ ।
યોગે સાત્મ્યમદૃષ્ટેઽપિ, સ્વામિન્નિદમલૌકિકમ્ ॥૪॥

ઘણા કાલના પરિચિત એવા પણ વિષયો ઉપર વૈરાગ્ય છે અને કદી પણ નહિ દેખેલા એવા યોગને વિષે એકપણું–તન્મયપણું છે. હે સ્વામિન્ ! આપનું આ ચરિત્ર કોઈ અલૌકિક છે. (૪)

તથા પરે ન રજ્યન્ત, ઉપકારપરે પરે ।
યથાપકારિણિ ભવા—નહો ! સર્વમલૌકિકમ્ ॥૫॥

ઉપકાર કરવામાં તત્પર એવા પણ પોતાના ભક્તો ઉપર અન્ય દેવો તેટલા ખુશી થતા નથી જેટલા આપ આપના ઉપર અપકાર કરનારા કમઠ-ગોશાળાદિ પ્રાણીઓ ઉપર પણ ખુશી થાઓ છો. અહો ! આપનું સર્વ અલૌકિક છે. (૫)

હિંસકા અપ્યુપકૃતા, આશ્રિતા અપ્યુપેક્ષિતાઃ ।
ઇદં ચિત્રં ચરિત્રં તે, કે વા પર્યનુયુઞ્જતામ્ ॥૬॥

હે વીતરાગ ! ચંડકૌશિકાદિ હિંસકો ઉપર આપે ઉપકાર કર્યો છે અને સર્વાનુભૂતિ તથા સુનક્ષત્રમુનિ આદિ આશ્રિતોની આપે ઉપેક્ષા કરી છે. આપના આ વિચિત્ર ચરિત્રની સામે પ્રશ્ન પણ કોણ ઉઠાવી શકે તેમ છે ? (૬)

તથા સમાધૌ પરમે, ત્વયાત્મા વિનિવેશિતઃ ।
સુખી દુઃખ્યસ્મિ નાસ્મીતિ, યથા ન પ્રતિપન્નવાન્ ॥૭॥

આપે આપના આત્માને પરમ સમાધિને વિષે તે પ્રકારે સ્થાપન કરી દીધો છે કે જેથી હું સુખી છું. કે નથી ? અથવા હું દુઃખી છું. કે નથી ? તેનું પણ આપને જ્ઞાન ન રહ્યું–તેના જ્ઞાનની આપે દરકાર પણ ન કરી. (૭)

ધ્યાતા ધ્યેયં તથા ધ્યાનં, ત્રયમેકાત્મતાં ગતમ્ ।
ઇતિ તે યોગમાહાત્મ્યં, કથં શ્રદ્ધીયતાં પરૈઃ ? ॥૮॥

ધ્યાતા, ધ્યેય અને ધ્યાન, એ ત્રણે આપને વિષે એકપણાને–અભેદભાવને પામી ગયા છે. આ પ્રકારના આપના યોગના માહાત્મ્યની બીજાઓ કેવી રીતે શ્રદ્ધા કરી શકે? (૮)

## પ્રકાશ પંદરમો

જગજ્જૈત્રા ગુણાસ્ત્રાત—રન્યે તાવત્તવાસતામ્ ।
ઉદાત્તશાન્તયા જિગ્યે, મુદ્રયૈવ જગત્રયી ॥૧॥

હે જગરક્ષક! જગતને જીતનારા આપના અન્યગુણો તો દૂર રહો, પરંતુ ઉદાત્ત (પરાભવ ન પમાડી શકાય તેવી) અને શાન્ત એવી આપની મુદ્રાએ જ ત્રણે જગતને જીતી લીધાં છે. (૧)

મેરુસ્તૃણીકૃતો મોહાત્, પયોધિર્ગોષ્પદીકૃતઃ ।
ગરિષ્ઠેભ્યો ગરિષ્ઠો યૈઃ, પાપ્મભિસ્ત્વમપોહિતઃ ।૨।

હે નાથ! મોટાથી પણ મોટા અર્થાત્ ઇન્દ્રાદિકથી પણ મોટા એવા આપનો જેઓએ અનાદર કર્યો છે, તેઓએ અજ્ઞાનથી મેરૂને તૃણ સમાન માન્યો છે અને સમુદ્રને ગાયની ખરી જેટલો ગણ્યો છે. (૨)

ચ્યુતશ્ચિંતામણિઃ પાણે—
સ્તેષાં લબ્ધા સુધા મુધા ।
યૈસ્ત્વચ્છાસનસર્વસ્વ—મજ્ઞાનૈર્નાત્મસાત્કૃતમ્ ।૩।

જે અજ્ઞાનીઓએ આપના શાસનનું સર્વસ્વ (ધન) પોતાને આધીન નથી કર્યું, તેઓના હાથમાંથી ચિંતામણિ રત્ન સરી પડ્યું છે અને તેઓને પ્રાપ્ત થયેલું અમૃત ફોગટ ગયું છે. (૩)

યસ્ત્વય્યપિ દધૌ દષ્ટિ—મુલ્મુકાકારધારિણીમ્ ।
તમાશુશુક્ષણિ: સાક્ષા–દાલપ્યાલમિદં હિ વા ॥૪॥

હે નાથ! આપને વિષે પણ જે મનુષ્ય બળતા ઉંબાડીયાના આકારને ધારણ કરનારી દષ્ટિને રાખે છે, તેને અગ્નિ સાક્ષાત (બાળી નાખો) અથવા તો એ વચન બોલવાથી સર્યું. (તેવું વચન ન બોલવું એજ સારૂં છે.) (૪)

ત્વચ્છાસનસ્ય સામ્યં યે, મન્યન્તે શાસનાન્તરૈ: ।
વિષેણ તુલ્યં પીયૂષં, તેષાં હન્ત! હતાત્મનામ્ ॥૫॥

હે નાથ! ખેદની વાત છે કે જેઓ આપના શાસનને અન્ય શાસનોની સાથે સરખું માને છે, તે અજ્ઞાનથી હણાયેલા–લોકોને અમૃત પણ ઝેર સમાન છે. (૫)

અનેડમૂકા ભૂયાસુ–સ્તે યેષાં ત્વયિ મત્સર: ।
શુભોદર્કાય વૈકલ્ય–માપિ પાપેષુ કર્મસુ ॥૬॥

હેનાથ! જેઓને આપના ઉપર ઈર્ષ્યાભાવ છે, તેઓ બહેરા અને મૂંગા હો! કારણ કે પરનિંદાનાં શ્રવણ અને ઉચ્ચારણ આદિ પાપકાર્યોમાં ઇન્દ્રિયોનું રહિતપણું શુભ પરિણામ માટે જ છે. અર્થાત્ કાન અને જીભના

અભાવે આપની નિંદાનું શ્રવણ અને ઉચ્ચારણ નહિ કરી શકવાથી તેઓ દુર્ગતિમાં જઈ શકશે નહિ, એ તેઓને ભાવિમાં મહાન્ લાભ છે. (૬)

તેભ્યો નમોઽઞ્જલિરયં, તેષાં તાન્સમુપાસ્મહે ।
ત્વચ્છાસનામૃતરસૈ–ર્યૈરાત્માસિચ્યતાન્વહમ્ ॥૭॥

હે નાથ ! આપના શાસનરૂપ અમૃત રસવડે જેઓએ પોતાના આત્માને હંમેશાં સિંચ્યો છે, તેઓને અમારો નમસ્કાર થાઓ. તેઓને અમે બે હાથ જોડીએ છીએ અને તેઓની અમે ઉપાસના કરીએ. (૭)

ભુવે તસ્યૈ નમો યસ્યાં, તવ પાદનખાંશવઃ ।
ચિરં ચૂડામણીયન્તે, બ્રૂમહે કિમતઃ પરમ્? ॥૮॥

હે નાથ ! તે ભૂમિને પણ નમસ્કાર થાઓ કે જ્યાં આપના ચરણોના નખોના કિરણો ચિરકાલ સુધી ચૂડામણિની જેમ શોભાને પામે છે. આથી અધિક અમે શું કહીએ ? (૮)

જન્મવાનસ્મિ ધન્યોઽસ્મિ, કૃતકૃત્યોઽસ્મિ યન્મુહુઃ ।
જાતોઽસ્મિ ત્વદ્ગુણગ્રામ—રામણીયકલમ્પટઃ ॥૯॥

હે નાથ ! આપના ગુણ સમૂહની રમણીકતામાં હું વારંવાર લંપટ (તન્મય) થયો છું. તેથી મારો જન્મ સફળ છે, હું ધન્ય છું અને કૃતકૃત્ય છું. (૯)

## પ્રકાશ સોલમો

ત્વન્મતામૃતપાનોત્થા, ઇતઃ શમરસોર્મયઃ ।
પરાણયન્તિ માં નાથ ?, પરમાનન્દસમ્પદમ્ ॥૧॥

હે નાથ ! એક તરફ આપના આગમરૂપી અમૃતના પાનથી ઉત્પન્ન થયેલા ઉપશમ રસના તરંગો મને મોક્ષની સમ્પદાને બળાત્કારે પ્રાપ્ત કરાવે છે. (૧)

ઇતશ્ચાનાદિસંસ્કાર–મૂર્ચ્છિતો મૂર્ચ્છયત્યલમ્ ।
રાગોરગવિષાવેગો, હતાશઃ કરવાણિ કિમ્ ॥૨॥

તથા બીજી તરફ અનાદિ કાળના સંસ્કારથી ઉત્પન્ન થયેલો રાગરૂપી ઉરગ–સર્પના વિષનો વેગ મને અત્યંત મૂર્છા પમાડે છે–મોહિત કરી દે છે. હણાઈ ગયેલી આશાવાળો એવો હું શું કરૂં ? (૨)

રાગાહિગરલાઘ્રાતોઽકાર્ષં યત્કર્મવૈશસમ્ ।
તદ્વક્તુમપ્યશક્તોઽસ્મિ, ધિગ્મે પ્રચ્છન્નપાપતામ્ ॥૩॥

હે નાથ ! રાગરૂપી સર્પના વિષથી વ્યાપ્ત થયેલા મેં જે અયોગ્ય કાર્યો કર્યાં છે, તે કહેવા માટે પણ હું સમર્થ નથી. માટે મારા પ્રચ્છન્ન પાપીપણાને ધિક્કાર હો ! (૩)

ક્ષણં સક્તઃ ક્ષણં મુક્તઃ, ક્ષણં ક્રુદ્ધઃ ક્ષણં ક્ષમી ।
મોહાદ્યૈઃ ક્રીડયૈવાહં કારિતઃ કપિચાપલમ્ ॥૪॥

હે પ્રભુ! હું ક્ષણવાર સંસારના સુખમાં આસક્ત થયો છું, તો ક્ષણવાર તે સુખના વિપાકનો વિચાર કરવા વડે વિરક્ત થયો છું, ક્ષણવાર ક્રોધી થયો છું, તો ક્ષણવાર ક્ષમાવાન્ થયો છું. આવા પ્રકારની ચપળતાવાળી ક્રીડાઓ વડે જ મોહાદિ મદારીઓએ મને વાંદરાની જેમ નચાવ્યો છે. (૪)

પ્રાપ્યાપિ તવ સમ્બોધિં, મનોવાક્કાયકર્મજૈઃ ।
દુશ્ચેષ્ટિતૈર્મયા નાથ ! શિરસિ જ્વાલિતોઽનલઃ ।૫।

હે નાથ! આપનો ધર્મ પામ્યા છતાં મન, વચન અને કાયાના વ્યાપારો વડે ઉત્પન્ન થયેલી દુષ્ટ ચેષ્ટાઓ વડે મેં મારા મસ્તક પર ખરેખર અગ્નિ સળગાવ્યો છે. (૫)

ત્વય્યપિ ત્રાતરિ ત્રાત-ર્યન્મોહાદિમલિમ્લુચૈઃ ।
રત્નત્રયં મે હ્રિયતે, હતાશો હા ! હતોઽસ્મિ તત્ ।।૬।।

હે રક્ષક! આપ રક્ષણ કરનાર વિદ્યમાન છતાં મોહાદિ ચોરો મારાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નો હરણ કરી જાય છે, તેથી હા! હતાશ એવો હું હણાઈ ગયો છું. (૬)

ભ્રાન્તસ્તીર્થાનિ દૃષ્ટસ્ત્વં, મયૈકસ્તેષુ તારકઃ ।
તત્તવાઙ્ઘ્રૌ વિલગ્નોઽસ્મિ, નાથ ! તારય તારય ।।૭।।

હું ઘણા તીર્થોમાં ભટકયો છું પરંતુ તે સર્વમાં મેં આપને જ એક તારક તરીકે જોયા છે, તે કારણે હું

આપના જ ચરણોને વિષે વળગ્યો છું, માટે હે નાથ! આપ કૃપા કરી મને તારો, તારો. (૭)

ભવત્પ્રસાદેનૈવાહ-મિયતીં પ્રાપિતો ભુવમ્ ।
ઔદાસીન્યેન નેદાનીં, તવ યુક્તમુપેક્ષિતુમ્ ॥૮॥

હે નાથ! આપની મહેરબાનીથી જ હું આટલી ભૂમિકાને-આપની સેવાની યોગ્યતાને પામ્યો છું, માટે હવે ઉદાસીનપણાવડે ઉપેક્ષા કરવી આપને યોગ્ય નથી. (૮)

જ્ઞાતા તાત ! ત્વમેવૈક,-સ્ત્વત્તો નાન્યઃ કૃપાપરઃ ।
નાન્યો મત્તઃ કૃપાપાત્ર,-મેધિ યત્કૃત્યકર્મઠઃ ॥૯॥

હે તાત! આપ જ એક જ્ઞાતા છો. આપનાથી અધિક બીજો કોઈ દયાળુ નથી, અને મારાથી અધિક બીજો કોઈ દયાપાત્ર નથી. કરવા લાયક કાર્યમાં આપ કુશળ છો. તેથી જે કરવા યોગ્ય હોય તે કરવામાં આપ તત્પર થાઓ. (૯)

## પ્રકાશ સત્તરમો

સ્વકૃતં દુષ્કૃતં ગર્હન્, સુકૃતં ચાનુમોદયન્ ।
નાથ ! ત્વચ્ચરણૌ યામિ, શરણં શરણોજ્ઝિતઃ ॥૧॥

હે નાથ! કરેલા દુષ્કૃતની ગર્હા કરતો અને કરેલા સુકૃતની અનુમોદના કરતો, અન્યથા શરણથી રહિત એવો હું આપના ચરણોમા શરણને અંગીકાર કરૂં છું. (૧)

મનોવાક્કાયજે પાપે, કૃતાનુમતિકારિતૈઃ ।
મિથ્યા મે દુષ્કૃતં ભૂયા-દપુનઃ ક્રિયયાન્વિતમ્ ॥૨॥

હે ભગવન્! કરવા, કરાવવા અને અનુમોદવા વડે મન-વચન કાયાથી થયેલા પાપોને વિષે જે દુષ્કૃત લાગ્યું હોય, તે આપના પ્રભાવ વડે ફરીવાર નહિ કરવાની પ્રતિજ્ઞા-પૂર્વક મારૂં તે દુષ્કૃત મિથ્યા થાઓ. (૨)

યત્કૃતં સુકૃતં કિઞ્ચિત્, રત્નત્રિતયગોચરમ્,
તત્સર્વમનુમન્યેઽહં, માર્ગમાત્રાનુસાર્યપિ ॥૩॥

હે નાથ! રત્નત્રયીના માર્ગને માત્ર અનુસરવાવાળું એવું પણ જે કાંઈ સુકૃત મેં કર્યું હોય, તે સર્વની હું અનુમોદના કરૂં છું. (૩)

સર્વેષામર્હદાદીનાં, યો યોઽર્હત્ત્વાદિકો ગુણઃ ।
અનુમોદયામિ તં તં, સર્વં તેષાં મહાત્મનામ્ ॥૪॥

અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સાધુ-ઓને વિષે જે જે અરિહંતપણું, સિદ્ધપણું, પંચાચારના પાલનમાં પ્રવીણપણું, સૂત્રોનું ઉપદેશકપણું અને રત્નત્રયીનું સાધકપણું વિગેરે જે જે ગુણો છે તે તે સર્વ ગુણોની હું અનુમોદના કરૂં છું. (૪)

ત્વાં ત્વત્ફલભૂતાન્ સિદ્ધાં-સ્ત્વચ્છાસનરતાન્મુનીન્ ।
ત્વચ્છાસનં ચ શરણં, પ્રતિપન્નોઽસ્મિ ભાવતઃ ॥૫॥

હે ભગવન્! ભાવ અરિહંત એવા આપનું, આપના ફલભૂત (અરિહંતોનું ફળ સિદ્ધ છે) સર્વ કર્મથી મુક્ત

થયેલા અને લોકના અગ્રભાગ ઉપર રહેલા સિદ્ધ ભગવંતોનું, આપના શાસનમાં રક્ત થયેલા મુનિવરોનું અને આપના શાસનનું શરણ મેં ભાવથી સ્વીકાર્યું છે. (૫)

ક્ષમયામિ સર્વાન્સત્ત્વાન્સર્વે ક્ષામ્યન્તુ તે મયિ ।
મૈત્ર્યસ્તુ તેષુ સર્વેષુ, ત્વદેકશરણસ્ય મે ॥૬॥

હે નાથ! સર્વ પ્રાણીઓને હું ખમાવું છું-ક્ષમા આપું છું. સર્વ પ્રાણીઓ મને ખમાવો-મારા ઉપરની કલુષતાને તજીને ક્ષમા આપો. આપના જ એક શરણને પ્રાપ્ત થયેલા મને સર્વને વિષે મૈત્રી-મિત્રભાવ-હિત બુદ્ધિ હો. (૬)

એકોઽહં નાસ્તિ મે કશ્ચિન્, ન ચાહમપિ કસ્યચિત્ ।
ત્વદઙ્ઘ્રિશરણસ્થસ્ય, મમ દૈન્યં ન કિઞ્ચન ॥૭॥

હે નાથ! હું એકલો છું, મારૂં કોઈ નથી અને હું પણ કોઈનો નથી, છતાં પણ આપના ચરણના શરણમાં રહેલા મને કાંઈ પણ દીનતા નથી. (૭)

યાવન્નાપ્નોમિ પદવીં, પરાં ત્વદનુભાવજામ્ ।
તાવન્મયિ શરણ્યત્વં, મા મુઞ્ચઃ શરણં શ્રિતે ॥૮॥

હે વિશ્વવત્સલ! આપના પ્રભાવથી મળનારી ઉત્કૃષ્ટ પદવી-મુક્તિ સ્થાન મને પ્રાપ્ત ન થાય ત્યાં સુધી આપના શરણે આવેલા મારા ઉપર શરણ્યપણાને-શરણને ઉચિત પાલકપણાને મૂકશો નહિ. (૮)

## પ્રકાશ અઢારમો

ન પરં નામ મૃદ્વેવ, કઠોરમપિ કિઞ્ચન ।
વિશેષજ્ઞાય વિજ્ઞપ્યં, સ્વામિને સ્વાન્તશુદ્ધયે ॥૧॥

કેવળ કોમળ વચનથી જ નહિ કિન્તુ વિશેષજ્ઞ એકાન્ત હિતકર એવા સ્વામીને અંતઃકરણની શુદ્ધિ માટે કાંઈ કઠોર વચનથી પણ વિનંતિ કરવી જોઈએ. (૧)

ન પક્ષિપશુસિંહાદિ,–વાહનાસીનવિગ્રહઃ ।
ન નેત્રગાત્રવક્ત્રાદિ,–વિકારવિકૃતાકૃતિઃ ॥૨॥

હે સ્વામિન્! લૌકિક દેવની જેમ આપનું શરીર હંસ ગરૂડાદિ પક્ષી, છાગ, વૃષભાદિ પશુ અને સિંહ, વ્યાઘ્રાદિ જાનવરો રૂપી વાહન ઉપર આરૂઢ થયેલું નથી તેમજ આપની આકૃતિ પણ તે દેવોની જેમ નેત્ર–લોચન, ગાત્ર–શરીર અને વક્ત્ર–મુખાદિના વિકારો વડે વિકૃત થયેલી નથી. (૨)

ન શૂલચાપચક્રાદિ–શસ્ત્રાઙ્કકરપલ્લવઃ ।
નાઙ્ગનાકમનીયાઙ્ગ–પરિષ્વઙ્ગપરાયણઃ ॥૩॥

હે નાથ! અન્ય દેવોની જેમ આપના હસ્તપલ્લવ ત્રિશૂલ, ધનુષ અને ચક્રાદિ શસ્ત્રોથી ચિહ્નિત થયા નથી તેમ જ આપનો ઉત્સંગ–ખોળો સ્ત્રીઓના મનોહર અંગને આલિંગન કરવામાં તત્પર બન્યો નથી. (૩)

ન ગર્હણીયચરિત,–પ્રકમ્પિતમહાજનઃ ।
ન પ્રકોપપ્રસાદાદિ,–વિડમ્બિતનરામરઃ ॥૪॥

હે નાથ ! અન્ય દેવોની જેમ નિન્દનીય ચરિત્રવડે આપે મહાજન–ઉત્તમ પુરૂષોને કંપાયમાન કર્યા નથી. તેમજ પ્રકોપ–ક્રોધ અને પ્રસાદ–કૃપાવડે આપે દેવ અને મનુષ્યોને વિડમ્બિત કર્યા નથી. (૪)

ન જગજ્જનનસ્થેમ,–વિનાશવિહિતાદર: ।
ન લાસ્યહાસ્યગીતાદિ,–વિપ્લવોપપ્લુતસ્થિતિ: ॥૫॥

હે નાથ ! અન્ય દેવોની જેમ જગતને ઉત્પન્ન કરવામાં, સ્થિર કરવામાં કે વિનાશ કરવામાં આપે આદર બતાવ્યો નથી તેમજ નટ–વિટને ઉચિત નૃત્ય, હાસ્ય અને ગીતાદિ ચેષ્ટાઓવડે આપે આપની સ્થિતિને ઉપ-દ્રવવાળી કરી નથી. (૫)

તદેવં સર્વદેવેભ્ય:, સર્વથા ત્વં વિલક્ષણ: ।
દેવત્વેન પ્રતિષ્ઠાપ્ય:, કથં નામ પરીક્ષકૈ: ? ॥૬॥

તે કારણથી હે ભગવન્ ! એ રીતે આપ સર્વ દેવોથી સર્વ પ્રકારે વિલક્ષણ–વિપરીત લક્ષણવાળા છો, તેથી પરીક્ષક લોકોએ આપને દેવ તરીકે કેવી રીતે સ્થાપન કરવા ? (૬)

અનુશ્રોત: સરત્પર્ણ–તૃણકાષ્ઠાદિયુક્તિમત્ ।
પ્રતિશ્રોત: શ્રયદ્વસ્તુ, કયા યુક્ત્યા પ્રતીયતામ્ ? ॥૭॥

હે નાથ ! પર્ણ–પાંદડા, તૃણ–ઘાસ અને કાષ્ઠાદિ અન્ય વસ્તુઓ પાણીના પ્રવાહને અનુકૂલ ચાલે, તે વાત યુક્તિવાળી છે, કિન્તુ પ્રવાહને પ્રતિકૂલ ચાલે, એ વાત કઈ યુક્તિ વડે નિશ્ચિત કરવી ? (૭)

અથવાઽલં મન્દબુદ્ધિ,–પરીક્ષકપરીક્ષણૈઃ ।
મમાપિ કૃતમેતેન, વૈયાત્યેન જગત્પ્રભો ! ॥૮॥

અથવા હે જગત્પ્રભુ! મંદ બુદ્ધિવાળા પરીક્ષકની પરીક્ષાઓ વડે સર્યું, તેમજ મારે પણ આ જાતિની પરીક્ષા કરવાના વૈયાત્ય–હઠાગ્રહ વડે સર્યું. (૮)

યદેવ સર્વસંસારિ—જન્તુરૂપવિલક્ષણમ્ ।
પરીક્ષન્તાં કૃતધિય—સ્તદેવ તવ લક્ષણમ્ ॥૯॥

હે સ્વામિન્! સર્વ સંસારી જીવોના સ્વરૂપથી જે કાંઈ વિલક્ષણ સ્વરૂપ આ જગતમાં પ્રતીત થાય, તે જ આપનું લક્ષણ છે, એમ બુદ્ધિમાન પુરુષો પરીક્ષા કરો. (૯)

ક્રોધલોભભયાક્રાન્તં, જગદસ્માદ્વિલક્ષણઃ ।
ન ગોચરો મૃદુધિયાં, વીતરાગ ! કથઞ્ચન ॥૧૦॥

હે વીતરાગ ! આ જગત્ ક્રોધ, લોભ અને ભયથી આક્રાન્ત–વ્યાપ્ત છે, જ્યારે આપ ક્રોધાદિથી રહિત હોવાના કારણે વિલક્ષણ છો. તેથી મૃદુ–કોમલ મંદ બુદ્ધિવાળા બહિર્મુખ પુરુષોને આપ કોઈ પણ પ્રકારે ગોચર–પ્રત્યક્ષ થઈ શકતા નથી. (૧૦)

## પ્રકાશ ઓગણીસમો

તવ ચેતસિ વર્તેઽહ—મિતિ વાર્ત્તાપિ દુર્લભા ।
મચ્ચિત્તે વર્ત્તસે ચેત્ત્વ–મલમન્યેન કેનચિત્ ॥૧॥

હે નાથ! લોકોત્તર ચરિત્રવાળા આપના ચિત્તને વિષે હું રહું, એ વાત પણ અસંભવિત છે, પરંતુ મારા ચિત્તને વિષે આપ રહો, એ બનવા જોગ છે અને જો એમ બને તો મારે બીજા કોઇ મનોરથ કરવાની જરૂર જ રહેતી નથી. (૧)

નિગૃહ્ય કોપતઃ કાંશ્ચિત્, કાંશ્ચિત્તુષ્ટયાઽનુગૃહ્ય ચ ।
પ્રતાર્યન્તે મૃદુધિયઃ, પ્રલમ્ભનપરૈઃ પરૈઃ ॥૨॥

હે નાથ! ઠગવામાં તત્પર એવા અન્ય દેવો મુગ્ધ બુદ્ધિવાળા કેટલાકને કોપથી–શાપાદિ આપવાથી અને કેટલાકને પ્રસાદથી–વરદાનાદિ આપવાથી ઠગે છે. પરંતુ આપ જેના ચિત્તમાં રહ્યા હો, તે મનુષ્યો તેવા કુદેવોથી કદી ઠગાતા નથી અને તેથી કરીને આપ મારા ચિત્તમાં રહો, તો હું કૃતકૃત્ય જ છું. (૨)

અપ્રસન્નાત્કથં પ્રાપ્યં, ફલમેતદસઙ્ગતમ્ ! ।
ચિન્તામણ્યાદયઃ કિં ન, ફલન્ત્યપિ વિચેતનાઃ ! ॥૩॥

હે નાથ! કદી પણ પ્રસન્ન નહિ થનારા એવા આપની પાસેથી ફળ કેવી રીતે મેળવવું ? એમ કહેવું એ અસંગત છે. કારણ કે ચિંતામણિ રત્નાદિ વિશિષ્ટ ચેતના રહિત હોવા છતાં શું ફળીભૂત થતા નથી ? અવશ્ય થાય છે. (વિશિષ્ટ ચેતના રહિત ચિંતામણિ આદિ પોતે કોઈના ઉપર પ્રસન્ન નથી થતા છતાં વિધિપૂર્વક-તેની આરાધના કરનારને ફળ પ્રાપ્ત થાય છે. તે જ પ્રમાણે વીતરાગ

પરમાત્માની વિધિપૂર્વક આરાધના કરનારને અવશ્ય ફળ પ્રાપ્ત થાય છે. (૩)

વીતરાગ ! સપર્યાતસ્તવાજ્ઞાપાલનં પરમ્ ।
આજ્ઞાઽઽરાદ્ધા વિરાદ્ધા ચ, શિવાય ચ ભવાય ચ ॥૪॥

હે વીતરાગ ! આપની પૂજા કરતાં પણ આપની આજ્ઞાનું પાલન શ્રેષ્ઠ છે. કારણ કે–આરાધેલી આજ્ઞા મોક્ષને માટે થાય છે અને વિરાધેલી આજ્ઞા સંસારને માટે થાય છે. (૪)

આકાલમિયમાજ્ઞા તે, હેયોપાદેયગોચરા ।
આશ્રવઃ સર્વથા હેય, ઉપાદેયશ્ચ સંવરઃ ॥૫॥

આપની આ આજ્ઞા સદા કાળ હેયોપાદેયને વિષય કરનારી છે. અને તે એ છે કે–આશ્રવ એ સર્વ પ્રકારે હેય –ત્યાગ કરવા લાયક છે અને સંવર એ સર્વ પ્રકારે ઉપાદેય –અંગીકાર કરવા લાયક છે. (૫)

આશ્રવો ભવહેતુઃ સ્યાત્, સંવરો મોક્ષકારણમ્ ।
ઇતીયમાર્હતીમુષ્ટિ–રન્યદસ્યાઃ પ્રપઞ્ચનમ્ ॥૬॥

આશ્રવ એ ભવનો હેતુ છે અને સંવર એ મોક્ષનું કારણ છે. શ્રી અરિહંત દેવોના ઉપદેશનું આ સંક્ષિપ્ત રહસ્ય છે. બીજો સર્વ એનો વિસ્તાર છે. (૬)

ઇત્યાજ્ઞારાધનપરા, અનન્તાઃ પરિનિર્વૃત્તાઃ ।
નિર્વાન્તિ ચાન્યે ક્વચન, નિર્વાસ્યન્તિ તથાઽપરે ॥૭॥

એ રીતની આજ્ઞાનું આરાધન કરવામાં તત્પર એવા અનંત આત્માઓ નિર્વાણને પામ્યા છે. બીજા કેટલાક કોઈ ઠેકાણે પામે છે અને બીજા અનંતા ભવિષ્યમાં પામશે. (૭)

હિત્વા પ્રસાદનાદૈન્ય–મેકયૈવ ત્વદાજ્ઞયા ।
સર્વથૈવ વિમુચ્યન્તે, જન્મિનઃ કર્મપઞ્જરાત્ ॥૮॥

હે વિશ્વેશ! જગતમાં એમ કહેવાય છે કે–સ્વામિની પ્રસન્નતા હોય તો ફળની પ્રાપ્તિ થાય છે પરંતુ એ વાત ચિંતામણિના દષ્ટાન્તથી અસંગત છે. આ જ પ્રકાશના ત્રીજા શ્લોકમાં એ સિદ્ધ કરી બતાવ્યું છે. માટે પ્રસન્નતા લક્ષણ દીનતાનો ત્યાગ કરીને નિષ્કપટપણે આપની આજ્ઞાનું આરાધન કરવા વડે ભવ્ય પ્રાણીઓ કર્મરૂપી પાંજરામાંથી સર્વથા મુક્ત બને છે. એ કારણે આપની આજ્ઞાની આરાધના કરવી એ જ મુક્તિનો શ્રેષ્ઠ ઉપાય છે. (૮)

## પ્રકાશ વીશમો

પાદપીઠલુઠન્મૂર્ધ્નિ, મયિ પાદરજસ્તવ ।
ચિરં નિવસતાં પુણ્ય–પરમાણુકણોપમમ્ ॥૧॥

આપના પાદપીઠમાં મસ્તકને નમાવતા મારા લલાટને વિષે પુણ્ય–પરમાણુના કણીયા સમાન આપના ચરણની રજ ચિરકાલ રહો. (૧)

મદ્દૃશૌ ત્વન્મુખાસક્તે, હર્ષબાષ્પજલોર્મિભિઃ ।
અપ્રેક્ષ્યપ્રેક્ષણોદ્ભૂતં, ક્ષણાત્ક્ષાલયતાં મલમ્ ॥૨॥

આપના મુખમાં આસક્ત થયેલાં મારાં નેત્રો પૂર્વ અપ્રેક્ષ્ય વસ્તુઓને જોવાથી ઉત્પન્ન થયેલા પાપમલને ક્ષણવારમાં હર્ષાશ્રુના જલની ઉર્મિઓ-તરંગો વડે ધોઈ નાખો. (૨)

ત્વત્પુરો લુઠનૈર્ભૂયાન્, મદ્ભાલસ્ય તપસ્વિનઃ ।
કૃતાસેવ્યપ્રણામસ્ય, પ્રાયશ્ચિત્તં કિણાવલિઃ ॥૩॥

હે પ્રભુ ! ઉપાસના માટે અયોગ્ય એવા હરિહરાદિને પ્રણામ કરવાવાળા અને ત્રણ જગતને સેવ્ય એવા આપની ઉપાસના વડે વંચિત રહેવાથી કરૂણાસ્પદ બનેલા, મારા આ લલાટને, આપની આગળ આળોટાવવાથી-નમાવવાથી તેના ઉપર પડેલી ક્ષતની શ્રેણિ જ પ્રાયશ્ચિતરૂપ થાઓ. (૩)

મમ ત્વદ્દર્શનોદ્ભૂતાશ્ચિરં રોમાઞ્ચકણ્ટકાઃ ।
તુદન્તાં ચિરકાલોત્થા-મસદ્દર્શનવાસનામ્ ॥૪॥

હે નિર્મળ શિરોમણિ ! આપના દર્શનથી મને ચિરકાલ સુધી ઉત્પન્ન થયેલા રોમાંચરૂપી કંટકો દીર્ઘ કાલથી ઉત્પન્ન થયેલી કુશાસનની દુર્વાસનાનો અત્યંત નાશ કરો. (૪)

ત્વદ્વક્ત્રકાન્તિજ્યોત્સ્નાસુ, નિપીતાસુ સુધાસ્વિવ ।
મદીયૈર્લોચનામ્ભોજૈઃ, પ્રાપ્યતાં નિર્નિમેષતા ॥૫॥

હે નાથ ! અમૃત સમાન આપના મુખની કાન્તિરૂપી ચંદ્ર જ્યોત્સ્નાનું પાન કરવાથી મારાં નેત્રરૂપી કમળો નિર્નિમેષતાને પામો. (૫)

ત્વદ્દાસ્યલાસિની નેત્રે ત્વદુપાસ્તિકરૌ કરૌ ।
ત્વદ્દ્ગુણશ્રોતૃણી શ્રોત્રે, ભૂયાસ્તાં સર્વદા મમ ॥૬॥

હે નાથ! મારાં બે નેત્રો આપના મુખને જોવામાં સદા લાલસાવાળાં બનો. મારા બે હાથ આપની પૂજા કરવામાં સર્વદા તત્પર બનો. અને મારા બે કાન આપના ગુણોનું શ્રવણ કરવામાં હંમેશાં ઉદ્યુકત રહો. (૬)

કુણ્ઠાપિ યદિ સોત્કણ્ઠા, ત્વદ્દ્ગુણગ્રહણં પ્રતિ ।
મમૈષા ભારતી તર્હિ, સ્વસ્ત્યેતસ્યૈ કિમન્યયા ? ॥૭॥

હે પ્રભુ! કુંઠિત–અતીક્ષ્ણ એવી પણ મારી આ વાણી આપના ગુણોને ગ્રહણ કરવા પ્રત્યે ઉત્કંઠિત હોય, તો તેનું કલ્યાણ થાઓ. તે સિવાય અન્ય વાણી વડે શું ? (૭)

તવ પ્રેષ્યોઽસ્મિ દાસોઽસ્મિ, સેવકોઽસ્મ્યસ્મિ કિઙ્કરઃ ।
ઓમિતિ પ્રતિપદ્યસ્વ, નાથ ! નાતઃ પરં બ્રુવે ॥૮॥

હે નાથ! હું આપનો પ્રેષ્ય છું, દાસ છું, સેવક છું અને કિંકર છું–માટે 'આ મારો છે' એ પ્રમાણે આપ સ્વીકાર કરો. આથી અધિક હું કાંઈ કહેતો નથી. (૮)

શ્રી હેમચન્દ્રપ્રભવાદ્,–વીતરાગસ્તવાદિતઃ ।
કુમારપાલભૂપાલઃ, પ્રાપ્નોતુ ફલમીપ્સિતમ્ ॥૯॥

**શ્રી હેમચંદ્રસૂરીશ્વરે** રચેલા આ **શ્રી વીતરાગ** સ્તોત્રથી **શ્રી કુમારપાલ ભૂપાલ** મુક્તિ–કર્મક્ષય લક્ષણ અભીપ્સિત ફલને પ્રાપ્ત કરો. ૯

# પૂ. આ. શ્રી રત્નાકરસૂરીશ્વરજી
# રચિત
# રત્નાકરપંચવિંશતિકા

શ્રેયઃશ્રિયાં મઙ્ગલકેલિસદ્મ,
    નરેન્દ્ર–દેવેન્દ્ર–નતાંઘ્રિપદ્મ ।
સર્વજ્ઞ ! સર્વાતિશયપ્રધાન,
    ચિરંજય જ્ઞાનકલાનિધાન ! ॥૧॥

જગત્ત્રયાધાર ! કૃપાવતાર !
    દુર્વાર–સંસાર–વિકાર–વૈદ્ય ! ।
શ્રી વીતરાગ ! ત્વયિ મુગ્ધભાવાદ્,
    વિજ્ઞ ! પ્રભો વિજ્ઞપયામિ કિઞ્ચિત્ ॥૨॥

કિં બાલલીલાકલિતો ન બાલઃ,
    પિત્રોઃ પુરો જલ્પતિ નિર્વિકલ્પઃ ।
તથા યથાર્થં કથયામિ નાથ !
    નિજાશયં સાનુશયસ્તવાગ્રે ॥૩॥

દત્તં ન દાનં પરિશીલિતં ચ,
    ન શાલિ શીલં ન તપોઽભિતપ્તમ્ ।
શુભો ન ભાવોઽપ્યભવદ્ ભવેઽસ્મિન્,
    વિભો ! મયા ભ્રાન્તમહો મુધૈવ ॥૪॥

દગ્ધોઽગ્નિના ક્રોધમયેન દષ્ટો,
દુષ્ટેન લોભાખ્યમહોરગેણ ।
ગ્રસ્તોઽભિમાનાજગરેણ માયા-
જાલેન બદ્ધોઽસ્મિ કથં ! ભજે ત્વામ્ ॥૫॥
કૃતં મયામુત્ર હિતં ન ચેહ,
લોકેઽપિ લોકેશ ! સુખં ન મેઽભૂત્ ।
અસ્માદશાં કેવલમેવ જન્મ,
જિનેશ ! જજ્ઞે ભવપૂરણાય ॥૬॥
મન્યે મનો યન્ન મનોજ્ઞવૃત્તમ્,
ત્વદાસ્યપીયૂષમયૂખલાભાત્ ।
દ્રુતં મહાનન્દરસં કઠોર-
મસ્માદશાં દેવ ! તદશ્મતોઽપિ ॥૭॥
ત્વત્તઃ સુદુષ્પ્રાપ્યમિદં મયાપ્તમ્,
રત્નત્રયં ભૂરિભવભ્રમેણ ।
પ્રમાદનિદ્રાવશતો ગતં તત્,
કસ્યાગ્રતો નાયક ! પૂત્કરોમિ ॥૮॥
વૈરાગ્યરંગઃ પરવંચનાય,
ધર્મોપદેશો જનરઞ્જનાય ।
વાદાય વિદ્યાધ્યયનં ચ મેઽભૂત્,
કિયદ્ બ્રુવે ? હાસ્યકરં સ્વમીશ ! ॥૯॥

પરાપવાદેન મુખં સદોષં,
નેત્રં પરસ્ત્રીજનવીક્ષણેન ।
ચેતઃ પરાપાયવિચિન્તનેન,
કૃતં ભવિષ્યામિ કથં? વિભોઽહમ્ ॥૧૦॥
વિડંબિતં યત્સ્મરઘસ્મરાર્તિ–
દશાવશાત્સ્વં વિષયાન્ધલેન ।
પ્રકાશિતં તદ્ભવતો હ્રિયૈવ,
સર્વજ્ઞ! સર્વં સ્વયમેવ વેત્સિ ॥૧૧॥
ધ્વસ્તોઽન્યમન્ત્રૈઃ પરમેષ્ઠિમન્ત્રઃ,
કુશાસ્ત્રવાક્યૈર્નિહતાઽઽગમોક્તિઃ ।
કર્તું વૃથા કર્મ કુદેવસઙ્ગા–
દવાઞ્છિ હી નાથ! મતિભ્રમો મે ॥૧૨॥
વિમુચ્ય દગ્લક્ષ્યગતં ભવન્તં,
ધ્યાતા મયા મૂઢધિયા હૃદન્તઃ ।
કટાક્ષવક્ષોજગભીરનાભિ–
કટીતટીયાઃ સુદશાં વિલાસાઃ ॥૧૩॥
લોલેક્ષણા–વક્ત્રનિરીક્ષણેન,
યો માનસે રાગલવો વિલગ્નઃ ।
ન શુદ્ધસિદ્ધાન્તપયોધિમધ્યે,
ધૌતોઽપ્યગાત્તારક! કારણં કિમ્? ॥૧૪॥

અઙ્ગં ન ચઙ્ગં ન ગણો ગુણાનાં,
ન નિર્મલઃ કોઽપિ કલાવિલાસઃ ।
સ્ફુરત્પ્રભા ન પ્રભુતા ચ કાઽપિ,
તથાઽપ્યહંઙ્કારકદર્થિતોઽહમ્ !!! ॥૧૫॥
આયુર્ગલત્યાશુ ન પાપબુદ્ધિ-
ર્ગતં વયો નો વિષયાભિલાષઃ ।
યત્નશ્ચ ભૈષજ્યવિધૌ ન ધર્મે,
સ્વામિન્ ! મહામોહવિડમ્બના મે ॥૧૬॥
નાત્મા ન પુણ્યં ન ભવો ન પાપં,
મયા વિટાનાં કટુગીરપીયમ્ ।
અધારિ કર્ણે ત્વયિ કેવલાર્કે,
પરિસ્ફુટે સત્યપિ દેવ ! ધિગ્ મામ્ ॥૧૭॥
ન દેવપૂજા ન ચ પાત્રપૂજા,
ન શ્રાદ્ધધર્મશ્ચ ન સાધુધર્મઃ ।
લબ્ધ્વાઽપિ માનુષ્યમિદં સમસ્તં,
કૃતં મયાઽરણ્યવિલાપતુલ્યં ॥૧૮॥
ચક્રે મયાઽસત્સ્વપિ કામધેનુ-
કલ્પદ્રુચિન્તામણિષુ સ્પૃહાર્તિઃ ।
ન જૈનધર્મે સ્ફુટશર્મદેઽપિ,
જિનેશ ! મે પશ્ય ! વિમૂઢભાવમ્ ॥૧૯॥

સદ્ભોગલીલા ન ચ રોગકીલા,
 ધનાગમો નો નિધનાઽઽગમશ્ચ ।
દારા ન કારા નરકસ્ય ચિત્તે,
 વ્યચિન્તિ નિત્યં મયકાઽધમેન ॥૨૦॥
સ્થિતં ન સાધોર્હૃદિ સાધુવૃત્તાત્,
 પરોપકારાન્ન યશોઽર્જિતં ચ ।
કૃતં ન તીર્થોદ્ધરણાદિકૃત્યં,
 મયા મુધા! હારિતમેવ જન્મ ॥૨૧॥
વૈરાગ્યરઙ્ગો ન ગુરૂદિતેષુ,
 ન દુર્જનાનાં વચનેષુ શાન્તિઃ ।
નાઽધ્યાત્મલેશો મમ કોઽપિ દેવ!
 તાર્યઃ કથઙ્કારમયં ભવાબ્ધિઃ ॥૨૨॥
પૂર્વે ભવેઽકારિ મયા ન પુણ્ય-
 માગામિજન્મન્યપિ નો કરિષ્યે ।
યદીદૃશોઽહં મમ તેન નષ્ટા,
 ભૂતોદ્ભવદ્ભાવિભવત્રયીશ! ॥૨૩॥
કિં વા મુધાઽહં બહુધા સુધાભુક્-
 પૂજ્ય! ત્વદગ્રે ચરિતં સ્વકીયં,
જલ્પામિ યસ્માત્ ત્રિજગત્સ્વરૂપ-
 નિરૂપકસ્ત્વં કિયદેતદત્ર! ॥૨૪॥

દીનોદ્ધારધુરન્ધરસ્ત્વદપરો નાસ્તે મદન્યઃ કૃપા-
પાત્રં નાત્ર જને જિનેશ્વર! તથાઽપ્યેતાં ન યાચે શ્રિયમ્।
કિં ત્વર્હન્નિદમેવ કેવલમહો સદ્બોધિરત્નં શિવં,
શ્રીરત્નાકર! મઙ્ગલૈકનિલય! શ્રેયસ્કરં પ્રાર્થયે !!! ૨૫

---

### બોટાદ નિવાસી માસ્તર શામજીભાઈ-કૃત
### સંસ્કૃત ઉપરથી ગુજરાતી—

## રત્નાકર પચ્ચીસી.

મંદિર છો મુક્તિ તણા માંગલ્ય ક્રીડાના પ્રભુ,
ને ઇન્દ્ર નર ને દેવતા સેવા કરે તારી વિભુ! ।
સર્વજ્ઞ છો સ્વામી વળી સરદાર અતિશય સર્વના,
ઘણું જીવ તું! ઘણું જીવ તું! ભંડાર જ્ઞાનકળાતણા ॥૧॥

ત્રણ જગતના આધાર ને અવતાર હે કરૂણાતણા,
વળી વૈદ્ય! હે! દુર્વાર આ સંસારના દુઃખો તણા ।
વીતરાગ! વલ્લભ વિશ્વના! તુજ પાસ અરજી ઉચ્ચરૂં,
જાણો છતાં! પણ કહું અને આ હૃદય હું ખાલી કરૂં ॥૨॥

શું બાળકો માબાપ પાસે બાળક્રીડા નવ કરે?
ને મુખમાંથી જેમ આવે તેમ શું નવ ઉચ્ચરે? ।
તેમજ તમારી પાસે તારક આજ ભોળા-ભાવથી,
જેવું બન્યું તેવું કહું! તેમાં કશું ખોટું નથી ॥૩॥

મેં દાન તો દીધું નહિં ને શીયળ પણ પાળ્યું નહિં,
તપથી દમી કાયા નહિં શુભ ભાવ પણ ભાવ્યો નહિં ।
એ ચાર ભેદે ધર્મમાંથી કાંઈ પણ પ્રભુ! નવ કર્યું,
મ્હારૂં ભ્રમણ ભવ સાગરે નિષ્ફળ ગયું! નિષ્ફળ ગયું! ॥૪॥

હું ક્રોધ અગ્નિથી બળ્યો, વળી લોભ સર્પ ડસ્યો મને,
ગળ્યો માનરૂપી અજગરે હું કેમ કરી ધ્યાવું તને? ।
મન મારૂં માયા જાળમાં મોહન! મહા મુંઝાય છે,
ચડી ચાર ચોરોના હાથમાં ચેતન! ઘણો ચગદાય છે ॥૫॥

મેં પરભવે કે આ ભવે પણ હિત કાંઈ કર્યું નહિં,
તેથી કરી સંસારમાં સુખ અલ્પ પણ પામ્યો નહિં ।
જન્મો અમારા જિનજી! ભવ પૂર્ણ કરવાને થયા,
આવેલ બાજી હાથમાં અજ્ઞાનથી હારી ગયા ॥૬॥

અમૃત ઝરે તુજ મુખરૂપી ચંદ્રથી તો પણ પ્રભુ!,
ભીંજાય નહીં મુજ મન અરેરે! શું કરૂં હું તો વિભુ!,
પત્થર થકી પણ કઠણ મારૂં મન ખરે! ક્યાંથી દ્રવે?,
મરકટ સમા આ મન થકી હું તો પ્રભુ! હાર્યો હવે ॥૭॥

ભમતાં મહાભવ સાગરે પામ્યો પસાયે આપના,
જે જ્ઞાન દર્શન ચરણ રૂપી રત્નત્રય દુષ્કર ઘણા ।
તે પણ ગયા પરમાદના વશથી પ્રભુ! કહું છું ખરૂં,
કોની કને કિરતાર! આ પોકાર હું જઈને કરૂં? ॥૮॥

ઠગવા વિભુ ! આ વિશ્વને વૈરાગ્યના રંગો ધર્યા,
ને ધર્મના ઉપદેશ રંજન લોકને કરવા કર્યા ।
વિદ્યા ભણ્યો હું વાદ માટે કેટલી કથની કહું ?
સાધુ થઈને બ્હારથી, દાંભિક અંદરથી રહું ॥૯॥

મેં મુખને મેલું કર્યું દોષો પરાયા ગાઈને
ને નેત્રને નિંદિત કર્યાં પરનારીમાં લપટાઈને ।
વળી ચિત્તને દોષિત કર્યું ચિંતવી નઠારૂં પરતણું,
હે નાથ ! મારૂં શું થશે ! ચાલાક થઈ ચૂકયો ઘણું ॥૧૦॥

કરે કાળજાની કતલ પીડા કામની બીહામણી,
ને વિષયમાં બની અંધ હું વિડંબના પામ્યો ઘણી ।
તે પણ પ્રકાશ્યું આજ લાવી લાજ આપ તણી કને,
જાણો સહુ તેથી કહું કર માફ ! મારા વાંકને ॥૧૧॥

નવકાર મંત્ર વિનાશ કીધો અન્ય મંત્રો જાણીને,
કુશાસ્ત્રનાં વાકયો વડે હણી આગમોની વાણીને ।
કુદેવની સંગત થકી કર્મો નકામા આચર્યા,
મતિભ્રમ થકી રત્નો ગુમાવી કાચ કટકા મેં ગ્રહ્યા ॥૧૨॥

આવેલ દૃષ્ટિ માર્ગમાં મુકી મહાવીર ! આપને,
મેં મૂઢધીએ હૃદયમાં ધ્યાયા મદનના ચાપને ।
નેત્રબાણોને પયોધર નાભિને સુંદર કટી,
શણગાર સુંદરીઓ તણા છટકેલ થઈ જોયા અતિ ॥૧૩॥

મૃગનયની સમ નારી તણા મુખચંદ્ર નિરખવા થકી,
મુજ મન વિષે જે રંગ લાગ્યો અલ્પ પણ–ગાઢો અતિ,
તે શ્રુતરૂપ સમુદ્રમાં ધોયા છતાં જાતો નથી,
તેનું કહો ! કારણ તમે બચું કેમ હું આ પાપથી ? ॥૧૪॥

સુંદર નથી આ શરીર કે સમુદાય ગુણતણો નથી
ઉત્તમ વિલાસ કલાતણો દેદીપ્યમાન પ્રભા નથી ।
પ્રભુતા નથી તો પણ પ્રભુ ! અભિમાનથી અક્કડ ફરૂં.
ચોપાટ ચાર ગતિ તણી સંસારમાં ખેલ્યા કરૂં ॥૧૫॥

આયુષ્ય ઘટતું જાય તો પણ પાપ બુદ્ધિ નવ ઘટે,
આશા જીવનની જાય તો પણ વિષયાભિલાષા નવ મટે ।
ઔષધ વિષે કરૂં યત્ન પણ હું ધર્મને તો નવિ ગણું,
બની મોહમાં મસ્તાન હું પાયા વિનાના ઘર ચણું ॥૧૬॥

આત્મા નથી ! પરભવ નથી ! વળી પુણ્ય પાપ કશું નથી !,
મિથ્યાત્વીની કટુવાણી મેં ધરી કાન પીધી સ્વાદથી ।
રવિ સમ હતા જ્ઞાને કરી પ્રભુ ! આપશ્રી તો પણ અરે !,
દીવો લઈ કૂવે પડયો ધિક્કાર છે મુજને ખરે ॥૧૭॥

મેં ચિત્તથી નહીં દેવની કે પાત્રની પૂજા ચહી,
ને શ્રાવકોને સાધુઓનો ધર્મ પણ પાળ્યો નહીં ।
પામ્યો પ્રભુ નરભવ છતાં રણમાં રડયા જેવું થયું,
ધોબી તણા કુત્તા સમું મમ જીવન સહુ એળે ગયું ॥૧૮॥

હું કામધેનુ કલ્પતરૂ ચિંતામણિના પ્યારમાં,
ખોટા છતાં ઝંખ્યો ઘણું બની લુબ્ધ આ સંસારમાં ।
જે પ્રગટ સુખ દેનાર ત્હારો ધર્મ તે સેવ્યો નહીં,
મુજ મૂર્ખ ભાવોને નિહાળી નાથ! કર કરૂણા કંઈ ॥૧૯॥

મેં ભોગ સારા ચિંતવ્યા તે રોગ સમ ચિંત્યા નહિં,
આગમન ઇચ્છયું ધનતણું, પણ મૃત્યુને પ્રીછયું નહિં ।
નહીં ચિંતવ્યું મેં નર્ક-કારાગૃહ સમી છે નારીઓ,
મધુબિંદુની આશામહીં ભય માત્ર હું ભૂલી ગયો ॥૨૦॥

હું શુદ્ધ આચારો વડે સાધુ હૃદયમાં નવ રહ્યો,
કરી કામ પર ઉપકારના યશ પણ ઉપાર્જન નવ કર્યો ।
વળી તીર્થના ઉદ્ધાર આદિ કોઈ કાર્યો નવ કર્યાં.
ફોગટ અરે! આ લક્ષ ચોરાશી તણા ફેરા ફર્યા ॥૨૧॥

ગુરૂવાણીમાં વૈરાગ્ય કેરો રંગ લાગ્યો નહીં અને,
દુર્જન તણાં વાક્યો મહીં શાંતિ મળે ક્યાંથી મને ।
તરૂં કેમ? હું સંસાર આ અધ્યાત્મ તો છે નહીં જરી,
તૂટેલ તળીયાનો ઘડો જળથી ભરાયે કેમ કરી? ॥૨૨॥

મેં પરભવે નથી પુણ્ય કીધું ને નથી કરતો હજી,
તો આવતા ભવમાં કહો! ક્યાંથી થશે હે નાથજી ।
ભૂત ભાવિને સાંપ્રત ત્રણે ભવ નાથ! હું હારી ગયો,
સ્વામી! ત્રિશંકુ જેમ હું આકાશમાં લટકી રહ્યો ॥૨૩॥

અથવા નકામું આપ પાસે નાથ! શું બકવું ઘણું,
હે દેવતાના પૂજ્ય! આ ચરિત્ર મુજ પોતાતણું ।
જાણો સ્વરૂપ ત્રણ લોકનું તો માહરૂં શું માત્ર આ,
જ્યાં ક્રોડનો હિસાબ નહીં ત્યાં પાઈની તો વાત ક્યાં? ॥૨૪॥
ત્હારાથી ન સમર્થ અન્ય દીનનો ઉદ્ધારનારો પ્રભુ!
મ્હારાથી નહી અન્ય પાત્ર જગમાં જોતાં જડે હે વિભુ! ।
મુક્તિ મંગળ સ્થાન! તોય મુજને ઈચ્છા ન લક્ષ્મી તણી,
આપો સમ્યગ્ રત્ન શ્યામ જીવને તો તૃપ્તિ થાયે ઘણી ॥૨૫॥

---

## ॥ શ્રી ઈન્દ્રિય પરાજય શતક ॥

સુચ્ચિય સૂરો સો ચેવ, પંડિઓ તં પસંસિમો નિચ્ચં ।
ઈંદિયચોરેહિં સયા, ન લુંટિઅં જસ્સ ચરણધણં ॥૧॥

તે જ નિશ્ચય શૂરવીર છે, તે જ નિશ્ચય પંડિત છે, અને તેની જ અમે નિત્ય પ્રશંસા કરીએ છીએ કે જેનું ચારિત્ર રૂપી ધન ઇન્દ્રિય રૂપી ચોરોએ નિરંતર લૂંટયું નથી. (૧)

ઈંદિયચવલતુરંગો, દુગ્ગઇમગ્ગાણુધાવિ રે નિચ્ચં ।
ભાવિઅભવસ્સરુવો, રુંભઇ જિણવયણરસ્સીહિં ॥૨॥

ઇંદ્રિયો રૂપી ચપળ ઘોડો નિત્ય દુર્ગતિના માર્ગમાં દોડી રહ્યો છે, તેને સંસારનું સ્વરૂપ જેણે જાણેલું છે એવો જીવ જિનેશ્વરના વચનરૂપી રાશોથી રોકી શકે છે. (૨)

ઇંદિયધુત્તાણમહો, તિલતુસમિત્તંપિ દેસુ મા પસરં ।
જઇ દિન્નો તો નીઓ,
જત્થ ખણો વરસકોડિસમો ॥૩॥

હે જીવ! ઇંદ્રિયો રૂપી ધુતારાઓને તલના ફોતરા જેટલી જગ્યામાં પણ ફેલાવા દઈશ નહિ, અને જો તે ધુતારાઓને ફેલાવા દીધા તો નિશ્ચય જ્યાં એક ક્ષણ તે પણ કરોડો વર્ષ સમાન થાય તેવાં દુ:ખને પમાડશે. (૩)

અઇંજિદિએહિં ચરણં, કટ્ઠંવ ઘુણેહિં કિરઇ અસારં ।
તો ધમ્મત્થીહિં દઢં, જઇયવ્વં ઇંદિયજયંમિ ॥૪॥

ઘુણ (લાકડામાં ઉત્પન્ન થયેલા કીડા) જેમ કાષ્ટને અંદરથી કોતરીને નકામું કરી દે છે, તેમ ઈન્દ્રિયોને ન જીતનારા મનુષ્યો ચારિત્રને નિષ્ફળ કરે છે, માટે ધર્માર્થી જીવોએ ઇન્દ્રિયોને જીતવામાં દઢ ઉદ્યમ કરવો. (૪)

જહ કાગિણીઇ હેઉં, કોડિ રયણાણ હારએ કોઇ ।
તહ તુચ્છવિષયગિદ્ધા, જીવા હારંતિ સિદ્ધિસુહં ॥૫॥

જેમ કોઈ મૂર્ખ પુરૂષ એક કાકણી માટે કરોડો રત્નો હારી જાય છે, તેમ અતિતુચ્છ પાંચ ઈન્દ્રિયોના વિષયમાં આસક્ત થયેલા જીવો મોક્ષ સુખને હારી જાય છે. (૫)

તિલમિત્તં વિસયસુહં, દુહં ચ ગિરિરાયસિંગતુંગયરં ।
ભવકોડીહિં ન નિટ્ઠઇ, જં જાણસુ તં કરિજ્જાસુ ॥૬॥

ઇંદ્રિયોના વિષયનું સુખ તો એક તલ માત્ર છે, અને દુઃખ તો મેરૂ પર્વતના શિખરથી પણ મ્હોટું છે, વળી તે દુઃખ કરોડો ભવે પણ ખાલી થતું નથી. માટે હે જીવ! ઇંદ્રિયોના વિષયનું આવું મહાદુઃખ જાણીને તને ઉચિત લાગે તેમ કર. (૬)

ભુંજંતા મહુરા વિવાગવિરસા, કિંપાગતુલ્લા ઇમે,
કચ્છૂકંડુઅણંવ દુક્ખજણયા, દાવિંતિ બુદ્ધિં સુહે ।
મજઝણ્હે મયતિન્હિઅવ્વ સયયં,
મિચ્છાભિસંધિપ્પયા,
ભુત્તા દિંતિ કુજમ્મજોણિગહણં, ભોગા મહાવેરિણો ।૭।

ભોગવતી વખતે મધુર અને પરિણામે દુઃખદાયી એવા કિંપાકફળ સરખા વિષયો આ ખરજની માફક અનંત દુઃખ ઉત્પન્ન કરનાર છે, એટલે જે ખરજને ખંજવાળતાં તો ઘણું સુખ ઉપજે છે, પણ પરિણામે નખના ઝેરથી તે ખરજમાંથી મોટાં ચાંદા અને ગુંમડાં વિગેરે થાય છે. છતાં પણ સુખની બુદ્ધિ ઉપજાવે છે એટલે ખરજ ખણતો જીવ મનમાં સુખ માને છે. વળી ઉનાળાના તાપથી મધ્યાહ્ન સમયે મૃગતૃષ્ણાની પેઠે મિથ્યા અભિપ્રાયને આપનારા એ વિષયભોગો ભોગવ્યા છતાં દુર્ગતિ રૂપ અટવીમાં ભમાડે છે, માટે વિષયભોગો તે મહાશત્રુ સમાન છે. (૭)

સક્કા અગ્ગિ નિવારેઉં, વારિણા જલઓ વિ હુ ।
સવ્વોદહિજલેણાવિ, કામગ્ગિ દુનિવારઓ ॥૮॥

ખરેખર! બળતો એવો અગ્નિ પાણી વડે નિવારવા- યોગ્ય છે પરંતુ કામરૂપી અગ્નિ તો સર્વ સમુદ્રોના જલ વડે કરીને પણ બુઝવી શકાતો નથી. (૮)

વિસમિવ મુહંમિ મહુરા,
પરિણામનિકામદારુણા વિસયા ।
કાલમણંતં ભુત્તા, અજ્જવિ મુત્તું ન કિં જુત્તા ॥૯॥

વિષની પેઠે પ્રારંભમાં મધુર અને પરિણામે અત્યંત ભયંકર એવા વિષયો અનંતકાળ સુધી ભોગવ્યા તો હવે પણ શું તે વિષયો છોડવા યોગ્ય નથી? (૯)

વિસયરસાસવમત્તો, જુત્તાજુત્તં ન યાણઇ જીવો ।
ઝૂરઇ કલુણં પચ્છા, પત્તો નરયં મહાઘોરં ॥૧૦॥

વિષય રસ રૂપ મદિરા વડે મદોન્મત્ત થયેલો જીવ યુક્ત કે અયુક્ત કંઈ પણ જાણતો નથી અને પાછળથી જ્યારે મહાઘોર નરકમાં જાય છે ત્યારે દીનપણે ઝુરે છે.(૧૦)

જહ નિંબદુમુપ્પન્નો, કીડો કડુઅંપિ મન્નએ મહુરં ।
તહ સિદ્ધિસુહપરુક્ખા, સંસારદુહં સુહં બિંતિ ॥૧૧॥

જેમ લીંબડાના વૃક્ષમાં ઉત્પન્ન થયેલો કીડો લીંબડાની કડવાશને પણ મીઠી માને છે, તેમ મોક્ષ

સુખથી પરોક્ષ જીવો સંસારના દુઃખને સુખ રૂપ માને છે. (૧૧)

અથિરાણ ચંચલાણ ય,
ખણમિત્તસુહંકરાણ પાવાણં ।
દુગ્ગઇનિબંધણાણં, વિરમસુ એઆણ ભોગાણં ।૧૨।

હે આત્મા! અસ્થિર અને ચંચલ તેમજ ક્ષણ માત્ર સુખ કરનારા પાપિષ્ઠ અને દુર્ગતિના કારણરૂપ એવા આ વિષયભોગોથી તું વિરામ પામ. (૧૨)

પત્તા ય કામભોગા, સુરેસુ અસુરેસુ તહય માણુએસુ ।
ન ય તુજ્ઝ જીવ તિત્તી, જલણસ્સ વ કટ્ઠનિયરેણ ।૧૩।

વળી હે જીવ! દેવલોકમાં, દાનવલોકમાં તેમજ મનુષ્ય લોકમાં પણ તને અનેક વિષયભોગ પ્રાપ્ત થયા છતાં પણ કાષ્ઠના સમૂહ વડે જેમ અગ્નિ તૃપ્તિ ન પામે તેમ તને પણ તૃપ્તિ ન થઈ. (૧૩)

જહા ય કિંપાગફલા મણોરમા,
રસેણ વન્નેણ ય ભુંજમાણા ।
તે ખુડ્ડએ જીવિય પચ્ચમાણા,
એઓવમા કામગુણા વિવાગે ।।૧૪।।

હે જીવ! જેમ રસવડે અને રંગવડે મનોહર એવાં ખાધેલાં કિંપાકનાં ફળ જ્યારે ઉદરમાં પચે ત્યારે મરણ

પમાડે છે, તેમ ઉદયમાં આવેલા કામગુણો પણ તેવા જ =કિંપાક સરખા છે. (૧૪)

સવ્વં વિલવિયં ગીયં, સવ્વં નટ્ટં વિડંબણા ।
સવ્વે આભરણા ભારા, સવ્વે કામા દુહાવહા ॥૧૫॥

હે જીવ ! સર્વ ગીત ગાન તે વિલાપ તુલ્ય છે, સર્વ નાટકો તે વિટંબના રૂપ છે, સર્વ આભરણો તે ભાર જેવાં છે, તેમ જ સર્વે વિષયો તે દુઃખ આપનારા છે. (૧૫)

દેવિંદચક્કવટ્ટિત્તણાઇ, રજ્જાઇ ઉત્તમા ભોગા ।
પત્તા અણંતખુત્તો ન ય હં તત્તિં ગઓ તેહિં ॥૧૬॥

દેવેન્દ્રપણું, ચક્રવર્ત્તિપણું, રાજ્ય વગેરે ઉત્તમભોગો, એ સર્વ અનંતીવાર પામ્યો, તો પણ તે દેવેન્દ્રપણાદિ વડે હું લેશમાત્ર પણ સંતોષ ન પામ્યો. (૧૬)

સંસાર–ચક્કવાલે, સવ્વેવિઅ પુગ્ગલા મએ બહુસો ।
આહરિયા ય પરિણામિઆ ય ન ય તેસુ તિત્તોऽહં ॥૧૭॥

સંસારરૂપી ચક્રભ્રમણમાં સર્વ પુદ્ગલોને મેં ઘણીવાર આહાર રૂપે ગ્રહણ કર્યા, અને પરિણમાવ્યા તો પણ હું તે પુદ્ગલોને વિષે તૃપ્તિ ન પામ્યો. (૧૭)

ઉવલેવા હોઇ ભોગેસુ, અભોગી નો વિલિપ્પઇ ।
ભોગી ભમઇ સંસારે, અભોગી વિપ્પમુચ્ચઇ ॥૧૮॥

વિષયભોગી પુરુષોને વિષયભોગને વિષે કર્મનો લેપ થાય છે, પરંતુ અભોગી જીવો રાગાદિક કર્મથી લેપાતા

નથી, માટે જ ભોગી પુરૂષો સંસારમાં પરિભ્રમણ કરે છે, અને અભોગી પુરૂષો કર્મથી મુક્ત થાય છે. (૧૮)

અલ્લો સુક્કો ય દો છઢા, ગોલયા મટ્ટિયામયા ।
દોવિ આવડિઆ કૂડે, જો અલ્લો સો તત્થ લગ્ગઇ ।૧૯।

લીલો અને સૂકો એવા છુટા માટીના બે ગોળા હોય તે બન્ને ગોળાઓને ભીંત સાથે અફળાવ્યા છતાં લીલો ગોળો ભીંતની સાથે ચોંટી જાય છે, (૧૯)

એવં લગ્ગંતિ દુમ્મેહા, જે નરા કામલાલસા ।
વિરત્તાઓ ન લગ્ગંતિ, જહા સુક્કે અ ગોલએ ।૨૦।

એ પ્રમાણે જે મનુષ્યો દુર્બુદ્ધિવાળા અને વિષયોની લાલસાવાળા હોય છે, તે જીવો લીલા ગોળાની પેઠે રાગના અને સ્નેહનાં સાધન રૂપ સ્ત્રી, પુત્ર, પરિવારાદિમાં લપટાઈ જાય છે, પરંતુ વિરક્ત પુરૂષો સૂકા ગોળાની પેઠે લિપ્ત થતા નથી. (૨૦)

તણકટ્ઠેહિં વ અગ્ગી લવણસમુદ્દો નઇસહસ્સેહિં ।
ન ઇમો જીવો સક્કો, તિપ્પેઉં કામભોગેહિં ।૨૧।

જેમ તૃણ અને કાષ્ઠ વડે અગ્નિ તૃપ્ત ન થઈ શકે, જેમ હજારો નદીઓ વડે લવણ સમુદ્ર તૃપ્ત ન થાય તેમ આ જીવને પણ ઘણા કામભોગ રૂપ વિષયો વડે તૃપ્ત ન કરી શકાય. (૨૧)

ભુત્તાણુવિ ભોગસુહં, સુરનરખયરેસુ પુણ પમાએણં ।
।પજ્જઈ નરએસુ ભેરવ, કલકલતઉ તંબપાણાઈ ।૨૨।

દેવલોકમાં, મનુષ્યલોકમાં અને વિદ્યાધરોમાં અનેક પ્રકારનું ભોગ સુખ ભોગવીને પણ ફરીથી પ્રમાદ કરવા વડે નરકમાં ઉત્પન્ન થઈ મહાભયંકર અને ઉકળતા સીસાનું અને ત્રાંબાના રસનું પાન કરે છે, (૨૨)

કો લોભેણ ન નિહઓ ?
કસ્સ ન રમણીહિં ભોલિઅં હિઅયં ।
કો મચ્ચુણા ન ગહિઓ ?
કો ગિદ્ધો નેવ વિસએહિં ? ॥૨૩॥

આ જગતમાં લોભ વડે કોણ નથી હણાયો ! સ્ત્રીઓએ કોનું હૃદય નથી ભોળવ્યું ? મૃત્યુએ કોને ગ્રહણ નથી કર્યો ? અને વિષયોમાં કોણ આસક્ત નથી થયો ? (૨૩)

ખણમિત્તસુક્ખા બહુકાલદુક્ખા,
પગામદુક્ખા અનિકામસુક્ખા ।
સંસારમોક્ખસ્સ વિપક્ખભૂઆ,
ખાણી અણત્થાણઉ કામભોગા ॥૨૪॥

ક્ષણમાત્ર સુખ આપનારા, બહુકાળ સુધી અને અત્યંત દુઃખ આપનારા, અલ્પસુખ આપનારા, અને વળી સંસારની મુક્તિના શત્રુ સરખા (સંસારમાં રઝળાવનારા) એવા કામભોગો તે ખરેખર અનર્થની મોટી ખાણ છે. (૨૪)

સવ્વગ્ગહાણં પભવો, મહાગહો સવ્વદોસપાયટ્ટી ।
કામગ્ગહો દુરપ્પા, જેણડભિભૂઅં જગં સવ્વં ।૨૫।

સર્વ ગ્રહોને ઉત્પન્ન કરનાર, અને સર્વ દોષોને પ્રગટ કરનાર એવો મહાગ્રહ સરખો કામરૂપી ગ્રહ દુરાત્મા છે કે જેણે સર્વ જગતને પરાભવ પમાડયું છે.(૨૫)

જહ કચ્છુલ્લા કચ્છું,
કંડુઅમાણો દુહં મુણઈ સુક્ખં ।
મોહાઉરા મણુસ્સા, તહ કામદુહં સુહં બિંતિ ।૨૬।

જેમ ખરજવાળો મનુષ્ય ખરજને ખણતો છતો તેથી ઉત્પન્ન થયેલા દુઃખને સુખ માને છે, તેમ મોહરૂપી ખરજથી વ્યાકુળ થયેલા મનુષ્યો મોહથી ઉત્પન્ન થયેલા કામરૂપી દુઃખને સુખરૂપ માને છે. (૨૬)

સલ્લં કામા વિસંકામા, કામા આસીવિસોવમા ।
કામે ય પત્થેમાણા, અકામા જંતિ દુગ્ગઈ ॥૨૭॥

કામભોગ એ શલ્ય સમાન છે, કામભોગો વિષ સમાન છે, કામભોગો સર્પ સમાન છે, અને કામભોગોને ઈચ્છતા જીવો કામભોગને ભોગવ્યાં વિના પણ દુર્ગતિમાં જાય છે. (૨૭)

વિસયે અવઇક્ખંતા, પડંતિ સંસારસાયરે ઘોરે ।
વિસયેસુ નિરાવિક્ખા, તરંતિ સંસારકંતારે ॥૨૮॥

વિષયોની ઈચ્છા રાખતા જીવો ભયંકર સંસાર સમુદ્રમાં પડે છે, અને વિષયોની ઈચ્છા વિનાના જીવો સંસારરૂપી જંગલનો પાર પામે છે. (૨૮)

છલિઆ અવઇક્ખંતા,
નિરાવઇક્ખા ગયા અવિગ્ઘેણં ।
તમ્હા પવયણસારે, નિરાવઇક્ખેણ હોઅવ્વં ।૨૯।

વિષયોની અપેક્ષા રાખતા જીવો ઠગાયા છે, અને વિષયોની અપેક્ષા નહિ રાખનારા જીવો નિર્વિઘ્નપણે મોક્ષ-પદને પામ્યા છે. તે કારણથી સિદ્ધાંતનો સાર એજ છે કે વિષયોની અપેક્ષા રાખવી નહિ. (૨૯)

વિસયાવિક્ખો નિવડઇ,
નિરવિક્ખો તરઇ દુત્તરભવોઘં ।
દેવીદીવસમાગય–ભાઉ અજુઅલેણ દિટ્ઠંતો ।।૩૦।।

વિષયની ઇચ્છાવાળો જીવ ભવભ્રમણમાં પડે છે, અને વિષયની ઇચ્છા રહિત થયેલો જીવ દુઃખે કરીને તરવા યોગ્ય એવા ભવ સમુદ્રને તરી જાય છે. અહીં રત્નદેવીના દ્વીપમાં ગયેલા જિનરક્ષિત તથા જિનપાલ એ બે ભાઈ-ઓનું દષ્ટાંત જાણવું. (૩૦)

જં અઇતિક્ખં દુક્ખં,
જં ચ સુહં ઉત્તમં તિલોયંમિ ।
તં જાણસુ વિસયાણં, વુડ્ઢિક્ખયહેઉઅં સવ્વં ।૩૧।

હે આત્મા ! આ ત્રણે જગતમાં જીવોને જે અતિ આકરૂં દુઃખ પ્રાપ્ત થાય છે. અને જે અતિ ઉત્કૃષ્ટ સુખ પ્રાપ્ત થાય છે, તે સર્વ અનુક્રમે વિષયોની વૃદ્ધિ અને ક્ષયના હેતુથી થાય છે એમ તું જાણજે. (૩૧)

ઇંદિયવિસયપસત્તા પડંતિ સંસારસાયરે જીવા ।
પક્ખિવ્વ છિન્નપંખા, સુસીલગુણપેહુણવિહૂણા ।૩૨।

હે આત્મા ! ઇંદ્રિયોના વિષયમાં આશક્ત થયેલા અને ઉત્તમ સદાચાર રૂપી પાંખો વિનાના જીવો છેદાયેલી પાંખવાળા પંખીની માફક સંસારરૂપી સમુદ્રમાં પડે છે. (૩૨)

ન લહઈ જહા લિહંતો,
મુહલ્લિઅં અટ્ઠિઅં જહા સુણઓ ।
સોસઈ તાલુઅરસિઅં,
વિલિહંતો મન્નએ સુક્ખં ॥૩૩॥

જેમ કુતરો પોતાના જ મુખવડે આર્દ્ર થયેલા હાડકાને ચાટતો થકો એમ નથી જાણતો કે તે પોતાના તાળવાના રસને શોષે છે. તે તો પોતાના તાળવાના રસને ચાટતાં છતાં હું હાડકાનો જ રસ ચાટું છું એમ સુખ માને છે.(33)

મહિલાણ કાયસેવી,
ન લહઈ કિંચિવિ સુહં તહા પુરિસો ।
સો મન્નએ વરાઓ, સયકાયપરિસ્સમં સુક્ખં ।૩૪।

તેમ સ્ત્રીઓની કાયાનું સેવન કરનાર પુરુષ કંઈપણ સુખ નથી પામતો, તો પણ તે પામર જીવ પોતાની કાયાના પરિશ્રમને જ સુખ માને છે. (૩૪)

સુટ્ઠુવિ મગ્ગિજ્જંતો,
કત્થવિ કયલીઇ નત્થિ જહ સારો ।
ઇંદિયવિસએસુ તહા, નત્થિ સુહં સુટ્ઠુવિ ગવિટ્ઠં ।૩૫।

જેમ સારી રીતે જોતાં પણ કેળમાં (કીડાઓમાં) ક્યાંય પણ સાર દેખાતો નથી તેમ ઇંદ્રિયના વિષયોમાં પણ સારી રીતે તપાસતાં લેશ પણ સુખ દેખાતું નથી. (૩૫)

સિંગારતરંગાએ, વિલાસવેલાઈ જુવ્વણજલાએ ।
કે કે જયંમિ પુરિસા, નારીનઈએ ન બુડ્ડંતિ ॥૩૬॥

શૃંગારરૂપી તરંગોવાળી, વિલાસરૂપી પ્રવાહવાળી અને જુવાની રૂપી જલવાળી નારી રૂપી નદીમાં જગતની અંદર કયા કયા પુરૂષો નથી ડૂબતા ? (૩૬)

સોઅસરી દુરિઅદરી, કવડકુડી મહિલિઆ કિલેસકરી ।
વઇરવિરોયણઅરણી,
દુક્ખખાણી સુક્ખપડિવક્ખા ॥૩૭॥

આ જગતમાં સ્ત્રી તે શોકની નદી છે, પાપની ગુફા છે, કપટની કુંડી છે, કલેશની કરનારી છે, વૈરરૂપી અગ્નિને ઉત્પન્ન કરવામાં અરણીના કાષ્ઠ સરખી દુઃખની ખાણ છે અને સુખને રોકનારી છે. (૩૭)

અમુણિઅમણપરિકમ્મો,
સમ્મં કો નામ નાસિઉં તરઇ ।
વમ્મહસરપસરોહે, દિટ્ઠિચ્છોહે મયચ્છીણં ॥૩૮॥

નથી જાણ્યું મનનું પરાક્રમ જેણે એવો કયો પુરુષ સ્ત્રીઓના ફેંકેલા કામરૂપ બાણના ફેલાતા સમૂહને અને દૃષ્ટિના કટાક્ષોને સમ્યક્ પ્રકારે નાશ કરવાને સમર્થ છે ? (૩૮)

પરિહરસુ તઓ તાસિં,

દિટ્ઠિં દિટ્ઠિવિસસ્સવ અહિસ્સ ।

જં રમણિનયણબાણા, ચરિત્તપાણે વિણાસંતિ ।૩૯।

માટે હે સુજ્ઞ! દૃષ્ટિવિષ સર્પ સરખી તે સ્ત્રીઓની દૃષ્ટિનો ત્યાગ કર, જે કારણ માટે સ્ત્રીનાં નયન રૂપી બાણો જીવના ચારિત્રરૂપી અભ્યંતર પ્રાણોનો વિનાશ કરે છે. (૩૯)

સિદ્ધંતજલહિપારં,

ગઓવિ વિજિઇંદિઓવિ સૂરોવિ ।

દઢચિત્તોવિ છલિજ્જઇ,

જુવઇપિસાઇહિં ખુડ્ડાહિં ॥૪૦॥

સર્વ સિદ્ધાંતરૂપી સમુદ્રનો પાર પામેલો, વળી વિશેષે કરીને જીતેલી છે ઇંદ્રિયો જેણે એવો અને અતિદૃઢ ચિત્ત-વાળો પુરુષ પણ ક્ષુદ્ર સ્ત્રીરૂપ પિશાચણીથી છેતરાઈ જાય છે. (૪૦)

મણયનવણીયવિલઓ,

જહ જાયઇ જલણસંનિહાણંમિ ।

તહ રમણિસંનિહાણે,

વિદ્દવઇ મણો મુણીણંપિ ॥૪૧॥

જેમ અગ્નિની પાસે રહેવાથી મીણ અને માખણ ઓગળે છે, તેમ સ્ત્રીની પાસે રહેવાથી મુનિઓનું મન પણ પીગળી જાય છે. (અર્થાત્ વિકારવાળું થાય છે.) (૪૧)

નીઅંગમાહિં સુપયોહરાહિં, ઉપ્પિત્થમંથરગઇહિં ।
મહિલાહિં નિમગ્ગાહિવ,
ગિરિવર ગુરુઆવિ ભિજ્જંતિ ॥૪૨॥

નીચા માર્ગમાં ગમન કરનારી (સ્ત્રીના પક્ષમાં ખોટે રસ્તે ચાલનારી) ઉત્તમ પાણીને ધારણ કરનારી, (સ્ત્રીના પક્ષમાં ઉત્તમ સ્તનવાળી) જોવા યોગ્ય મંદગતિવાળી એવી નદી અથવા સ્ત્રી પર્વત જેવા મોટાઓને (મોટા પુરુષોને) પણ ભેદી નાખે છે. (૪૨)

વિસયજલં મોહકલં,
વિલાસબિબ્બોઅજલયરાઇન્નં ।
મયમયરં ઉત્તિન્ના, તારુણ્ણમહન્નવં ધીરા ॥૪૩॥

વિષયરૂપી જલવડે ભરેલા, મોહરૂપી કાદવવાળા, વિલાસ અને હાવભાવરૂપી જળચર જીવો વડે કરીને આકીર્ણ અને મદ–અભિમાન રૂપી મગરમચ્છવાળા તારૂણ્ય રૂપી સમુદ્રને ધીર પુરુષો જ તર્યા છે. (૪૩)

જઇવિ પરિચત્તસંગો.
તવતણુઅંગો તહાવિ પરિવડઇ ।
મહિલાસંસગ્ગીએ, કોસાભવણૂસિયમુણિવ્વ ॥૪૪॥

જો કે સર્વસંગનો ત્યાગ કરનાર, અને તપાદિ વડે કૃશ થયેલા શરીરવાળો પ્રાણી પણ સ્ત્રીઓના સંસર્ગથી, કોશાવેશ્યાના ભવનમાં વસેલા સિંહગુફાવાસી મુનિની પેઠે તપથી અને સંયમથી પતિત થાય છે. (૪૪)

સવ્વગ્ગંથવિમુક્કો, સીઈભૂઓ પસંતચિત્તો અ ।
જં પાવઈ મુત્તિસુહં, ન ચક્કવટ્ટીવિ તં લહઈ ।૪૫।

સર્વગ્રંથી રહિત થયેલો અને ક્રોધાદિનો ત્યાગ કરવાથી શાન્ત થયેલો તથા અનેક સાંસારિક ઉપાધિઓનો ત્યાગ કરવાથી પ્રશાન્ત ચિત્તવાળો થયેલો જીવ જે નિર્લોભતાનું સુખ પામે છે, તે સુખ છ ખંડનો ધણી ચક્રવર્તી પણ પામતો નથી. (૪૫)

ખેલંમિ પડિઅમપ્પં,
જહ ન તરઈ મચ્છિઆવિ મોએઉં ।
તહ વિસયખેલપડિઅં,
ન તરઈ અપ્પંપિ કામંધો ।।૪૬।।

જેમ ગળફામાં પડેલી માખી પોતાના શરીરને તેમાંથી બહાર કાઢવા સમર્થ થતી નથી, તેમ કામભોગમાં અંધ થયેલો જીવ વિષયરૂપી ગળફામાં પડેલા પોતાના પ્રાણનો ઉદ્ધાર કરી શકતો નથી. (૪૬)

જં લહઈ વીયરાઓ,
સુક્ખં તં મુણઈ સુચ્ચિય ન અન્નો ।
ન હિ ગત્તાસૂઅરઓ. જાણઈ સુરલોઈઅં સુક્ખં ।૪૭।

શ્રી વીતરાગ ભગવાન નિર્મોહીપણાનું જે સુખ અનુભવે છે, તે સુખ તે શ્રી વીતરાગ જ જાણે છે, પણ બીજો જાણતો નથી. વિષ્ટાનો આહાર કરી ઉકરડામાં રહેનારો

ભૂંડ તે દેવલોક સંબંધી સુખને કેવી રીતે જાણી શકે ? (૪૭)

જં અજજવિ જીવાણં,
વિસએસુ દુહાસવેસુ પડિબંધો ।
તં નજજઈ ગુરુઆણ વિ,
અલંઘણિજ્જો મહામોહો ॥૪૮॥

જે કારણ માટે દુઃખ આપનારા એવા વિષયોમાં જીવોને હજી સુધી રાગ છે, તે કારણથી જાણીએ છીએ કે મહામોહ તે મોટા પુરુષોને પણ ઉલ્લંઘન કરવો અશકય છે. (૪૮)

જે કામંધા જીવા રમંતિ વિસુએસુ તે વિગયસંકા ।
જે પુણ જિણવયણરયા, તે ભીરુ તેસુ વિરમંતિ ।૪૯।

કામભોગમાં અંધ થયેલા જીવો શંકારહિત થઈને વિષયોમાં રમણ કરે છે, અને જે પુરુષો જિનેશ્વરના વચનમાં રક્ત થયેલા છે, તેઓ સંસારથી ભય પામીને વિષયોથી વિરામ પામે છે. (૪૯)

અસુઇમુત્તમલપવાહરુવયં,
વંતપિત્તવસમજજફોફસં- ।
મેયમંસબહુહડ્ડકરંડયં,
ચમ્મમિત્તપચ્છાઇયજુવઇઅંગયં ॥૫૦॥

અશુચિ, મૂત્ર અને વિષ્ટાના પ્રવાહ રૂપ, વમન, પિત્ત, નસો, ચરબી, મજ્જા, ફેફસાંવાળું, મેદ, માંસ અને ઘણા હાડકાંના, કરંડીયા રૂપ તથા ચામડી માત્ર વડે ઢાંકેલું એવું સ્ત્રીનુ અંગ છે. (૫૦)

મંસં ઇમં મુત્તપુરીસમીસં,
સિંધાણ–ખેલ ઇઅનિજ્ઝરંતં ।
એઅં અણિચ્ચં કિમિઆણ વાસં,
પાસં નરાણં મઇબાહિરાણં ॥૫૧॥

માંસવાળું તથા મૂત્ર અને વિષ્ટા વડે યુક્ત, તથા લીંટ અને શ્લેષ્માદિકે ઝરતું, અનિત્ય અને કૃમિ જીવોના નિવાસરૂપ આ શરીર તે મતિથી વિમુખ થયેલા પુરુષોને પાશ રૂપ છે. (૫૧)

પાસેણ પંજરેણ ય, બજ્ઝંતિ ચઉપ્પયા ય પક્ખીઇ ।
ઇય જુવઇપંજરેણ ય, બદ્ધા પુરિસા કિલિસ્સંતિ ।૫૨।

જેમ દોરડા વગેરેના પાશ વડે ચતુષ્પદ જીવો બંધાય છે, અને પાંજરા વડે પક્ષીઓ બંધાય છે, તેમ સ્ત્રી રૂપી પાંજરા વડે બંધાયેલા પુરુષો અનેક પ્રકારના કૂલેશને પામે છે. માટે સ્ત્રી રૂપી પીંજરાનો ત્યાગ કરવા પ્રયત્ન કરવો. (૫૨)

અહો મોહો મહામલ્લો, જેણં અમ્મારિસા વિ હુ ।
જાણંતાવિ અણિચ્ચત્તં,
વિરમંતિ ન ખણપિ હુ ॥૫૩॥

અહો! મોહરૂપી મલ્લ બહુ જ મોટો છે. જે કારણ માટે અમારા સરખા પદાર્થોનું અનિત્યપણું જાણતા છતાં પણ નિશ્ચે એક ક્ષણમાત્ર પણ મોહથી વિરામ પામતા નથી. (૫૩)

જુવઇહિં સહ કુણંતો, સંસગ્ગિં કુણઇ સયલદુક્ખેહિં।
નહિ મુસગાણં સંગો, હોઇ સુહો સહ બિલાડેહિં।૫૪।

જેમ ઉંદર બિલાડીની સાથે સંસર્ગ કરવાથી સુખ પામતો નથી, તેમ સ્ત્રીની સાથે સંસર્ગ કરવાથી પુરુષ કોઈ જાતનું સુખ પામતો નથી, પણ સર્વ દુઃખોને ઉત્પન્ન કરે છે. (૫૪)

હરિહરચઉરાણણચંદ–સૂરખંદાઇણોવિ જે દેવા।
નારીણ કિંકરત્તં, કુણંતિ ધિદ્ધી વિસયતિન્હા।૫૫।

વિષ્ણુ, મહાદેવ, બ્રહ્મા, ચંદ્ર, સૂર્ય અને કાર્તિક સ્વામી વગેરે જે દુનિયામાં મોટા દેવરૂપે મનાય છે. તેઓ પણ વિષયના પ્રભાવ વડે સ્ત્રીઓનું દાસપણું કરે છે. માટે એ વિષયની તૃષ્ણાને ધિક્કાર હો! ધિક્કાર હો! (૫૫)

સિયં ચ ઉન્હં ચ સહંતિ મૂઢા,
ઇત્થીસુ સત્તા અવિવેઅવંતા।
ઇલાઇપુત્તં વ ચયંતિ જાઈ,
જિઅં ચ નાસંતિ અ રાવણુવ્વ ।।૫૬।।

સ્ત્રીઓને વિષે આસક્ત થયેલા અવિવેકી અને મૂઢ પુરુષો ટાઢ અને તડકો સહન કરે છે, વળી ઇલાચી પુત્રની પેઠે

પોતાની ઉત્તમ જાતિ અને કુલ છોડે છે, અને સીતાનું હરણ કરનાર રાંવણની પેઠે જીવિતનો નાશ કરે છે. (૫૬)

વુત્તુણવિ જીવાણું, સુદુક્કરાયંતિ પાવચરિયાઈ ।
ભયવં જા સા સા સા, પચ્ચાએસો હુ ઇણિમા તે ।૫૭।

આ જગતમાં જીવોને પોતાનાં પાપ–આચરણો પ્રકાશવાં તે અતિદુષ્કર છે તેથી અત્યંત પાપાચરણ કરનાર એક ભિલ્લે ભગવંતને પ્રશ્ન કર્યો કે હે ભગવંત! જેની સાથે હું પાપાચરણ સેવું છું તે મારી બેન છે? ભગવંતે કહ્યું, તે સ્ત્રી તારી બેન જ છે. નિશ્ચે એ જ તને પ્રત્યાદેશ (જવાબ) છે. (એ કથાનો વિસ્તાર ઉપદેશ માળાથી જાણવો). (૫૭)

જલલવતરલં જીઅં, અથિરા લચ્છીવિ ભંગુરો દેહો ।
તુચ્છા ય કામભોગા, નિબંધણું દુક્ખલક્ખાણં ।૫૮।

હે આત્માં! આ જીવતર દર્ભના અગ્રભાગ પર રહેલા–પાણીના બિંદુ સરખું ચપળ છે, વળી આ લક્ષ્મી પણ અસ્થિર છે, દેહ પણ ક્ષણભંગુર છે, તથા સ્ત્રીઆદિકના જે વિષય ભોગો તે સાર વિનાના અને લાખો દુઃખના કારણ છે. માટે એ સર્વ ત્યાગ કરવાને પ્રયત્ન કરવો એ જ સાર છે. (૫૮)

નાગો જહા પંકજલાવસન્નો,
દટ્ઠું થલં નાભિસમેઈ તીરં ।

એવં જિઆ કામગુણેસુ ગિદ્ધા,

સુધમ્મમગ્ગે ન રયા હવંતિ ॥૫૯॥

જેમ કાદવવાળા જળમાં ખુંચી રહેલો હાથી કિનારાની ભૂમિને દેખે છે છતાં પણ કાંઠે આવી શકતો નથી, તેમ કામ-વિષયને વિષે આસક્ત થયેલા જીવો શુદ્ધ ધર્મરૂપી માર્ગમાં લીન થતા નથી. (૫૯)

જહ વિટ્ઠપુંજખુત્તો, કિમી સુહં મન્નએ સયાકાલં ।

તહ વિસયાસુઇસત્તો, જીવો વિ મુણઇ સુહં મૂઢો ।૬૦।

જેમ વિષ્ટાના સમૂહમાં ખુંચી રહેલો કીડો સદાકાળ તેમાં જ સુખ જ માને છે, તેમ વિષયરૂપી અશુચિમાં આસક્ત થયેલો મૂર્ખ જીવ પણ સુખ જ માને છે. (૬૦)

મયરહરોવ જલેહિં, તહવિ હુ દુપ્પૂરઓ ઇમે આયા ।

વિસયામિસંમિ ગિદ્ધો,

ભવે ભવે વચ્ચઇ ન તત્તિં ॥૬૧॥

જેમ જળ વડે કરીને સમુદ્ર પૂરવો દુષ્કર છે, તેના કરતાં પણ વિષયરૂપ માંસમાં આસક્ત થયેલો આ આત્મા દુઃખે કરીને પૂરવા યોગ્ય છે. (કેમકે)-કોઈ ભવમાં કોઈ જાતની તૃપ્તિ પામતો નથી. (૬૧)

વિસયવિસટ્ટા જીવા, ઉબ્ભડરૂવાઇએસુ વિવિહેસુ ।

ભવસયસહસ્સદુલહં,

ન મુણંતિ ગયંપિ નિઅ-જમ્મં ॥૬૨॥

વિષયરૂપી વિષથી પીડાયેલા જીવો વિવિધ પ્રકારના ઉત્કૃષ્ટ રૂપાદિકમાં આસક્ત થઈને લાખો ભવમાં પણ દુર્લભ એવા પોતાનો મનુષ્ય જન્મ વ્યતીત થાય છે, તે પણ નથી જાણતા, પરંતુ હજી ઘણું જીવવાનું છે એમ જ જાણે છે. (૬૨)

ચિટ્ઠંતિ વિસયવિવસા,
મુત્તૂણ લજ્જંપિ કેવિ ગયસંકા ।
ન ગણંતિ કેવિ મરણં,
વિસયંકુસસલ્લિયા જીવા ॥૬૩॥

વિષમાં પરવશ થયેલા એવા કેટલાક જીવો લજ્જા પણ છોડી દઈને શંકારહિત થયા છતાં અનેક પ્રકારની વિષય ચેષ્ટાઓ કરે છે, અને વિષયરૂપી અંકુશ વડે શલ્યવાળા થયેલા જીવો મરણને પણ નથી ગણતા. (૬૩)

વિસયવિસેણં જીવા,
જિણધમ્મં હારિઊણ હા નરયં ।
વચ્ચંતિ જહા ચિત્તય–
નિવારિઓ બંભદત્તનિવો ॥૬૪॥

ઘણી ખેદની વાત છે કે–જગતના જીવો વિષયરૂપી વિષના પ્રભાવ વડે ચિંતામણિ સરખો જૈનધર્મ હારી જઈને જેમ ચિત્રક મુનિએ નિવારણ કર્યા છતાં પણ બ્રહ્મદત્ત ચક્રવર્ત્તિ નરકે ગયો તેમ નરકમાં જાય છે. (૬૪)

ધિદ્ધી તાણ નરાણં, જે જિણવયણામયંપિ મુત્તૂણં ।
ચઉગઇવિડંબણકરં, પિયંતિ વિસયાસવં ઘોરં ॥૬૫॥

જે મનુષ્યો જિનેશ્વરના વચનરૂપી અમૃતને પણ છોડીને ચાર ગતિમાં પરિભ્રમણ દ્વારા વિટંબના આપનાર અને ભયંકર એવી વિષયરૂપ મદિરા પીએ છે તે મનુષ્યોને ધિક્કાર હો ! ધિક્કાર હો ! (૬૫)

મરણેવિ દીણવયણં માણધરા જે નરા ન જંપંતિ ।
તે વિહુ કુણંતિ લલ્લિં, બાલાણં નેહગહગહિલા ॥૬૬॥

મોટા માનને ધારણ કરનારા જે મહા અભિમાની પુરુષો મરણ સુધી પણ દીન વચન નથી બોલતા, તેવા પુરુષો પણ સ્ત્રીઓના સ્નેહરૂપી ગ્રહ વડે પાગલ થઈને સ્ત્રીઓની આગળ દીન વચન બોલે છે. (૬૬)

સક્કોવિ નેવ ખંડઈ, માહપ્પ–મડુપ્ફુરં જએ જેસિં ।
તેવિ નરા નારીહિં, કરાવિઆ નિઅય દાસત્તં ॥૬૭॥

જગતમાં જે મનુષ્યોનું માહાત્મ્ય અને આડંબર શક્રેન્દ્ર સરખા પણ ન ખંડી શકે તેવા પુરુષોની પાસે પણ સ્ત્રીઓએ પોતાનું દાસપણું કરાવ્યું ! એ સ્ત્રીનો મોહ કોઈ વિચિત્ર જ છે. (૬૭)

જઉનંદણો મહપ્પા, જિણભાયા વયધરો ચરમદેહો ।
રહનેમી રાયમઈ, રાયમઈકાऽसि ही विसया ॥૬૮॥

જાદવનો પુત્ર, મહાત્મા, શ્રીનેમિનાથ જિનેશ્વરનો ભાઈ, ચારિત્ર-વ્રતને ધારણ કરનાર અને ચરમ શરીરી એવા ગુફામાં કાઉસ્સગ્ગ કરનાર રથનેમિ પણ રાજીમતિ સાધ્વી પ્રત્યે વિષય બુદ્ધિવાળા થયા. માટે વિષયોને ધિક્કાર છે! (૬૮)

મયણપવણેણ જઇ
તારિસાવિ સુરસેલનિચ્ચલાચલિયા ।
તા પક્કપત્તસત્તાણ, ઇયરસત્તાણ કા વત્તા ॥૬૯॥

જ્યારે કામદેવરૂપી પવનના ઝપાટા વડે તેવા પ્રકારના મેરૂ પર્વત સરખા નિશ્ચલ મહાત્માઓ પણ ચળાયમાન થઈ ગયા, તો પાકા પાંદડા સરખા બીજા પામર જીવોની તો વાત જ શી? (૬૯)

જિપ્પંતિ સુહેણં ચિય, હરિકરિસપ્પાઇણો મહાકૂરા ।
ઇક્કુચ્ચિય દુજ્જેઓ,
કામો કયસિવસુહવિરામો ॥૭૦॥

સિંહ, હાથી અને સર્પ વિગેરે મહાક્રૂર પ્રાણીઓ સુખે કરીને જીતાય છે. પરંતુ મોક્ષસુખનો રોધ કરનાર એક કામદેવ જ મહાદુર્જય છે. (૭૦)

વિસમા વિસયપિવાસા,
અણાઇભવભાવણાઇ જીવાણં ।

અઇદુજ્જેયાણિ ઈંદિઆણિ,

તહ ચંચલં ચિત્તં ॥૭૧॥

જીવોને વિષયવાસના રૂપ તરસ અતિ તીવ્ર છે, સંસાર ભાવના અનાદિ કાળની છે, ઇન્દ્રિયો પણ દુઃખે કરીને જીતવા યોગ્ય છે, અને ચિત્ત પણ ચંચળ છે. માટે ધર્મ વિના આ જીવનો મોક્ષ નથી. (૭૧)

કલમલઅરઇઅસુક્ખં, વાહીદાહાઈ વિવિહદુક્ખાઈ।
મરણંપિ હુ વિરહાઇસુ,

સંપજ્જઇ કામતવિઆણં ॥૭૨॥

કામદેવ રૂપી તાપ વડે અતિ તપી ગયેલા પુરુષોને કલમલ, (વિશેષ ગભરાટ) અરતિ વગેરે દુઃખ, વ્યાધિ અને દાહ વગેરે વિવિધ પ્રકારનાં દુઃખો, તેમ જ સ્ત્રીનો વિરહાદિ થયે છતે મરણ પ્રાપ્ત થાય છે. (૭૨)

પંચિંદિઅવિસયપસંગરેસિ,

મણવયણકાય નવિ સંવરેસિ ।

તં વાહિસિ કત્તિઅ ગલપએસિ,

જં અટ્ઠકમ્મ નવિ ણિજ્જરેસિ ॥૭૩॥

હે જીવ! જો તું પાંચ ઇન્દ્રિયોના વિષયનો પ્રસંગ કરે છે, વળી મન, વચન અને કાયાને સંવરતો નથી, તેમ જ આઠ કર્મને નિર્જરતો નથી, તો હે જીવ! ખરેખર તું તારા ગળા ઉપર જ કાતર ચલાવે છે. (૭૩)

કિં તુમંધો- સિ કિંવા સિ ધત્તૂરિઓ,
અહવ કિં સન્નિવાએણ આઊરિઓ ।
અમયસમધમ્મ જં વિસય અવમન્નસે,
વિસયવિસ વિસમ અમિયં વ બહુ મન્નસે ।૭૪।

હે આત્મા! તું શું અંધ બની ગયો છે? કે શું ધંતુરો પીધો છે? અથવા શું સન્નિપાત રોગ વડે રોગી બની ગયો છે? કે જેથી અમૃત સરખા ધર્મને તું વિષની પેઠે અવગણે છે? અને ભયંકર વિષયરૂપી વિષને તું અમૃતની પેઠે બહુમાન કરે છે? (૭૪)

તુજ્જ તહ નાણવિન્નાણગુણડંબરો,
જલણજાલાસુ નિવડંતુ જિય નિબ્ભરો ।
પયઇવામેસુ કામેસુ જં રજ્જસે,
જેહિં પુણપુણવિ નરયાનલે પચ્ચસે ।।૭૫।।

હે જીવ! તેવા પ્રકારના મોટા જ્ઞાન, વિજ્ઞાન અને ગુણનો તે તારો આડંબર અતિશયપણે અગ્નિની જ્વાળામાં પડો, કારણ કે જે કામ–વિષયો વડે તું વારંવાર નરકની અગ્નિમાં પકાય છે, તેવા જ સ્વભાવે કરીને પ્રતિકૂળ એવા કામભોગમાં રાજી થાય છે, માટે તારો ગુણનો આડંબર ફોગટ છે. (૭૫)

દહઈ ગોસીસસિરિખંડ છારક્કએ,
છગલગહણ મેરાવણં વિક્કએ ।

કપ્પતરુ તોડિ એરંડ સો વાવએ,

જુજિવિસએહિં મણુઅત્તણં હારએ ॥૭૬॥

આ જગતમાં જે મનુષ્ય અલ્પ વિષય સુખને માટે આખું મનુષ્યપણું હારી જાય છે, તે મનુષ્ય ખરેખર રાખ મેળવવાને માટે ઉત્તમ ગોશીર્ષ ચંદન બાળે છે, બકરી લેવાને માટે ઐરાવત હાથી વેચી દે છે અને કલ્પવૃક્ષને ઉખેડી એરંડાનું ઝાડ વાવે છે, એ ખરેખર મૂર્ખતા જ છે. (૭૬)

અધુવં જીવિઅં નચ્ચા, સિદ્ધિમગ્ગં વિઆણિઆ ।
વિણિઅટ્ટિજ્જ ભોગેસુ,

આઉં પરિમિઅમપ્પણો ॥૭૭॥

પ્રાણીનું આયુષ્ય અસ્થિર છે, માટે મોક્ષ માર્ગને જાણીને વિષયભોગથી વિરામ પામવું, કારણ કે આપણું આયુષ્ય મર્યાદિત છે. (૭૭)

સિવમગ્ગસંઠિઆણ વિ,

જહ દુજ્જેઆ જિઆણ પણવિસયા ।
તહ અન્નં કિંપિ જએ,

દુજ્જેઅં નત્થિ સયલેવિ ॥૭૮॥

મોક્ષ માર્ગમાં પ્રવર્ત્તતા જીવોને પણ પાંચ ઇન્દ્રિયના વિષયો જેવા દુઃખે કરીને જીતવા યોગ્ય છે, તેવું સઘળા જગતમાં બીજું કાંઈપણ દુર્જેય નથી. અર્થાત્ સઘળા

જગતમાં પાંચ ઇન્દ્રિયોના વિષયો જીતવા તે જ અતિ દુષ્કર છે. બાકી સર્વ તો સુલભ છે. (૭૮)

સવિડં ઉબ્ભડરૂવા, દિટ્ઠા મોહેઇ જા મણં ઇત્થી ।
આયહિયં ચિંતંતા, દૂરયરેણં પરિહરંતિ ॥૭૯॥

વિકારવાળી અને ઉત્કૃષ્ટ રૂપવાળી એવી જે સ્ત્રી દૃષ્ટિમાં આવેથી મનને મોહ પમાડે છે, તેવી સ્ત્રીને આત્માનું કલ્યાણ ઇચ્છનારા પુરૂષો દૂરથી જ તજે છે. (૭૯)

સચ્ચં સુઅંપિ સીલં, વિન્નાણં તહ તવંપિ વેરગ્ગં ।
વચ્ચઇ ખણેણ સવ્વં, વિસયવિસેણં જઇણંપિ ।૮૦।

વિષયરૂપી વિષના વિકાર વડે મુનિ મહાત્માનું પણ સત્યવાદીપણું, સિદ્ધાંતનું જ્ઞાન, સદાચાર, વિજ્ઞાન, તેમજ તપ અને વૈરાગ્ય એ એક ક્ષણમાત્રમાં વિનાશ પામે છે. (૮૦)

રે જીવ મઇવિગપ્પિય–નિમેસસુહલાલસો કહં મૂઢ ।
સાસયસુહમસમતમં,
હારિસિ સસિસોઅરં ચ જસં ॥૮૧॥

રે મૂઢ જીવ! પોતાની મતિકલ્પના વડે કલ્પેલા અને નિમેષ માત્રના સુખમાં લોલુપી થઈને જેના સમાન બીજું કોઈ સુખ નથી એવા મોક્ષસુખને અને ચંદ્ર સરખા ઉજ્વળ એવા ઉપાર્જન કરેલા યશને શા માટે હારી જાય છે? (૮૧)

પજ્જલિઓ વિસયઅગ્ગિ,
ચરિત્તસારં ડહિજ્જ કસિણંપિ ।
સમ્મત્તંપિ વિરાહિઅ,
અણંતસંસારિઅં કુજ્જા ॥૮૨॥

જાજ્વલ્યમાન થયેલો એવો વિષયરૂપ અગ્નિ સઘળા ચારિત્રોના સારને બાળી દે છે, અને સમ્યક્ત્વની વિરાધના કરીને અનંત સંસારમાં રખડાવે છે. (૮૨)

ભીસણભવકંતારે,
વિસમા જીવાણ વિસયતિન્હાઓ ।
જીએ નડિયા ચઉદ્દસ-
પૂવ્વીવિ રુલંતિ હુ નિગોએ ॥૮૩॥

ભયંકર ભવરૂપી અટવીમાં સર્વ જીવોને વિષય-તૃષ્ણા જ વિષમ છે, કે જે વિષય તૃષ્ણાથી પીડા પામીને ચૌદ પૂર્વી સરખા મહાત્માઓ પણ નિશ્ચે નિગોદમાં રડવડે છે. (૮૩)

હા વિસમા હા વિસમા,
વિસયા જીવાણં જેહિં પડિબદ્ધા ।
હિંડંતિ ભવસમુદ્દે, અણંત દુક્ખાઈ પાવંતા ।૮૪।

અહો! જીવોને પાંચ ઇન્દ્રિયોના વિષયો અતિ વિષમ છે. કે જે વિષયો વડે બંધાયેલા જીવો અનંત દુઃખોને પામતા છતા ભવરૂપી સમુદ્રમાં રખડે છે. (૮૪)

માઇંદજાલચવલા,

વિસયા જીવાણ વિજ્જુતેઅસમા ।

ખણદિટ્ઠા ખણનટ્ઠા, તા તેસિં, કા હુ પડિબંધો ।૮૫।

માયાવી ઇન્દ્રજાળ જેવા ચપળ અને વીજળીના ઝબકારા સમાન વિષયો જીવોને ક્ષણમાં દેખાય છે અને ક્ષણમાં નાશ પામે છે, તો તેવા વિષયોમાં પ્રતિબંધ રાગ શું કરવો ? (૮૫)

સત્તૂ વિસં પિસાઓ,

વેઆલો હુઅવહો વ પજ્જલિઓ ।

ત ન કુણઇ જં કુવિઆ, કુણંતિ રાગાઇણો દેહે ।૮૬।

હે આત્મા ! શત્રુ, વિષ, પિશાચ, વેતાલ અને જાજ્વલ્યમાન અગ્નિ એ સર્વે પણ કોપ્યા થકી તેવો અપકાર (અવગુણ) નથી કરતા કે જેવો અપકાર શરીરાદિ પર રહેલા અને કોપ પામેલા રાગ–દ્વેષાદિ કરે છે. (૮૬)

જો રાગાઇણ વસે, વસંમિ સો સયલદુક્ખલક્ખાણં ।

જસ્સ વસે રાગાઈ, તસ્સ વસે સયલસુક્ખાઈં ।૮૭।

જે જીવો રાગદ્વેષાદિના વશમાં પડેલા છે, તે સર્વ જીવો લાખો દુઃખના જ વશમાં પડેલા છે. અને જે જીવોના વશમાં રાગાદિક પડેલા છે, તેના વશમાં સર્વ સુખો પડેલાં છે. એમ ઉલટપાલટ જાણવું. (૮૭)

કેવલદુહનિમ્મવિએ, પડિઓ સંસારસાયરે જીવો ।
જં અણુહવઇ કિલેસં, તં આસ્સવહેઉઅં સવ્વં ।૮૮।

કેવળ દુઃખ જ નિર્માણ કરેલું છે જેમાં, એવા સંસારરૂપી સમુદ્રમાં પડેલો જીવ જે દુઃખને અનુભવે છે, તે સર્વ દુઃખનું આશ્રવ એ જ કારણ છે. તેથી આશ્રવનો ત્યાગ કરવો એજ સર્વ સુખનું પરમ કારણ છે. (૮૮)

હી સંસારે વિહિણા, મહિલારૂવેણ મંડિઅં જાલં ।
બજ્ઝંતિ જત્થ મૂઢા,
માણુઆ તિરિઆ સુરા અસુરા ॥૮૯॥

અહો ! આ સંસારમાં વિધાતાએ સ્ત્રીરૂપી જાળ માંડેલી છે (રચેલી છે) કે જે જાળમાં મૂઢ એવા મનુષ્યો, તિર્યંચો, દેવો અને દાનવો સર્વ ફસાય છે. (૮૯)

વિસમા વિસયભુયંગા,
જેહિં ડસિયા જિઆ ભવવણંમિ ।
કીસંતિ દુહગ્ગીહિં, ચુલસીઇજોણિલક્ખેસુ ॥૯૦॥

અતિ આકરા વિષવાળા એવા વિષયરૂપી સર્પો જેઓને ડસેલા છે, તેવા સંસારી જીવો ભવરૂપી અટવીમાં ૮૪ લાખ જીવયોનિને વિષે ભ્રમણ કરતા દુઃખ રૂપ અગ્નિ વડે કલેશ પામે છે. (૯૦)

સંસારચારગિમ્હે, વિસયકુવાએણ લુક્કિયા જીવા ।
હિયમહિઅં અમુણંતા,
અણુહવંતિ અણંતદુક્ખાઇં ॥૯૧॥

આ સંસાર ભ્રમણ રૂપી ગ્રીષ્મ ઋતુમાં વિષય રૂપી કુપવન વડે (ઉષ્ણ વાયરા વડે) લુક પામેલા (તપેલા–જ્વર ચઢેલા) જીવો હિત અને અહિતને નહિ જાણતા છતાં અનંત દુઃખોને અનુભવે છે. (૯૧)

હા હા દુરંતદુટ્ઠા, વિસયતુરંગા કુસિક્ખિઆ લોએ ।
ભીસણભવાડવીએ, પાડંતિ જિઆણ મુદ્ધાણં ।૯૨।

અહો ! ઘણા ખેદની વાત છે કે અત્યંત દુષ્ટ અને દુઃશિક્ષિત એવા વિષયરૂપી ઘોડાઓ આ સંસારમાં ભોળા જીવોને ભયંકર ભવરૂપી અટવીમાં પાડે છે. (રખડાવે છે)(૯૨)

વિસયપિવાસાતત્તા, રત્તા નારીણ પંકિલસરંમિ ।
દુહિયા દીણા ખીણા, રુલંતિ જીવા ભવવણંમિ ।૯૩।

વિષય રૂપી તૃષા વડે વ્યાકુળ થયેલા જે જીવો સ્ત્રી રૂપી ઘણા કાદવવાળા સરોવરમાં આસક્ત થયા તે દુઃખી, દીન અને ક્ષીણ જીવો ખરેખર આ સંસાર રૂપ અટવીમાં રઝળે છે (૯૩)

ગુણકારિઆઈ ધણિયં,
ધિઈ રજ્જુ નિયંતિઆઈ તુહ જીવ ।
નિયયાઈ ઇંદિયાઇ, વલ્લિનિઅત્તા તુરંગુવ્વ ॥૯૪॥

હે જીવ ! બળવાન પણ, વશ, કરેલા ઘોડાની પેઠે (વશ કરેલો ઘોડો જેમ ઘણા ગુણ કરનારો હોય છે તેમ) સંતોષ રૂપી રજ્જુ વડે વશ કરેલી પોતાની ઇન્દ્રિયો તને

ઘણો જ ગુણ કરનારી થશે. માટે ઇન્દ્રિયોને વશ કરવી એજ ઉપદેશ છે. (૯૪)

મણ વયણકાયજોગા, સુનિયત્તાવિ ગુણકરા હુંતિ ।
અનિયત્તા પુણ ભંજંતિ,
મત્તકરિણુવ્વ સીલવણં ॥૯૫॥

સારી રીતે વશ કરેલા મન વચન અને કાયાના યોગ ઘણા ગુણ કરનારા જ હોય છે, અને નહિ વશ કરેલા એવા તે મન, વચન, કાયાના યોગ મહોન્મત્ત હાથીની પેઠે શીલરૂપી વનને ભાંગી વિનાશ કરે છે. (૯૫)

જહ જહ દોસા વિરમઇ,
જહ જહ વિસએહિં હોઇ-વેરગ્ગં ।
તહ તહ વિન્નાયવ્વં, આસન્નં સેઅ પરમપયં ॥૯૬॥

જેમ જેમ જીવ દોષથી વિરામ પામે છે (અટકે છે) અને જેમ જેમ વિષયોથી વૈરાગ્ય ભાવ પ્રગટ થાય છે, તેમ તેમ તે જીવને મોક્ષ સુખ નજીકમાં આવતું જાય છે. (એમ જાણવું, માટે વિષયાદિકથી વિરામ પામવું એજ સાર છે.) (૯૬)

દુક્કરમેએહિં કયં, જેહિં સમત્થેહિં જુવ્વણત્થેહિં ।
ભગ્ગં ઇંદિઅસિન્નં, ધિઇપાયારં વિલગ્ગેહિં ॥૯૭॥

ખરેખર દુષ્કર કાર્ય તો તેઓએ જ કર્યું કહેવાય કે જે પુરૂષોએ ધૈર્ય વા સંતોષ રૂપી કિલ્લાને વળગીને

પોતાના સમર્થપણાથી યુવાવસ્થામાં ઇન્દ્રિયો રૂપ સૈન્યને નાશ પમાડયું. (અર્થાત્ જેઓએ યુવાનીમાં ઇન્દ્રિયોને જીતી છે તેઓને ધન્ય છે. (૯૭)

તે ધન્ના તાણ નમો, દાસોઽહં તાણ સંજમધરાણં ।
અદ્ધચ્છીપિચ્છરિઓ,
જાણ ન હિઅએ ખડુક્કંતિ ॥૯૮॥

આ જગતમાં તે પુરૂષોને જ ધન્ય છે, અને તે પુરૂષોને જ નમસ્કાર થાઓ અને તે જ સંયમધર મુનિ મહારાજનો હું દાસ છું કે જેઓના હૃદયમાં કટાક્ષથી જોનારી સ્ત્રીઓ લેશમાત્ર પણ ખટકતી નથી. (૯૮)

કિં બહુણા જઈ વંછસિ,
જીવ તુમં સાસયં સુહં અરુઅં ।
તા પિઅસુ વિસયવિમુહો,
સંવેગરસાયણં નિચ્ચં ॥૯૯॥

હે સંસારી જીવ! ઘણું કહેવાથી શું! જો તું રોગ-રહિત એટલે નિરાબાધ એવા શાશ્વત સુખની ઇચ્છા રાખતો હોય તો વિષયોથી વિમુખ થઈને હંમેશાં સંવેગ રૂપી રસાયણનું પાન કર. (૯૯)

---

**નોંધ** : આ શતકની ગાથા ૯૯ છે, અને સો ગાથાનું શતક કહેવાય છે. પરંતુ ૧ ગાથા ઓછી છે; તે ઉપલબ્ધ નથી.

# શ્રી સિંદૂર પ્રકર

સિંદૂરપ્રકરસ્તપઃકરિશિરઃક્રોડે કષાયાટવી–
દાવાર્ચિર્નિચયઃ પ્રબોધદિવસપ્રારંભસૂર્યોદયઃ ।
મુક્તિસ્ત્રીકુચકુમ્ભકુંકુમરસઃ શ્રેયસ્તરોઃ પલ્લવ–
પ્રોલ્લાસઃ ક્રમયોર્નખદ્યુતિભરઃ પાર્શ્વપ્રભોઃ
પાતુ વઃ ॥૧॥

તપરૂપી હાથીના કુંભસ્થળને વિષે સિંદૂરના સમૂહ સમાન, કષાયો રૂપી વનને બાળી નાખવા માટે અગ્નિના સમૂહ સમાન, જ્ઞાનરૂપી દિવસને ઉગાડવા સૂર્યોદય સમાન, મુક્તિરૂપી સ્ત્રીના સ્તન રૂપ ઘડાને વિષે કુંકુમના લેપ સમાન અને કલ્યાણરૂપી વૃક્ષના નવા અંકુરાના ઉત્પત્તિ સ્થાન રૂપ શ્રી પાર્શ્વનાથ પ્રભુના બે ચરણના નખોની કાન્તિનો સમૂહ તમારું રક્ષણ કરો. (૧)

સન્તઃ સન્તુ મયિ પ્રસન્નમનસો વાચાં વિચારોદ્યતાઃ,
સૂતેઽમ્ભઃ કમલાનિ તત્પરિમલં
વાતા વિતન્વન્તિ યત્ ।
કિં વાભ્યર્થનયાનયા યદિ ગુણો
ઽસ્ત્યાસાં તતસ્તે સ્વયં,
કર્તારઃ પ્રથનં ન ચેદથ યશઃ
પ્રત્યર્થિના તેન કિમ્ ॥૨॥

વાણીનાં સારા નરસાપણાનો વિચાર કરવામાં તત્પર એવા સજ્જન પુરુષો મારી ઉપર પ્રસન્ન મનવાળા થાઓ, કેમકે જળ કમળને ઉત્પન્ન કરે છે. પણ તેની સુગંધને તો પવન જ ફેલાવે છે. અથવા આ પ્રાર્થના કરવાની પણ શું જરૂર છે! કેમકે જો આ (વાણી)માં ગુણ હશે તો તે સજ્જન પુરુષો પોતે જ વિસ્તારને કરશે અને જો ગુણ નહિ હોય તો યશના વૈરી સમાન તે વિસ્તાર કરવા વડે કરીને પણ શું? અર્થાત્ કંઈ નહિ. (૨)

ત્રિવર્ગસંસાધનમંતરેણ, પશોરિવાયુર્વિફલં નરસ્ય ।
તત્રાપિ ધર્મં પ્રવરં વદન્તિ,
ન તં વિના યદ્ભવતોઽર્થકામૌ ॥૩॥

ધર્મ, અર્થ અને કામ રૂપ ત્રણ વર્ગના સાધન વિના માનવનું આયુષ્ય પશુની જેમ નિષ્ફળ છે, તે ત્રણમાં પણ (ભગવંત) ધર્મને શ્રેષ્ઠ કહે છે, છે કારણ કે તે ધર્મ વિના અર્થ અને કામ મેળવી શકાતા નથી, (૩)

યં પ્રાપ્ય દુષ્પ્રાપ્યમિદં નરત્વં,
ધર્મં ન યત્નેન કરોતિ મૂઢઃ ।
ક્લેશપ્રબંધેન સ લબ્ધમબ્ધૌ,
ચિંતામણિં પાતયતિ પ્રમાદાત્ ॥૪॥

દુઃખે પ્રાપ્ત થઈ શકે તેવા આ મનુષ્યપણાને પામીને જે મૂર્ખ માણસ પ્રયત્ન પૂર્વક ધર્મને કરતો નથી તે

(માનવ) અત્યંત કષ્ટે પ્રાપ્ત કરેલ ચિંતામણિ રત્નને પ્રમાદથી સમુદ્રમાં નાખી દે છે. (૪)

સ્વર્ણસ્થાલે ક્ષિપતિ સ રજ: પાદશૌચં વિધત્તે,
પીયૂષેણ પ્રવરકરિણં વાહયત્યૈન્ધભારમ્ ।
ચિન્તારત્નં વિકિરતિ કરાદ્ વાયસોડ્ડાયનાર્થમ્,
યો દુષ્પ્રાપં ગમયતિ મુધાં મર્ત્યજન્મ પ્રમત્તઃ ॥૫॥

જે પ્રમાદી મનુષ્ય દુઃખે મેળવી શકાય તેવા મનુષ્ય ભવને ફોગટ ગુમાવી દે છે–તે મનુષ્ય સોનાના થાળમાં ધૂળ નાખે છે. અમૃતથી પગની પવિત્રતા કરે છે. શ્રેષ્ઠ ગજરાજ પાસે કાષ્ઠનો ભાર ઉપડાવે છે અને કાગડાને ઉડાડવા હાથમાંથી ચિંતામણિ રત્નને ફેંકી દે છે. (૫)

તે ધત્તૂરતરું વપન્તિ ભવને પ્રોન્મૂલ્ય કલ્પદ્રુમં,
ચિન્તારત્નમપાસ્ય કાચશકલં સ્વીકુર્વતે તે જડાઃ ।
વિક્રીય દ્વિરદં ગિરીન્દ્રસદૃશં ક્રીણન્તિ તે રાસભં,
યે લબ્ધં પરિહૃત્ય ધર્મમધમા
ધાવન્તિ ભોગાશયા ॥૬॥

જે અધમ પુરુષો પ્રાપ્ત કરેલ ધર્મને છોડી દઈને ભોગની ઇચ્છાથી દોડાદોડ કરે છે તેઓ પોતાના ઘરમાં ઉત્પન્ન થયેલ કલ્પતરૂને ઉખેડીને ધંતુરાના વૃક્ષને વાવે છે. તે મૂર્ખાઓ ચિંતામણિ રત્નને ફેંકી દઈને કાચનો ટુકડો

ગ્રહણ કરે છે અને મેરૂ પર્વત સમાન ઉંચા હસ્તીને વેચી દઈને ગધેડાને ખરીદે છે. (૬)

અપારે સંસારે કથમપિ સમાસાદ્ય નૃભવં,
ન ધર્મં યઃ કુર્યાદ્ વિષયસુખતૃષ્ણાતરલિતઃ ।
બ્રૂડન્ પારાવારે પ્રવરમપહાય પ્રવહણં,
સ મુખ્યો મૂર્ખાણામુપલમુપલબ્ધું પ્રયતતે ॥૭॥

જે માનવ આ અનંત સંસારમાં મહા કષ્ટે માનવભવ મેળવીને વિષય સુખની તૃષ્ણાથી ચલાયમાન થઈ ધર્મને કરતો નથી તે મૂર્ખ શિરોમણી સમુદ્રમાં ડુબવા છતાં શ્રેષ્ઠ વહાણને છોડી દઈ પત્થરને પકડવાને યત્ન કરે છે. (૭)

ભક્તિં તીર્થંકરે ગુરૌ જિનમતે સંઘે ચ હિંસાનૃતં,
સ્તેયાબ્રહ્મપરિગ્રહાદ્યુપરમં ક્રોધાદ્યરીણાં જયમ્ ।
સૌજન્યં ગુણિસંગમિન્દ્રિયદમં દાનં તપો ભાવનાં,
વૈરાગ્યં ચ કુરુષ્વ નિર્વૃતિપદે
યદ્યસ્તિ ગન્તું મનઃ ॥૮॥

જો શિવપદ પામવાને ઇચ્છા હોય તો શ્રી તીર્થંકર દેવ, ગુરુ, જિનશાસન અને સંઘ આ ચારેની ભક્તિ કરો. હિંસા, અસત્ય, ચોરી, મૈથુન અને પરિગ્રહ વિગેરેનો ત્યાગ કરો. ક્રોધ વગેરે શત્રુઓ ઉપર જય મેળવો, પ્રાણી-

માત્ર ઉપર મૈત્રીભાવ, ગુણવાનોની સોબત, ઇન્દ્રિયોનું દમન, સુપાત્રદાન, તપશ્ચર્યા, શુભભાવના અને વૈરાગ્ય કરો.(૮)

પાપં લુમ્પતિ દુર્ગતિં દલયતિ વ્યાપાદયત્યાપદં,
પુણ્યં સંચિનુતે શ્રિયં
વિતનુતે પુષ્ણાતિ નીરોગતામ્ ।
સૌભાગ્યં વિદધાતિ પલ્લવયતિ પ્રીતિં પ્રસૂતે યશઃ,
સ્વર્ગં યચ્છતિ નિર્વૃતિં ચ
રચયત્યર્ચાર્હતાં નિર્મિતા ॥૯॥

શ્રી અરિહંત પ્રભુની ભાવપૂર્વક કરેલી પૂજા પાપને દૂર કરે છે. દુર્ગતિને અટકાવે છે. આપત્તિઓનો નાશ કરે છે. પુણ્યને એકઠું કરે છે. લક્ષ્મીને વિસ્તારે છે. રોગ રહિતતાને પોષે છે. સૌભાગ્યપણાને કરે છે. પ્રેમને ઉપજાવે છે. યશની વૃદ્ધિ કરે છે. સ્વર્ગને આપે છે અને યાવત્ મોક્ષ પણ પમાડે છે. (૯)

સ્વર્ગસ્તસ્ય ગૃહાંગણં સહચરી
સામ્રાજ્યલક્ષ્મીઃ શુભા,
સૌભાગ્યાદિગુણાવલિર્વિલસતિ સ્વૈરં વપુર્વેશ્મનિ ।
સંસારઃ સુતરઃ શિવં કરતલક્રોડે લુઠત્યંજસા,
યઃ શ્રદ્ધાભરભાજનં જિનપતેઃ
પૂજાં વિધત્તે જનઃ ॥૧૦॥

જે મનુષ્ય અતિશય શ્રદ્ધાપૂર્વક શ્રી જિનેશ્વર દેવની પૂજાને કરે છે, તેને દેવલોક ઘર આંગણે છે. મનોહર ચક્રવર્ત્તિની ઋદ્ધિ સાથે સૌભાગ્ય વગેરે ગુણોની શ્રેણિ તેના દેહ રૂપી ઘરમાં ઇચ્છા મુજબ વિલાસ કરે છે. સંસાર સુખે તરી શકાય એવો છે અને મોક્ષ તો ઝટ તેના કરતલમાં આવીને આળોટે છે. (૧૦)

કદાચિન્નાતંકઃ કુપિત ઇવ પશ્યત્યભિમુખં,
વિદૂરે દારિદ્રયં ચકિતમિવ નશ્યત્યનુદિનમ્ ।
વિરક્તા કાન્તેવ ત્યજતિ કુગતિઃ સંગમુદયો,
ન મુઞ્ચત્યભ્યર્ણં સુહૃદિવ જિનાર્ચાં રચયતઃ ॥૧૧॥

શ્રી જિનેશ્વર દેવની પૂજા કરનારાને રોગ (ભય) તો જાણે ગુસ્સે ન થયો હોય તેમ સામું પણ જોતો નથી. દારિદ્ર તો જાણે ભય ન પામ્યું હોય તેમ હંમેશાં દૂર દૂર નાસે છે. દુર્ગતિ તો જાણે વિરક્ત થયેલ સ્ત્રીની જેમ સંગ તજી દે છે. અને આબાદી મિત્રની જેમ તેના નિકટપણાને છોડતી નથી. (૧૧)

યઃ પુષ્પૈર્જિનમર્ચતિ સ્મિતસુરસ્ત્રીલોચનૈઃ સોઽર્ચ્યતે,
યસ્તં વન્દત એકશસ્ત્રિજગતા સોઽહર્નિશં વન્દ્યતે ।
યસ્તં સ્તૌતિ પરત્ર વૃત્રદમનસ્તોમેન સ સ્તૂયતે,
યસ્તં ધ્યાયતિ કૢપ્તકર્મનિધનઃ સ ધ્યાયતે
યોગિભિઃ ॥૧૨॥

જે પુષ્પોવડે શ્રી જિનેશ્વર દેવની પૂજા કરે છે તે દેવાંગનાઓનાં વિકસ્વર નયનોથી પૂજાય છે. જે જિનેશ્વર પ્રભુને એકવાર પણ વંદન કરે છે તે હંમેશાં ત્રણે જગતથી વંદાય છે. જે તેમની સ્તુતિ કરે છે તે પરલોકમાં ઇન્દ્રના સમુહથી સ્તવાય છે. અને જે તેમનું ધ્યાન ધરે છે તે કર્મનો નાશ કરીને યોગિ પુરૂષોથી ધ્યાન કરાય છે. (૧૨)

અવદ્યમુક્તે પથિ યઃ પ્રવર્તતે,
પ્રવર્ત્તયત્યન્યજનં ચ નિઃસ્પૃહઃ ।
સ એવ સેવ્યઃ સ્વહિતૈષિણા ગુરુઃ,
સ્વયં તરંસ્તારયિતું ક્ષમઃ પરમ્ ॥૧૩॥

સ્પૃહારહિત એવા જે (મહાપુરુષ) દોષ રહિત માર્ગમાં પોતે પ્રવર્તો છે અને બીજા માણસને પણ પ્રવૃત્તિ કરાવે છે. પોતે તરતા છતા બીજાને તારવાને પણ સમર્થ છે તે જ ગુરુ પોતાના હિતને ઇચ્છનાર મનુષ્યોએ સેવવા યોગ્ય છે. (૧૩)

વિદલયતિ કુબોધં બોધયત્યાગમાર્થં,
સુગતિકુગતિમાર્ગૌ પુણ્યપાપે વ્યનક્તિ ।
અવગમયતિ કૃત્યાકૃત્યભેદં ગુરુર્યો,
ભવજલનિધિપોતસ્તં વિના નાસ્તિ કશ્ચિત્ ।૧૪।

જે ગુરુ અજ્ઞાનનો નાશ કરે છે. આગમોના અર્થને જણાવે છે. સુગતિના માર્ગ સ્વરૂપ પુણ્ય અને દુર્ગતિના

માર્ગરૂપ પાપને સ્પષ્ટ કરે છે. તેમ જ જે કરવા યોગ્ય અને ન કરવા યોગ્યના વિવેકને જણાવે છે તે ગુરુ વિના બીજો કોઈ સંસાર રૂપ સમુદ્રમાં વહાણ સમાન નથી. (૧૪)

પિતા માતા ભ્રાતા પ્રિયસહચરી સૂનુનિવહઃ,
સુહૃત્સ્વામી માદ્યત્કરિભટરથાશ્વઃ પરિકરઃ ।
નિમજ્જન્તં જન્તું નરકકુહરે રક્ષિતુમલં,
ગુરોર્ધર્માધર્મપ્રકટનપરાત્કોઽપિ ન પરઃ ॥૧૫॥

નરક રૂપી ખાઈને વિષે પડતા જીવને પુણ્ય અને પાપને પ્રકટ કરવામાં તત્પર એવા ગુરુ સિવાય બીજો કોઈ માતા, પિતા, ભાઈ, પ્રેમાળ પત્ની, પુત્રનો સમુદાય મિત્ર, મદ ઘેલા હાથી, યોદ્ધા, રથ અને ઘોડાવાળો સ્વામી કે સેવક વર્ગ રક્ષણ કરવા સમર્થ નથી. (૧૫)

કિં ધ્યાનેન ભવત્વશેષવિષયત્યાગૈસ્તપોભિઃ કૃતં,
પૂર્ણં ભાવનયાલમિન્દ્રિયદમૈઃ પર્યાપ્તમાપ્તાગમૈઃ ।
કિં ત્વેકં ભવનાશનં કુરુ ગુરુપ્રીત્યા ગુરોઃ શાસનં,
સર્વે યેન વિના વિનાથબલવત્ સ્વાર્થાય
નાલં ગુણાઃ ॥૧૬॥

ધ્યાન ધરવાથી શું ? સર્વ વિષયોને તજવાથી શું ? તપ કરવાથી પણ શું ? ઇન્દ્રિયોને દમવાવડે પણ શું ? (કે) શાસ્ત્રો પ્રાપ્ત થવા વડે પણ શું ? ફક્ત અતિશય પ્રીતિ વડે ભવભ્રમણનો નાશ કરનાર એક ગુરુની આજ્ઞાનો જ

સ્વીકાર કર (કેમકે) જેના વિના નાથ વિનાના સૈન્યની જેમ સર્વે ગુણો પોતપોતાના ફલ આપવા સમર્થ નથી. (૧૬)

ન દેવં નાદેવં ન શુભગુરુમેવં ન કુગુરું,
ન ધર્મં નાધર્મં ન ગુણપરિણદ્ધં ન વિગુણં ।
ન કૃત્યં નાકૃત્યં ન હિતમહિતં નાપિ નિપુણં,
વિલોકન્તે લોકા જિનવચનચક્ષુર્વિરહિતાઃ ॥૧૭॥

શ્રી જિનેશ્વર દેવના વચન રૂપી નેત્રોથી રહિત લોકો નથી દેવને જાણતા, નથી તો કુદેવને જાણતા, નથી સુગુરુને પીછાણતા, નથી તો કુગુરુને પીછાણતા, નથી ધર્મને જાણતા, નથી તો અધર્મને જાણતા, નથી ગુણવાનને જાણતા, નથી તો નિર્ગુણીને, નથી કૃત્યને કે અકૃત્યને જાણતા, તેમજ નથી તો સારી રીતે પોતાના હિતને જાણતા કે પોતાના અહિતને જાણતા. (૧૭)

માનુષ્યં વિફલં વદન્તિ હૃદયં વ્યર્થં વૃથા શ્રોત્રયો-
ર્નિર્માણં ગુણદોષભેદકલનાં તેષામસંભાવિનીમ્ ।
દુર્વારં નરકાન્ધકૂપપતનં મુક્તિં બુધા દુર્લભાં,
સાર્વજ્ઞઃ સમયો દયારસમયો યેષાં ન કર્ણાતિથિઃ ।૧૮।

શ્રી સર્વજ્ઞ ભગવંતે કહેલો દયામય સિદ્ધાન્ત જે લોકોને કર્ણગોચર થયો નથી, તેમના મનુષ્યપણાને પંડિતો નિષ્ફળ કહે છે, હૃદયને નકામું કહે છે. બે કાનની રચના ફોગટ કહે છે. ગુણ-દોષની ભિન્નતાનો વિચાર પણ ન

સંભવી શકે તેમ છે. નરક રૂપ અંધાર કુવામાં પડવું દુઃખે કરી અટકાવી શકાય તેમ છે. અને મુક્તિ પણ દુર્લભ છે. (૧૮)

પીયૂષં વિષવજ્જલં જ્વલનવત્તેજસ્તમઃસ્તોમવ-
ન્મિત્રં શાત્રવવત્ સ્રજં ભુજગવચ્ચિન્તામણિં
લોષ્ટવત્ ।
જ્યોત્સ્નાં ગ્રીષ્મજધર્મવત્
સ મનુતે કારુણ્યમણ્યાપણં,
જૈનેન્દ્રં મતમન્યદર્શનસમં યો દુર્મતિર્મન્યતે ।૧૯।

જે દુર્બુદ્ધિ દયા રૂપી કરિયાણાની દુકાન સમાન શ્રી જિનેશ્વર પ્રભુના મતને અન્ય દર્શન સમાન માને છે તે અમૃતને ઝેર સમાન, જળને અગ્નિ સમાન, પ્રકાશને અંધકારના સમૂહ સમાન, મિત્રને શત્રુ સમાન, પુષ્પ-માળાને સર્પ સમાન, ચિંતામણિને પત્થર સમાન અને ચંદ્રની કાન્તિને ઉનાળાના તાપ સમાન માને છે. (૧૯)

ધર્મં જાગરયત્યઘં વિઘટયત્યુત્થાપયત્યુત્પથં,
ભિન્તે મત્સરમુચ્છિનત્તિ કુનયં
મથ્નાતિ મિથ્યામતિમ્ ।
વૈરાગ્યં વિતનોતિ પુષ્યતિ
કૃપાં મુષ્ણાતિ તૃષ્ણાં ચ ય-

ત્તજ્જૈનં મતમર્ચતિ પ્રથયતિ

ધ્યાયત્યધીતે કૃતી ॥૨૦॥

બુદ્ધિમાન પુરુષ જે જિનમતની પૂજા કરે છે, જેને વિસ્તારે છે, અને જેનું ધ્યાન ધરે છે તે શ્રી જિનમત ધર્મને ઉજ્વલ કરે છે. પાપનો નાશ કરે છે. અન્યાયનો છેદ કરે છે. મિથ્યા બુદ્ધિનો નાશ કરે છે. વૈરાગ્યનો વિસ્તાર કરે છે. કરુણાભાવને પોષે છે અને તૃષ્ણાનું હરણ કરે છે. (૨૦)

રત્નાનામિવ રોહણક્ષિતિધરઃ ખં તારકાણામિવ,
સ્વર્ગઃ કલ્પમહીરુહામિવ સરઃ પંકેરુહાણામિવ ।
પાથોધિઃ પયસામિવેન્દુમહસાં સ્થાનં ગુણાનામસા-
વિત્યાલોચ્ય વિરચ્યતાં ભગવતઃ સંઘસ્ય

પૂજાવિધિઃ ॥૨૧॥

જેમ રોહણગિરિ રત્નોનું, આકાશ તારાઓનું, સ્વર્ગ કલ્પવૃક્ષનું, સરોવર કમળોનું, સમુદ્ર ચંદ્રમા સમાન નિર્મળ જળનું નિવાસ સ્થળ છે તેમ આ (શ્રી સંઘ) ગુણોનું નિવાસ સ્થળ છે એમ વિચારીને હે લોકો ! પૂજ્ય એવા (ચતુર્વિધ) સંઘની પૂજાવિધિ તમે કરો. (૨૧)

યઃ સંસારનિરાસલાલસમતિર્મુક્ત્યર્થમુત્તિષ્ઠતે,
યં તીર્થં કથયન્તિ પાવનતયા યેનાસ્તિ

નાન્યઃ સમઃ ।

યસ્મૈ તીર્થપતિર્નમસ્યતિ સતાં યસ્માચ્છુભં જાયતે,
સ્ફૂર્તિર્યસ્ય પરા વસન્તિ ચ ગુણા યસ્મિન્ સ
સંઘોઽર્ચ્યતામ્ ॥૨૨॥

જે સંઘ સંસારના ત્યાગમાં લાલસાવાળી બુદ્ધિવાળો છતો મુક્તિને માટે તત્પર છે. જેને પવિત્રપણાથી તીર્થરૂપ કહે છે. જેના સમાન બીજો કોઈ નથી, જેને તીર્થંકર પણ નમસ્કાર કરે છે, જેનાથી સજ્જનોનું કલ્યાણ થાય છે. જેનો મહિમા શ્રેષ્ઠ છે. તેમ જ જેને વિષે ઘણા ગુણો રહે છે તે શ્રી સંઘ ભવ્ય જીવો વડે પૂજા કરાઓ. (૨૨)

લક્ષ્મીસ્તં સ્વયમભ્યુપૈતિ રભસા
કીર્તિસ્તમાલિઙ્ગતિ,
પ્રીતિસ્તં ભજતે મતિઃ પ્રયતતે તં લબ્ધુમુત્કંઠયા ।
સ્વઃશ્રીસ્તં પરિરબ્ધુમિચ્છતિ
મૂહુર્મુક્તિસ્તમાલોકતે,
યઃ સંઘં ગુણરાશિકેલિસદનં શ્રેયોરુચિઃ સેવતે ।૨૩।

કલ્યાણની ઇચ્છાવાળો જે જન ગુણોના સમૂહના ક્રીડાના સ્થાનભૂત શ્રી સંઘને સેવે છે. તે પુરુષને લક્ષ્મી તુરત પોતાની મેળે સામે આવે છે. કીર્ત્તિ તેને આલિંગન કરે છે. પ્રીતિ તેને સેવે છે. મતિ ઉત્કંઠા પૂર્વક તેને મેળવવાને યત્ન કરે છે. સ્વર્ગલક્ષ્મી તેને પ્રાપ્ત કરવાને ઇચ્છે છે. અને મુક્તિ સ્ત્રી તેને વારંવાર જુએ છે. (૨૩)

યદ્ ભક્તેઃ ફલમર્હદાદિપદવી મુખ્યં કૃષેઃ શસ્યવત્,
ચક્રિત્વં ત્રિદશેન્દ્રતાદિ તૃણવત્ પ્રાસઙ્ગિકં ગીયતે ।
શક્તિં યન્મહિમસ્તુતૌ ન દધતે
વાચોઽપિ વાચસ્પતેઃ,
સઙ્ઘઃ સોઽઘહરઃ પુનાતુ ચરણન્યાસૈઃ સતાં
મંદિરમ્ ॥૨૪॥

ખેતી ધાન્યની જેમ જે (સંઘ)ની ભક્તિનું અરિહંતાદિની પદવી એ મુખ્ય ફળ છે. અને ઘાસની જેમ ચક્રિપણું અને દેવેન્દ્રપણું વગેરે પ્રાસંગિક ફળ ગણાય છે. અને જેના મહિમાની સ્તુતિ કરવામાં બૃહસ્પતિની વાણી પણ શક્તિને ધારણ કરતી નથી તે પાપનો નાશ કરનાર શ્રી સંઘ પગલાં સ્થાપન કરવા વડે સજ્જનોના ઘરને પવિત્ર કરો. (૨૪)

ક્રીડાભૂઃ સુકૃતસ્ય દુષ્કૃતરજઃ સંહારવાત્યા ભવો-
દન્વન્નૌર્વ્યસનાગ્નિમેઘપટલી સંકેતદૂતી શ્રિયામ્ ।
નિઃશ્રેણિસ્ત્રિદિવૌકસઃ પ્રિયસખી મુક્તેઃ કુગત્યર્ગલા,
સત્ત્વેષુ ક્રિયતાં કૃપૈવ ભવતુ ક્લેશૈરશેષૈઃ પરૈઃ ॥૨૫॥

હે ભવ્ય જીવો! પુણ્યના ક્રીડા સ્થાન રૂપ, દુષ્કૃત રૂપી ધૂળને દૂર કરવામાં વાયુના સમૂહ સમાન, સંસાર રૂપ સમુદ્રમાં નાવ સમાન, કલેશરૂપી અગ્નિને ઠારવા મેઘ ઘટા સમાન, લક્ષ્મીને સંકેતસ્થાને પહોંચાડનાર

દાસી સમાન, સ્વર્ગની નિસરણી સમાન, મુક્તિ સ્ત્રીની પ્રિયસખી સમાન, કુગતિને રોકવામાં ભેડી સમાન પ્રાણી-ઓને વિષે બસ દયા જ કરો, બીજા સમસ્ત કલેશો વડે સર્યું. (૨૫)

યદિ ગ્રાવા તોયે તરતિ તરણિર્યદ્યુદયતિ,
પ્રતીચ્યાં સપ્તાર્ચિર્યદિ ભજતિ શૈત્યં કથમપિ ।
યદિ ક્ષ્માપીઠં સ્યાદુપરિ સકલસ્યાપિ જગતઃ,
પ્રસૂતે સત્ત્વાનાં તદપિ ન વધઃ ક્વાપિ સુકૃતમ્ ।૨૬।

જો કોઈ રીતે પાણીમાં પત્થર તરે, સૂર્ય જો પશ્ચિમ દિશામાં ઉગે, અગ્નિ જો શીતળપણાને પામે અને જો પૃથ્વીમંડળ આખાય જગતની ઉપર થઈ જાય. તો પણ જીવ હિંસા પ્રાણીઓને કોઈ પણ રીતે પુણ્યને ઉત્પન્ન ન કરી શકે. (૨૬)

સ કમલવનમગ્નેર્વાસરં ભાસ્વદસ્તા-
દમૃતમુરગવક્ત્રાત્ સાધુવાદં વિવાદાત્ ।
રુગપગમમજીર્ણાજ્જીવિતં કાલકૂટા-
દભિલષતિ વધાદ્યઃ પ્રાણિનાં ધર્મમિચ્છેત્ ॥૨૭॥

જે મનુષ્ય જીવહિંસાથી ધર્મને ઇચ્છે છે. તે અગ્નિ માંથી કમળવનને ઇચ્છે છે. સૂર્યાસ્ત થયા પછી દિવસને ઇચ્છે છે. સર્પના મુખમાંથી અમૃત અને વિવાદમાંથી

કીર્તિને, અપચાથી રોગના નાશને અને કાલકૂટ ઝેરથી જીવનને ઇચ્છે છે. (૨૭)

આયુર્દીર્ઘતરં વપુર્વરતરં ગોત્રં ગરીયસ્તરં,
વિત્તં ભૂરિતરં બલં બહુતરં સ્વામિત્વમુચ્ચૈસ્તરમ્ ।
આરોગ્યં વિગતાન્તરં ત્રિજગતિ શ્લાધ્યત્વમલ્પેતરં,
સંસારામ્બુનિધિં કરોતિ સુતરં
ચેતઃ કૃપાર્દ્રાન્તરમ્ ॥૨૮॥

દયાથી ભીંજાયેલા અંતરવાળું મન આયુષ્યને લાંબુ કરે છે. શરીરને સુંદરતર કરે છે. કુળને અતિ મહાન્ કરે છે. ધનને વધારે છે. સતત નિરોગી રાખે છે ત્રણે જગતમાં અતિશય વખાણવા લાયકપણાને કરે છે. અને સંસાર સમુદ્રને સુખે કરી તરી શકાય તેવો કરે છે. (૨૮)

વિશ્વાસાયતનં વિપત્તિદલનં દેવૈઃ કૃતારાધનં,
મુક્તેઃ પથ્યદનં જલાગ્નિશમનં વ્યાઘ્રોરગસ્તંભનમ્ ।
શ્રેયઃસંવનનં સમૃદ્ધિજનનં સૌજન્યસંજીવનં,
કીર્ત્તેઃ કેલિવનં પ્રભાવભવનં સત્યં વચઃ
પાવનમ્ ॥૨૯॥

વિશ્વાસના સ્થાનરૂપ આપત્તિઓને ચૂરી નાખનાર, દેવતાઓથી પણ આરાધના કરાયેલું, મુક્તિમાર્ગમાં ભાથા રૂપ, જળ અને અગ્નિના ભયને શાન્ત કરનારૂં, કલ્યાણના વશીકરણરૂપ, સમૃદ્ધિને પેદા કરનારૂં, સૌજન્યને ઉપજાવનાર

અને કીર્તિના ક્રીડાઘર રૂપ તેમજ મહિમાના ભવન રૂપ પવિત્ર એવું સત્યવચન છે. (૨૯)

યશો યસ્માદ્ ભસ્મીભવતિ વનવહ્નેરિવ વનં,
નિદાનં દુઃખાનાં યદવનિરુહાણાં જલમિવ ।
ન યત્ર સ્યાચ્છાયાતપ ઇવ તપઃસંયમકથા,
કથંચિત્તન્મિથ્યાવચનમભિધત્તે ન મતિમાન્ ।૩૦।

જેમ દાવાનળથી વન ભસ્મસાત્ થાય છે તેમ જેનાથી યશ ભસ્મીભૂત થાય છે. વૃક્ષોનું જેમ જળ કારણ છે તેમ જે દુઃખોનું કારણ છે. વળી તડકામાં જેમ છાયા ન હોય તેમ જે હોતે છતે તપ અને સંયમની વાત પણ હોતી નથી તેવા અસત્ય વચનને બુદ્ધિશાળી પુરુષો કોઈ રીતે પણ બોલતા નથી. (૩૦)

અસત્યમપ્રત્યયમૂલકારણં,
કુવાસનાસદ્મ સમૃદ્ધિવારણમ્ ।
વિપન્નિદાનં પરવંચનોર્જિતં,
કૃતાપરાધં કૃતિભિર્વિવર્જિતમ્ ॥૩૧॥

અવિશ્વાસના મુખ્ય કારણ રૂપ, પાપના ઘર રૂપ, સંપત્તિઓને અટકાવનાર, આપત્તિઓના કારણ રૂપ, બીજાને ઠગવામાં બળવાન અને (એથી જ) અપરાધી એવું અસત્ય વચન પંડિત પુરુષોએ તજેલું છે. (૩૧)

તસ્યાગ્નિર્જલમર્ણવઃ સ્થલમરિર્મિત્રં સુરાઃ કિંકરાઃ,
કાન્તારં નગરં ગિરિર્ગૃહમહિર્માલ્યં મૃગારિર્મૃગઃ।
પાતાલં બિલમસ્ત્રમુત્પલદલં વ્યાલઃ શૃગાલો વિષં,
પીયૂષં વિષમં સમં ચ વચનં સત્યાઞ્ચિતં વક્તિ
યઃ ॥૩૨॥

જે માનવ સત્યયુક્ત વચનને કહે છે. તેને અગ્નિ જળ સમાન છે, સમુદ્ર સ્થળ સમાન છે. શત્રુ મિત્ર સમાન છે. દેવતા નોકર સમાન છે. જંગલ નગર સમાન છે. પર્વત ઘર સમાન છે. સર્પ પુષ્પમાળા સમાન છે. સિંહ હરણ સમાન છે. પાતાલ છિદ્ર સમાન છે. શસ્ત્ર કમળપત્ર સમાન, હાથી શિયાળ સમાન, વિષ અમૃત સમાન અને વિષમ સ્થળ સંપત્તિ સ્થળ સમાન થાય છે. (૩૨)

તમભિલષતિ સિદ્ધિસ્તં વૃણીતે સમૃદ્ધિ–
સ્તમભિસરતિ કીર્તિર્મુઞ્ચતે તં ભવાર્ત્તિઃ ।
સ્પૃહયતિ સુગતિસ્તં નેક્ષતે દુર્ગતિસ્તં,
પરિહરતિ વિપત્તં યો ન ગૃહ્ણાત્યદત્તમ્ ॥૩૩॥

જે પુરુષ નહિ આપેલું ગ્રહણ કરતો નથી, તેને મુક્તિ ઝંખે છે. સમૃદ્ધિ તેને વરે છે. કીર્ત્તિ તેની પાસે આવે છે. ભવની પીડા તેને તજી દે છે. સુગતિ તેની ઝંખના કરે છે. અને દુર્ગતિ તેને જોતી પણ નથી. તેમજ આપત્તિ તો તેને (દૂરથી જ) તજી દે છે. (૩૩)

અદત્તં નાદત્તે કૃતસુકૃતકામઃ કિમપિ યઃ,
શુભશ્રેણિસ્તસ્મિન્ વસતિ કલહંસીવ કમલે ।
વિપત્તસ્માદ્ દૂરં વ્રજતિ રજનીવામ્બરમણે-
ર્વિનીતં વિદ્યેવ ત્રિદિવશિવલક્ષ્મીર્ભજતિ તમ્ ।૩૪।

પુણ્યની ઇચ્છા કરનાર જે પુરૂષ નહિ આપેલ કોઈ પણ પદાર્થને લેતો નથી તે પુરુષને વિષે-કમલને વિષે રાજહંસીની જેમ કલ્યાણની પરંપરા રમે છે. સૂર્યથી રાત્રિની પેઠે વિપત્તિ તેનાથી વેગળી ચાલી જાય છે. વિદ્યા જેમ વિનયવાન પુરુષને તેમ સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી તે પુરુષને સેવે છે. (૩૪)

યન્નિવર્ત્તિતકીર્ત્તિધર્મનિધનં સર્વાગસાં સાધનં,
પ્રોન્મીલદ્વધબંધનં
વિરચિતક્લિષ્ટાશયોદ્બોધનમ્ ।
દૌર્ગત્યૈકનિબંધનં કૃતસુગત્યાશ્લેષસંરોધનં,
પ્રોત્સર્પત્ પ્રધનં જિઘૃક્ષતિ ન તદ્ ધીમાનદત્તં
ધનમ્ ॥૩૫॥

કીર્ત્તિ અને ધર્મના નાશને કરનારું, સર્વ અપરાધોનું કારણ, વધ અને બંધનને કરતું, જેણે દુષ્ટ અભિપ્રાયોને પ્રગટ કર્યા છે એવું, દુર્ગતિના અસાધારણ કારણરૂપ, કર્યો છે સુગતિના મેળાપનો વિરોધ જેણે એવું, અને નાશને

કરનારું જે અદત્ત ધન તેને બુદ્ધિમાન પુરુષ ગ્રહણ કરવાની ઇચ્છા રાખતો નથી. (૩૫)

પરજનમનઃપીડાક્રીડાવનં વધભાવના–
ભવનમવનિવ્યાપિવ્યાપલ્લતાઘનમંડલમ્ ।
કુગતિગમને માર્ગઃ સ્વર્ગાપવર્ગપુરાર્ગલં,
નિયતમનુપાદેયં સ્તેયં નૃણાં હિતકાંક્ષિણામ્ ॥૩૬॥

બીજા માણસોના મનની પીડાને રમવા ક્રીડાવન સમાન, હિંસાના વિચારના ઘર સમાન, પૃથ્વીને વિષે ફેલાઈ રહેલી આપત્તિ રૂપી વેલોને વધારવામાં મેઘના સમૂહ સમાન, દુર્ગતિ ગમનમાં માર્ગ રૂપ, સ્વર્ગ અને મોક્ષ રૂપ નગરના દ્વારની બેડી સમાન એવું અદત્ત હિતની ઇચ્છાવાળા મનુષ્યોને નિશ્ચે ગ્રહણ કરવા લાયક નથી. (૩૬)

દત્તસ્તેન જગત્યકીર્ત્તિપટહો ગોત્રે મષીકૂર્ચકઃ,
ચારિત્રસ્ય જલાંજલિર્ગુણગણારામસ્ય દાવાનલઃ ।
સંકેતઃ સકલાપદાં શિવપુરદ્વારે કપાટો દૃઢઃ,
કામાર્ત્તસ્ત્યજતિ પ્રબોધયતિ વા સ્વસ્ત્રીં પરસ્ત્રીં
ન યઃ ॥૩૭॥

કામથી પીડાયેલો જે પુરુષ પોતાની સ્ત્રીને જણાવતો (બોલાવતો) નથી અને પરસ્ત્રીને ત્યજતો નથી તે પુરુષ વડે જગતમાં અપજશનો ઢોલ વગાડાયો છે પોતાના કૂળ

ઉપર શાહીનો કુચો ફેરવાયો છે. સંયમને જલાંજલિ અપાઈ છે. ગુણોના સમુહ રૂપી બગીચાને દાવાનળ દેવરાયો છે. સકળ આપત્તિઓને (આવવા) સંકેત કરાયો છે. અને મોક્ષ નગરીના બારણે મજબુત કમાડ (બંધ) કરાયો છે, (૩૭)

વ્યાઘ્રવ્યાલજલાનલાદિવિપદસ્તેષાં વ્રજન્તિ ક્ષયં,
કલ્યાણાનિ સમુલ્લસન્તિ વિબુધાઃ
સાન્નિધ્યમધ્યાસતે ।
કીર્ત્તિઃ સ્ફૂર્ત્તિમિયર્ત્તિ યાત્યુપચયં
ધર્મઃ પ્રણશ્યત્યઘં,
સ્વર્નિર્વાણસુખાનિ સંનિદધતે યે શીલમાબિભ્રતે ।૩૮।

જે મનુષ્યો શિયળ વ્રતને ધારણ કરે છે તેઓને વાઘ, હાથી (સર્પ) પાણી અને અગ્નિ વિગેરેની આપત્તિઓ નાશ પામે છે. કલ્યાણો વૃદ્ધિગત થાય છે. દેવતાઓ નજીકમાં રહે છે, કીર્ત્તિ વિસ્તાર પામે છે, ધર્મ વૃદ્ધિ પામે છે, પાપ નાશ પામે છે અને સ્વર્ગ તથા મોક્ષનાં સુખો પાસે આવે છે. (૩૮)

હરતિ કુલકલંકં લુંપતે પાપપંકં,
સુકૃતમુપચિનોતિ શ્લાઘ્યતામાતનોતિ ।
નમયતિ સુરવર્ગં હન્તિ દુર્ગોપસર્ગં,
રચયતિ શુચિશીલં સ્વર્ગમોક્ષૌ સલીલમ્ ॥૩૯॥

પવિત્ર શિયળ વ્રત કુળના કલંકનું હરણ કરે છે, પાપ રૂપી કાદવનો નાશ કરે છે, પુણ્યની વૃદ્ધિ કરે છે, પ્રશંસાને વિસ્તારે છે. દેવ સમુદાયને નમાડે છે ભયંકર ઉપસર્ગોનો નાશ કરે છે. અને સ્વર્ગ તથા મોક્ષને રમત માત્રમાં આપે છે. (૩૯)

તોયત્યગ્નિરપિ સ્રજત્યહિરપિ વ્યાઘ્રોઽપિ સારંગતિ,
વ્યાલોઽપ્યશ્વતિ પર્વતોઽપ્યુપલતિ ક્ષ્વેડોઽપિ પીયૂષતિ ।
વિઘ્નોઽપ્યુત્સવતિ પ્રિયત્યરિરપિ ક્રીડાતડાગત્યપાં–
નાથોઽપિ સ્વગૃહત્યટવ્યપિ નૃણાં શીલપ્રભાવાદ્ ધ્રુવમ્ ॥૪૦॥

મનુષ્યોને શીલવ્રતના પ્રભાવથી નક્કી અગ્નિ પણ પાણી સમાન, સર્પ પણ પુષ્પમાળા સમાન, વાઘ પણ હરણ સમાન, દુષ્ટ હાથી પણ ઘોડા સમાન, પર્વત પણ પત્થર સમાન, વિષપણ અમૃત સમાન, વિઘ્ન પણ ઉત્સવ સમાન, શત્રુ પણ પ્રિય સમાન, સાગર પણ ક્રીડા માટેના તળાવ સમાન અને અટવી પણ પોતાના ઘર સમાન થાય છે. (૪૦)

કાલુષ્યં જનયન્ જડસ્ય રચયન્ ધર્મદ્રુમોન્મૂલનં,
ક્લિશ્યન્નીતિકૃપાક્ષમાકમલિનીર્લોભાંબુધિં વર્દ્ધયન્ ।
મર્યાદાતટમુદ્રુજન્ શુભમનોહંસપ્રવાસં દિશન્ ।
કિં ન ક્લેશકરઃ પરિગ્રહનદીપૂરઃ પ્રવૃદ્ધિં ગતઃ ।૪૧।

મૂર્ખ માણસને ખરાબ વિચાર ઉપજાવતો, ધર્મ રૂપી વૃક્ષને ઉખેડવાનું કરતો, ન્યાય, દયા અને ક્ષમા રૂપી કમલિંનીઓને પીડા કરતો, લોભ રૂપી સમુદ્રને વધારતો, મર્યાદા રૂપી તટને ઉખેડી નાખતો, શુભ મન રૂપી હંસને દેશવટો દેતો, વૃદ્ધિને પામેલો પરિગ્રહ રૂપી નદીનો પ્રવાહ શું પીડાકારી નથી? (અર્થાત્ છે જ). (૪૧)

કલહકલભવિન્ધ્યઃ ક્રોધગૃધ્રશ્મશાનં,
વ્યસનભુજગરંધ્રં દ્વેષદસ્યુપ્રદોષઃ ।
સુકૃતવનદવાગ્નિર્માર્દવામ્ભોદવાયુ–
ર્નયનલિનતુષારોઽત્યર્થમર્થાનુરાગઃ ॥૪૨॥

ધનને વિષે જે અત્યંત રાગ તે કલેશ રૂપી હસ્તિને રહેવા માટે વિન્ધ્યાચળ સમાન છે. ક્રોધ રૂપી ગીધને રહેવા માટે શ્મશાન સમાન છે. દુઃખ રૂપી સૂર્યને વસવા બીલ (રાફડા) સમાન છે, દ્વેષ રૂપી ચોરને રાત્રિ સમાન છે, પુણ્ય રૂપી વનને બાળવા દાવાનળ સમાન છે નમ્રતા રૂપી મેઘને વિખેરી નાખવા પવન સમાન છે અને નીતિ રૂપી કમલોને (બાળી નાખવા) બરફ સમાન છે. (૪૨)

પ્રત્યર્થી પ્રશમસ્ય મિત્રમધૃતેર્મોહસ્ય વિશ્રામભૂઃ,
પાપાનાં ખનિરાપદાં પદમસદ્ધ્યાનસ્ય લીલાવનમ્ ।
વ્યાક્ષેપસ્ય નિધિર્મદસ્ય સચિવઃ શોકસ્ય હેતુઃ કલેઃ,
કેલીવેશ્મ પરિગ્રહઃ પરિહ્રતેર્યોગ્યો
વિવિક્તાત્મનામ્ ॥૪૩॥

શમભાવનો શત્રુ, અધીરતાનો મિત્ર, મોહનું વિશ્રામ સ્થાન, પાપોની ખાણ, આપદાઓનું સ્થાન, અશુભ ધ્યાનનું ક્રીડાવન, વ્યાકુલતાનો ભંડાર, મદનો મંત્રી શોકનું કારણ, કંકાસનું ક્રીડા ઘર એવો પરિગ્રહ વિવેકી પુરુષોને તજવા યોગ્ય છે. (૪૩)

વહ્નિસ્તૃપ્યતિ નૈન્ધનૈરિહ યથા
નામ્ભોભિરમ્ભોનિધિ-
સ્તદ્વન્મોહઘનો ઘનૈરપિ ઘનૈર્જન્તુર્ન સંતુષ્યતિ ।
ન ત્વેવં મનુતે વિમુચ્ય વિભવં નિઃશેષમન્યં ભવં,
યાત્યાત્મા તદહં મુધૈવ વિદધામ્યેનાંસિ ભૂયાંસિ
કિમ્ ॥૪૪॥

જેમ આ લોકમાં અગ્નિ લાકડાઓથી તૃપ્ત થતો નથી અને સમુદ્ર જળથી તૃપ્ત થતો નથી. તેમ અતિમોહ-વાળો જીવ ઘણા ધન વડે પણ સંતોષ પામતો નથી. પરંતુ તે એમ વિચારતો નથી કે આત્મા તો સમસ્ત વૈભવને છોડીને અન્ય ભવમાં જાય છે તો હું ફોગટ જ ઘણાં પાપોને શા માટે કરું? (૪૪)

યો મિત્રં મધુનો વિકારકરણે સંત્રાસસંપાદને,
સર્પસ્ય પ્રતિબિમ્બમંગદહને સપ્તાર્ચિષઃ સોદરઃ ।
ચૈતન્યસ્ય નિષૂદને વિષતરોઃ સબ્રહ્મચારી ચિરં,
સ ક્રોધઃ કુશલાભિલાષકુશલૈઃ
પ્રોન્મૂલમુન્મૂલ્યતામ્ ॥૪૫॥

જે વિકાર કરવામાં મદિરાનો ભાઈબંધ છે ત્રાસ પમાડવામાં સર્પના પ્રતિબિંબ રૂપ છે. શરીરને બાળવામાં અગ્નિનો ભાઈ છે. અને જ્ઞાનનો નાશ કરવામાં જે લાંબા કાળથી વિષવૃક્ષ જેવો છે. તે ક્રોધ કલ્યાણને ઇચ્છવામાં કુશળ પુરુષોએ મુળમાંથી ઉખેડી નાખવો જોઈએ. (૪૫)

ફલતિ કલિતશ્રેયઃશ્રેણિપ્રસૂનપરંપરઃ,
પ્રશમપયસા સિક્તો મુક્તિં તપશ્ચરણદ્રુમઃ ।
યદિ પુનરસૌ પ્રત્યાસત્તિં પ્રકોપહવિર્ભુજો,
ભજતિ લભતે ભસ્મીભાવં તદા વિફલોદયઃ ॥૪૬॥

ઉત્પન્ન કરી છે કલ્યાણની પરંપરા રૂપ પુષ્પોની શ્રેણી જેણે એવો અને શમભાવ રૂપ જળ વડે સિંચન કરાયેલો એવો તપ અને ચારિત્ર રૂપી વૃક્ષ મુક્તિ ફળને આપે છે. પરંતુ જો આ (તપ અને ચારિત્ર રૂપી વૃક્ષ) ક્રોધ રૂપ અગ્નિના પડખાને સેવે છે તો ફળના દેખાવથી રહિત એવો તે ભસ્મપણાને પામે છે. (૪૬)

સંતાપં તનુતે ભિનત્તિ વિનયં સૌહાર્દમુત્સાદય-
ત્યુદ્વેગં જનયત્યવદ્યવચનં સૂતે વિધત્તે કલિમ્ ।
કીર્ત્તિં કૃન્તતિ દુર્મતિં વિતરતિ વ્યાહન્તિ પુણ્યોદયમ્,
દત્તે યઃ કુગતિં સ હાતુમુચિતો રોષઃ સ દોષઃ
સતામ્ ॥૪૭॥

જે સંતાપને વિસ્તારે છે, વિનયનો નાશ કરે છે, મિત્રતાનો નાશ કરે છે, ઉદ્વેગને ઉત્પન્ન કરે છે, દુર્વચનને જન્મ આપે છે, કલેશને પેદા કરે છે, કીર્ત્તિને કાપે છે, દુર્બુદ્ધિને ફેલાવે છે, પુણ્યોદયને હણી નાખે છે અને દુર્ગતિને આપે છે તે દોષિત એવો રોષ (ક્રોધ) સજ્જનોને તજવા યોગ્ય છે. (૪૭)

યો ધર્મં દહતિ દ્રુમં દવ ઇવોન્મથ્નાતિ નીતિં લતાં,
દંતીવેન્દુકલાં વિધુંતુદ ઇવ ક્લિશ્નાતિ કીર્ત્તિં
નૃણામ્ ।
સ્વાર્થં વાયુરિવામ્બુદં વિઘટયત્યુલ્લાસયત્યાપદં,
તૃષ્ણાં ધર્મ ઇવોચિતઃ કૃતકૃપાલોપઃ સ કોપઃ
કથમ્ ॥૪૮॥

અગ્નિ જેમ વૃક્ષને તેમ જે (ક્રોધ) ધર્મને બાળી નાખે છે. હાથી જેમ લતાને તેમ જે નીતિ રૂપી લતાને ઉખેડી નાખે છે. રાહુ જેમ ચંદ્રની કલાને કલેશ પમાડે છે તેમ જે મનુષ્યની કીર્તિને નાશ પમાડે છે. વાયુ જેમ વાદળનો વિનાશ કરે છે તેમ જે સ્વાર્થનો વિનાશ કરે છે, ઉનાળો જેમ તૃષાને વધારે છે તેમ જે આપત્તિને વધારે છે અને જેણે દયાનો લોપ કર્યો છે તે ક્રોધ શી રીતે કરવા યોગ્ય છે? (અર્થાત્ કરવા યોગ્ય નથી જ.) (૪૮)

યસ્માદાવિર્ભવતિ વિતતિર્દુસ્તરાપન્નદીનાં,
યસ્મિન્ શિષ્ટાભિરુચિતગુણગ્રામનામાપિ નાસ્તિ ।

યશ્ચ વ્યાપ્તં વહતિ વધધીધૂમ્યયા ક્રોધદાવં,
તં માનાદ્રિં પરિહર દુરારોહમૌચિત્યવૃત્તેઃ ॥૪૯॥

જેનાથી દુઃખે કરીને તરી શકાય એવી આપત્તિ રૂપી નદીઓનો વિસ્તાર પ્રગટ થાય છે, જેને વિષે ઉત્તમ પુરુષોને પ્રીતિકર ગુણોના સમુહનું નામ પણ નથી. વળી જે હિંસાની બુદ્ધિ રૂપી ધૂમ્રના સમૂહથી વ્યાપ્ત એવા ક્રોધ રૂપી દાવાનળને ધારણ કરે છે તે દુઃખે કરી ચઢી શકાય તેવા માન રૂપ પર્વતનો ઉચિત વર્તન દ્વારા ત્યાગ કરો. (૪૯)

શમાલાનં ભંજન્ વિમલમતિનાડીં વિઘટયન્,
કિરન્ દુર્વાક્પાંશૂત્કરમગણયન્નાગમશૃણિમ્ ।
ભ્રમન્નૂર્વ્યાં સ્વૈરં વિનયનયવીથીં વિદલયન્,
જનઃ કં નાનર્થં જનયતિ મદાંધો દ્વિપ ઇવ ॥૫૦॥

શાંતિ રૂપ હાથીને બાંધવાના થાંભલાને ભાંગતો, નિર્મળ બુદ્ધિ રૂપ દોરડાને તોડતો, દુષ્ટવાણી રૂપ ધૂલિ સમૂહને ઉડાડતો, સિદ્ધાંત રૂપ અંકુશને ન ગણતો, પૃથ્વી ઉપર પોતાની મરજી મુજબ ભમતો અને વિવેક રૂપી ન્યાય માર્ગને ઉખેડી નાખતો, મદથી અંધ બનેલ પુરુષ હાથીની જેમ કયા અનર્થને ઉત્પન્ન નથી કરતો ? (૫૦)

ઔચિત્યાચરણં વિલુમ્પતિ પયોવાહં નભસ્વાનિવ,
પ્રધ્વંસં વિનયં નયત્યહિરિવ પ્રાણસ્પૃશાં જીવિતમ્ ।

કીર્તિં કૈરવિણીં મતંગજ ઇવ પ્રોન્મૂલયત્યંજસા,
માનો નીચ ઇવોપકારનિકરં હન્તિ ત્રિવર્ગં
નૃણામ્ ।।૫૧।।

જેમ પવન વાદળને દૂર કરે છે તેમ અહંકાર યોગ્ય આચરણનો નાશ કરે છે, સર્પ જેમ પ્રાણીઓના જીવનનો નાશ કરે છે તેમ તે મનુષ્યોના જીવન રૂપ વિનયનો નાશ કરે છે. વળી મદોન્મત હાથીની પેઠે કીર્ત્તિ રૂપી કમલિનીને ઉખેડી નાખે છે અને નીચ પુરુષ જેમ ઉપકારના સમૂહને હણે છે તેમ તે (અહંકાર) મનુષ્યોના ધર્મ, અર્થ અને કામ રૂપ ત્રણે વર્ગનો તુરત નાશ કરે છે; (૫૧)

મુષ્ણાતિ યઃ કૃતસમસ્તસમીહિતાર્થ–
સંજીવનં વિનયજીવિતમંગભાજામ્
જાત્યાદિમાનવિષજં વિષમં વિકારં,
તં માર્દવામૃતરસેન નયસ્વ શાન્તિમ્ ।।૫૨।।

જે સમસ્ત ઇચ્છિત પદાર્થોને સજીવન કરનાર એવા મનુષ્યોના વિનય રૂપી જીવનને ચોરી લે છે. (બગાડે છે) તે જાતિ વગેરેના અભિમાન રૂપી વિષથી ઉત્પન્ન થયેલ ભયંકર વિકારને તું નમ્રતા રૂપી અમૃત રસથી શાંતિ પમાડ. (૫૨)

કુશલજનનવન્ધ્યાં સત્યસૂર્યાસ્તસન્ધ્યાં,
કુગતિયુવતિમાલાં મોહમાતંગશાલામ્

શમકમલહિમાની દુર્યશોરાજધાની,
વ્યસનશતસહાયાં દૂરતો મુઞ્ચ માયામ્ ॥૫૩॥

કલ્યાણને ઉત્પન્ન કરવામાં વાંઝણી સ્ત્રી સમાન, સત્ય વચન રૂપ સૂર્યને અસ્ત થવા સંધ્યા સમાન, દુર્ગતિ રૂપી યુવતિની વરમાળ સમાન, મોહ રૂપ હસ્તિની શાળા સમાન, શમભાવ રૂપ કમળને મહાહિમ સમાન, અપયશની રાજધાની, સેંકડો દુઃખોને સહાય કરનારી એવી માયાને તું દૂરથી જ તજી દે, (૫૩)

વિધાય માયાં વિવિધૈરુપાયૈ:
પરસ્ય યે વંચનમાચરન્તિ ।
તે વંચયન્તિ ત્રિદિવાપવર્ગ-સુખાન્ મહામોહસખા:
સ્વમેવ ॥૫૪॥

જે માણસો અનેક પ્રકારના ઉપાયો વડે કપટ કરીને બીજાને ઠગે છે, મહામોહના મિત્ર એવા તેઓ સ્વર્ગ અને મોક્ષના સુખથી પોતાના આત્માને જ છેતરે છે. (૫૪)

માયામવિશ્વાસવિલાસમન્દિરં, દુરાશયો ય:
કુરુતે ધનાશયા ।
સોઽનર્થસાર્થં ન પતન્તમીક્ષતે, યથા બિડાલો
લકુટં પય: પિબન્ ॥૫૫॥

દુષ્ટ આશયવાળો જે પુરૂષ ધનની આશાથી અવિશ્વાસને રમવાના ઘર રૂપ માયાને કરે છે તે પુરુષ જેમ દૂધને

પીતો બિલાડો દંડ પ્રહારને જોતો નથી તેમ આવી પડતા દુઃખોના સમુદાયને જોતો નથી. (૫૫)

મુગ્ધપ્રતારણપરાયણમુજ્જિજહીતે,
યત્પાટવં કપટલંપટચિત્તવૃત્તેઃ ।
જીર્યત્યુપપ્લવમવશ્યમિહાપ્યકૃત્વા,
નાપથ્યભોજનમિવામયમાયતૌ તત્ ॥૫૬॥

જેમ અહિં પણ અહિતકારી ભોજન રોગને કર્યા વિના પચતું નથી, તેમ કપટમાં લંપટ ચિત્ત વૃત્તિવાળા મનુષ્યની ભોળા જનને છેતરવામાં તત્પર એવી જે ચતુરાઈ પ્રગટ થાય છે તે ભવિષ્યમાં ઉપદ્રવને કર્યા વિના રહેતી નથી. (૫૬)

યદ્દુર્ગામટવીમટન્તિ વિકટં ક્રામન્તિ દેશાન્તરં,
ગાહન્તે ગહનં સમુદ્રમતનુક્લેશાં કૃષિં કુર્વતે ।
સેવન્તે કૃપણં પતિં ગજઘટાસંઘટ્ટદુઃસંચરં,
સર્પન્તિ પ્રધનં ધનાંધિતધિયસ્-
તલ્લોભવિસ્ફૂર્જિતમ્ ॥૫૭॥

ધનના લોભથી અંધ થયેલ બુદ્ધિવાળા લોકો જે ભયંકર અટવીમાં ભટકે છે, વિકટ એવા બીજા દેશોમાં ફરે છે, ઊંડા એવા સમુદ્રમાં પ્રવેશ કરે છે, અત્યંત કષ્ટવાળી ખેતીને કરે છે, કંજુસ એવા સ્વામિની સેવા કરે છે અને હાથીઓનો સમૂહ પાસે પાસે રહેવાથી અત્યંત

દુઃખે કરી પ્રવેશી શકાય એવા યુદ્ધમાં જાય છે તે (ખરે-ખર) લોભનો જ પ્રતાપ છે. (૫૭)

મૂલં મોહવિષદ્રુમસ્ય સુકૃતામ્ભોરાશિકુમ્ભોદ્ભવઃ,
ક્રોધાગ્નેરરણિઃ પ્રતાપતરણિ–પ્રચ્છાદને તોયદઃ ।
ક્રીડાસદ્મ કલેર્વિવેકશશિનઃ સ્વર્ભાનુરાપન્નદી–
સિન્ધુઃ કીર્ત્તિલતાકલાપકલભો લોભઃ
પરાભૂયતામ્ ॥૫૮॥

મોહ રૂપી વિષવૃક્ષના મૂળ સમાન, પુણ્ય રૂપી સાગરને (શોષવામાં) અગસ્ત્યમુનિ સમાન, ક્રોધ રૂપી અગ્નિને (સળગાવવા) અરણીના કાષ્ઠ સમાન, પ્રતાપ રૂપી સૂર્યને ઢાંકવામાં મેઘ સમાન, કલેશનું ક્રીડા ઘર, વિવેક રૂપી ચંદ્રને (ગળી જવા) રાહુ સમાન, આપત્તિ રૂપી નદી-ઓના સમુદ્ર સમાન, કીર્ત્તિ રૂપી વેલડીઓના સમૂહનો (નાશ કરવામાં) હાથી સમાન એવો લોભ દૂર કરાઓ. (૫૮)

નિઃશેષધર્મવનદાહવિજૃમ્ભમાણે,
દુઃખૌઘભસ્મનિ વિસર્પદકીર્ત્તિધૂમે ।
બાઢં ધનેન્ધનસમાગમદીપ્યમાને,
લોભાનલે શલભતાં લભતે ગુણૌઘઃ ॥૫૯॥

સમસ્ત ધર્મ રૂપી વનને બાળવાથી વિસ્તાર પામતા, દુઃખોના સમૂહ રૂપી રાખવાળા, ફેલાતી અપકીર્ત્તિ રૂપી ધૂમાડાવાળા અને ધન રૂપી કાષ્ઠના સમાગમથી અત્યંત

ધગધગતા લોભ રૂપી અગ્નિને વિષે સદ્‌ગુણોનો સમૂહ પતંગપણાને પામે છે. (૫૯)

જાતઃ કલ્પતરુઃ પુરઃ સુરગવી તેષાં પ્રવિષ્ટા ગૃહં,
ચિન્તારત્નમુપસ્થિતં કરતલે પ્રાપ્તો
નિધિઃ સંનિધિમ્ ।
વિશ્વં વશ્યમવશ્યમેવ સુલભાઃ સ્વર્ગાપવર્ગશ્રિયો,
યે સંતોષમશેષદોષદહનધ્વંસામ્બુદં બિભ્રતે ॥૬૦॥

જે પુરુષો સમસ્ત દોષ રૂપી અગ્નિને બાળવામાં (ઠારવામાં) મેઘ સમાન સંતોષને ધારણ કરે છે તેઓને કલ્પવૃક્ષ સન્મુખ થયેલું છે, કામધેનુએ તેના ઘરમાં પ્રવેશ કર્યો છે. ચિંતામણિ રત્ન હથેલીમાં પ્રાપ્ત થયું છે. નિધાન નજીકપણાને પામ્યું છે, જગત નક્કી આધીન થાય છે, સ્વર્ગ અને મોક્ષની લક્ષ્મી સુલભ બને છે. (૬૦)

વરં ક્ષિપ્તઃ પાણિઃ કુપિતફણિનો વક્ત્રકુહરે,
વરં ઝંપાપાતો જ્વલદનલકુણ્ડે વિરચિતઃ ।
વરં પ્રાસપ્રાન્તઃ સપદિ જઠરાન્તર્વિનિહિતો,
ન જન્યં દૌર્જન્યં તદપિ વિપદાં સદ્મ વિદુષા ।૬૧।

કોપાયમાન થયેલ સર્પના મુખમાં હાથ નાખવો તે સારો, સળગતા અગ્નિ કુંડમાં ઝંપાપાત કરવો તે સારો, ઉદરના મધ્ય ભાગમાં ભાલાનો અગ્રભાગ નાખવો તે સારો,

પણ પંડિત માણસે આપદાઓના ઘર રૂપ દુર્જનપણું કરવું તે સારું નથી. (૬૧)

સૌર્જન્યમેવ વિદધાતિ યશશ્ચયં ચ,
સ્વશ્રેયસં ચ વિભવં ચ ભવક્ષયં ચ ।
દૌર્જન્યમાવહસિ યત્ કુમતે તદર્થં,
ધાન્યેઽનલં દિશસિ તજ્જલસેકસાધ્યે ॥૬૨॥

સદાચારિપણું મનુષ્યોને યશનો સમૂહ પ્રાપ્ત કરાવે છે. તેમનું કલ્યાણ કરે છે, વૈભવ પમાડે છે. અને ભવનો ક્ષય કરે છે, હે દુષ્ટ બુદ્ધિવાળા ? તું તેના માટે જે દુરાચારનું સેવન કરે છે તે તો પાણીના સિંચનથી થનાર ધાન્યના ક્ષેત્રમાં અગ્નિ મુકવા સમાન કરે છે. (૬૨)

વરં વિભવવન્ધ્યતા સુજનભાવભાજાં નૃણા-
મસાધુચરિતાર્જિતા ન પુનરૂર્જિતાઃ સંપદઃ ।
કૃશત્વમપિ શોભતે સહજમાયતૌ સુંદરં,
વિપાકવિરસા ન તુ શ્વયથુસંભવા સ્થૂલતા ॥૬૩॥

સદાચારનું પાલન કરનાર મનુષ્યોને ધનરહિતપણું શ્રેષ્ઠ છે, પરંતુ દુરાચરણ વડે મેળવાએલી ઘણી લક્ષ્મી પણ શ્રેષ્ઠ નથી. ભવિષ્યમાં થનાર સ્વાભાવિક દુર્બળતા સુંદર રીતે શોભે છે. પણ ભવિષ્યમાં દુઃખદેનાર સોઝાથી ઉત્પન્ન થએલ પુષ્ટપણું શોભતું નથી. (૬૩)

न ब्रूते परदूषणं परगुणं वक्त्यल्पमप्यन्वहं,
संतोषं वहते परर्द्धिषु पराबाधासु धत्ते शुचम् ।
स्वश्लाघां न करोति नोज्झति
नयं नौचित्यमुल्लंघय-
त्युक्तोऽप्यप्रियमक्षमां न रचयत्येतच्चरित्रं
सताम् ॥६४॥

(સજ્જન પુરુષ) બીજાના દોષને કહેતા નથી બીજાના થોડા ગુણને પણ હંમેશ કહે છે. પારકી સંપત્તિમાં સંતોષને ધારણ કરે છે અને પરપીડામાં શોકને ધારણ કરે છે, આત્મશ્લાઘા કરતા નથી. ન્યાયનો ત્યાગ કરતા નથી અને યોગ્યતાનું ઉલ્લઘંન કરતા નથી અને અપ્રિય કહેવાયા છતાં પણ ક્રોધને કરતા નથી. આ સજ્જનપુરુષોનો આચાર છે. (૬૪)

धर्मं ध्वस्तदयो यशश्च्युतनयो वित्तं प्रमत्तः पुमान्,
काव्यं निष्प्रतिभस्तपः शमदयाशून्योऽल्पमेधाः श्रुतम् ।
वस्त्वालोकमलोचनश्चलमना ध्यानं
च वाञ्छत्यसौ,
यः संगं गुणिनां विमुच्य विमतिः
कल्याणमाकांक्षति ॥६५॥

જે બુદ્ધિહીન મનુષ્ય ગુણવાન પુરુષોની સોબત છોડીને કલ્યાણની ઇચ્છા રાખે છે તે દયાનો ત્યાગ કરી ધર્મને ઇચ્છે છે. ન્યાયનો ત્યાગ કરી યશની, પ્રમાદી થઈને દ્રવ્યની, પ્રતિભા વિનાનો છતાં કાવ્ય કરવાની. શમતા અને દયા વિના તપની. અલ્પબુદ્ધિવાળો છતાં શાસ્ત્રના અધ્યયનની. નેત્ર વિના વસ્તુઓને જોવાની અને ચંચળ મનવાળો છતાં ધ્યાનની ઇચ્છા કરે છે. (૬૫)

હરતિ કુમતિં ભિત્તે મોહં કરોતિ વિવેકિતાં,
વિતરતિ રતિં સૂતે નીતિં તનોતિ ગુણાવલિમ્ ।
પ્રથયતિ યશો ધત્તે ધર્મં વ્યપોહતિ દુર્ગતિં,
જનયતિ નૃણાં કિં નાભીષ્ટં ગુણોત્તમસંગમઃ ॥૬૬॥

ગુણોથી ઉત્તમ મનુષ્યોની સોબત મનુષ્યોને કઈ ઇષ્ટ વસ્તુ આપતી નથી ? (બધું જ આપે છે, કેમકે તે) દુર્બુદ્ધિને હણે છે, અજ્ઞાનનો નાશ કરે છે, વિવેકીપણું કરે છે, સંતોષ આપે છે, નીતિને જન્મ આપે છે, ગુણોના સમૂહને વિસ્તારે છે, યશને ફેલાવે છે, ધર્મમાં સ્થિર કરે છે અને દુર્ગતિને દૂર કરે છે. (૬૬)

લબ્ધું બુદ્ધિકલાપમાપદમપાકર્તું વિહર્તું પથિ,
પ્રાપ્તું કીર્ત્તિમસાધુતાં વિધુવિતું ધર્મં સમાસેવિતુમ્ ।
રોદ્ધું પાપવિપાકમાકલયિતું સ્વર્ગાપવર્ગશ્રિયં,
ચેત્ત્વં ચિત્ત સમીહસે ગુણવતાં સંગં તદંગીકુરુ ।૬૭।

હે ચિત્ત ? જો તું બુદ્ધિના સમૂહને પ્રાપ્ત કરવાને, આપદાઓને દૂર કરવાને, ન્યાયમાર્ગમાં ચાલવાને, કીર્તિને મેળવવાને, દુર્જનતાનો ત્યાગ કરવાને, ધર્મને સમ્યગ્રીતે સેવવાને, પાપના ફળને રોકવાને અને સ્વર્ગ તથા મોક્ષ-લક્ષ્મીને મેળવવાને ઇચ્છે છે, તો ગુણવંત પુરુષોની સોબત કર. (૯૭)

હિમતિ મહિમામ્ભોજે ચંડાનિલત્યુદયામ્બુદે,
દ્વિરદતિ દયારામે ક્ષેમક્ષમાભૃતિ વજ્રતિ ।
સમિધતિ કુમત્યગ્નૌ કંદત્યનીતિલતાસુ યઃ,
કિમભિલષતા શ્રેયઃ શ્રેયઃ સ નિર્ગુણસંગમઃ ॥૯૮॥

જે મહત્તા રૂપી કમલ ઉપર હિમ સમાન છે, આબાદી રૂપી મેઘમાં પ્રચંડ વાયુ સમાન છે, દયા રૂપી બગીચામાં હાથી સમાન છે. કલ્યાણ રૂપી પર્વતમાં વજ્ર સમ છે, દુર્બુદ્ધિ રૂપી અગ્નિમાં લાકડા સમાન છે, અન્યાય રૂપી વેલડીઓમાં કંદ સમાન છે એવી જે ગુણ રહિત પુરુષોની સોબત તે શું કલ્યાણને ઇચ્છતા પુરુષે કરવા યોગ્ય છે ? (૯૮)

આત્માનં કુપથેન નિર્ગમયિતું યઃ શૂકલાશ્વાયતે,
કૃત્યાકૃત્યવિવેકજીવિતહૃતૌ યઃ કૃષ્ણસર્પાયતે ।
યઃ પુણ્યદ્રુમખંડખંડનવિધૌ સ્ફૂર્જત્કુઠારાયતે,
તં લુપ્તવ્રતમુદ્રમિન્દ્રિયગણં જિત્વા શુભંયુર્ભવ ॥૯૯॥

આત્માને ખરાબ માર્ગે લઈ જવાને જે તોફાની ઘોડા જેવું આચરણ કરે છે, કૃત્યાકૃત્યના વિવેક રૂપી જીવિતનું હરણ કરવામાં જે કાળા સર્પ જેવું આચરણ કરે છે, પુણ્ય રૂપી વૃક્ષના વનને નાશ કરવામાં જે અણી-દાર કુહાડા જેવું આચરણ કરે છે તે વ્રતની મર્યાદાને લોપનારા ઇન્દ્રિયના સમૂહને જીતીને તું સુખી થા.(૬૯)

પ્રતિષ્ઠાં યન્નિષ્ઠાં નયતિ નયનિષ્ઠાં વિઘટય-
ત્યકૃત્યેષ્વાધત્તે મતિમતપસિ પ્રેમ તનુતે ।
વિવેકસ્યોત્સેકં વિદલયતિ દત્તે ચ વિપદં,
પદં તદ્દોષાણાં કરણનિકુરંબં કુરુ વશે ॥૭૦॥

જે (ઇન્દ્રિયોનો સમૂહ) પ્રતિષ્ઠાનો નાશ કરે છે, ન્યાય માર્ગની શ્રદ્ધાનો નાશ કરે છે, અકાર્યોમાં મતિ ધરે છે, અવિરતિમાં સ્નેહ વધારે છે, વિવેકની ઉન્નતિનો વિનાશ કરે છે, દુઃખને આપે છે. અને દોષોના સ્થાન રૂપ છે તે ઇન્દ્રિયોના સમૂહને તું વશ કર. (૭૦)

ધત્તાં મૌનમગારમુજ્ઝતુ વિધિપ્રાગલ્ભ્યમભ્યસ્યતા-
મસ્ત્વંતર્ગણમાગમશ્રમમુપાદત્તાં તપસ્તપ્યતામ્ ।
શ્રેયઃ પુંજનિકુંજભંજનમહાવાતં ન ચેદિન્દ્રિય-
વ્રાતં જેતુમવૈતિ ભસ્મનિ હુતં જાનીત સર્વં તતઃ ।

મૌનને ધારણ કરો, ઘરને તજો, ધર્મ ક્રિયા કરવાની શક્તિને કેળવો, ગચ્છની અંદર રહો, સિદ્ધાંતોના

અભ્યાસમાં પરિશ્રમ કરો કે તપ કરો, પણ જો કલ્યાણના સમૂહ રૂપ ગાઢ વનને ભાંગવામાં મહાવાયુ સમાન ઇન્દ્રિયોના સમુદાયને જીતવાનું જાણતો નથી તો બધું રાખમાં હોમેલા જેવું જાણવું. (જાણો) (૭૧)

ધર્મધ્વંસધુરીણમભ્રમરસાવારીણમાપત્પ્રથા-
લંકર્મીણમશર્મનિર્મિતિકલાપારીણમેકાન્તતઃ ।
સર્વાન્નીનમનાત્મનીનમનયાત્યંતીનમિષ્ટે યથા-
કામિતં કુમતાધ્વનીનમજયન્નક્ષૌઘમક્ષેમભાક્ ।૭૨।

ધર્મનો નાશ કરવામાં મુખ્ય, સત્ય આનંદને ઢાંકનાર, આપત્તિને ફેલાવવામાં સમર્થ, દુઃખ ઉત્પન્ન કરવાની કળામાં હોંશિયાર, એકાન્તે સર્વના અન્નને ખાનાર, આત્માને અહિતકારી, અન્યાય માર્ગે ચાલનાર, ઇષ્ટ વિષયમાં ઇચ્છા મુજબ વર્તનાર, અને દુર્વિચારને રસ્તે જનાર એવા ઇન્દ્રિયના સમૂહને નહિ જીતનાર મનુષ્ય ઉપદ્રવને ભજનારો થાય છે. (૭૨)

નિમ્નં ગચ્છતિ નિમ્નગેવ નિતરાં નિદ્રેવ વિષ્કંભતે,
ચૈતન્યં મદિરેવ પુષ્યતિ મદં ધૂમ્યેવ દત્તેન્ધતામ્ ।
ચાપલ્યં ચપલેવ ચુમ્બતિ દવજ્વાલેવ તૃષ્ણાં નય-
ત્યુલ્લાસં કુલટાંગનેવ કમલા સ્વૈરં પરિભ્રામ્યતિ ।૭૩।

લક્ષ્મી નદીની જેમ નીચ તરફ જાય છે, નિદ્રાની પેઠે ચૈતન્યનો વિનાશ કરે છે, દારૂની પેઠે અહંકારનું પોષણ કરે છે, ધૂમાડાના સમૂહની જેમ અંધપણું આપે છે, વિજળીની પેઠે ચપળતાને ભજે છે, દાવાનળની જવાળા પેઠે તૃષ્ણાને વધારે છે અને કુલટા સ્ત્રીની જેમ ઇચ્છા મુજબ ભ્રમણ કરે છે. (૭૩)

દાયાદાઃ સ્પૃહયન્તિ તસ્કરગણા મુષ્ણન્તિ ભૂમિભુજો,
ગૃહ્ણન્તિચ્છલમાકલય્ય હૂતભુગ્ભસ્મીકરોતિ ક્ષણાત્ ।
અમ્ભઃ પ્લાવયતિ ક્ષિતૌ વિનિહિતં
યક્ષા હરન્તે હઠાત્,
દુર્વૃત્તાસ્તનયા નયન્તિ નિધનં ધિગ્બહ્વધીનં ધનમ્

જેને વારસદારો ઇચ્છે છે, ચોર લોકો ચોરી જાય છે, રાજાઓ કપટ કરીને લઈ લે છે, અગ્નિ પલકારામાં રાખ સમ કરી દે છે, પાણી ડુબાવી દે છે, પૃથ્વીમાં દાટેલું બલાત્કારે યક્ષો લઈ જાય છે અને જેનો દુરાચારી પુત્રો વિનાશ કરે છે તે ઘણાઓને આધીન ધનને ધિક્કાર હો....(૭૪)

નીચસ્યાપિ ચિરં ચટૂનિ રચયન્ત્યાયાન્તિ નીચૈર્નતિં,
શત્રોરપ્યગુણાત્મનોઽપિ
વિદધાત્યુચ્ચૈર્ગુણોત્કીર્ત્તનમ્ ।

નિર્વેદં ન વિદન્તિ કિંચિદકૃતજ્ઞસ્યાપિ સેવાક્રમે,
કષ્ટં કિં ન મનસ્વિનોઽપિ મનુજાઃ કુર્વન્તિ
વિત્તાર્થિનઃ ॥૭૫॥

ઉત્તમ મનવાળા મનુષ્યો પણ ધનના અર્થી થઈને નીચ જનની આગળ પણ લાંબા સમય સુધી મીઠાં વચનો બોલે છે, નીચ જનોને નમસ્કાર કરે છે, ગુણ રહિત શત્રુનું પણ ઉંચે અવાજે ગુણ વર્ણન કરે છે અને કરેલ ગુણોને નહિ જાણનાર પુરુષની સેવા કરવામાં પણ ખેદ પામતા નથી, ખરેખર તેઓ કષ્ટમય શું શું કરતા નથી ? (૭૫)

લક્ષ્મીઃ સર્પતિ નીચમર્ણવપયઃ
સંગાદિવામ્ભોજિની-
સંસર્ગાદિવ કંટકાકુલપદા ન ક્વાપિ ધત્તે પદમ્ ।
ચૈતન્યં વિષસન્નિધેરિવ નૃણામુજ્ઝાસયત્યંજસા,
ધર્મસ્થાનનિયોજનેન ગુણિભિર્ગ્રાહ્યં તદસ્યાઃ ફલમ્
॥૭૬॥

લક્ષ્મી સમુદ્રના પાણીના સંગથી (જ) જાણે નીચ તરફ જાય છે; કમલિનીના સંસર્ગથી (જ) જાણે કાંટાથી યુક્ત પગવાળી (તે) કયાંય પણ સ્થિર સ્થાનને પામતી નથી. અને ઝેરના નજીકપણાથી (જ) જાણે મનુષ્યોના ચૈતન્યનો એકદમ નાશ કરે છે—તેથી ગુણવાન પુરુષોએ

ધર્મસ્થાનમાં વાપરવા વડે જ આ (લક્ષ્મી)ના ફળને ગ્રહણ કરવું જોઈએ. (૭૬)

ચારિત્રં ચિનુતે ધિનોતિ વિનયં જ્ઞાનં નયત્યુન્નતિં,
પુષ્ણાતિ પ્રશમં તપઃ પ્રબલયત્યુલ્લાસયત્યાગમમ્ ।
પુણ્યં કંદલયત્યઘં દલયતિ સ્વર્ગં દદાતિ ક્રમાત્,
નિર્વાણશ્રિયમાતનોતિ નિહિતં પાત્રે પવિત્રં
ધનમ્ ॥૭૭॥

સુપાત્રમાં અપાયેલ પવિત્ર ધન ચારિત્રની વૃદ્ધિ કરે છે, વિનયને વધારે છે, જ્ઞાનની વૃદ્ધિ પમાડે છે, શમભાવની પુષ્ટિ કરે છે. તપને પ્રબળ કરે છે. શ્રુતજ્ઞાનને વધારે છે, પુણ્યને પ્રફુલ્લિત કરે છે, પાપનો નાશ કરે છે, સ્વર્ગને આપે છે, અને અનુક્રમે મોક્ષ રૂપી લક્ષ્મીનો વિસ્તાર કરે છે. (૭૭)

દારિદ્રયં ન તમીક્ષતે ન ભજતે દૌર્ભાગ્યમાલમ્બતે,
નાકીર્ત્તિર્ન પરાભવોઽભિલષતે ન વ્યાધિરાસ્કંદતિ ।
દૈન્યં નાદ્રિયતે દુનોતિ ન દરઃ ક્લિશ્નન્તિ નૈવાપદઃ,
પાત્રે યો વિતરત્યનર્થદલનં દાનં નિદાનં
શ્રિયામ્ ॥૭૮

જે મહાનુભાવ અનર્થોનો નાશ કરનાર અને લક્ષ્મીના કારણભૂત દાન સુપાત્રમાં આપે છે તેની સન્મુખ દરિદ્રતા

જોતી પણ નથી, દૌર્ભાગ્ય તેને સેવતું નથી, અપજશ તેમાં આશ્રય કરતો નથી, પરાભવ તેને ચાહતો નથી, દીનતા તેનો આદર કરતી નથી, ભય તેને પીડતો નથી અને આપત્તિઓ તેને દુઃખ દેતી નથી. (૭૮)

લક્ષ્મીઃ કામયતે મતિર્મૃગયતે કીર્ત્તિસ્તમાલોકતે,
પ્રીતિશ્ચુમ્બતિ સેવતે સુભગતા નીરોગતા લિંગતિ ।
શ્રેયઃસંહતિરભ્યુપૈતિ વૃણુતે સ્વર્ગોપભોગસ્થિતિ-
મુંક્તિર્વાંછતિ યઃ પ્રયચ્છતિ પુમાન્ પુણ્યાર્થમર્થં
નિજમ્ ॥૭૯॥

જે પુરુષ પુણ્યને માટે પોતાનું ધન આપે છે તેને લક્ષ્મી ચાહે છે, બુદ્ધિ શોધે છે, કીર્ત્તિ જુએ છે, પ્રીતિ ચુમ્બન કરે છે, સૌભાગ્ય સેવે છે, નિરોગીપણું આલિંગન કરે છે, કલ્યાણની પરંપરા તેની સન્મુખ આવે છે, સ્વર્ગના ભોગોની શ્રેણી તેને વરે છે અને મુક્તિ તેની ઝંખના કરે છે. (૭૯)

તસ્યાસન્ના રતિરનુચરી કીર્ત્તિરુત્કંઠિતા શ્રીઃ;
સ્નિગ્ધા બુદ્ધિઃ પરિચયપરા ચક્રવર્ત્તિત્વઋદ્ધિઃ ।
પાણૌ પ્રાપ્તા ત્રિદિવકમલા કામુકી મુક્તિસંપત્-
સપ્તક્ષેત્ર્યાં વપતિ વિપુલં વિત્તબીજં નિજં યઃ
॥૮૦॥

જે મનુષ્ય-પોતાના વિપુલ ધન રૂપી બીજને સાત ક્ષેત્રમાં વાવે છે તેને રતિ (સમાધિ) નજીકમાં રહેનાર, કીર્તિ સેવા કરનાર, લક્ષ્મી (મળવા) અતિ ઇચ્છનાર થાય છે. બુદ્ધિ સ્નેહવાળી થાય છે અને ચક્રવર્તિપણાની ઋદ્ધિ તેનો પરિચય કરવામાં તત્પર રહે છે, સ્વર્ગ લક્ષ્મી હાથમાં પ્રાપ્ત થાય છે અને મોક્ષ રૂપી લક્ષ્મી તેની અભિલાષાવાળી થાય છે. (૮૦)

યત્પૂર્વાર્જિતકર્મશૈલકુલિશં યત્કામદાવાનલ-
જ્વાલાજાલજલં યદુગ્રકરણગ્રામાહિમન્ત્રાક્ષરમ્ ।
યત્ પ્રત્યૂહતમઃસમૂહદિવસં યલ્લબ્ધિલક્ષ્મીલતા-
મૂલં તદ્ વિવિધં યથાવિધિ તપઃ કુર્વીત વીતસ્પૃહઃ ।।

જે (તપ) પૂર્વે ઉપાર્જેલ કર્મ રૂપી પર્વતોને (ભેદવા) વજ્ર સમાન છે, જે કામ રૂપી અગ્નિની જ્વાળાના સમૂહને (શમાવવા) પાણી સમાન છે, જે ભયંકર ઇન્દ્રિયોના સમૂહ રૂપી સર્પને (વશ કરવા) મન્ત્રાક્ષર જેવું છે, જે વિઘ્ન રૂપ અંધકારના સમૂહનો (નાશ કરવા) દિવસ સમાન છે અને જે લબ્ધિ અને લક્ષ્મી રૂપી લતાના મૂળ સમાન છે તે અનેક પ્રકારના તપને વિધિ મુજબ સ્પૃહાને તજનાર પુરુષે કરવો જોઈએ. (૮૧)

યસ્માદ્ વિઘ્નપરંપરા વિઘટતે દાસ્યં સુરાઃ કુર્વતે,
કામઃ શામ્યતિ દામ્યતીન્દ્રિયગણઃ
કલ્યાણમુત્સર્પતિ ।

ઉન્મીલન્તિ મહદ્દર્ધયઃ કલયતિ ધ્વંસં ચયઃ કર્મણાં,
સ્વાધીનં ત્રિદિવં શિવં ચ ભવતિ શ્લાધ્યં
તપસ્તન્ન કિમ્ ॥૮૨॥

જેનાથી વિઘ્નોની પરંપરા નાશ પામે છે. દેવતાઓ દાસપણું કરે છે, કામવાસના શાન્ત થાય છે, ઇન્દ્રિયોનો સમૂહ વશ થાય છે, કલ્યાણ વધે છે, મોટી મોટી ઋદ્ધિઓ પ્રગટ થાય છે, કર્મોનો સમૂહ નાશ પામે છે અને સ્વર્ગ તથા મોક્ષ પોતાને તાબે થાય છે: તે તપ શું પ્રશંસા કરવા યોગ્ય નથી. (૮૨)

કાન્તારં ન યથેતરો જ્વલયિતું દક્ષો દવાગ્નિં વિના
દાવાગ્નિં ન યથા પરઃ શમયિતું શક્તો
વિનામ્ભોધરમ્ ।
નિષ્ણાતઃ પવનં વિના નિરસિતું નાન્યો
યથામ્ભોધરમ્,
કર્મૌઘં તપસા વિના કિમપરં હન્તું સમર્થસ્તથા
॥૮૩॥

જેમ જંગલને બાળવા દાવાનળ વિના બીજો કોઈ સમર્થ નથી. જેમ દાવાનળને બુઝવવા મેઘ વિના બીજો કોઈ સમર્થ નથી, જેમ મેઘને વિખેરવા વાયુ સિવાય બીજો કોઈ નિપુણ નથી તેમ કર્મના સમૂહને હણવા માટે તપ વિના બીજું કોણ સમર્થ છે? (૮૩)

સંતોષસ્થૂલમૂલ: પ્રશમપરિકર: સ્કન્ધબંધપ્રપંચ:,
પંચાક્ષીરોધશાખ: સ્ફુરદભયદલ: શીલસંપત્પ્રવાલ: ।
શ્રદ્ધામ્ભ:પૂરસેકાદ્વિપુલકુલબલૈશ્વર્યસૌન્દર્યભોગ:
સ્વર્ગાદિપ્રાપ્તિપુષ્પ: શિવસુખફલદ: સ્તાત્તપ:
પાદપોઽયમ્ ॥૮૪॥

આ તપ રૂપ વૃક્ષ સંતોષ રૂપી મોટા મૂળવાળું છે, શમભાવ રૂપ ઘેરાવાવાળું છે, શ્રુતસ્કંધની રચના રૂપ વિસ્તાર (થડ) વાળું છે, પાંચ ઇન્દ્રિયોને રોધવા રૂપ શાખાઓવાળું, દેદીપ્યમાન અભયદાન રૂપ પાંદડાંવાળું, શીલની સંપત્તિ રૂપ પલ્લવવાળું. શ્રદ્ધા રૂપી પાણીના પ્રવાહ (ધાર)ના સિંચનથી (થતા) ઉત્તમ કુલ, બળ અને ઐશ્વર્યની સુંદરતાના ભોગવાળું અને સ્વર્ગાદિની પ્રાપ્તિ રૂપી પુષ્પવાળું છે. આ (તપ રૂપ વૃક્ષ) શિવ સુખના ફળને આપનાર થાઓ. (૮૪).

નીરાગે તરુણીકટાક્ષિતમિવ ત્યાગવ્યપેતપ્રભૌ,
સેવાકષ્ટમિવોપરોપણમિવામ્ભોઽશ્મનામશ્મનિ ।
વિષ્વગ્વર્ષમિવોષરક્ષિતિતલે દાનાર્હદર્ચાતપ:,
સ્વાધ્યાયાધ્યયનાદિ નિષ્ફલમનુષ્ઠાનં વિના ભાવનામ્
॥૮૫॥

જેમ રાગ વિનાના પુરુષ ઉપર જુવાન સ્ત્રીના કટાક્ષ, જેમ દાન દેવામાં કંજૂસ એવા સ્વામિની સેવાનું કષ્ટ,

જેમ પત્થર ઉપર કમળનું વાવેતર અને જેમ ખારવાળી ભૂમિ ઉપર ચારે તરફ વૃષ્ટિ નકામી છે. તેમ દાન, જિન પૂજા, તપ, સ્વાધ્યાય અને અધ્યયન વગેરે અનુષ્ઠાન પણ ભાવના વિના નિષ્ફળ છે. (૮૫)

સર્વં જ્ઞીપ્સતિ પુણ્યમીપ્સતિ દયાં
ધિત્સત્યઘં મિત્સતિ,
ક્રોધં દિત્સતિ દાન-શીલતપસાં સાફલ્યમાદિત્સતિ ।
કલ્યાણોપચયં ચિકીર્ષતિ ભવામ્ભોધેસ્તટં લિપ્સતે,
મુક્તિસ્ત્રીં પરિરિપ્સતે યદિ જનસ્તદ્ભાવયેદ્
ભાવનામ્ ॥૮૬॥

જો મનુષ્ય સર્વ જાણવાને ઈચ્છતો હોય, પુણ્ય મેળવવા ઇચ્છતો હોય, દયા કરવા ઈચ્છતો હોય, પાપનો નાશ કરવા ઈચ્છતો હોય, દાન, શીલ અને તપની સફળતા કરવા ચાહતો હોય, કલ્યાણનો વધારો કરવા ઇચ્છતો હોય, અને જો મુક્તિ રૂપી સ્ત્રીને આલિંગવા ઇચ્છતો હોય તો તેણે (શુભ) ભાવના ભાવવી. (૮૬)

વિવેકવનસારણીં પ્રશમશર્મસંજીવનીં,
ભવાર્ણવમહાતરીં મદનદાવમેઘાવલીમ્ ।
ચલાક્ષમૃગવાગુરાં ગુરુકષાયશૈલાશનિં,
વિમુક્તિપથવેસરીં ભજત ભાવનાં કિં પરૈઃ ૮૭

વિવેક રૂપી વનને (વધારવામાં) નદી સમાન, શમભાવના સુખને (સજીવન કરવા) સંજીવની ઔષધિ સમાન, સંસાર સમુદ્ર (તરવા) મોટી નાવડી સમાન, કામાગ્નિને (રોકવા) મેઘધારા સમાન. ચંચળ ઇન્દ્રિયો રૂપ હરણાંને (વશ કરવા) પાશ સમાન, મોક્ષ માર્ગમાં (ભાર ઉપાડનાર) ખચ્ચર ઘોડી સમાન એવી ભાવનાનું સેવન કરો. બીજાથી શું પ્રયોજન છે? (૮૭)

ઘનં દત્તં વિત્તં જિનવચનમભ્યસ્તમખિલં,
ક્રિયાકાંડં ચંડં રચિતમવનૌ સુપ્તમસકૃત્ ।
તપસ્તીવ્રં તપ્તં ચરણમપિ ચીર્ણં ચિરતરં,
ન ચેચ્ચિત્તે ભાવસ્તુષવપનવત્ સર્વમફલમ્ ॥૮૮॥

ઘણું દાન આપ્યું, સમસ્ત જિનવાણીનો અભ્યાસ કર્યો, ઉગ્ર ક્રિયાઓ કરી, વારંવાર ભૂમિ ઉપર શયન કર્યું, તીવ્ર તપ કર્યો અને લાંબા કાળ સુધી ચારિત્ર પણ પાળ્યું. પણ જો ચિત્તમાં ભાવ ન હોય તો ફોતરાં વાવવા જેમ બધું નિષ્ફળ છે. (૮૮)

યદશુભરજઃપાથો દપ્તેન્દ્રિયદ્વિરદાંકુશં,
કુશલકુસુમોદ્યાનં માદ્યન્મનઃકપિશૃંખલા ।
વિરતિરમણીલીલાવેશ્મ સ્મરજ્વરભેષજં,
શિવપથરથસ્તદ્વૈરાગ્યં વિમૃશ્ય ભવાભયઃ ॥૮૯॥

જે પાપ રૂપી ધૂળને માટે પાણી સમાન છે, ઉન્મત્ત ઇન્દ્રિયો રૂપી હાથીને માટે અંકુશ જેવા, પુણ્ય રૂપી ફૂલો માટે બગીચા સમાન, ઉન્મત્ત મન રૂપી વાંદરા માટે સાંકળ સમાન, વિરતિ રૂપી સ્ત્રીને રમવાના ઘર સમાન, કામ રૂપી તાવ માટે દવા જેવા અને મોક્ષ માર્ગમાં રથ સમાન તે વૈરાગ્યને વિચારીને તું નિર્ભય થા....(૮૯)

ચંડાનિલસ્ફુરિતમબ્દચયં દવાર્ચિ–
ર્વૃક્ષવ્રજં તિમિરમંડલમર્કબિમ્બમ્ ।
વજ્રં મહીધ્રનિવહં નયતે યથાન્તં,
વૈરાગ્યમેકમપિ કર્મ તથા સમગ્રમ્ ॥૯૦॥

જેમ પ્રચંડ પવનનું વાવું મેઘના સમૂહનો, દાવાનળ વૃક્ષના સમૂહનો, સૂર્યનું બિંબ અંધકારના સમૂહનો અને વજ્ર પર્વતોના સમૂહનો નાશ કરે છે તેમ એકલો વૈરાગ્ય પણ સમગ્ર કર્મનો નાશ કરે છે. (૯૦)

નમસ્યા દેવાનાં ચરણવરિવસ્યા શુભગુરો–
સ્તપસ્યા નિઃસીમશ્રમપદમુપાસ્યા ગુણવતામ્ ।
નિષદ્યારણ્યે સ્યાત્ કરણદમવિદ્યા ચ શિવદા,
વિરાગઃ ક્રૂરાગઃક્ષપણનિપુણોઽન્તઃ સ્ફુરતિ ચેત્
॥૯૧॥

ક્રૂર પાપોનો નાશ કરવામાં હોંશિયાર એવો વૈરાગ્ય જો હૃદયમાં પ્રગટ્યો હોય તો જ દેવોને કરેલ નમસ્કાર,

ઉત્તમ ગુરુના ચરણની સેવા, અત્યંત પરિશ્રમના સ્થાનભૂત તપશ્ચર્યા, ગુણવાનોની સેવા, અરણ્યમાં વસવાટ અને ઇન્દ્રિયોના દમનથી મેળવેલ જ્ઞાન મોક્ષને આપનાર થાય.(૯૧)

ભોગાન્ કૃષ્ણભુજંગભોગવિષમાન્
રાજ્યં રજઃસન્નિભં,
બંધૂન્ બંધનિબંધનાનિ વિષય-
ગ્રામં વિષાન્નોપમમ્ ।
ભૂતિં ભૂતિસહોદરાં તૃણમિવ
સ્ત્રૈણં વિદિત્વા ત્યજન્,
તેષ્વાસક્તિમનાવિલો વિલભતે મુક્તિં વિરક્તઃ પુમાન્ ॥

ભોગોને કાળા સર્પના શરીર જેવા ભયંકર, રાજ્યને ધૂળ સમાન, સગાંઓને કર્મબંધના કારણ રૂપ, શબ્દાદિ વિષયોના સમૂહને ઝેરી અનાજ સમાન, આબાદીને રાખ સમાન, અને સ્ત્રી સમૂહને તૃણ સમાન સમજીને તેઓને વિષે તીવ્રાભિલાષને તજતો સરળ અને વિરાગી પુરુષ મોક્ષને મેળવે છે. (૯૨)

જિનેન્દ્રપૂજા ગુરુપર્યુપાસ્તિ,
સત્ત્વાનુકંપાશુભપાત્રદાનમ્ ।
ગુણાનુરાગઃ શ્રુતિરાગમસ્ય,
નૃજન્મવૃક્ષસ્ય ફલાન્યમૂનિ ॥૯૩॥

શ્રી જિનેશ્વર દેવની પૂજા, ગુરુની સેવા, પ્રાણીઓ

ઉપર દયા, સુપાત્રે દાન, ગુણો ઉપર પ્રીતિ અને આગમનું શ્રવણ આ મનુષ્ય જન્મ રૂપી વૃક્ષનાં ફળો છે. (૯૩)

ત્રિસંધ્યં દેવાર્ચાં વિરચય ચયં પ્રાપય યશઃ,
શ્રિયઃ પાત્રે વાપં જનય નયમાર્ગં નય મનઃ ।
સ્મરક્રોધાદ્યરીન્ દલય કલય પ્રાણિષુ દયાં,
જિનોક્તં સિદ્ધાન્તં શૃણુ વૃણુ જવાન્ મુક્તિકમલામ્

ત્રણે સંધ્યાએ અરિહંત પ્રભુની પૂજા કર, યશની વૃદ્ધિ કર, લક્ષ્મીને સુપાત્રમાં વાપર, મનને ન્યાય માર્ગે લઈજા, કામ-ક્રોધ વગેરે શત્રુઓનો નાશ કર, પ્રાણિઓને વિષે દયા કર અને શ્રી જિનેશ્વર પ્રભુએ કહેલ આગમનું શ્રવણ કર, તેમજ જલદીથી શિવ-લક્ષ્મીને પ્રાપ્ત કર. (૯૪)

કૃત્વાર્હત્પદપૂજનં યતિજનં નત્વા વિદિત્વાગમં,
હિત્વા સંગમધર્મકર્મઠધિયાં પાત્રેષુ દત્ત્વા ધનમ્ ।
ગત્વા પદ્ધતિમુત્તમક્રમજુષાં જિત્વાન્તરારિવ્રજં,
સ્મૃત્વા પંચનમસ્ક્રિયાં કુરુ કરક્રોડસ્થમિષ્ટં સુખમ્ ॥

હે ચેતન! શ્રી અરિહંત પ્રભુના ચરણની પૂજા કરીને મુનિ-જનને નમસ્કાર કરીને, આગમ-જ્ઞાન મેળવીને, પાપને વિષે આસક્ત બુદ્ધિવાળા મનુષ્યોની સોબતને તજીને, સુપાત્રમાં ધનને આપીને, ઉત્તમ માર્ગે ચાલનાર મનુષ્યોની રીતિએ ચાલીને, અભ્યંતર શત્રુઓને જિતીને પંચ પરમેષ્ઠી નમસ્કારનું સ્મરણ કરીને વાંછિત સુખને તું હાથના મધ્યમાં રહેનારું કર. (૯૫)

પ્રસરતિ યથા કીર્ત્તિર્દિક્ષુ ક્ષપાકરસોદરા—
ભ્યુદયજનની યાતિ સ્ફાતિં યથા ગુણસંતતિઃ ।
કલયતિ યથા વૃદ્ધિં ધર્મઃ કુકર્મહતિક્ષમઃ,
કુશલસુલભે ન્યાય્યે કાર્યં તથા પથિ વર્ત્તનમ્ ।૯૬।

જેમ ચંદ્ર સમાન ઉજ્જવલ કીર્ત્તિ દિશાઓમાં ફેલાય, જેમ આલ્હાદીને કરનાર ગુણનો સમુદાય વૃદ્ધિને પામે, અને જેમ પાપને હણવામાં સમર્થ એવો ધર્મ વૃદ્ધિને પામે, તેવી રીતે પુણ્યોદયે પામી શકાય તેવા ન્યાયી માર્ગમાં પ્રવૃત્તિ કરવી જોઈએ. (૯૬)

કરે શ્લાઘ્યસ્ત્યાગઃ શિરસિ ગુરુપાદપ્રણમનં,
મુખે સત્યા વાણી શ્રુતમધિગતં ચ શ્રવણયોઃ ।
હૃદિ સ્વચ્છા વૃત્તિર્વિજયી ભુજયોઃ પૌરુષમહો,
વિનાપ્યૈશ્વર્યેણ પ્રકૃતિમહતાં મંડનમિદમ્ ॥૯૭॥

હાથમાં (નું) દાન વખાણવા યોગ્ય છે. મસ્તકનું ગુરુના ચરણને નમસ્કાર, મુખનું સત્યવાણી, કાનનું શાસ્ત્ર શ્રવણ, હૃદયનું નિર્મળ વિચાર, અને બે હાથનું ઘરેણું વિજય આપનાર પુરુષાર્થ છે. લક્ષ્મી વિનાના છતાં સ્વભાવે મહાન્ પુરુષોનાં આ ભૂષણ છે. (૯૭)

ભવારણ્યં મુક્ત્વા યદિ જિગમિષુર્મુક્તિનગરીં,
તદાનીં મા કાર્ષીર્વિષયવિષવૃક્ષેષુ વસતિમ્ ।
યતશ્છાયાપ્યેષાં પ્રથયતિ મહામોહમચિરા—
દયં જન્તુર્યસ્માત્પદમપિ ન ગન્તું પ્રભવતિ ।૯૮।

જો ભવ રૂપી અટવીને છોડીને મુક્તિ નગરમાં જવાની ઇચ્છાવાળો હોય તો વિષય રૂપી વિષ વૃક્ષોને વિષે રહેઠાણ ન કર, કારણ કે એઓની છાયા પણ મહામોહને જલ્દીથી ફેલાવે છે, કે જેમાંથી આ જીવ એક પગલું પણ જવાને સમર્થ નથી. (૯૮)

સોમપ્રભાચાર્યપ્રભાચયન્ન,
પુંસાં તમઃ પંકમપાકરોતિ ।
તદપ્યમુષ્મિન્નુપદેશલેશે,
નિશમ્યમાનેઽનિશમેતિ નાશમ્ ॥૯૯॥

માણસોના જે અંધકાર રૂપી કચરાને ચંદ્રની કાન્તિ કે સૂર્યની કાન્તિ નાશ કરી શકતી નથી. તે પણ અંધકાર રૂપી કચરો હંમેશાં આ અલ્પ ઉપદેશ સાંભળવાથી નાશ પામે છે. (૯૯)

અભજદજિતદેવાચાર્યપટ્ટોદયાદ્રિ-
દ્યુમણિવિજયસિંહાચાર્યપાદારવિંદે ।
મધુકરસમતાં યસ્તેન સોમપ્રભેણ,
વ્યરચિ મુનિપરાજ્ઞા સૂક્તમુક્તાવલીયમ્ ॥૧૦૦॥

અજિતદેવસૂરિજીના ચરણ કમલમાં જે ભ્રમરની સમાનતાને ધારણ કરતા હતા તે શ્રી મુનિવરોના નાયક શ્રી સોમપ્રભસૂરીશ્વર વડે આ સુભાષિત કાવ્ય રૂપ મોતિઓની માળા રચાઈ છે. (૧૦૦)

# શ્રી વૈરાગ્યશતક ભાષાન્તર સહિત

સંસારમ્મિ અસારે, નત્થિ સુહં વાહિવેઅણાપઉરે ।
જાણંતો ઇહિ જીવો, ન કુણઈ જિણદેસિઅં ધમ્મં ૧

સાર રહિત તથા વ્યાધિ અને વેદના વડે ભરેલા આ સંસારમાં સુખ નથી એમ જાણતાં છતાં પણ જીવ જિનેશ્વરદેવે પ્રરૂપેલા ધર્મને કરતો નથી. (૧)

અજ્જં કલ્લં પરં પરારિં, પુરિસા ચિંતંતિ
અત્થ સંપત્તિં ।
અંજલિગયં વ તોયં, ગલંતમાઉં ન પિચ્છંતિ ૨

મૂઢ માણસો આજ, કાલ, આવતે વરસે, ત્રીજે વરસે ધનની પ્રાપ્તિ થશે એમ આશામાં ને આશામાં દિવસો ગુમાવે છે, હથેલીમાં રહેલા પાણીની પેઠે ક્ષય થતા પોતાના આયુષ્યને જોતા નથી. (૨)

જં કલ્લે કાયવ્વં, તં અજ્જં ચિય કરેહ તુરમાણા ।
બહુવિગ્ઘો હિ મુહુત્તો, મા અવરણ્હ પડિક્ખેહ ।૩।

હે પ્રાણીઓ! જે ધર્મકાર્ય કાલે કરવા યોગ્ય હોય તેને નિશ્ચય આજે જ ઉતાવળથી કરો, કારણ કે મુહૂર્ત્ત પણ ઘણા જ વિઘ્નવાળો છે, માટે જે ધર્મ કાર્ય પહેલા પહોરમાં કરવાનું હોય તેને પાછલે પહોર કરીશું એમ ધારી વિલંબ ન કરો. (૩)

હી સંસારસહાવા-ચરિયં નેહાણુરાયરત્તાવિ ।
જે પુવ્વણ્હે દિટ્ઠા, તે અવરણ્હે ન દીસન્તિ ॥૪॥

સંસારના સ્વભાવનું આચરણ દેખીને મને ઘણો જ ખેદ થાય છે, કારણ કે પ્રેમ બંધને કરી બંધાયેલા એવા જે સ્વજનાદિકને પ્રાતઃકાળે દીઠા હોય તે સાંજે પાછા દેખાતા નથી. (૪)

મા સુઅહ જગ્ગિઅવ્વે, પંલાઇઅવ્વંમિ કીસ વિસમેહ? ।
તિન્નિજણા અણુલગ્ગા, રોગો અ જરા અ મચ્ચૂ અ

હે પ્રાણીઓ! જાગવાને સ્થાને સૂઈ ન રહો અને નાશવાની જગ્યાએ વિસામો કેમ કરો છો? કારણ કે રોગ, વૃદ્ધાવસ્થા અને મરણ એ ત્રણે જણા તમારી પાછળ લાગ્યા છે. (૫)

દિવસનિસાઘડિમાલં, આઉસલિલં
જિઆણું ઘિત્તૂણું ।
ચંદાઇચ્ચબઇલ્લા, કાલરહટ્ટં ભમાડન્તિ ॥૬॥

ચંદ્ર અને સૂર્ય રૂપી બળદો દિવસ અને રાત્રિ રૂપી ઘડાની પંક્તિઓ વડે જીવોનાં આયુષ્ય રૂપ પાણીને ગ્રહણ કરીને કાળ રૂપી રેંટને ઉંચે-નીચે ભમાવે છે. (૬)

સા નત્થિ કલા તં નત્થિ, ઉસહં તં નત્થિ
કિંપિ વિન્નાણું ।
જેણ ધરિજ્જઈ કાયા, ખજ્જંતિ કાલસપ્પેણં ॥૭॥

હે ભવ્ય જીવો ! કાળ રૂપી સર્પે ખાવા માંડેલી કાયા જેના વડે ધારણ કરીએ (રાખી શકીએ) તેવી કોઈ કળા નથી, તેવું કોઈ ઔષધ નથી અને તેવું કોઈ વિજ્ઞાન પણ નથી. (૭)

દીહરફણિંદનાલે, મહિઅરકેસરદિસામહદલિલ્લે ।
ઓ ! પીઅઇ કાલભમરો, જણમયરંદં પુહવિપઉમે ॥

ઘણા દુઃખની વાત છે કે કાળ રૂપી ભ્રમર મ્હોટા શેષનાગ રૂપી નાળ વાળા, પર્વત રૂપ કેસરાવાળા અને દિશા રૂપ મ્હોટા પત્રવાળા પૃથ્વી રૂપ કમળમાં રહેલા જન રૂપી મકરંદને. (જીવ-લોકરૂપી રસને) પીએ છે. (૮)

છાયામિસેણ કાલો, સયલજિઆણં છલં ગવેસંતો ।
પાસં કહવિ ન મુંચઈ, તા ધમ્મે ઉજ્જમં કુણહ ૯

હે ભવ્ય પ્રાણીઓ ! છિદ્રને ખોળનારો કાળ શરીરની છાયાને મિશે (બ્હાને) સર્વ જીવોનાં પડખાંને કોઈ પણ પ્રકારે મૂકતો નથી (અર્થાત્-જીવોના શરીરની છાયા જેમ શરીરની સાથે ને સાથે જ રહે છે તેમ કાળ પણ નિરંતર સર્વ જીવોની પાછળ લાગેલો જ છે) માટે ધર્મને વિષે ઉદ્યમ કરો (૯)

કાલમ્મિ અણાઇએ, જીવાણં વિવિહકમ્મવસગાણં ।
તં નત્થિ સંવિહાણં, સંસારે જં ન સંભવઈ ।૧૦।

આદિ રહિત કાળ ચક્રમાં પરિભ્રમણ કરતા અને અનેક પ્રકારના કર્મને વશ થયેલા જીવોને તેવો કોઈ

સંવિધાન (એકેન્દ્રિયાદિક ભેદ) નથી કે જે સંસારમાં જીવોને પ્રાપ્ત ન થયો હોય. (૧૦)

બંધવા સુહિણો સવ્વે, પિઅ માયા પુત્ત ભારિયા ।
પેઅવણાઓ નિઅત્તંતિ, દાઉણ સલિલંજલિં ।૧૧।

હે જીવ! બંધુઓ, સર્વ મિત્રો, પિતા, માતા, પુત્ર અને સ્ત્રી એ સર્વે મૃત્યુ પામેલા મનુષ્યને પાણીની અંજલિ આપીને સ્મશાનથી પાછા ઘેર આવે છે. (૧૧)

વિહડંતિ સુઆ વિહડંતિ, બંધવા
વલ્લહા ય વિહડંતિ ।
ઇક્કો કહવિ ન વિહડઇ, ધમ્મો રે જીવ!
જિણભણિઓ ।૧૨।

રે અજ્ઞાની જીવ! પુત્ર-પુત્રીઓનો વિયોગ થાય છે, સ્વજનનો વિયોગ થાય છે અને વ્હાલી સ્ત્રીઓનો પણ વિયોગ થાય છે પરંતુ હે જીવ! જિનેશ્વરે કહેલ ધર્મનો ક્યારે પણ વિયોગ થતો નથી. (અર્થાત્ આ જીવને સાચું સગપણ તો ધર્મનું જ છે. (૧૨)

અડકમ્મપાસબદ્ધો, જીવો સંસારચારએ ઠાઈ ।
અડકમ્મપાસમુક્કો, આયા સિવમંદિરે ઠાઇ ।।૧૩।।

હે આત્મન્! આઠ કર્મ રૂપી પાશ વડે બંધાયેલો જીવ સંસાર રૂપી કેદખાનામાં રહે છે અને આઠ કર્મરૂપી પાશથી મૂકાયેલો આત્મા મોક્ષ મંદિરમાં રહે છે. (૧૩)

વિહવો સજ્જણસંગો, વિસયસુહાઇ
વિલાસલલિઆઈં ।
નલિણીદલગ્ગઘોલિર–જલલવપરિચંચલં સવ્વં ૧૪

વૈભવ, સારા માનવોનો સંબંધ અને વિલાસે કરીને સુંદર એવાં વિષય સુખ એ સર્વ કમલિનીના પાનના અગ્રભાગ પર ઘુમરાતાં એટલે રહેલાં પાણીના બિંદુ જેવાં અતિશય ચંચળ છે. (૧૪)

તં કત્થ બલં તં કત્થ, જુવ્વણં અંગચંગિમા કત્થ ? ।
સવ્વમણિચ્ચં પિચ્છહ, દિટ્ઠં નટ્ઠં કયંતેણ ॥૧૫॥

હે પ્રાણીઓ ! તે શરીરનું બળ કયાં ગયું ? તે જુવાનીપણું કયાં ગયું ? અને તે શરીરનું સુંદરપણું કયાં ગયું ? માટે જે પ્રથમ દીઠું હતું તે યમરાજાએ નાશ કર્યું. એ પ્રમાણે સર્વ વસ્તુઓનું અનિત્યપણું જુઓ. (૧૫)

ઘણકમ્મપાસબદ્ધો, ભવનયરચઉપ્પહેસુ વિવિહાઓ ।
પાવઇ વિડંબણાઓ, જીવો કો ઇત્થ સરણં તે ૧૬

હે પ્રાણી ! નિબિડ કર્મ રૂપી પાસથી બંધાયેલો જીવ સંસાર રૂપી નગરના ચાર ગતિ રૂપ ચૌટામાં અનેક પ્રકારની દુઃખદાયક વિટંબનાઓ પામે છે તો હે જીવ ! અહિં તારે કોણ શરણ રૂપ છે ?

ઘોરમ્મિ ગબ્ભવાસે, કલમલજંબાલઅસુઇબીભચ્છે ।
વસિઓ અણંતખુત્તો, જીવો કમ્માણુભાવેણ ।૧૭।

ભયાનક પેટમાં રહેલા પદાર્થના સમૂહ રૂપ કાદવ વડે અશુચિ અને બીભત્સ એટલે કમકમાટ ભરેલા ગર્ભવાસમાં જીવ શુભાશુભ કર્મના પ્રભાવે અનંતીવાર રહેલો છે. (૧૭)

ચુલસીઈ કીર લોએ, જોણીણં પમુહસયસહસ્સાઈ ।
ઇક્કિક્કંમિ અજીવો, અણંતખુત્તો સમુપ્પન્નો ।૧૮।

લોકમાં નિશ્ચે જીવોની ઉત્પત્તિના સ્થાનક ચોર્યાશી લાખ જ છે. અને તે ચોર્યાશી લાખ યોનિમાંની પ્રત્યેક યોનિમાં જીવ અનંતવાર ઉત્પન્ન થયો છે. (૧૮)

માયાપિયબંધૂહિં, સંસારત્થેહિં પૂરિઓ લોઓ ।
બહુજોણિનિવાસીહિં, નય તે તાણં ચ સરણં ચ ૧૯

સંસારમાં રહેલ ચોરાશી લાખ જીવયોનિમાં નિવાસ કરીને રહેલા માતા–પિતા અને બંધુઓ વડે જ આ લોક પૂરેલો છે અને તે સર્વે ત્હારૂં રક્ષણ કરનાર નથી, તેમ ત્હને શરણ કરવા યોગ્ય પણ નથી. (૧૯)

જીવો વાહિવિલુત્તો, સફરો ઇવ નિજ્જલે તડપ્ફડઇ ।
સયલોવિ જણો પિચ્છઈ, કો સક્કો વેઅણાવિગમે ।૨૦।

વ્યાધિ વડે ઉપદ્રવ પામેલો જીવ જળરહિત સ્થાનમાં માછલાની પેઠે તરફડે છે, અને તે તરફડતા પ્રાણીને સર્વે

લોક દેખે છે, પરન્તુ તેની વેદનાનો નાશ કરવાને કોણ સમર્થ થાય ? (૨૦)

મા જાણસિ જીવ તુમં, પુત્તકલત્તાઇ મજઝ સુહહેઊ ।
નિઉણં બંધણમેયં, સંસારે સંસરંતાણં ॥૨૧॥

હે જીવ ! પુત્ર તથા સ્ત્રી વિગેરે મ્હારે સુખનું કારણ થશે એમ તું ન જાણીશ, કારણ કે સંસારમાં ભ્રમણ કરતા જીવોને એ પુત્ર અને સ્ત્રી વિગેરે ઉલટા અધિક બંધન રૂપ થાય છે. (૨૧)

જણણી જાયઇ જાયા, જાયા માયા પિયા ય પુત્તો ય ।
અણવત્થા સંસારે; કમ્મવસા સવ્વજીવાણં ॥૨૨॥

સંસારમાં કર્મના વશથી સર્વ જીવોની અનવસ્થા થાય છે, એટલે એક જાતની સ્થિતિ રહેતી નથી. જેમકે માતા અન્ય ભવમાં સ્ત્રી રૂપે, સ્ત્રી માતા રૂપે, પિતા પુત્ર રૂપે, અને પુત્ર પિતા રૂપે થાય છે. (૨૨)

ન સા જાઇ ન સા જોણી, ન તં ઠાણં ન તં કુલં ।
ન જાયા ન મુઆ જત્થ, સવ્વે જીવા અણંતસો ૨૩

જ્યાં સર્વ જીવો અનંતીવાર ઉત્પન્ન નથી થયા અને મરણ નથી પામ્યા એવી કોઈપણ જાતિ નથી, યોનિ નથી, સ્થાન નથી અને કુળ પણ નથી (અર્થાત્ પૂર્વે કહેલા જાતિ વગેરે સર્વ સ્થાનકોમાં દરેક જીવ અનંતીવાર ઉત્પન્ન થયો છે અને મરણ પણ પામ્યો છે. (૨૩)

તં કિંપિ નત્થિ ઠાણું, લોએ વાલગ્ગકોડિમિત્તંપિ ।
જત્થ ન જીવા બહુસો, સુહદુક્ખપરંપરં પત્તા ૨૪

આ લોકમાં વાળના અગ્રભાગના છેડા જેટલું તેવું કોઈપણ સ્થાન નથી કે જ્યાં જીવો ઘણીવાર સુખ-દુઃખની પરંપરાને ન પામ્યા હોય, (૨૪)

સવ્વાઓ રિદ્ધીઓ, પત્તો સવ્વેવિ સયણસંબંધા ।
સંસારે તો વિરમસુ, તત્તો જઈ મુણુસિ અપ્પાણું ૨૫

હે જીવ ! તું સંસારમાં સર્વ ઋદ્ધિઓ અને સર્વ સ્વજન સંબંધ પામી ચુકયો છે માટે હવે જો આત્માને જાણે છે તો તે ઋદ્ધિ વગેરેથી વિરામ પામ. (અર્થાત્ ઋદ્ધિ વગેરેનો ત્યાગ કર.) (૨૫)

એગો બંધઇ કમ્મં, એગો વહબંધમરણવસણાઈં ।
વિસહઇ ભવંમિ ભમડઈ, એગુચ્ચિય કમ્મવેલવિઓ.

જીવ એકલો જ જ્ઞાનાવરણીયાદિ કર્મ બાંધે છે. તથા જીવ એકલો જ વધ, બંધન અને મરણાદિ કષ્ટોને સહન કરે છે, અને નિશ્ચય કર્મ વડે ઠગાયેલો જીવ એકલો જ સંસારમાં પરિભ્રમણ કરે છે. (૨૬)

અન્નો ન કુણઈ અહિયં, હિયંપિ અપ્પા કરેઈ ન
હુ અન્નો ।
અપ્પકયં સુહદુક્ખં, ભુંજસિ તા કીસ દીણમુહો ૨૭

હે જીવ ! બીજો કોઈપણ અહિત કરતો નથી, તેમજ હિત પણ આત્મા જ કરે છે પરંતુ નિશ્ચે બીજો કોઈ હિત કરતો નથી અને આત્માએ કરેલા સુખ–દુઃખને આત્મા પોતે જ ભોગવે છે. તો તું દીન મુખવાળો કેમ થાય છે ?

બહુઆરંભવિઢત્તં, વિત્તં વિલસંતિ જીવ સયણગણા ।
તજ્જણિયપાવકમ્મં, અણુહવસિ પુણો તુમં ચેવ ૨૮

હે જીવ ! ઘણા આરંભથી ઉપાર્જન કરેલા ધન વડે માતા, પિતા, ભાઈ, સ્ત્રી અને પુત્ર વગેરે સ્વજનનો સમૂહ વિલાસ કરે છે, અને તે આરંભ વડે ઉત્પન્ન થયેલા પાપ કર્મને તું એકલો જ અનુભવે છે. અર્થાત્ નરકાદિમાં તે પાપનું ફળ તું એકલો જ ભોગવીશ. (૨૮)

અહ દુક્ખિયાઈ તહ–ભુક્ખિયાઈ જહ
ચિંતિયાઈ ડિંભાઈ ।
તહ થોવંપિ ન અપ્પા, વિચિંતિઓ જીવ કિં ભણિમો ?

હે જીવ ! મોહને વશ થયેલા તેં જેમ આ મ્હારાં બાળક હવે દુઃખી છે, તેમ જ ભૂખ્યાં છે એમ રાત્રિ–દિવસ ચિંતવન કર્યું છે, પરંતુ તેવી રીતે તેં પોતાના આત્માને લગાર પણ ચિંતવ્યો નથી, માટે તને શું કહીએ ? (૨૯)

ખણભંગુરં સરીરં, જીવો અન્નો ય સાસયસરુવો ।
કમ્મવસા સંબંધો, નિબંધો ઈત્થ કો તુજ્ઝ ॥૩૦॥

હે જીવ! આ શરીર તો ક્ષણભંગુર એટલે ક્ષણમાં નાશ પામવાના સ્વભાવવાળું છે અને શાશ્વત સ્વરૂપવાળો જીવ તો શરીરથી જુદો છે, તેને કર્મના આધીનપણાથી શરીરની સાથે સંયોગ થયો છે. માટે એ શરીરમાં ત્હારે શો મૂર્છા ભાવ છે? (૩૦)

**કહ આયં કહ ચલિયં તુમંપિ કહ આગઓ કહ ગમિહી?**
**અન્નુન્નંપિ ન યાણુહ, જીવ! કુટુંબં કઓ તુજ્ઝ?**

હે જીવ! આ માતા, પિતા, ભાઈ તથા સ્ત્રી વગેરે કુટુંબ કયાંથી આવ્યું? અને અહિંથી મરીને કયાં ગયું? તેમ તું પણ કયાંથી આવ્યો? અને કયાં જઈશ? એમ એક બીજાને જાણતા પણ નથી, તો કુટુંબ ત્હારું છે તે કયાંથી? અર્થાત્ એક–બીજાને જાણ્યા–ઓળખ્યા વગર આ મ્હારું કુટુંબ છે એમ માની બેસવું તે ખોટું છે. (૩૧)

**ખણભંગુરે સરીરે, મણુઅભવે અબ્ભપડલસારિચ્છે ।**
**સારં ઇત્તિયમેત્તં, જં કીરઇ સોહણો ધમ્મો ।૩૨।**

હે જીવ! ક્ષણમાં નાશ પામનારા શરીરમાં અને વાયરાથી નાશ પામનારા મેઘના સમૂહ સરખા મનુષ્ય ભવમાં સુંદર જિન પ્રણિત ધર્મનું સેવન કરીએ તેટલો જ માત્ર સાર છે. (૩૨)

**જમ્મદુક્ખં જરાદુક્ખં, રોગા ય મરણાણિ ય ।**
**અહો! દુક્ખો હુ સંસારો, જત્થ કીસંતિ જંતુણો ૩૩**

આશ્ચર્ય છે કે આ સંસારમાં કાંઈપણ સુખ નથી કારણ કે જન્મ સંબંધિ દુઃખ, ઘડપણનું દુઃખ, અનેક પ્રકારની વ્યાધિનાં દુઃખ અને મરણનાં પણ દુઃખ જ હોય છે, માટે જે સંસારમાં પ્રાણી કલેશ પામે છે તે સંસાર કેવળ દુઃખ રૂપ જ છે! (૩૩)

જાવ ન ઇંદિયહાણી, જાવ ન જરરક્ખસી પરિપ્ફુરઇ
જાવ ન રોગવિઆરા, જાવ ન મચ્ચૂ સમુલ્લિઅઈ ૩૪

હે જીવ! જ્યાં સુધી ઇન્દ્રિયોનું ક્ષીણપણું નથી થયું, જ્યાં સુધી વૃદ્ધાવસ્થા રૂપ રાક્ષસી વ્યાપી નથી, જ્યાં સુધી રોગ–વિકારો પ્રગટ નથી થયા, અને જ્યાં સુધી મૃત્યુ ઉદયમાં નથી આવ્યું, ત્યાં સુધીમાં બને તેટલો ધર્મ કરી લે. (૩૪)

જહ ગેહંમિ પલિત્તે, કૂવં ખણિઉં ન સક્કએ કોઇ ।
તહ સંપત્તે મરણે, ધમ્મો કહ કીરએ? જીવ! ।૩૫।

હે જીવ! જેમ ઘર બળવા માંડ્યું હોય તે વખતે કોઈ કૂવો ખોદવાને સમર્થ ન થાય તેમ મરણ પ્રાપ્ત થાય તે વખતે ધર્મ કયે પ્રકારે કરી શકાય! અર્થાત્ મરણ સમયે ધર્મ નહિ થઈ શકે, માટે પ્રથમથી જ ધર્મ સાધી લેવો. (૩૫)

રૂવમસાસયમેયં, વિજ્જુલ્લયાચંચલં જએ જીઅં ।
સંઝાણુરાગસરિસં, ખણરમણીઅં ચ તારુણ્ણં ૩૬

હે જીવ ! શરીરનું સુંદરપણું અશાશ્વત છે, જગતમાં આયુષ્ય તે વિજળીની રેખા સરખું ચંચળ છે અને જુવાનીપણું સંધ્યાકાળના નાના પ્રકારના રંગ સરખું ક્ષણમાત્ર સુંદર દેખાય તેવું છે. (૩૬)

ગયકણ્ણચંચલાઓ,
લચ્છીઓ તિઅસચાવસારિચ્છં ।
વિસયસુહં જીવાણં, બુજ્ઝસુ રે જીવ ! મા મુજ્ઝ ૩૭

જીવોની લક્ષ્મીઓ હાથીના કાન સરખી ચંચળ છે, અને વિષય-સુખ ઇન્દ્ર ધનુષ સરખું ક્ષણભંગુર છે, માટે હે જીવ ! બોધ પામ અને તે લક્ષ્મી તથા વિષય સુખમાં મોહ ન પામ. (૩૭)

જહ સંઝાએ સઉણાણ-
સંગમો જહ પહે અ પહિઆણં ।
સયણાણં સંજોગો, તહેવ ખણભંગુરો જીવ ! ।૩૮।

સંધ્યાકાળે પક્ષીઓનો અને માર્ગમાં મુસાફરોનો સમાગમ થાય છે તે જેમ થોડા કાળનો જ હોય છે તેમ હે જીવ ! આ સ્વજનનો સંયોગ પણ ક્ષણભંગુર છે. (૩૮)

નિસાવિરામે પરિભાવયામિ,
ગેહે પલિત્તે કિમહં સુયામિ ।

ઙજ્ઝંતમપ્પાણુમુવક્ખયામિ,

જં ધમ્મરહિઓ દિઅહા ગમામિ ॥૩૯॥

હે જીવ! તને એવો વિચાર કેમ નથી આવતો કે હું પાછલી ચાર ઘડી રાત્રિ રહે ત્યારે જાગીને એવો વિચાર કરૂં કે "હું ધર્મ રહિત થયો છતાં ફોગટ દિવસો કેમ ગુમાવું છું? તથા શરીર રૂપી ઘર બળતે છતે પણ હું શા માટે સૂઈ રહ્યો છું? અને શરીર રૂપ ઘર સાથે બળતા આત્માની ઉપેક્ષા કેમ કરૂં છું? (૩૯)

જા જા વચ્ચઇ રયણી, ન ય સા પડિનિયત્તઈ ।

અહમ્મં કુણમાણસ્સ, અહલા જંતિ રાઇઓ ।૪૦।

હે જીવ? જે જે રાત્રિ-દિવસ જાય છે તે તે પાછા આવતા નથી, માટે અધર્મને કરનારા ત્હારા રાત્રિ-દિવસો નિષ્ફળ જાય છે. (૪૦)

જસ્સઽત્થિ મચ્ચુણા સક્ખં,

જસ્સ વ અત્થિ પલાયણં ।

જો જાણે ન મરિસ્સામિ, સો હુ કંખે સુએ સિઆ ।૪૧।

હે જીવ! જે પુરૂષને મૃત્યુ સાથે મિત્રતા છે, અથવા જે પુરૂષને મૃત્યુથી નાસી જવું છે અને જે પુરૂષ એમ જાણે છે કે હું મરીશ જ નહિં તે પુરૂષ કદાચિત્ આવતી કાલે ધર્મ થશે એવી ઇચ્છા કરે તો ભલે. (૪૧)

દંડકલિઅં કરિત્તા,

વચ્ચંતિ હુ રાઇઓ અ દિવસા અ ।

આઉસં સંવિલ્લંતા, ગયાવિ ન પુણો નિયત્તંતિ ।૪૨।

હે જીવ! જેમ દંડ સૂત્રની કલના કરે છે એટલે લુગડું વણવાને માટે ફાળકા ઉપર રહેલા સૂત્રને જેમ અંત્યજ લોકો દંડથી ઉકેલે છે તેમ રાત્રિ-દિવસો પણ આયુષ્યને ઉકેલતા જાય છે પરન્તુ તે ગયેલા રાત્રિ-દિવસો પાછા આવતા જ નથી. (૪૨)

જહેહ સીહો વ મિયં ગહાય,

મચ્ચૂ નરં ણેઈ હુ અંતકાલે ।

ન તસ્સ માયા વ પિયા વ ભાયા,

કાલંમિ તંમિ સહરા ભવંતિ ।૪૩।

જેમ આ લોકમાં સિંહ મૃગને ગ્રહણ કરીને નાશ કરે છે, તેમ મૃત્યુ નિશ્ચે પુરૂષને આયુષ્ય પૂર્ણ થયે લઈ જાય છે, તે સમયે તેને માતા-પિતા અને ભાઈ ક્ષણ માત્ર પણ સહાય કરવાને સમર્થ થતા નથી. (૪૩)

જીઅં જલબિંદુસમં, સંપત્તીઓ તરંગલોલાઓ ।

સુમિણયસમં ચ પિમ્મં, જં જાણસુ તં કરિજ્જાસુ ।૪૪।

હે આત્મા! આયુષ્ય દર્ભના અગ્રભાગ પર રહેલા પાણીના બિંદુ સમાન અસ્થિર છે, અને સંપત્તિઓ જળના

તરંગ સરખી ચપળ છે, અને સ્ત્રી વગેરેનો પ્રેમ સ્વપ્ન જેવો છે તો હવે જેમ જાણે તેમ કર. (૪૪)

સંઝરાગજલબુબ્બુઓવમે,
જીવિએ અ જલબિન્દુચંચલે ।
જુવ્વણે અ નઇવેગસંનિભે,
પાવજીવ! કિમિયં ન બુજ્ઝસે? ॥૪૫॥

સંધ્યાના રંગ અને પરપોટા સરખું તેમજ દર્ભના અગ્રભાગ ઉપર રહેલા પાણીના બિન્દુ સરખું ચંચળ એવું જીવન હોતે છતે વળી નદીના વેગ સરખી જુવાની છતે પણ હે પાપી જીવ! તું બોધ પામતો નથી. એ તે શું? (૪૫)

અન્નત્થ સુઆ અન્નત્થ,
ગેહિણી પરિઅણોવિ અન્નત્થ ।
ભૂઅબલિવ્વ કુડુંબં, પક્ખિત્તં હયકયંતેણ ॥૪૬॥

ઘણા ખેદની વાત છે કે ક્રૂર યમરાજાએ પુત્ર-પુત્રીને બીજી ગતિમાં, સ્ત્રીને અન્ય ગતિમાં, અને સ્વજન પરિવારને પણ કોઈ બીજે સ્થળે, એ પ્રમાણે કુટુંબને-ભૂતને બલિ ફેંકવાની માફક જુદી જુદી ગતિમાં ફેંક્યું છે. (મોકલ્યું છે) (૪૬)

જીવેણ ભવે ભવે, મિલ્લિયાઈ દેહાઈ જાઈ સંસારે ।
તાણં ન સાગરેહિં, કીરઈ સંખા અણંતેહિં ।૪૭।

હે આત્મા! આ સંસારમાં જીવે ભવોભવમાં જે શરીરો ધારણ કર્યાં છે તે શરીરોની સંખ્યા અનંત

સમુદ્રના જલબિંદુઓ વડે અથવા અનંત સાગરોપમ જેટલા કાળ વડે પણ ગણી શકાતી નથી. (૪૭)

નયણોદયંપિ તાસિં,
સાગરસલિલાઓ બહુયરં હોઇ ।
ગલિયં રુઅમાણીણ, માઊણં અન્નમન્નાણં ।૪૮।

બીજા ભવોમાં થયેલી અને શોકથી રડતી માતાઓનું પડેલું આંસુનું જળ સમુદ્રના પાણીથી પણ અધિક થાય છે. (૪૮)

જં નરએ નેરઇઆ, દુહાઇં પાવંતિ ઘોરણંતાઇં ।
તત્તો અણંતગુણિઅં, નિગોઅમજ્ઝે દુહં હોઇ ।૪૯।

નરકમાં નારકી જીવો જે ઘોર અનંત દુઃખ ભોગવે છે, તેથી પણ અનંત ગણું દુઃખ નિગોદમાં હોય છે. (૪૯)

તંમિ વિ નિગોઅમજ્ઝે, વસિઓ રે જીવ ! કમ્મવસા
વિસહંતો તિક્ખદુક્ખં, અણંતપુગ્ગલપરાવત્તે ।૫૦।

હે જીવ ! વિવિધ પ્રકારના કર્મના વશથી તે નિગોદની મધ્યે પણ અનંત પુદ્ગલ પરાવર્ત કાળ સુધી તું તીક્ષ્ણ દુઃખને સહન કરતો રહ્યો છે, માટે હવે તેવાં દુઃખો ન ભોગવવાં પડે તે માટે વીતરાગ ધર્મ આરાધવાને તત્પર થા. (૫૦)

નિહરીઅ કહવિ તત્તો, પત્તો મણુઅત્તણંપિ રે જીવ? ।
તત્થવિ જિણવરધમ્મો, પત્તો ચિંતામણિસરિચ્છો ।૫૧।

હે જીવ ! તું કોઈ મહાકષ્ટે કરીને પણ તે નિગોદમાંથી નિકળીને મનુષ્યપણું પામ્યો છે, ને તેમાં પણ તને ચિંતામણિ રત્ન સરખો શ્રી જિનેશ્વર ભાષિત ધર્મ પ્રાપ્ત થયો છે. (૫૧)

પત્તેવિ તંમિ રે જીવ!,
કુણસિ પમાયં તુમં તયં ચેવ ।
જેણં ભવંધકૂવે, પુણોવિ પડિઓ દુહં લહસિ ।૫૨।

હે જીવ ! જિનવરનો ધર્મ પામીને પણ જો તું પ્રમાદ કરે છે તો ફરીથી ભવરૂપી અંધ કૂવામાં પડી ઘોર દુઃખ પામીશ. (૫૨)

ઉવલદ્ધો જિણધમ્મો,
ન ય અણુચિણ્ણો પમાયદોસેણં ।
હા જીવ! અપ્પવેરિ ! અ, સુબહું પરઓ વિસૂરિહિસિ

હે જીવ ! તું દૈવયોગથી જિનધર્મ પામ્યો પરંતુ પ્રમાદના દોષ વડે તેં આચર્યો નહી, તે ઘણી ખેદની વાત છે, માટે હે આત્માના વૈરી ? તું પરલોકમાં ઘણો જ ખેદ પામીશ. (૫૩)

સોઅંતિ તે વરાયા, પચ્છા સમુવટ્ઠિયંમિ મરણંમિ ।
પાવપમાયવસેણં, ન સંચિઓ જેહિં જિણધમ્મો ।૫૪।

જેઓએ પાપ રૂપ પ્રમાદને વશ થઈને જિન ધર્મ નથી કર્યો તેવા રાંક પુરૂષો મરણ આવ્યે છતે પાછળથી શોક કરે છે. (૫૪)

ધી ધી ધી !!! સંસારં, દેવો મરિઊણ જં તિરી હોઇ ।
મરિઊણ રાયરાયા, પરિપચ્ચઇ નિરયજાલાહિં ।૫૫।

જે કારણ માટે દેવતા મરણ પામીને તિર્યંચ થાય છે, અને રાજાનો પણ રાજા ચક્રવર્તિ મરણ પામીને નરકની અગ્નિમાં અતિશય પકાવાય છે. માટે તેવા સંસારને ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ ! ધિક્કાર થાઓ. (૫૫)

જાઇ અણાહો જીવો, દુમસ્સ પુપ્ફંવ કમ્મવાયહઓ ।
ધણધન્નાહરણાઈ, ઘરસયણકુડુંબમિલ્લેવિ ।૫૬।

અનાથ જીવ, ધન, ધાન્ય અને આભરણોને તથા ઘર, સ્વજન અને કુટુંબને મૂકીને કર્મરૂપ વાયરાથી હણાએલા વૃક્ષના પુષ્પની પેઠે દૂર જાય છે, અર્થાત્ નરકાદિ દુર્ગતિમાં જાય છે. (૫૬)

વસિયં ગિરીસુ વસિયં,
દરીસુ વસિયં સમુદ્દમજ્ઝંમિ ।
રુક્ખગ્ગેસુ ય વસિયં, સંસારે સંસરંતેણં ।૫૭।

હે આત્મા ! સંસારમાં ભ્રમણ કરતા તેં પર્વતોમાં પર્વતની ગુફાઓમાં, સમુદ્રના મધ્યભાગમાં અને વૃક્ષોની ટોચ ઉપર પણ નિવાસ કર્યો છે. (૫૭)

દેવો નેરઇઓત્તિ ય, કીડ પયંગુત્તિ માણુસો એસો ।
રુવસ્સી ય વિરુવો, સુહભાગી દુક્ખભાગી ય ।૫૮।

આ જીવ કેટલીએક વખતે દેવતા, નારકી, કીડો અને પતંગ થયો, કેટલીએક વખત મનુષ્ય થયો, વળી તેજ તું કેટલીએક વખત રૂપવાન, કુરૂપવાન, સુખી અને દુઃખી પણ થયો. (૫૮)

રાઉત્તિ ય દમગુત્તિ ય,
એસ સવાગુત્તિ એસ વેયવિઊ ।
સામી દાસો પુજ્જો, ખલોત્તિ અધણો ધણવઇત્તિ ।૫૯।

વળી આ જીવ કેટલીએક વખત રાજા, ભિખારી, ચંડાળ અને તેજ જીવ વેદનો જાણનાર (બ્રાહ્મણ) થયો, વળી તેજ જીવ સ્વામી, દાસ, પૂજ્ય, દુર્જન, નિર્ધન, અને ધનપતિ પણ થયો છે. (૫૯)

નવિ ઇત્થ કોવિ નિયમો,
સકમ્મવિણિવિટ્ઠસરિસકયચિટ્ઠો ।
અન્નુન્નરુવવેસો, નડુવ્વ પરિઅત્તએ જીવો ।૬૦।

અહિં (જુદા જુદા શરીર ધારણ કરવામાં) કોઈ નિયમ નથી, કારણ કે સ્વકૃત કર્મના ઉદય સરખી ચેષ્ટાવાળો અને તેથી જુદા જુદા રૂપ અને વેષને ધારણ કરનારો આ જીવ નટની પેઠે પરાવર્ત્તન પામે છે એટલે નવાં નવાં રૂપ ધારણ કરે છે. (૬૦)

નરએસુ વેઅણાઓ,
અણોવમાઓ અસાયબહુલાઓ ।
રે જીવ ! તએ પત્તા, અણંતખુત્તો બહુવિહાઓ ।૬૧।

હે જીવ ! તેં રત્નપ્રભાદિક સાતે નરકોમાં ઉપમા રહિત, ઘણા દુઃખે કરીને ભરેલી, એટલે તીવ્ર અશાતા વેદનીય કર્મના ઉદયવાળી ઘણા પ્રકારની વેદનાઓ અનંતીવાર ભોગવી, તો પણ હજુ તારી શુદ્ધિ ઠેકાણે આવી નહિ ? (૬૧)

દેવત્તે મણુઅત્તે, પરાભિઓગત્તણં ઉવગઓણં ।
ભીસણદુહં બહુવિહં, અણંતખુત્તો સમણુભૂઅં ।૬૨।

હે જીવ ! દેવ ભવમાં અને મનુષ્ય ભવમાં પરતંત્રતાના પાશમાં સપડાઈ બહુ પ્રકારનું ભયાનક દુઃખ અનંતીવાર અનુભવ્યું. (૬૨)

તિરિયગઈ અણુપત્તો, ભીમમહાવેઅણા અણેગવિહા ।
જમ્મમરણરહટ્ટે, અણંતખુત્તો પરિબ્ભમિઓ ।૬૩।

હે આત્મા ! તું તિર્યંચ ગતિ પામ્યો, ત્યાં અનેક પ્રકારની ભયંકર મ્હોટી વેદનાઓ સહન કરી. આવી રીતે ચારે ગતિમાં જન્મ અને મરણ રૂપ રેંટને વિષે અનંતીવાર ભમ્યો. (૬૩)

જાવંતિ કેવિ દુક્ખા, સારીરા માણસા ય સંસારે ।
પત્તો અણંતખુત્તો, જીવો સંસારકંતારે ।૬૪।

જીવે આ સંસારમાં શારીરિક અને મન સંબંધિ જેટલાં કોઈ દુઃખ છે, તે સર્વ દુઃખોને સંસાર રૂપ અટવીમાં ભ્રમણ કરતાં અનંતીવાર પ્રાપ્ત કર્યાં છે. (૬૪)

તણ્હા અણંતખુત્તો, સંસારે તારિસી તુમં આસી ।
જં પસમેઉં સવ્વો–દહીણુમુદયં ન તીરિજ્જા ।૬૫।

હે જીવ ! તને નરકરૂપ સંસારમાં અનંતીવાર એવી તૃષાનાં દુઃખ ભોગવવાં પડયાં છે કે જે તૃષાને છીપાવવા માટે સર્વ સમુદ્રોનું પાણી પણ સંમર્થ ન થાય. (૬૫)

આસી અણંતખુત્તો સંસારે તે છુહાવિ તારિસિયા ।
જં પસમેઉં સવ્વો, પુગ્ગલકાઓડવિ ન તરિજ્જા

હે જીવ ! તને નરક રૂપ સંસારમાં અનંતીવાર એવી તીવ્ર ક્ષુધાની વેદનાઓ ભોગવવી પડી કે જે ક્ષુધાને શાન્ત કરવાને જગતના સર્વ પુદ્ગલો પણ સમર્થ ન થાય. (૬૬)

કાઊણુ–મણેગાઈં, જમ્મમરણપરિયટ્ટણસયાઈં ।
દુક્ખેણ માણુસત્તં, જઈ લહઇ જહિચ્છિયં જીવો ।૬૭।

જ્યારે જીવ અનેક સેંકડો જન્મ–મરણના પરાવર્તન કરીને ઘણા કષ્ટે મનુષ્યપણું પામે છે ત્યારે તેને ઇચ્છિત સુખની પ્રાપ્તિ થાય છે. (૬૭)

તં તહ દુલ્લહલંભં, વિજ્જુલયાચંચલં ચ માણુયત્તં ।
ધમ્મંમિ જો વિસીયઇ, સો કાઉરિસો ન સપ્પુરિસો ।૬૮।

જે પુરૂષ આવા દશ દૃષ્ટાંતે કરી દુઃખે પામવા યોગ્ય, અને વીજળીના ઝબકારા જેવું ચંચળ મનુષ્યપણું પામીને ધર્મમાં ખેદ પામે છે, એટલે ધર્મ કરવામાં પ્રમાદ કરે છે તેને કાયર પુરૂષ સમજવો. તે સત્પુરૂષોની પંક્તિમાં ગણાવા લાયક થતો નથી. (૬૮)

માણુસ્સજમ્મે તડિ લદ્ધિયંમિ,
જિણિંદધમ્મો ન કઓ ય જેણં ।
તુટ્ટે ગુણે જહ ધાણુક્કએણું,
હત્થા મલેવ્વા ય અવસ્સ તેણં ।૬૯।

જેણે સંસાર સમુદ્રના કાંઠા રૂપ મનુષ્ય જન્મ પ્રાપ્ત કરવા છતાં શ્રી જિનેન્દ્રનો ધર્મ નથી કર્યો તેને દોરી તૂટી ગયેલા ધનુષ્યધારીની પેઠે પાછળથી અવશ્ય હાથ ઘસવા પડે છે પશ્ચાત્તાપ કરવો પડે છે. (૬૯)

રે જીવ ! નિસુણિ ચંચલ સહાવ,
મિલ્લેવિણુ સયલવિ બજ્ઝભાવ ।
નવભેયપરિગ્ગહવિવિહજાલ,
સંસારિ અત્થિ સહુ ઇંદયાલ ।૭૦

હે જીવ ! સાંભળ-તું આ ચંચળ સ્વભાવવાળા સર્વશરીરાદિ બાહ્યભાવને તથા નવ પ્રકારના પરિગ્રહના જુદા જુદા સમૂહને મૂકીને પરલોકમાં જઈશ, કારણકે સંસારમાં જે શરીરાદિક દેખાય છે, તે સર્વ ઇંદ્રજાળ સમાન છે. (૭૦)

પિયપુત્તમિત્તઘરઘરણિજાય,
ઇહલોઇય સવ્વ નિયસુહસહાય ।
નવિ અત્થિ કોઇ તુહ સરણિ મુક્ખ!
ઇક્કલ્લુ સહસિ તિરિનિરય-દુક્ખ ॥૭૧॥

હે મૂર્ખ! આ લોકમાં તને અતિશય વહાલો એવો પિતા, પુત્ર, મિત્ર, ઘર અને સ્ત્રી વિગેરેનો સમૂહ પોતે પોતાનું સુખ કરવાના સ્વભાવવાળો છે, અને નરક તથા તિર્યંચ સંબંધિ દુઃખને તું એકલો જ સહન કરીશ, પરંતુ તે વખતે તેમાંનું કોઈપણ ત્હારૂં રક્ષણ કરવા આવતું નથી. (૭૧)

કુસગ્ગે જહ ઓસબિંદુએ,
થોવં ચિટ્ઠઈ લંબમાણએ ।
એવં મણુઆણ જીવિયં,
સમયં ગોયમ! મા પમાયએ ॥૭૨॥

શ્રી મહાવીર સ્વામી ગૌતમ સ્વામીને કહે છે કે હે ગૌતમ! ડાળના અગ્રભાગે લટકી રહેલું ઝાકળનું બિંદુ જેમ થોડો કાળ ટકી રહે છે, તેમ મનુષ્યોનું આયુષ્ય પણ અતિ-અલ્પકાળનું છે માટે હે ગૌતમ! એક સમય માત્ર પણ પ્રમાદ કરીશ નહિ. (૭૨)

સંબુજઝહ કિં ન બુજઝહ,
સંબોહી ખલુ પેચ્ચ દુલ્લહા ।

નો હુ ઉવણમંતિ રાઇઓ,

નો સુલહં પુણરવિ જીવિયં ।૭૩।

હે ભવ્ય જીવો! તમો બોધ પામો, બોધ કેમ પામતા નથી? કારણ કે જેમણે ધર્મ નથી કર્યો તેવા પુરુષોને મરણ પામ્યા પછી પરભવમાં સમ્યક્ત્વ દુર્લભ જ છે, કારણ કે ગયેલા રાત્રિ-દિવસો નિશ્ચે પાછા આવતા નથી. તેમ જ જીવિત પણ ફરીફરીને મળતું નથી. (૭૩)

ડહરા વુડ્ઢા ય પાસહ, ગબ્ભત્થાવિ ચયંતિ માણવા ।
સેણે જહ વટ્ટયં હરે, એવમાઉક્ખયંમિ તુટ્ટઈ।૭૪।

હે પ્રાણીઓ જુઓ! કેટલાક મનુષ્યો ગર્ભમાં પણ મરણ પામે છે, અને કેટલાક બાલ્યાવસ્થામાં અને કેટલાક વૃદ્ધાવસ્થામાં મરણ પામે છે, જેમ બાજપક્ષી તેતરને ઓચિંતા ઝાલી લે છે તેમ આયુષ્ય ક્ષય થતાં યમદેવ જીવિતને હરે છે, માટે જીવિતનો વિશ્વાસ રાખવો નહિ. (૭૪)

તિહુયણજણં મરંતં, દટ્ઠુણ નયંતિ જે ન અપ્પાણં ।
વિરમંતિ ન પાવાઓ, ધી! ધી! ધિટ્ઠત્તણં તાણં

જે પુરુષો ત્રણ ભુવનના મનુષ્યને મરણ પામતા દેખીને પોતાના આત્માને ધર્મમાં જોડતા નથી, અને પાપ થકી વિરામ પામતા નથી, એવા નિર્લજ્જ પુરુષોની ધૃષ્ટતાને ધિક્કાર હો! ધિક્કાર હો! (૭૫)

મા મા જંપય બહુયં, જે બદ્ધા ચિક્કણેહિં કમ્મેહિં ।
સવ્વેસિં તેસિં જાયઇ, હિઓવએસો મહાદોસો ।૭૬।

જે પુરૂષો ચીકણાં કર્મો વડે બંધાયેલા છે તે પુરૂષોને ઘણો ઉપદેશ ન કરો, કારણ કે તે સર્વ અયોગ્ય શિષ્યોને હિતોપદેશ મહાદોષ રૂપ છે. (૭૬)

કુણસિ મમત્તં,
ધણસયણવિહવપમુહેસુ અણંતદુક્ખેસુ ।
સિઢિલેસિ આયરં પુણ, અણંતસુક્ખંમિ મુક્ખમ્મિ ।।

હે જીવ ! અનંત દુઃખના કારણ રૂપ ધન, માતા-પિતાદિ સ્વજન અને હાથી, ઘોડા પ્રમુખ વૈભવમાં તો તું મમતા ભાવ કરે છે, અને અનંત સુખવાળા મોક્ષના આદરને શિથિલ કરે છે. (૭૭)

સંસારો દુહહેઊ, દુક્ખફલો દુસહદુક્ખરૂવો ય ।
ન ચયંતિ તંપિ જીવા, અઇબદ્ધા નેહનિઅલેહિં ।૭૮।

હે જીવ ! આ સંસાર દુઃખનું કારણ અને દુઃખના ફળવાળો છે અને તે દુઃસહ ઘોર દુઃખરૂપ છે, તેમાં સ્નેહ રૂપ બેડી વડે અતિશય બંધાયેલા જીવો તે સંસારનો ત્યાગ કરતા નથી. (૭૮)

નિયકમ્મપવણુચલિઓ, જીવો સંસારકાણુણે ઘોરે ।
કા કા વિડંબણાઓ, ન પાવઈ દુસહદુક્ખાઓ ! ।૭૯।

પોતાના કરેલા કર્મ રૂપ પવન વડે ચલાયમાન થયેલો જીવ આ ભયંકર સંસાર રૂપ અટવીમાં દુઃસહ દુઃખવાળી કઈ કઈ વિટંબનાઓ પામતો નથી ? અર્થાત્ સર્વ વિટંબનાઓ પામે છે. (૭૯)

સિસિરંમિ સિયલાનિલ-
લહરિસહસ્સેહિ ભિન્નઘણદેહો ।
તિરિયત્તણંમિરણ્ણે, અણંતસો નિહણમણુપત્તો ।૮૦।

હે જીવ ! તિર્યંચના ભવમાં અરણ્યને વિષે શિશિર ઋતુના પોષ અને માઘ માસના શીતળ વાયુની હજારો લ્હેરોવડે પીડાયેલા શરીરવાળો તું અનંતીવાર મરણ દુઃખ પામ્યો છે. (૮૦)

ગિમ્હાયવસંતત્તો,
રણ્ણે છુહિઓ પિવાસિઓ બહુસો ।
સંપત્તો તિરિયભવે, મરણદુહં બહુ વિસૂરંતો ।૮૧।

હે જીવ ! તિર્યંચના ભવમાં ઘોર જંગલને વિષે ગ્રીષ્મ ઋતુના તડકા વડે અત્યંત તપેલો અને ઘણી ક્ષુધા તથા તૃષાવાળો તું ઘણો જ ખેદ પામતો અનેક વખત મરણને શરણ થયો છે. (૮૧)

વાસાસુડરણ્ણમંજઝે,
ગિરિનિજ્ઝરણોદગેહિં વજ્ઝંતો ।
સીયાડનિલડજ્જવિઓ,
મઓડસિ તિરિયત્તણે બહુસો ।૮૨।

હે જીવ ! તિર્યંચના ભવમાં અટવીને વિષે વર્ષા ઋતુમાં પર્વતોના ઝરણાના પાણીથી તણાતો અને શિતળ વાયુથી દાઝેલો તું ઘણીવાર મૃત્યુ પામ્યો છે, (૮૨)

એવં તિરિયભવેસુ, કીસંતો દુક્ખસયસહસ્સેહિં ।
વસિયો અણંતખુત્તો, જીવો ભીસણભવારણ્ણે ।૮૩।

એ પ્રમાણે તિર્યંચના ભવોમાં અસહ્ય લાખો દુઃખો વડે કલેશ પામેલો આ જીવ ભયંકર સંસાર રૂપ અટવીમાં અનંતીવાર નિવાસ કરી આવ્યો છે. (૮૩)

દુટ્ઠટ્ઠકમ્મપલયા-
નિલપેરિઓ ભીસણંમિ ભવરણ્ણે ।
હિંડંતો નરએસુવિ, અણંતસો જીવ ! પત્તોડસિ ।૮૪।

હે જીવ ! પ્રલયકાળના પવન જેવા દુષ્ટ એવા આઠ કર્મે ભમાવ્યાથી ભયંકર સંસાર રૂપ અટવીમાં ભટકતાં ભટકતાં તું નરકમાં પણ પૂર્વે કહેલાં દુઃખ અનંતીવાર પામ્યો છે. (૮૪)

સત્તસુ નરયમહીસુ, વજ્જાનલદાહસીયવિયણાસુ ।
વસિયો અણંતખુત્તો, વિલવંતો કરુણસદ્દેહિં ।૮૫।

હે આત્મન્! તું વજ્રના અગ્નિ સરખી દાહવાળી અને ઘણી જ શીતની વેદનાવાળી સાતે નારકીઓમાં કરૂણા જનક શબ્દો વડે વિલાપ કરતો અનંતીવાર વસ્યો છે. (૮૫)

પિયમાયસયણરહિઓ,
દુરંતવાહિહિં પીડિઓ બહુસો ।
મણુઅભવે નિસ્સારે,
વિલાવિઓ કિં ન તં સરસિ ।૮૬।

હે ચેતન! આ સાર રહિત એવા મનુષ્ય ભવમાં પિતા, માતા અને સ્વજન રહિત, તથા દુઃખે કરીને અંત આવી શકે એવા વ્યાધિઓ વડે અનેકવાર પીડા પામી તેં બહુ વિલાપ કર્યો, તે મનુષ્ય ભવ શું તને સ્મરણમાં નથી આવતો? (૮૬)

પવણુવ્વ ગયણમગ્ગે,
અલક્ખિઓ ભમઈ ભવવણે જીવો ।
ઠાણટ્ઠાણંમિ સમુ-
જ્ઝિઊણ ધણસયણસંઘાએ ।।૮૭।।

હે આત્મન્! આ જીવ સંસાર રૂપ અટવીમાં ઠેકાણે ઠેકાણે ધન તથા સ્વજનના સમૂહનો ત્યાગ કરી આકાશ માર્ગમાં પવનની પેઠે અદૃશ્ય રૂપે ભ્રમણ કરે છે. (૮૭)

વિદ્દિધજજંતા અસયં,

જમ્મજરામરણતિક્ખકુંતેહિં ।

દુહમણુહવંતિ ઘોરં, સંસારે સંસરંત જિઆ ૮૮

ચાર ગતિ રૂપ સંસારમાં પરિભ્રમણ કરતા જીવો જન્મ, જરા અને મરણ રૂપ તીક્ષ્ણ ભાલાઓ વડે વારંવાર વિંધાઈ નિરંતર ઘોર દુઃખ અનુભવે છે. (૮૮)

તહવિ ખણંપિ કયાવિ હુ,

અન્નાણભુયંગડંકિયા જીવા ।

સંસારચારગાઓ, ન ય ઉવ્વિજ્જંતિ મૂઢમણા ૮૯

તો પણ મૂઢ મનવાળા અને અજ્ઞાન રૂપ સર્પે ડસેલા જીવો કોઈ વખત પણ સંસારરૂપ બંદિખાનાથી ક્ષણ પણ ઉદ્વેગ પામતા નથી. (૮૯)

કીલસિ ! કિયંતવેલં, સરીરવાવીઈ જત્થ પઇસમયં ।

કાલરહટ્ટઘડીહિં, સો સિજ્જઈ જીવિયંભોહં ॥૯૦॥

હે જીવ ! જે શરીર રૂપી વાવમાં સમયે સમયે કાળ રૂપ રેંટની ઘડીઓ વડે જીવિત રૂપી જળનો પ્રવાહ શોષાઈ જાય છે તે શરીર રૂપ વાવમાં તું કેટલા કાળ સુધી ક્રીડા કરીશ ? (૯૦)

રે જીવ ! બુજ્ઝ મા મુજ્ઝ,

મા પમાયં કરેસિ રે પાવ ! ।

કિં પરલોએ ગુરુદુક્ખ–ભાયણં હોહિસિ અયાણ !

૧. સ્તો. સં. ૧૩

હે જીવ! બોધ પામ, મોહ ન પામ, વળી રે પાપી! પ્રમાદ ન કર. હે અજ્ઞાની! પ્રમાદ કરીશ તો પરલોકમાં ઘોર અસહ્ય દુઃખો તારે જ ભોગવવાં પડશે. (૯૧)

બુજઝસુ રે જીવ! તુમં,
મા મુજઝસિ જિણમયંમિ નાઊણં ।
જમ્હા પુણરવિ એસા, સામગ્ગી દુલ્લહા જીવ! ૯૨

હે જીવ! તું બોધ પામ અને જૈનધર્મનો જાણકાર થયા છતાં સંસારમાં મોહ ન પામ, કારણ કે હે જીવ! ફરીને આ ધર્મ સામગ્રી મળવી મહા દુર્લભ છે, માટે આવેલો અવસર ન જવા દે. (૯૨)

દુલહો પુણ જિણધમ્મો, તુમં પમાયાયરો સુહેસી ય ।
દુસહં ચ નરયદુક્ખં, કહ હોહિસિ તં ન યાણામો

હે જીવ! આ પ્રાપ્ત થયેલો જૈનધર્મ ફરીથી પામવો મહા દુર્લભ છે, તું પ્રમાદની ખાણ છે છતાં સુખની ઇચ્છા કરે છે. વળી નરકનાં દુઃખ અતિ આકરાં છે, માટે અમે નથી જાણતા કે ત્હારૂં શું થશે! (૯૩)

અથિરેણ થિરો સમલેણ,
નિમ્મલો પરવસેણ સાહીણો ।
દેહેણ જઈ વિઢપ્પઈ, ધમ્મો તા કિં ન પજ્જત્તં ?

હે પ્રાણી! અસ્થિર, મળ સહિત અને પરાધીન એવા આ અસાર દેહ વડે સ્થિર, નિર્મળ અને સ્વાધીન

એવો જો ધર્મ ઉપાર્જન થઈ શકે છે તો તને શું પ્રાપ્ત નથી થયું ? (૯૪)

જહ ચિંતામણિરયણું,
સુલહં નહુ હોઇ તુચ્છવિહવાણં ।
ગુણવિહવવજ્જિયાણું, જિયાણ તહ ધમ્મરયણંપિ

હે જીવ! અલ્પ વૈભવવાળા મનુષ્યોને જેમ ચિંતામણિ રત્ન સુલભ ન જ હોય તેમ ગુણ રૂપ વૈભવ વડે રહિત એવા જીવોને ધર્મ રત્ન પણ સુલભ ન જ હોય (૯૫)

જહ દિટ્ઠીસંજોગો, ન હોઈ જચ્ચંધયાણ જીવાણં ।
તહજિણમયસંજોગો, ન હોઇ મિચ્છંધજીવાણં ૯૬

જેમ જન્મથી જ આંધળા જીવોને દૃષ્ટિનો સંયોગ ન હોય, તેમ મિથ્યાત્વે કરીને અંધ થયેલા જીવોને જિનમતનો સંયોગ (મેલાપ) પણ ન હોય. (૯૬)

પચ્ચક્ખમણંતગુણે, જિણિંદધમ્મે ન દોસલેસોવિ ।
તહવિ હુ અન્નાણંધા, ન રમંતિ કયાવિ તંમિ જિયા ૯૭

શ્રી જિનેન્દ્ર ભાષિત ધર્મને વિષે પ્રત્યક્ષ અનંત ગુણો રહેલા છે, અને દોષ તો લેશ માત્ર પણ નથી, તેમ છતાં પણ અજ્ઞાને કરીને આંધળા થયેલા જીવો તે જિનેન્દ્ર પ્રરૂપિત ધર્મમાં કદી પણ રમણ કરતા નથી. (૯૭)

મિચ્છે અણંતદોસા,
પયડા દીસંતિ નવિ ય ગુણલેસો ।
તહવિ ય તં ચેવ જિયા, હી મોહંધા નિસેવંતિ ૯૮

મિથ્યાત્વમાં પ્રગટ રીતે અનંત દોષ દેખાય છે, અને તેમાં ગુણનો લવલેશ પણ નથી, તેમ છતાં પણ મોહ વડે અંધ થયેલા જીવો તે મિથ્યાત્વને જ સેવે છે. એ ઘણું ખેદજનક લાગે છે! (૯૮)

ધિદ્ધી તાણ નરાણં, વિન્નાણે તહ ગુણેસુ કુસલત્તં ।
સુહસચ્ચધમ્મરયણે, સુપરિક્ખં જે ન જાણંતિ ૯૯

જે પુરૂષો સુખકારી અને સત્ય એવા ધર્મ રૂપ રત્નની પરીક્ષા સારી રીતે જાણતા નથી તે પુરૂષોના વિજ્ઞાન અને ગુણના કૌશલ્યને ધિક્કાર હો! ધિક્કાર હો! (૯૯)

જિણધમ્મોઽયં જીવાણં, અપુવ્વો કપ્પપાયવો ।
સગ્ગાપવગ્ગસુક્ખાણં ફલાણં દાયગો ઈમો ।૧૦૦।

આ જૈનધર્મ જીવોને અપૂર્વ કલ્પવૃક્ષ છે. કેમકે એ જૈનધર્મ રૂપી કલ્પવૃક્ષ સ્વર્ગ અને અપવર્ગના સુખ રૂપ ફળને આપનાર છે. (૧૦૦)

ધમ્મો બંધુ સુમિત્તોય, ધમ્મો ય પરમો ગુરુ ।
સુક્ખમગ્ગપયટ્ટાણં, ધમ્મો પરમસંદણો ।।૧૧૦।।

હે જીવ! આ દુનિયામાં ધર્મ, બંધુ, ઉત્તમ મિત્ર અને શ્રેષ્ઠ ગુરૂ સમાન છે, વળી ધર્મ તે મોક્ષ માર્ગમાં પ્રવર્ત્તતા પુરૂષોને ઉત્તમ રથ સમાન છે. (૧૦૧)

ચઉગઇણંતદુહાનલ,–પલિત્તભવકાણણે મહાભીમે ।
સેવસુ રે જીવ ! તુમં, જિણવયણં અમિયકુંડસમં ૧૦૨

ચાર ગતિમાં રહેલા અનંત દુઃખ રૂપ મ્હોટા અગ્નિથી સળગેલા એવા સંસાર રૂપ મહા ભયંકર વનમાં હે જીવ! તું અમૃતના કુંડ સમાન જિનરાજના વચનનું સેવન કર. (૧૦૨)

વિસમે ભવમરુદેસે, અણંતદુહગિમ્હતાવસંતત્તે ।
જિણધમ્મકપ્પરુક્ખં, સરસુ તુમં જીવ ! સિવસુહદં

હે જીવ! વિષમ અને અનંત દુઃખ રૂપ ગ્રીષ્મ ઋતુના તાપથી ઘણા જ તપેલા સંસાર રૂપી મારવાડ દેશમાં મોક્ષ સુખને આપનારા જૈનધર્મ રૂપ કલ્પવૃક્ષનો તું આશ્રય કર. (૧૦૩)

કિં બહુણા ? જિણધમ્મે,
જઇયિવ્વં જહ ભવોદહિ ઘોરં ।
લહુ તરિયમણંતસુહં, લહઇ જિઓ સાસયં ઠાણં ૧૦૪

હે ભવ્ય પ્રાણી! ઘણું કહેવાથી શું ? જૈન ધર્મમાં તેવા પ્રકારે પ્રયત્ન કરવો જોઈએ જેથી ભયાનક એવા સંસાર રૂપ સમુદ્રને શીઘ્ર તરીને આ જીવ અનંત સુખવાળા શાશ્વત સ્થાનને (મોક્ષને) પામે. (૧૦૪)

## ॥ ઉપદેશક પદ્યો ॥

જગના પ્રાણી માત્રને, વહાલા છે નિજ પ્રાણ ।
માટે મન, વચ, કાયથી, સદા કરૂં તસ ત્રાણ ।૧।
આશીર્વાદ મુજને મલો, ભવોભવ એહ મુજ ભાવ ।
ત્રસ થાવર જીવો બધાં, દુઃખિયા કો નહિ થાવ ।૨।
જો શક્તિ મુજને મળે, આપું સહુને સુખ ।
કર્મના બંધન ટાળીને, કાપું સહુનાં દુઃખ ।૩।
મુજને દુઃખ આપે ભલે, તો પણ હું ખમું તાસ ।
સુખ પીરસવા સર્વને, છે મારો અભિલાષ ।૪।
ગુણી જનોને વંદના, મૈત્રી ભાવ સમસ્ત ।
દુઃખ દેખી કરુણા કરો, અવગુણ દેખી મધ્યસ્થ ।૫।
જે રસે પાપ કરાય છે, તે રસે કરીએ ધર્મ ।
નિશ્ચે તો ભવભવ તણા, છૂટી જાય સવિ કર્મ ।૬।
જીહાં જીનકો નહિ પારખો, તિહાં તિનકો નહિં કામ ।
ધોબી બિચારા ક્યા કરે, દિગંબરી કે ગામ ।૭।
નિંદા હમારી જેહ કરે, મિત્ર હમારા સોય ।
બિન સાબુ બિન પાનીસે, મેલ હમારા ધોય ।૮।

ક્રોધ ચઢેલા મૂઢને, લાગે નહિ ઉપદેશ ।
તેલ તપે જલ છાંટતા, સળગી ઉઠે વિશેષ ।૯।

ગાળો સહન કરીએ સદા, ગાળે ગુમડાં ન થાય ।
જે ગમાર જન ગાળ દે, તેનું મુખ ગંધાય ।૧૦।

મનમાં મરડાઇને, મુરખ ફોકટ મલકાય ।
પ્રબલ સત્તા કર્મની, ત્યાં ધાર્યું કોનું થાય ? ।૧૧।

અવગુણ ઉપર ગુણ કરે, એ સજ્જન અભ્યાસ ।
સુખડને સળગાવીએ, આપે સરસ સુવાસ ।૧૨।

કીધાં કર્મ ન છુટીએ, જેહનો વિષમ બંધ ।
બ્રહ્મદત્ત જેવો રાજવી, સોળ વરસ રહ્યો અંધ ।૧૩।

નરભવ ચિંતામણી સહી, એળે તું મત હાર ।
ધર્મ કરીને જીવડા, સફળ કર અવતાર ।૧૪।

આશા અંબર જેવડી, મરવું પગલાં હેઠ ।
ધર્મ વિના જે દિન ગયા, તે તો જાણો વેઠ ।૧૫।

ધન કારણ તું હલફળે, તિમ ધર્મમાં થા તું શૂર ।
અનંત ભવના પાપ સવિ, ખિણમાં જાયે દૂર ।૧૬।

ફરી ફરી મળતો નથી, આ ઉત્તમ અવતાર ।
કાળી ચૌદસને રવિ, આવે કોઇક વાર ।૧૭।

મ્હારૂં મ્હારૂં શું કરે, જગતમાં ત્હારૂં કોણ ? ।
વિચાર કર પરલોકનો, ત્હારૂં થશે કોણ ? ।૧૮।

કાતર સમ દુર્જન કહ્યા, સજ્જન સોય સમાન ।
કાતર કાપી જુદા કરે, સોય કરે સંધાન ।૧૯।

વડા વડાઇ ના કરે, વડા ન બોલે બોલ ।
હીરા મુખસે ના કહે, લાખ હમારા મોલ ।૨૦।

જન્મ ધરી આ જગતમાં, મેળવીએ શો સાર ।
હૃદય વિચારી જોય તું, કર તું આતમ સાર ।૨૧।

પૂજા કરો જિનરાજની, ખામણા કરો શુભભાવ ।
સાધર્મિ વાત્સલ્ય ખંતે કરો, એહ છે મુક્તિનો દાવ ।૨૨।

લોક કહે લખપતિ થયો, પણ શું પામ્યો બેલ !
તુજ સાથે શું આવશે, તપાસ તારો મેળ ।૨૩।

હાથ ઘસે ભોંયે આહડે, જીભે તાળું દીધ ।
મરણ વેળાએ સાંભરે, હા–મેં ધર્મ ન કીધ ।૨૪।

શું લઈ આવ્યા સાથમાં, શું લઇ નિકલનાર ।
બાંધી મુઠી આવીયા, ખાલી હાથ જનાર ।૨૫।

યોગ અસંખ્ય છે જિન કહ્યા,
નવપદ મુખ્ય તે જાણો રે ।
એહ તણે અવલંબને, આતમ ધ્યાન પ્રમાણો રે ।૨૬।

આરાધન ફલ એહના, ઇણ ભવે આણ અખંડ રે ।
રોગ દોહગ દુઃખ ઉપશમે, જેમ ઘન પવન પ્રચંડ રે

અરિહંત દેવ સુસાધુ ગુરૂ, ધર્મ જ દયા વિશાલ ।
જપો મંત્ર નવકાર તમે, અવર મ ઝંખો આલ ।૨૮।

સિદ્ધચક્રના ગુણ ઘણા, કહેતાં ન આવે પાર ।
વાંછિત પૂરે દુઃખ હરે, તે વંદુ ત્રણ કાલ ।૨૯।

ઇહભવ પરભવ એહથી, સુખ સંપત્તિ સુવિશાળ ।
રોગ શોક સઘળા ટળે, જીમ નૃપતિ શ્રીપાળ ।૩૦।

અરિહંતાદિ નવપદ, નિજ મન ધરે જે કોઇ ।
નિશ્ચય તસ નર શેખરહ, મન વાંછિત ફળ હોઇ ૩૧

જીવંતા જગ જશ નહિં, જશ વિણ કોઈ જીવંત ।
જે જશ લેઇ આથમ્યા, રવિ પહેલાં ઉગંત ।૩૨।

રે જીવ ! સુણ બાપડા, હૈયે વિમાસી જોય ।
આપ સ્વાર્થી સહુ મિલ્યા, ત્હારૂં જગ નહિ કોઈ ૩૩

પઢના લીખના ચાતુરી, એ સવિ વાતો સ્હેલ ।
કામ દહન મનવશીકરણ, આતમ ધ્યાન મુશ્કેલ ૩૪

ખાના ચલના સોવના, મિલના વચન વિલાસ ।
જ્યોં જ્યોં પંચ ઘટાઇએ, ત્યોં ત્યોં ધ્યાન પ્રકાશ ૩૫

ધર્મ વિના સુણ જીવડા,તું ભમીઓ ભવ અનંત ।
મૂઢપણે ભવ તેં કીયા, ઇમ બોલે ભગવંત ।૩૬।

ધર્મ કરત સંસાર સુખ, ધર્મ કરત નવનિધ ।
ધર્મ પંથ સાધ્યા થકી, સકલ રિદ્ધિ સમિધ ૩૭

ધન મેળવતાં દુઃખ છે, સાચવતાં પણ દુઃખ ।
આવ્યા પછી જો જાય તો, જાય સમૂળું સુખ ।૩૮।

ધર્મ નિયમ પાળ્યા વિના, પ્રભુ ભજવા તે વ્યર્થ ।
ઔષધ સેવે શું થશે, પળાય નહિં જો પથ્ય ।૩૯।

દુર્જન મુખમાં દુર્વચન, સજ્જન મુખ મીઠાશ ।
હોય સુગંધી બાગમાં, ગંધાતો સંડાશ ।૪૦।

દુર્જનની પ્રીતિ બુરી, ભલો સજ્જનનો ત્રાસ ।
જબ સૂરજ ગરમી કરે, તબ બરસનની આશ ।૪૧।

મોતી ભાગ્યું સારતાં, મન ભાગ્યું કવેણ ।
ઘોડો ભાગ્યો ઠેકતાં, રહી જાએ છે કહેણ ।૪૨।

દલ ફરે વાદલ ફરે, ફરે નદીના પૂર ।
ઉત્તમ બોલ્યા ના ફરે, પશ્ચિમ ઉગે સૂર ।૪૩।

પુણિયા શ્રાવકને નમું, વીર પ્રશંસા કીધ ।
દોકડા સાડા બારમાં, સાહમી ભગતી કીધ ।૪૪।

સર્વ જગ જંતુને સમ ગણે,
સમ ગણે તૃણ મણિ ભાવ રે ।
મુગતિ સંસાર બિહુ સમ ગણે,
મુણે ભવજલ નિધિ નાવ રે ।૪૫।

માન અપમાન ચિત્ત સમ ગણે,
સમ ગણે કનક પાષાણ રે ।
વંદક નિંદક સમ ગણે, ઇશ્યો હોય તું જાણ રે ।૪૬।

બહુ જન મળીને જે કરે, તે એકથી નવિ થાય ।
સાવરણી ઘર સ્વચ્છ કરે, એક સળીથી શું થાય?

અશક્ત પણ સિદ્ધિ મેળવે, કરે જો સંપ સંબંધ ।
જાય આંધળો કાશીએ, ધરી લૂલાને ખંધ ।૪૮।

સજ્જન દુર્જન જાણીએ, જબ મુખ બોલે વાણ ।
સજ્જન મુખ અમૃત ઝરે, દુર્જન વિષની ખાણ ૪૯।

સ્ત્રી પીયર, નર સાસરે, સંજમીઆ સુવિલાસ ।
પળ પળ થાએ અળખામણા, જો માંડે થિર વાસ ૫૦

મોહ વિકલ એ જીવકું, પુદ્ગલ મોહ અપાર ।
પણ ઇતનો સમજે નહિ, ઇણમેં કછુ ન સાર ।૫૨।

ઘર ઘર બાજા ન બજે, કહત પુકાર પુકાર ।
પ્રભુ વિસારે પશુ મળે, પડત ચામ પર માર ।૫૨।

કુણ આપણો કુણ પારકો, કુણ વૈરી કુણ મિત્ત ।
રાગ દ્વેષ ટાળી કરી, ધર સમતા એક ચિત્ત ।૫૩।

દેખત સબ જગ જાત હૈ, થિર ન રહે કોય ।
એવું જાણી ભલું કીજીયે, હૈયે વિમાસી જોય ।૫૪।

જે વચને પર દુઃખ હુવે, જેહથી થાય પ્રાણીઘાત ।
ક્લેશ પડે નિજ આત્મા, તજ ઉત્તમ એ વાત ।૫૫।

ઇચ્છાથી નવિ સંપજે, રોયે વિપદ ન જાય ।
પણ અજ્ઞાની જીવને, કર્મ બંધ બહુ થાય ।૫૬।

અધિકાર પામી જગતમાં, કર્યો ન પર ઉપકાર ।
અધિકારમાંથી અ ગયો, પાછળ રહ્યો ધિક્કાર ।૫૭।

કલ્યાણ ઇચ્છો વિશ્વનું, સહુ પ્રાણી પર મમતા ધરો ।
સંતાપ સહુના પરિહરો, પરમાર્થનાં કાર્યો કરો ।
નિજ સ્વાર્થ માટે અન્યપર,
નહિ દ્રોહ કિંચિત્ મન ધરો,
ત્યાગો પરસ્પર વૈરને, આધિ અવરની અપહરો ।૫૮।

સંસારના સહુ જીવને, શાંતિ મલો ભવ તાપથી,
પુણ્ય કાર્યે પગ ધરો, વિરમો દુઃખદ સહુ પાપથી ।
અપરાધી કો થાશો નહિ, નહિ કષ્ટ આપો કોઇને,
અત્યંત ઉરમાં હર્ષ ધારો, પ્રાણી ગણને જોઇને ।૫૯।

સંસાર રૂપી આગગાડીમાં, મુસાફર ચડયો છે એકલો,
બેગમાં છે દાગીના, જેથી નથી તે ઉંઘતો ।
થોડાક સ્ટેશન ગયા પછી, કોઈને કીધા વગર,
સામાનને લીધા વગર, તે એકદમ ઉતરી પડયો ।૬૦।

કોને ખબર ! ક્યારે ધમણ, આ ચાલતી અટકી જશે,
તેજસ્વી લોચનની કીકી, આ હાલતી અટકી જશે ।
થંભી જશે જીવ્હા અને, ધબકારા હૈયાના અહો,
સહુ ધન ધામ સુત રાજ્ય દારા,
છુટી જશે સઘળું અહીં—અહો ।૬૧।

સ્નાન કરતાં માછલાં, બગલા રહે છે ધ્યાનમાં,
પાન ખાઇ બકરા જીવે, સિંહો વસે છે રાનમાં ।
બેલ ઘૂમે છે ઘાંચીનો, આ ઘંટ બાંધીને ગળે,
ભાવના શુદ્ધિ વગર, ફળ તપતણું કાંઇ ના મળે ।૬૨।

ના પાપ અંધારે રહે, છાનું કરો કે ચોકમાં,
અંતે પોકારી ઉઠશે, આ લોક કે પરલોકમાં ।

અતિ કષ્ટથી ઉછેરીને, ડાહ્યા બનાવ્યા દીકરા,
મા બાપને માને નહિ, પેટે પડયા ઝખ મારવા ।૬૩।

શું કામના મોટા સમુદ્દર, તૃષા કોઈની ના ટળે,
એથી ભલી નાની નદી, જ્યાં સર્વને શાંતિ મળે।
સુખીયા ખરા છે એજ, જે દુઃખીયા જનોના દુઃખ હરે,
મોટા મનાતા એ જ, જે નાના ઉપર કરુણા કરે ।૬૪।

દરરોજ જુવે છે જતાં, જન સેંકડો શમશાનમાં,
હું અમર છું એમ માને, માનવી ઊંડાણમાં ।
ધનભોગ કાજે પાપ કરતાં નર જન્મ એળે ખોવતા,
પરલોક થાશે કઇ ગતિ, ચેતે નહિં નિજ ચિત્તમાં ૬૫

વર્ષગાંઠ તણે દિને, ખાએ પીએ છે માલ,
પણ સમજે નહિ એટલું, કે દિવસ ગાંઠનો જાય ।
છ કાયમાંથી જીવ આવીયો, છ કાય માંહે જાય,
છ કાયની રક્ષા કરે, તે અજરામર થાય ।૬૬।

દીન દુઃખી જનને ન પોષ્યા, મેં અહા! છતી શક્તિયે,
સાધર્મિકોનું ના! કર્યું, વાત્સલ્ય રૂડી ભક્તિયે ।
નવકાર મંત્ર મલ્યો છતાં, ધાર્યો ન મેં હૈયા વિષે,
કર્તવ્ય સર્વ ભૂલી અરે! હારી ગયો નર જન્મને ૬૭

ટોકો ત્રણસો વાર પણ, પડી ટેવ નવિ જાય,
શતવાર સોમલ ધુઓ, પણ અમૃત નવિ થાય ।
મળતાં અમલ મદાંધને ઝટ દઈને છકી જાય ।
ક્હો કેમ લઘુ કૂપમાં, સાગર સાત સમાય? ।૬૮।

પુત્ર મિત્ર તુજ દેખતાં, થયા લાખ જન રાખ,
ચેત મન! એક દિન એવો આવશે,
બળી થવું છે ખાખ।

"જગત પડયું મુખ કાળને" કેડી મોર જનાર,
ધંટીને થાળે પડયા, દાણા લોટ થનાર ।૬૯।

લક્ષ્મી કોઈની થઈ નથી, થાશે નહિ કો દિન,
ધર્મ માર્ગે વાપર્યું, તે થાશે તુજ ધન ।
ક્રોડપતિ મૂઠી ગયા, કોડી ન ગઈ તે સાથ,
"હાથે તે સાથે થશે" મિથ્યા બીજું જાણ ।૭૦।

ભવોભવ એ મુજ ભાવના, જો મુજ ધાર્યું થાય ।
તો શ્રી જિનશાસન વિષે, સ્થાપું જીવ બધાય ।૭૧।

# ( સુખ બીજે શોધીશ માં )

છે આનંદ આતમ જ્ઞાનમાં, સદ્‌ગુરૂ સમજાવે શાનમાં,
ના રહેતો બેભાનમાં સુખ બીજે શોધીશમાં. (૧)

નથી સુત વિત્ત દારામાં, ના રહેતો અંધારમાં,
સુખ છે તારૂં તારામાં, સુખ બીજે શોધીશમાં. (૨)

ન મળે જંતર મંતરમાં, નથી રાજ્યના તંતરમાં
અખૂટ ભર્યું છે અંતરમાં, સુખ બીજે શોધીશમાં, (૩)

નથી જ્ઞાતિ કે જાતિમાં, કે શ્રીમન્તાઇની ખ્યાતિમાં,
ખજાનો આત્મ જ્યોતિમાં, સુખ બીજે શોધીશમાં. (૪)

નથી કોઈ અધિકારમાં, કે ધન કુબેર ભંડારમાં,
ફાંફાં મારીશ ના બહારમાં, સુખ બીજે શોધીશમાં. (૫)

નહીં વાડા કે સંઘાડામાં, કે મહન્તોના અખાડામાં,
નથી જંગલ કે પહાડોમાં, સુખ બીજે શોધીશમાં (૬)

ફરીશ ના કદી ભ્રાન્તિમાં, રહે અંતરની શાંતિમાં,
છે આત્મ તત્ત્વની ક્રાન્તિમાં, સુખ બીજે શોધીશમાં. (૭)

નથી રાણા કે રાયામાં, કે વિલાસ વૈભવ માયામાં,
મળશે સંતની છાયામાં, સુખ બીજે શોધીશમાં. (૮)

સંકટ છે સઘળુ બાહ્યમાં, સદ્‌ગુરૂ લેજે સહાયમાં,
શ્રદ્ધાથી મન વચન કાયમાં, સુખ બીજે શોધીશમાં. (૯)

રહેવું આતમ ધ્યાનમાં, પ્રભુ ભક્તિના તાનમાં,
સુખ શાન્તિ તારા જ્ઞાનમાં, સુખ બીજે શોધીશમાં (૧૦)

તારો આનંદ તારામાં, સ્વરૂપના ચમકારામાં,
છે જ્યોતિના ઝબકારામાં સુખ બીજે શોધીશમાં. (૧૧)
સિદ્ધિ જેવી છે જાતિ તારી, તેમાં લેશ નથી કંઈ ફેરફારી,
છે અંતરમાં અમૃત ક્યારી, સુખ બીજે શોધીશમાં. (૧૨)
પ્રભુ વીર તણો પડકાર છે, તારો આત્મા સાક્ષાત્કાર છે,
સમજણથી બેડો પાર છે, સુખ બીજે શોધીશમાં. (૧૩)

---

## ‘ જાગતો જોગેન્દ્ર ’.

(રાગ—રાખનાં રમકડાં)

જાગતા જોગેન્દ્ર મારા ગુરુજી જોગ જગાવે રે,
અગમ નિગમના પડદા ચીરી, આલમને ડોલાવે....રે
રોમે રોમે તાર અનાહત, અવધૂત અંતર માણે,
વજ્ર દેહિ એ દૃઢ આસનથી, પરમતત્ત્વ પરમાણે....રે
અધર તખ્ત પર આસન પૂરિયાં, નયને નૂર નીતરિયા,
સુરતનુ રતની વિજલડી ત્યાં, લેતી તાલતલૈયાં....રે
લોક હૃદય સિંહાસન બેસી, અંતરિયે પરવરિયાં.
કર્મયોગને જ્ઞાન અખાડે, વાદિ વિજેતા ઠરિયા....રે
આદિ અંતના બંધન તોડી, નયન મિચાયાં જ્યારે,
સિદ્ધ બન્યા મણિ બુદ્ધિસૂરીશ્વર, વિદ્યાપુરને દ્વારે....રે

—“પાદરાકર”—

---

સંસાર સાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના, એ નાવ પણ તારે નહિં;
આ કાળમાં શુદ્ધાત્મ જ્ઞાની સુકાની બહુ બહુ દોહિલો,
મુજ પુન્ય રાશી ફલ્યો અહો ! ગુરુ બુધ્ધિ નાવિક તુ મલ્યો.

---

# — સ્મરણાંજલિ —

શ્રીમદ્ બુદ્ધિસાગર ગુરુવર, ગુણ તમારા ગાવું. (૨)
જ્ઞાન ગંગાને તીરે રહીને, આતમ દીપ પ્રગટાવ્યો,
સોહં સોહં જાપ જપીને, જબરો જંગ જગાવ્યો;
અલમસ્ત એ સંત ઓલીયા, મન મોતીડે વધાવું....ગુણ.

મહાવીર પ્રભુના સંદેશાને દેશોદેશ ફેલાવ્યો,
જ્ઞાન પિપાસુ અવધૂત યોગી, મહાવીર વેશ દીપાવ્યો,
વિશ્વપ્રેમી સમભાવી ગુરૂવર, ચરણે શીર ઝુકાવું....ગુણ.

જ્ઞાન ધ્યાનના રસિયા બનીને, ધર્મ ધ્વજ ફરકાવ્યો,
મહાવીર પ્રભુની પાટ શોભાવી, અહિંસા નાદ ગજાવ્યો,
અષ્ટોત્તર શત ગ્રંથ પ્રણેતા, દિલમાં હર્ષ મનાવું....ગુણ.

જ્ઞાન ખજાનો ખુલ્લો મૂકી, ધર્મનો ધોધ વહાવ્યો,
ગરીબ તવંગરનો દિલડામાં, કદીયે ભેદ ન આવ્યો.
ગચ્છના ભેદ ન રાખ્યા દિલમાં, સત્ય સૌને સમજાવ્યું....ગુણ.

જેઠ કૃષ્ણ તૃતીયા દિન આવે, ભક્તોને વિરહ સતાવે,
કૈલાસ સુબોધ શ્રીસંઘ મળીને, અંજલિ ચરણે ચડાવે,
**ગણેશ** જીવનના આ ઉપકારી, અંતર આંસુ વહાવું....ગુણ

# શ્રી સદ્‌ગુરુ દેવનો છંદ

સૂરિ બુદ્ધિસાગર હુવા અવતારી, જશ નામ તણો મહીમા ભારી
કષ્ટ ટળે મતિ તાપ તપો, પૂજ્ય દાદાજીકો જાપ જપો. ૧

પૂજ્ય નામે સબ કષ્ટ ટળે, વળી ભૂત પ્રેત તો નવિ મળે,
મળે ન ચોર હોય ગપ જપો, પૂજ્ય દાદાજીકો જાપ જપો ૨

અડીયો કામતો હોઈ જાવે, વળી બગડયો કામ તો બન જાવે,
ભૂલ-ચૂક ન ખાય ડખો, પૂજ્ય દાદાજીકો જાપ જપો ૩

લક્ષ્મી દિન દિન વધ જાવે, વળી દુઃખ મેળો તો નહિ આવે
વેપારમેં તો હોવે બોત નફો, પૂજ્ય દાદાજી કો જાપ જપો. ૪

રાજકાજમેં તેજ રહે, વળી ખમ્મા ખમ્મા સબ લોક કહે,
આચ્છી જાયગા જાય રૂપો, પૂજ્ય દાદાજી કો જાપ જપો. ૫

પૂજ્ય નામ તણો જેણે લીયો ઓટો, તસ ઘર કદી નહિં આવે તોટો
ઘર ઘર બારણે કાંઈ તપો, પૂજ્ય દાદાજીકો જાપ જપો. ૬

એક માળા નિત્ય નિયમ રાખો, કોઈ વાતતણો નહિ હોય ડખો
ખાલી વિમાસણ ટળે જીસકો, પૂજ્ય દાદાજીકો જાપ જપો ૭

સ્વગચ્છતણી પ્રતિપાલ કરે, મુનિ સૂર્ય સદા તુમ ધ્યાન ધરે,
કોઈ પ્રત્યેક બાતો નવી ઉથપો, પૂજ્ય દાદાજીકો, જાપ જપો. ૮

સહુ ગુરૂદેવોનો જાપ જપો, સ્વગચ્છપતિનો જાપ જપો,
સંસારથી બેડો પાર કરો, પૂજ્ય દાદાજીકો જાપ જપો. ૯

# ગુરુગુણ–સ્મરણાંજલિ

(રાગ...છોડ ગયે બાલમ...)

એ જ્ઞાની ગુરુ મહારાજ ૐ બુદ્ધિસાગર સદ્‌ગુરૂ વરદેવ,
એ અવધૂત યોગીરાજ ૐ બુદ્ધિસાગર સદ્‌ગુરૂ વરદેવ.
જ્ઞાન ગંગાના તીરે રહીને, આતમ જયોત જગાવી,
રોમ રોમમાં એ ગુરૂવર, મહાવીર લગની લગાવી....એ જ્ઞાની.
ઉપદેશ અમૃતને મેહુલિયોં, દેશોદેશ વરસાવ્યો,
પ્રભુ મહાવીરના સંદેશાને, ઘરો ઘરમાં ફેલાવ્યો...એ જ્ઞાની.
ગરીબ શ્રીમંતને ભેદ ગણ્યો નહિ, સરખી અમી વરસાવી,
જ્ઞાન ધ્યાન તપ ત્યાગ તપસ્યા, શબ્દે શબ્દે સમજાવી....એ જ્ઞાની.
અષ્ટોત્તર શત ગ્રંથ પ્રણેતા, બન્યા જગત ઉપકારી,
વિશ્વ પ્રેમી એ વીરલ હંસલા, અહિંસાના વ્રતધારી....એ જ્ઞાની
પ્રભુ મહાવીરના પંથે ચાલી, યાદી અમર બનાવી,
સંપ્રદાયના વિષ ઉતારણ, ગુણીયલ ગુરુ સમભાવી....એ જ્ઞાની.
વિજાપુરમાં જન્મ અને, નિર્વાણ ભૂમિ પણ ત્યાંની,
સંવત ૧૯૮૧ની સાલ, જેઠ વદ ત્રીજ નીશાની....એ જ્ઞાની.
જૈન શાસનની સેવા કરી તમે, એ ગુરુ આતમજ્ઞાની,
ગુણો તમારા ગાઈ ન શકું, અલ્પજ્ઞ છું અજ્ઞાની....એ જ્ઞાની.
ગુણ તમારા યાદ કરીને, ચરણે શીર ઝુકાવું,
બુદ્ધિસાગર સદગુરુ વર, આતમ ભાવે ધ્યાવું....એ જ્ઞાની.

---

# રાસ મણિમાળા

## ગુરુ–સ્મરણ

મોંઘામૂલા યોગીરાજ હમારા કેમ ગુરુદેવ વિસરાય રે.
આંખડી આંસુભરી રે ?
સુનાં દિવસ સુની રાતડી ને મ્હારાં સુનાં વર્ષો વહી જાય રે.
આંખડી આંસુભરી રે ?
સુના હૈયાંને ભીની આંખડી ને મારાં જીવન સુનાં હૈયે હાર રે.
આંખડી આંસુભરી રે ?
વાણી વિમળ સત્ય આપની ને ગુરુ નયને આત્માના ઉજાસ રે.
આંખડી આંસુભરી રે ?
છાયા હતી ધર્મરાજની ને ગુરુ સાધ્યા આત્માના ઉલ્લાસ રે
આંખડી આંસુભરી રે ?
ઉંચા ચંદરવા આભલેરે બાંધ્યા ચંદા સૂરજને પ્રકાશ રે.
આંખડી આંસુભરી રે ?
શીળો સમીર પરિમળ ભર્યોરે ગુરુ ચાલ્યા શ્યામળ જેઠ માસ રે.
આંખડી આંસુભરી રે ?
પદ્મપુરીની અટારીએ રે ઘડિ ડોકાવજો–પૂજું પાય રે.
આંખડી આંસુભરી રે ?
આજે જયંતિ મણી મયી રે શ્યામ રજની છે ત્રીજ રવિવાર રે.
આંખડી આંસુભરી રે ?

—પોદ્દરાંકર—

# પ્રાસ્તાવિક શ્લોક સંગ્રહ

અઙ્ગં ગલિતં પલિતં મુણ્ડં, દશનવિહીનં જાતં તુણ્ડમ્
વૃદ્ધો યાતિ ગૃહીત્વા દણ્ડં,
તદપિ ન મુઞ્ચત્યાશાપિણ્ડમ્ ૧

શ્રુતિર્વિભિન્ના સ્મૃતયશ્ચ ભિન્ના,
નૈકો મુનિર્યસ્ય વચોઽપ્રમાણમ્ ।
ધર્મસ્ય તત્ત્વં નિહિતં ગુહાયાં,
મહાજનો યેન ગતઃ સ પન્થાઃ ૨

અર્થાતુરાણાં ન પિતા ન બંધુઃ,
કામાતુરાણાં ન ભયં ન લજ્જા ।
ક્ષુધાતુરાણાં ન બલં ન તેજઃ,
ચિન્તાતુરાણાં ન સુખં ન નિદ્રા ૩

યચ્ચિન્તિતં તદિહ દૂરતરં પ્રયાતિ,
યચ્ચેતસા ન ગણિતં તદિહાઽભ્યુપૈતિ ।
પ્રાતર્ભવામિ વસુધાઽધિપ ચક્રવર્તી,
સોઽહં વ્રજામિ વિપિને જટિલઃ તપસ્વી ૪

દ્યૂતં ચ માંસં ચ સુરા ચ વેશ્યા
પાપર્દ્ધિશ્ચ ચૌર્યં પરદારસેવા ।
એતાનિ સપ્ત વ્યસનાનિ લોકે,
ઘોરાતિઘોરં નરકં નયન્તિ ૫

ત્યજન્તિ મિત્રાણિ ધનૈર્વિહીનં,
પુત્રાશ્ચ દારાશ્ચ સહોદરાશ્ચ ।
તમર્થવન્તં પુનરાશ્રયન્તિ;
અર્થો હિ લોકે પુરુષસ્ય બન્ધુઃ ૬

માર્ગે માર્ગે નિર્મલં બ્રહ્મવૃન્દં,
વૃન્દે વૃન્દે તત્ત્વચિન્તાનુવાદઃ ।
વાદે વાદે જાયતે તત્ત્વબોધો
બોધે બોધે ભાસતે ચન્દ્રચૂડઃ ૭

પ્રાવાસિકો વ્યાધિયુતઃ સરોષો,
વિદ્યાર્થરુચિઃ પરદારરક્તઃ ।
યસ્યાસ્તિ વૈરી હિ વિયોગિતોऽપિ,
હ્યષ્ટૌ લભંતે મનુજા ન નિદ્રામ્ ૮

બાલઃ પશ્યતિ લિંગં, મધ્યમબુદ્ધિર્વિચારયતિ વૃત્તમ્ ।
આગમતત્ત્વં તુ બુધઃ પરીક્ષતે સર્વયત્નેન ૯

દાનેન પાણિર્ન તુ કંકણેન, માનેન તૃપ્તિર્ન તુ ભોજનેન
ધનેન કાન્તિર્ન તુ ચન્દનેન,
ધ્યાનેન મુક્તિર્ન તુ દર્શનેન ૧૦

બુદ્ધેઃ ફલં તત્ત્વવિચારણં ચ,
દેહસ્ય સારં વ્રતધારણં ચ ।
અર્થસ્ય સારં કિલ પાત્રદાનં,
વાચઃ ફલં પ્રીતિકરં નરાણામ્ ૧૧

અકર્ણસ્ય કર્ણે કથં ગીતગાનં,
વિના નાશિકાયાં કથં ધૂપગંધઃ ।
અકંઠસ્ય કંઠે કથં પુષ્પમાલા,
અપાદસ્ય પાદે કથં મે પ્રણામઃ ૧૨

કાર્યેષુ મંત્રી કર્ણેષુ દાસી,
ભોજ્યેષુ માતા શયનેષુ રંભા ।
મનોઽનુકૂલા ક્ષમયા ધરિત્રી,
ષડ્ગુણભાર્યા કુલમુદ્ધરન્તી ૧૩

પુત્રશ્ચ મૂર્ખો વિધવા ચ કન્યા,
શઠં ચ મિત્રં ચપલં કલત્રમ્ ।
વિલાસકાલેઽપિ દરિદ્રતા ચ,
વિનાઽગ્નિના પઞ્ચ દહન્તિ દેહમ્ ૧૪

ગ્રામો નાસ્તિ કુતઃ સીમા, ધર્મો નાસ્તિ કુતઃ સુખમ્ ।
દાનં નાસ્તિ કુતઃ કીર્તિ–ર્ભાર્યા નાસ્તિ કુતઃ સુતઃ ૧૫

ક્વચિદ્ ભૂમૌ શય્યા ક્વચિદપિ પર્યઙ્કશયનમ્,
ક્વચિચ્છાકાહારી ક્વચિદપિ શાલ્યોદનરુચિઃ ।
ક્વચિત્ કન્થાધારી ક્વચિદપિ ચ દિવ્યામ્બરધરો,
મનસ્વી કાર્યાર્થી ન ગણયતિ દુઃખં ન ચ સુખમ્ ૧૬

દ્વૌ હસ્તૌ દ્વૌ ચ પાદૌ ચ દૃશ્યતે મનુજાકૃતિઃ,
અહો ! કપીન્દ્ર! રાજેન્દ્ર ! ગૃહં કિન્ન કરિષ્યતિ ।
સુચિમુખે દુરાચારે રણ્ડે પંડિતમાનિનિ,
અસમર્થો ગૃહકરણે સમર્થો ગૃહભગ-જને ૧૭

વૃક્ષં ક્ષીણફલં ત્યજન્તિ વિહગાઃ શુષ્કં સરઃ સારસાઃ,
નિર્દ્રવ્યં પુરુષં ત્યજન્તિ ગણિકા ભ્રષ્ટં નૃપં સેવકાઃ ।
નિર્ગન્ધં કુસુમં ત્યજન્તિ મધુપા દગ્ધં વનાન્તં મૃગાઃ,
સર્વે સ્વાર્થવશાજ્જનોઽભિરમતે
નો કસ્યચિદ્ (કો) વલ્લભઃ ૧૮

કાકઃ પદ્મવને રતિં ન કુરુતે હંસો ન કૂપોદકે,
મૂર્ખઃ પણ્ડિતસઙ્ગમે ન રમતે દાસો ન સિંહાસને ।
કુસ્ત્રી સજ્જનસંગમે ન રમતે નીચં જનં સેવતે,
યા યસ્ય પ્રકૃતિઃ સ્વભાવજનિતા કેનાપિ ન ત્યજ્યતે. ૧૯

ધૈર્યં યસ્ય પિતા ક્ષમા ચ જનની શાંતિશ્ચિરં ગેહિની,
સત્યં સુનૂરયં દયા ચ ભગિની ભ્રાતા મનઃસંયમઃ ।
શય્યા ભૂમિતલં દિશોઽપિ વસનં જ્ઞાનામૃતં ભોજનમ્,
એતે યસ્ય કુટુમ્બિનો વદ સખે !
કસ્માદ્ ભયં યોગિનઃ ૨૦

હસ્તૌ દાનવિવર્જિતૌ શ્રુતિપુટં સારશ્રુતં દ્રોહિણૌ,
નેત્રે સાધુવિલોકનેન રહિતે પાદૌ ન તીર્થં ગતૌ ।
અન્યાયાર્જિતવિત્તપૂર્ણમુદરં ગર્વેણ તુંગં શિરો;
રે ! રે ! જમ્બૂક મુઞ્ચ મુઞ્ચ સહસા
નીચસ્ય નિંદ્યં વપુઃ ૨૧

ધર્મઃ પર્વગતસ્તપઃ કપટતઃ સત્યં ચ દૂરે ગતં;
પૃથ્વી મંદફલા નૃપાશ્ચ કુટિલાઃ શસ્ત્રાયુધા બ્રાહ્મણાઃ ।
લોકઃ સ્ત્રીષુ રતઃ સ્ત્રિયોઽતિચપલા લૌલ્યે સ્થિતા માનવાઃ;
સાધુઃ સીદતિ દુર્જનઃ પ્રભવતિ પ્રાયઃ પ્રવિષ્ટઃ કલિઃ ૨૨

નિર્વીર્યા પૃથિવી નિરૌષધિરસા નીચા મહત્ત્વં ગતા;
ભૂપાલા નિજધર્મકર્મરહિતા વિપ્રાઃ કુમાર્ગે રતાઃ
ભાર્યા ભર્તૃવિયોગિની પરરતા પુત્રાઃ પિતુર્દ્વેષિણૌ;
હા ! કષ્ટં ખલુ દુર્લભાઃ
કલિયુગે ધન્યા નરાઃ સજ્જનાઃ ૨૩

વિદ્યા નામ નરસ્ય રૂપમધિકં પ્રચ્છન્નગુપ્તં ધનં,
વિદ્યા ભોગકરી યશઃ સુખકરી વિદ્યા ગુરૂણાં ગુરુઃ ।
વિદ્યા બંધુજનો વિદેશગમને વિદ્યા પરા દેવતા,
વિદ્યા રાજસુ પૂજિતા ન તુ ધનં વિદ્યાવિહીનઃ પશુઃ ૨૪
ભોગે રોગભયં સુખે ક્ષયભયં વિત્તેઽગ્નિભૂભૃદ્ભયમ્;
માને મ્લાનિભયં જયે રિપુભયં વંશે કુયોષિદ્ભયમ્ ।
દાસ્યે સ્વામિભયં ગુણે ખલભયં કાયે કૃતાંતાદ્ભયમ્;
સર્વં નામભયં ભવેદિહ નૃણાં વૈરાગ્યમેવાભયમ્ ૨૫
નાહં સ્વર્ગફલોપભોગરસિકો નાભ્યર્થિતસ્ત્વં મયા,
સંતુષ્ટસ્તૃણભક્ષણેન સતતં સાધો ! ન યુક્તં તવ;
સ્વર્ગં યાંતિ યદિ ત્વયા વિનિહતા યજ્ઞેઽથવા પ્રાણિનો;
યજ્ઞં કિં ન કરોષિ માતૃપિતૃભિઃ પુત્રૈસ્તથા બાંધવૈઃ ૨૬
મૌને મૌની ગુણિનિ ગુણવાન્ પણ્ડિતે પણ્ડિતોઽસૌ;
દીને દીનઃ સુખિનિ સુખવાન્ ભોગિનિ પ્રાપ્તભોગઃ !
મૂર્ખે મૂર્ખો યુવતિષુ યુવા વાગ્મિષુ પ્રૌઢવાગ્મી;
ધન્યઃ કોઽપિ ત્રિભુવનજયી યોઽવધૂતેઽવધૂતઃ ૨૭
કાયા હંસં વિના નદી જલં વિના દાતુર્વિના યાચકાઃ
ભ્રાતા સ્નેહં વિના કુલં સુતં વિના ધેનુશ્ચ દુગ્ધં વિના ।

ભાર્યા ભક્તિં વિના પુરં નૃપં વિના વૃક્ષં ચ પત્રં વિના,
દીપઃ સ્નેહં વિના શશી નિશા વિના ધર્મં વિના માનવાઃ
ઉદયતિ યદિ ભાનુઃ પશ્ચિમાયાં દિશાયાં,
વિકસતિ યદિ પદ્મં પર્વતાગ્રે શિલાયામ્ ।
પ્રચલતિ યદિ મેરુઃ શીતતાં યાતિ વહ્નિ-
સ્તદપિ ન ચલતીયં ભાવિની કર્મરેખા ૨૯
ભિક્ષો કન્થા શ્લથા તે નહિ
સફરવધે જાલમશ્નાસિ મત્સ્યાન્,
તે વૈ મદ્યોપદંશાઃ પિબસિ
મધુસમં વેશ્યયા યાસિ વેશ્યામ્ ।
દત્વાઙ્ઘ્રિ મૂર્ધ્ન્યરીણાં તવ કિમુ
રિપવો ભિત્તિ ભેત્તાસ્મિ યેષામ્,
ચૌરોઽસિ દ્યૂતહેતોસ્ત્વયિ સકલમિદં
નાસ્તિ નષ્ટે વિચારઃ ૩૦
દુઃખં સ્ત્રીકુક્ષિમધ્યે પ્રથમમિહ ભવેદ્ગર્ભાવાસે નરાણાં,
બાલત્વે ચાપિ દુઃખં મલલુલિતવપુઃ સ્ત્રીપયઃપાનમિશ્રમ્ ।
તારુણ્યે ચાપિ દુઃખં ભવતિ વિરહજં વૃદ્ધભાવોઽપ્યસારઃ
સંસારે રે મનુષ્યાઃ વદત યદિ સુખં સ્વલ્પમપ્યસ્તિ કિંચિત્
પત્રં નૈવ યદા કરીરવિટપે દોષો વસન્તસ્ય કિમ્ ?
નોલૂકોઽપ્યવલોકતે યદિ દિવા સૂર્યસ્ય કિં દૂષણં ?

ધારા નૈવ પતન્તિ ચાતકમુખે મેઘસ્ય કિં દૂષણં ?
યત્પૂર્વં વિધિના લલાટલિખિતં તન્માર્જિતું કઃ ક્ષમઃ

કથમુત્પદ્યતે ધર્મઃ, કથં ધર્મો વિવર્દ્ધતે ।
કથં સંસ્થાપ્યતે ધર્મઃ; કથં ધર્મો વિનશ્યતિ ૩૩

સત્યેનોત્પદ્યતે ધર્મો, દયા-દાનેન વર્દ્ધતે ।
તપસા સ્થાપ્યતે ધર્મ્મઃ, ક્રોધલોભાદ્વિનશ્યતિ ૩૪

અહિંસા લક્ષણો ધર્મઃ, અધર્મઃ પ્રાણીનાં વધઃ
તસ્માદ્ધર્માર્થિભિર્લોકૈઃ કર્તવ્યા પ્રાણિનાં દયા ૩૫

જીવાનાં રક્ષણં શ્રેષ્ઠં, જીવા જીવિતકાંક્ષિણઃ ।
તસ્માત્ સમસ્તદાનેભ્યો-ऽભયદાનં પ્રશસ્યતે ૩૬

ન માંસભક્ષણેऽદોષો, ન મદ્યે ન ચ મૈથુને ।
પ્રવૃત્તિરેષા ભૂતાનાં, નિવૃત્તિસ્તુ મહાફલા ૩૭

રાજા રાજાનમાલોકય, વૈદ્યો વૈદ્યં નટો નટમ્ ।
ભિક્ષુકો ભિક્ષુકં દૃષ્ટ્વા, શ્વાનવદ્ ઘુર્ઘુરાયતે ૩૮

કર્મણો હિ પ્રધાનત્વં, કિં કુર્વન્તિ શુભા ગ્રહાઃ ।
વશિષ્ઠદત્તલગ્નોऽપિ, રામઃ પ્રવ્રજિતો વને ૩૯

દર્શને હરતે ચિત્તં, સ્પર્શને હરતે બલમ્ ।
સંગમે હરતે વીર્યં, નારી પ્રત્યક્ષ રાક્ષસી ૪૦

આપદામાકરો નારી, નારી નરકવર્તિની ।
વિનાશકારણં નારી; નારી પ્રત્યક્ષરાક્ષસી ૪૧

પુરુષો વિપદાં ખાનિ:, પુમાન્ નરકપદ્ધતિ: ।
પુરુષ: પાપ્મનાં મૂલં, પુમાન્ પ્રત્યક્ષરાક્ષસ: ૪૨

અષ્ટાદશપુરાણેષુ, વ્યાસસ્ય વચનદ્વયમ્ ।
પરોપકાર: પુણ્યાય, પાપાય પરપીડનમ્ ૪૩

શઠં પ્રતિ શાઠયં કુર્યાત્, આદરં પ્રતિ ચાદરં ।
ત્વયા સમુચ્યતે પક્ષ:, મયા ચ નામ્યતે શિર: ૪૪

કિં ગીતં કંઠહીનસ્ય, ગુણહીનસ્ય કિં રૂપં ।
કિં ધનં દાનહીનસ્ય, માનહીનસ્ય ભોજનમ્ ૪૫

નરાણાં નાપિતો ધૂર્ત:, પક્ષિણાં ચૈવ વાયસ: ।
પશૂનાં શૃગાલો ધૂર્ત:, નારીણાં ચૈવ માલિકા ૪૬

બ્રાહ્મણાનાં ધનં વિદ્યા, ક્ષત્રિયાણાં ધનં ધનુ: ।
ઋષીણાં ચ ધનં સત્યં, યોષિતાં યૌવનં ધનમ્ ૪૭

તુષ્યન્તિ ભોજનૈર્વિપ્રા, મયૂરા ઘનગર્જિતૈ: ।
સાધવ: પરકલ્યાણૈ: ખલા: પરવિપત્તિભિ: ૪૮

વૈદ્યરાજ ! નમસ્તુભ્યં, યમરાજસહોદર ! ।
યમસ્તુ હરતે પ્રાણાન્, ત્વં ચ પ્રાણાન્ ધનાનિ ચ ૪૯

ઉદ્યમેન વિના રાજન્, સિધ્યન્તિ ન મનોરથાઃ ।
કાતરા ઇતિ જલ્પન્તિ, યદ્ભાવ્યં તદ્ભવિષ્યતિ ૫૦

કામલુબ્ધે કુતો લજ્જા, ધર્મહીને કુતઃ ક્રિયા ।
મદ્યપાને કુતઃ શૌચં, માંસાહારે કુતો દયા ૫૧

અનિત્યાનિ શરીરાણિ, વિભવો નૈવ શાશ્વતઃ ।
નિત્યં સન્નિહિતો મૃત્યુઃ, કર્તવ્યો ધર્મસંગ્રહઃ ૫૨

વ્યાજે સ્યાદ્ દ્વિગુણં વિત્તં, વ્યવસાયે ચતુર્ગુણમ્ ।
ક્ષેત્રે શતગુણં પ્રોક્તં, પાત્રેઽનન્તગુણં તથા ૫૩

મેધાં પિપીલિકા હન્તિ, યૂકા કુર્યાજ્જલોદરમ્ ।
કુરુતે મક્ષિકા વાન્તિ, કુષ્ટરોગં ચ કોલિકઃ ૫૪

પુષ્પં દૃષ્ટ્વા, ફલં દૃષ્ટ્વા, દૃષ્ટ્વા નારીં સુશોભિતામ્ ।
એતાનિ ત્રીણિ વને દૃષ્ટ્વા, કસ્ય ન ચલતે મનઃ ૫૫

અલસસ્ય કુતો વિદ્યા, અવિદ્યસ્ય કુતો ધનમ્ ।
અધનસ્ય કુતો મિત્ર--મમિત્રસ્ય કુતો બલમ્ ૫૬

કીટિકાસંચિતં ધાન્યં, મક્ષિકાસંચિતં મધુ ।
કૃપણૈસ્સંચિતં વિત્તં, તદન્યૈરેવ ભુજ્યતે ૫૭

પઞ્ચૈતાનિ પવિત્રાણિ, સર્વેષાં ધર્મચારિણામ્ ।
અહિંસા સત્યમસ્તેયં ત્યાગો મૈથુનવર્જનમ્ ૫૮

દાનં સિદ્ધિનિદાનં હિ, દેયમત્ર મહાધિયા ।
ન તરન્તિ વિના દાનં, પ્રાણિનો ભવસાગરમ્ ૫૯

ઘટં ભિત્ત્વા પટં છિત્ત્વા, કૃત્વા રાસભરોહણં ।
યેન કેન પ્રકારેણ, પ્રસિદ્ધઃ પુરુષો ભવેત્ ૬૦

ઉદ્યમઃ સાહસં ધૈર્યં, બલબુદ્ધિપરાક્રમઃ ।
ષડેતે યસ્ય વિદ્યન્તે, તસ્ય દેવોઽપિ શંકતે ૬૧

દાનેન પ્રાપ્યતે લક્ષ્મીઃ, શીલેન સુખસંપદા ।
તપસા ક્ષીયતે કર્મ, ભાવના ભવનાશિની ૬૨

ઉત્તમાઃ સ્વગુણૈઃ ખ્યાતા, મધ્યમાસ્તુ પિતુર્ગુણૈઃ ।
અધમા માતુલૈઃ ખ્યાતા, શ્વશુરૈરધમાધમાઃ ૬૩

ચિન્તયા નશ્યતે બુદ્ધિઃ, ચિન્તયા નશ્યતે બલમ્ ।
ચિન્તયા નશ્યતે જ્ઞાનં, વ્યાધિર્ભવતિ ચિન્તયા ૬૪

ઉપદેશો હિ મૂર્ખાણાં, પ્રકોપાય ન શાન્તયે ।
પયઃ પાનં ભુજઙ્ગાનાં, કેવલં વિષવર્ધનમ્ ૬૫

ઉષ્ટ્રાણાં ચ ગૃહે લગ્નં, ગર્દભાઃ શાન્તિપાઠકાઃ
પરસ્પરં પ્રશંસન્તિ, અહો રૂપમ્ અહો ધ્વનિઃ ૬૬

મુખં પદ્મદલાકારં, વાણી ચંદનશીતલા ।
હૃદયં કર્તરીતુલ્યં, ત્રિવિધં ધૂર્તલક્ષણમ્ ૬૭

મુણ્ડે મુણ્ડે મતિર્ભિન્ના, કુંડે કુંડે નવં પયઃ ।
જાતૌ જાતૌ નવાચારા, નવા વાણી મુખે મુખે ૬૮

શતં વિહાય ભોક્તવ્યં, સહસ્રં સ્નાનમાચરેત્ ।
લક્ષં વિહાય દાતવ્યં, કોટિં ત્યક્ત્વા હરિં ભજેત્ ૬૯

પુણ્યસ્ય ફલમિચ્છન્તિ, પુણ્યં નેચ્છન્તિ માનવાઃ ।
ન પાપફલમિચ્છન્તિ, પાપં કુર્વન્તિ યત્નતઃ ૭૦

વિદ્યા મિત્રં પ્રવાસેષુ, ભાર્યા મિત્રં ગૃહેષુ ચ ।
વ્યાધિતસ્યૌષધં મિત્રં; ધર્મો મિત્રં મૃતસ્ય ચ ૭૧

ગુણો ભૂષયતે રૂપં, શીલં ભૂષયતે કૂલમ્ ।
શાન્તિર્ભૂષયતે વિદ્યાં, દાનં ભૂષયતે ધનમ્ ૭૨

શોભતે વિદ્યયા વિપ્રઃ, ક્ષત્રિયો વિજયેન વૈ ।
અર્થઃ પાત્રે પ્રદાનેન, લજ્જયા ચ કુલાંગના ૭૩

કવયઃ કિં ન પશ્યન્તિ, કિં ન ખાદન્તિ વાયસાઃ ।
મદ્યપાઃ કિં ન જલ્પન્તિ, કિં ન કુર્વન્તિ દુર્જનાઃ ૭૪

પાદપાનાં ભયં વાતાત્, પદ્માનાં શિશિરાદ્ ભયમ્ ।
પર્વતાનાં ભયં વજ્રાત્, સાધૂનાં દૂર્જનાદ્ ભયમ્ ૭૫

સત્યેન ધાર્યસે પૃથ્વી, સત્યેન તપતે રવિઃ ।
સત્યેન વાયવો વાન્તિ, સર્વં સત્યે પ્રતિષ્ઠિતમ્ ૭૬

આત્મનો મુખદોષેણ, બધ્યન્તે શુકસારિકાઃ ।
બકાસ્તુ નૈવ બધ્યન્તે, મૌનં સર્વાર્થસાધનમ્ ૭૭

અહો દુર્જનસંસર્ગાન્માનહાનિઃ પદે પદે ।
પાવકો લોહસંગેન, મુદ્ગરૈરભિહન્યતે ૭૮

અન્નદાનં મહાદાનં, વિદ્યાદાનં મહત્તરમ્ ।
અન્નેન ક્ષણિકા તૃપ્તિ-ર્યાવજ્જીવં તુ વિદ્યયા ૭૯

ઉદ્યમેન હિ સિધ્યન્તિ, કાર્યાણિ ન મનોરથૈઃ ।
નહિ સુપ્તસ્ય, સિંહસ્ય પ્રવિશન્તિ મુખે મૃગાઃ ૮૦

સર્પદુર્જનયોર્મધ્યે, વરં સર્પો ન દુર્જનઃ ।
સર્પો દશતિ કાલેન, દુર્જનસ્તુ પદે પદે ૮૧

સાધૂનાં દર્શનં પુણ્યં, તીર્થભૂતા હિ સાધવઃ ।
તીર્થં ફલતિ કાલેન, સદ્યઃ સાધુસમાગમઃ ૮૨

ગીતશાસ્ત્રવિનોદેન, કાલો ગચ્છતિ ધીમતામ્ ।
વ્યસનેન તુ મૂર્ખાણાં, નિદ્રયા કલહેન વા ૮૩

ગુણાઃ સર્વત્ર પૂજ્યન્તે, પિતૃવંશો નિરર્થકઃ ।
વાસુદેવં નમસ્યન્તિ, વસુદેવં ન માનવાઃ ૮૪

કાચઃ કાઞ્ચનસંસર્ગાદ્, ધત્તે મારકતીં દ્યુતિમ્
તથા સંગેન વિદુષાં મૂર્ખો યાતિ પ્રવીણતામ્ ૮૫

આત્માર્થં જીવલોકેઽસ્મિન્, કો ન જીવતિ માનવઃ ।
પરં પરોપકારાર્થં, યો જીવતિ સ જીવતિ ૮૫

પરોપકારશૂન્યસ્ય, ધિક્ મનુષ્યસ્ય જીવિતમ્ ।
જીવન્તુ પશવો યેષાં, ચર્માઽપ્યુપકરિષ્યતિ ૮૬

યથા પરોપકારેષુ, નિત્યં જાગર્તિ સજ્જનઃ ।
તથા પરાઽપકારેષુ, નિત્યં જાગર્તિ દુર્જનઃ ૮૭

સંધયેત સરલા સૂચી, વક્રતાછેદાય કર્તરી ।
અતો વિમુચ્ય વક્રત્વં, ગુણાનેવ સમાશ્રય ૮૮

દિવા પશ્યતિ નો ઘૂકઃ; કાકો નક્તં ન પશ્યતિ ।
અપૂર્વઃ કોઽપિ કામાન્ધો, દિવા નક્તં ન પશ્યતિ ૮૯

મૂર્ખા મૂર્ખૈઃ સમં સંગં, ગાવો ગોભિર્મૃગા મૃગૈઃ ।
સુધીભિઃ સુધિયો યાંતિ, સમશીલે હિ મિત્રતા ૯૦

શતેષુ જાયતે શૂરઃ, સહસ્રેષુ ચ પણ્ડિતઃ ।
વક્તા શતસહસ્રેષુ, દાતા ભવતિ વા ન વા ૯૧

રે રે! મણ્ડક! મારોદીર્યદહ ખણ્ડિતોઽનયા ।
રામ-રાવણ-મુગ્-જાદ્યાઃ, સ્ત્રીભિઃ કે કે ન ખણ્ડિતાઃ? ૯૨

રે રે! યન્ત્રક! મા રોદીઃ, કં કં ન ભ્રમયન્ત્યમૂઃ ।
કટાક્ષાક્ષેપમાત્રેણ, કરાકૃષ્ટસ્ય કા કથા? ૯૩

વૈરિણોઽપિ હિ મુચ્યન્તે, પ્રાણાન્તે તૃણભક્ષણાત્ ।
તૃણાહારાઃસદૈવૈતે, હન્યન્તે પશવઃ કથમ્ ૯૪
મહાવ્રતિસહસ્રેષુ, વરમેકો હિ તાત્ત્વિકઃ ।
તાત્ત્વિકેન સમં પાત્રં, ન ભૂતં ન ભવિષ્યતિ ૯૫
બાલઃ પશ્યતિ લિંગં, મધ્યમબુદ્ધિર્વિચારયતિ વૃત્તમ્ ।
આગમતત્ત્વં તુ બુધઃ, પરીક્ષતે સર્વયત્નેન ૯૬
ઉત્તમૈઃ સહ સાંગત્યં, પંડિતૈઃ સહ સંકથામ્ ।
અલુબ્ધૈઃ સહ મિત્રત્વં, કુર્વાણો નૈવ સીદતિ ૯૭
અસ્થનિ વસતિ રુદ્રશ્ચ, માંસે ચાસ્તિ જનાર્દનઃ ।
શુક્રે વસતિ બ્રહ્મા ચ, તસ્માન્માંસં ન ભક્ષયેત્ ૯૮
પ્રમાણં યો ન જાનાતિ, ભોજને વચનેષુ ચ ।
અતિભોક્તા ચાતિવક્તા, પ્રાણી સ પ્રાણઘાતકઃ ૯૯
નિદ્રા મૂલમનર્થાનાં, નિદ્રા-શ્રેયો વિઘાતિની ।
નિદ્રા પ્રમાદજનની, નિદ્રા સંસારવર્દ્ધિની ૧૦૦
સંપદિ યસ્ય ન હર્ષો, વિપદિ વિષાદો રણે ચ ધીરત્વમ્ ।
તં ભુવનત્રયતિલકં, જનયતિ જનની સુતં વિરલમ્ ૧૦૧

# શ્રી સંબોધસત્તરિ પ્રકરણ અર્થસહિત

નમિઊણ તિલોઅગુરું
લોઆલોઅપ્પયાસયં વીરં ।
સંબોહસત્તરિમહં,
રએમિ ઉદ્ધારગાહાહિં ॥૧॥

સ્વર્ગ, મૃત્યુ અને પાતાલ રુપ ત્રણ લોકના ગુરુ અને લોકાલોકના પ્રકાશક એવા શ્રી વીરસ્વામીને નમસ્કાર કરીને સૂત્રોમાંથી ગાથાઓ ઉદ્ધરીને હું સંબોધસત્તરિ નામે ગ્રંથ રચું છું. ॥ ૧ ॥

સેયંબરો ય આસંબરો ય
બુદ્ધો અ અહવ અન્નો વા ।
સમભાવભાવિઅપ્પા
લહેઈ મોક્ખં ન સંદેહો ॥૨॥

ચહાય શ્વેતાંબર હોય, દિગંબર હોય, બૌદ્ધ હોય અથવા અન્ય હોય, પરંતુ જેનો આત્મા સમભાવે ભાવિત હોય, તે મોક્ષ પામે; તેમાં સંદેહ નથી. ॥ ૨ ॥

અટ્ઠદસદોસરહિઓ,
દેવો ધમ્મો વિ નિઉણદયસહિઓ ।
સુગુરૂ વિ બંભયારી
આરંભ-પરિગ્ગહા વિરઓ ॥૩॥

દેવ, ધર્મ અને ગુરુનું સ્વરૂપ.

અઢાર દૂષણે રહિત દેવ, નિપુણ દયાથી યુક્ત ધર્મ, તેમ જ બ્રહ્મચારી અને આરંભ–પરિગ્રહથી વિરક્ત હોય; તે સુગુરુ જાણવા. ।। ૩ ।।

અન્નાણ-કોહ-મય-માણ-
લોહ-માયા-રઈ ય અરઈ ય ।
નિદ્દા-સોઅ-અલિયવયણ-
ચોરિઆ-મચ્છર-ભયા ય ।। ૪।।

પાણિવહ-પેમ-કીલા-
પસંગ–હાસા ય જસ્સ એ દોસા ।
અટ્ઠારસવિ પણટ્ઠા,
નમામિ દેવાહિદેવં તં ।।૫।।

હવે પ્રથમ દેવનાં અઢાર દૂષણો બતાવે છે. જે નાશ પામવાથી જ દેવપણું પ્રાપ્ત થાય છે.

અજ્ઞાન, ક્રોધ, મદ, માન, લોભ, માયા, રતિ, અરતિ, નિદ્રા, શોક, અસત્ય વચન, ચોરી, મચ્છર, ભય, પ્રાણિવધ (જીવહિંસા), પ્રેમ, ક્રીડાપ્રસંગ અને હાસ્ય; એ અઢાર દૂષણો જેનામાંથી નાશ પામ્યાં છે; તે દેવાધિદેવને નમસ્કાર કરું છું. ।। ૪ ।। ૫ ।।

## ધર્મનું સ્વરૂપ.

સવ્વાઓ વિ નઇઓ,
કમેણ જહ સાયરંમિ નિવડંતિ ।
તહ ભગવઇ અહિંસિં
સવ્વે ધમ્મા સમિલ્લંતિ ॥૬॥

જેમ સર્વ નદીઓ અનુક્રમે સમુદ્રમાં આવીને મલે છે, તેમ ભગવતી અહિંસા(દયા)માં પણ સર્વ ધર્મ આવીને મલે છે. ॥ ૬ ॥

## ગુરુનું સ્વરૂપ.

સસરીરેવિ નિરીહા,
બજ્ઝબ્ભિંતરપરિગ્ગહવિમુક્કા,
ધમ્મોવગરણનિમિત્તં
ધરંતિ ચારિત્તરક્ખટ્ઠા ॥૭॥
પંચિંદિયદમણપરા,
જિણુત્તસિદ્ધંત ગહિયપરમત્થા ।
પંચસમિયા તિગુત્તા,
સરણં મહ એરિસા ગુરુણો ॥૮॥

પોતાના શરીરને વિષે પણ ઇચ્છા વિનાના, બાહ્ય અને અભ્યંતર પરિગ્રહથી વિમુક્ત થએલા, ચારિત્રની

રક્ષાને અર્થે જ માત્ર ધર્મોપકરણને ધારણ કરનારા, પાંચે ઇંદ્રિયોનું દમન કરવામાં તત્પર; જિનોક્ત સિદ્ધાંતથી ગ્રહણ કર્યો છે પરમાર્થ જેણે, પાંચ સમિતિએ સમિતા અને ત્રણ ગુપ્તિએ ગુપ્તા; એવા ગુરુ મહારાજ મને શરણ રૂપ હો. ॥ ૭ ॥ ૮ ॥

કુગુરુનું સ્વરૂપ.

પાસત્થો ઓસન્નો,
હોઈ કુસીલો તહેવ સંસત્તો ॥
અહછંદોવિ ય એએ,
અવંદણિજ્જા જિણમયંમિ ॥ ૯ ॥

પાર્શ્વસ્થ, અવસન્ન, કુશીલ તેમ જ સંસકત અને યથાચ્છંદ; એઓ જિનમતને વિષે અવંદનીય છે. ॥ ૯ ॥

કુગુરુને વંદન કરવાનું ફળ

પાસત્થાઇવંદમાણસ્સ
નેવ કિત્તી ન નિજ્જરા હોઈ ॥
જાયઇ કાયકિલેસો,
બંધો કમ્મસ્સ આણાઈ ॥ ૧૦ ॥

(પૂર્વે જેમનાં નામ બતાવ્યાં છે એવા) પાસત્થાદિકને વંદન કરનાર જનોની કીર્ત્તિ થતી નથી, નિર્જરા–કર્મ-ક્ષય પણ થતો નથી, પરંતુ કાયાને કલેશ થાય છે.

(વંદન કરવાના પ્રયાસથી–મહેનતથી આઠે પ્રકારના) કર્મોનો બંધ થાય છે અને જિનાજ્ઞાનો ભંગ થાય છે. ॥ ૧૦ ॥

હવે પાસત્થા વિગેરેમાં જેઓ બ્રહ્મચર્યથી રહિત, સ્ત્રી વિલાસને ઇચ્છનારા અને લંપટ હોય છે, તેમને નમસ્કાર કરનારને પૂર્વોક્ત ગેરલાભ થાય છે; પરંતુ નમસ્કાર કરાવનારને શું ગેરલાભ થાય છે? તે કહે છે.

**જે બંભચેરભટ્ઠા, પાએ પાડંતિ બંભયારીણું ।**
**તે હુંતિ ટુંટમુંટા, બોહિવિ સુદુલ્લહા તેસિં ।૧૧।**

જે બ્રહ્મચર્ય ભ્રષ્ટ પુરુષ, બ્રહ્મચારી પુરુષને પોતાને પગે લગાડે છે, તે આવતા ભવમાં લૂલા–પાંગળા થાય છે અને સમ્યકત્વ પણ તેને અત્યંત દુર્લભ થઈ પડે છે. ॥ ૧૧ ॥

**દંસણભટ્ઠો ભટ્ઠો, દંસણભટ્ઠસ્સ નત્થિ નિવ્વાણું ।**
**સિજ્ઝંતિ ચરણરહિઆ,**
**દંસણરહિઆ ન સિજ્ઝંતિ ।૧૨।**

દર્શન જે સમ્યકત્વ, તેથી જે ભ્રષ્ટ–તે ભ્રષ્ટ કહેવાય છે. દર્શનભ્રષ્ટને નિર્વાણની પ્રાપ્તિ થતી નથી. (દ્રવ્ય) ચારિત્ર રાહેત સિદ્ધિપદને પામે છે પણ સમ્યકત્વ રહિત સિદ્ધિપદ પામતા નથી. ॥ ૧૨ ॥

હવે જિનાજ્ઞાનો અતિક્રમ ન કરવા સંબંધી કહે છે.

તિત્થયરસમો સૂરી,

સમ્મં જો જિણમયં પયાસેઈ।

આણાઇ અઇક્કંતો,

સો કાપુરિસો ન સપ્પુરિસો ।૧૩।

તીર્થંકરના જેવા આચાર્ય છે, જે સમ્યક્ પ્રકારે જિનમતને પ્રકાશે છે, પરંતુ જે આણા–જિનાજ્ઞાનો અતિક્રમ કરે છે, તેને કુત્સિત પુરુષ જાણવા, પણ સત્પુરુષ ન જાણવા. ।। ૧૩ ।।

જહ લોહસિલા અપ્પંપિ

બોલએ તહ વિલગ્ગપુરિસંપિ ।

ઇય સારંભો ય ગુરુ,

પરમપ્પાણં ચ બોલેઈ ।।૧૪।।

જેમ લોહમય શિલા પોતે બૂડે છે અને તેને વળગેલા–તેની ઉપર રહેલા મનુષ્યને પણ બૂડાડે છે, તેમ સારંભી–આરંભ સહિત ગુરુ, બીજા જેઓ તેના ઉપાસક હોય છે તેને અને પોતાને–પોતાના આત્માને બન્નેને બૂડાડે છે. ।। ૧૪ ।।

કિઇકમ્મં ચ પસંસા, સુહસીલજણંમિ કમ્મબંધાય ।

જે જે પમાયઠાણા, તે તે ઉવવૂહિયા હુંતિ ।૧૫।

( અનુષ્ટુબ્‌વૃત્તમ્. )

એવં ણાણેણ સંસગ્ગિ, દંસણાલાવસંથવં ।
સંવાસં ચ હિયાકંખી, સવ્વોવાએહિં વજ્જએ ।૧૬।

કૃતિકર્મ–દ્વાદશાવર્ત્ત વંદન અને પ્રશંસા, સુખશીલિયા–ભ્રષ્ટાચારી ગુરુની કરે છતે કર્મબંધનને અર્થે થાય છે અને એ પ્રમાણે કરવાથી પ્રમાદનાં જે જે સ્થાનકો વધારે સેવન થાય છે, તેની વૃદ્ધિ કરનાર તે વંદના–પ્રશંસા કરવાવાલો થાય છે. એ પ્રમાણે જાણીને પાસત્થાદિક કુગુરુનો તથા સારંભી અને સુખશીલ ગુરુનો સંસર્ગ, તેમનું દર્શન, તેમની સાથે આલાપ–સંલાપ, તેમની સ્તુતિ અને તેમનો સહવાસ પોતાનું હિતવાંછક મનુષ્ય સર્વ ઉપાયે કરીને વર્જે છે.

હવે ચારિત્ર ગ્રહણ કર્યા પછી જેના ભગ્ન પરિણામ થયા હોય છે, તેને માટે કહે છે.

( આર્યાવૃત્તમ્. )

અહિગિલઇ ગલઇ ઉઅરં,
અહવા પચ્ચુગ્ગલંતિ નયણાઈં ।
હા વિસમા કજ્જગઈ,
અહિણા છચ્છુંદરિ ગહિજ્જા ।૧૭।

(ચારિત્ર ગ્રહણ કર્યા પછી જેના શિથિલ પરિણામ થયા હોય છે, તેને સર્પે છછુંદર ગ્રહણ કર્યા બરાબર ન્યાય થાય છે, તે દૃષ્ટાંત બતાવવા માટે કહે છે.)

સર્પ જો છછુંદરને મુખમાં ગ્રહણ કર્યા પછી ગળી જાય તો તેનું ઉદર ગલી જાય છે અને જો પાછું કાઢી નાંખે છે, તો નેત્ર નાશ પામે છે! હા ઇતિ ખેદે! કાર્યની ગતિ વિષમ થઈ છે કે, સર્પે છછુંદર ગ્રહણ કર્યું!

હવે એવા પરિણામવાલાને સ્થિર કરવાને ચારિત્ર ધર્મનું વિશેષ પ્રકારે સર્વોત્કૃષ્ટપણું બતાવવા કહે છે.

**કો ચક્કવટ્ટિરિદ્ધિં, ચઇઉં દાસત્તણં સમભિલસઈ।**
**કો વ રયણાઈ મુત્તું, પરિગિણ્હઇ ઉવલખંડાઇ ।૧૮।**

ચક્રવર્ત્તિપણાની ઋદ્ધિને ત્યજી દઈને દાસપણાનો અભિલાષ કોણ કરે? વળી રત્નોને મૂકી દઈને પત્થરના કકડા કોણ ગ્રહણ કરે? અર્થાત્ જે મૂર્ખ હોય અને લાભાલાભના વિચારથી અજાણ હોય-તે તેમ કરે. ॥ ૧૮ ॥

હવે પ્રાપ્ત થયેલું દુઃખ નાશ થશે એમ દૃષ્ટાંતવડે સિદ્ધ કરવા માટે કહે છે.

**નેરઇયાણવિ દુક્ખં,**
**જિજ્ઝઇ કાલેણ કિં પુણ નરાણં ।**
**તા ન ચિરં તુહ હોઈ,**
**દુક્ખમિણં મા સમુચ્ચિયસુ ।૧૯।**

નારકીનાં દુઃખ પણ કાળે કરીને નાશ પામે છે, તો મનુષ્યને માટે શું કહેવું? તે માટે તને આ દુઃખ ઘણા કાલ સુધી નહિ રહે, તેથી તું ખેદ ન કર. ॥ ૧૯ ॥

ચારિત્ર ગ્રહણ કરીને છોડી દેવું, તે બહુ જ અનિષ્ટ છે એમ બતાવવા માટે કહે છે.

વરં અગ્ગિમ્મિ પવેસો,
વરં વિસુદ્ધેણ કમ્મણા મરણં ।
મા ગહિયવ્વયભંગો,
મા જીવિઅં ખલિઅસીલસ્સ ૨૦।

અગ્નિમાં પ્રવેશ કરવો તે શ્રેષ્ઠ છે, વિશુદ્ધકર્મ–જે અણસણ કરીને મરણ પામવું તે પણ શ્રેષ્ઠ છે, પરંતુ ગ્રહણ કરેલા વ્રતનો ભંગ કરવો તે શ્રેષ્ઠ નથી. તેમ જ શીલમાં સ્ખલના પમાડનારે જીવવું પણ શ્રેષ્ઠ નથી.

પ્રસંગે શ્રદ્ધાની દઢતા કરવા માટે સમકિતનું સ્વરૂપ, સમકિતની દુર્લભતા અને સમકિતનું ફળ બતાવે છે.

અરિહં દેવો ગુરુણો,
સુસાહુણો જિણમયં મહ પમાણં ।
ઇચ્ચાઇ સુહો ભાવો,
સમ્મત્તં બિંતિ જગગુરુણો ।૨૧।

અરિહંત દેવ, સુસાધુ ગુરુ અને જૈનશાસન, તે મ્હારે પ્રમાણ છે–ઇત્યાદિ જ્યાં શુભ ભાવ હોય છે, ત્યાં જગત્ ગુરુ તીર્થંકર મહારાજ સમ્યક્ત્વ કહે છે. ૨૧

સમ્યક્ત્વની દુર્લભતા.

લબ્ભઇ સુરસામિત્તં,
લબ્ભઇ પહુઅત્તણં ન સંદેહો ।

એગં નવરિ ન લબ્ભઈ,

દુલ્લહરયણું ચ સમ્મત્તં ।૨૨।

દેવોનું સ્વામીપણું-ઇંદ્રપણું પામીએ અને પ્રભુતા-ઐશ્વર્યતા-ઠકુરાઈપણું પણ પામીએ. એમાં કંઈ સંદેહ જેવું નથી, પરંતુ વિશેષ પ્રકારે વિચારતાં એક દુર્લભરત્ન-ચિંતામણિરત્ન સદશ જે સમ્યક્ત્વ તે ન પામીએ. ૨૨

સમ્યક્ત્વનું ફલ.

સમ્મત્તંમિ ઉ લદ્ધે,

વિમાણવજ્જં ન બંધએ આઉં ।

જઈવિ ન સમ્મત્તજઢો,

અહવ ન બદ્ધાઉઓ પુવ્વિં ।૨૩।

સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યે છતે પ્રાણી વૈમાનિક દેવતાના આયુષ્ય સિવાય બીજું આયુષ્ય ન બાંધે; પણ જો તેણે સમ્યકત્વ પ્રાપ્ત કરીને પાછું વમી નાંખ્યું ન હોય તો, અથવા સમ્યકત્વ પ્રાપ્તિની પૂર્વે કોઈ અન્ય ગતિનું નિકાચિત આયુષ્ય ન બાંધ્યું હોય તો એ પ્રમાણે સમજવું, ॥ ૨૩ ॥

સામાયિકનું ફળ.

દિવસે દિવસે લક્ખં, દેઇ સુવન્નસ્સ ખંડિયં એગો ।

એગો પુણ સામાઇયં, કરેઇ ન પહુપ્પએ તસ્સ ।૨૪।

કોઈ પુરુષ દિન દિન પ્રત્યે લાખ ખાંડી સુવર્ણ આપે છે અને કોઈ પુરુષ સામાયિક કરે છે; તો તે સામાયિક કરનાર પુરુષની તુલ્યતા-બરોબરી કરવાને સુવર્ણની ખાંડી આપનાર પુરુષ થતો નથી. અર્થાત્ સામાયિકનું ફલ વિશેષ છે. ॥ ૨૪ ॥

સામાયિકમાં સ્થિત પુરુષ કેવો હોય?

નિંદપસંસાસુ સમો, સમો અ માણાવમાણકારીસુ ।
સમસયણપરિયણમણો, સામાઇયસંગઓ જીવો ।૨૫।

નિંદા અને પ્રશંસામાં, માન અને અપમાનમાં તથા સ્વજન અને પરજનમાં જેનું મન સમાન છે, તેને સામાયિકસંગત જીવ કહીએ, અર્થાત્ સામાયિકમાં સ્થિત પુરુષ એવો હોય. ॥ ૨૬ ॥

નિરર્થક સામાયિકનું લક્ષણ.

સામાઇયં તુ કાઉં,
ગિહિકજ્જં જોવિ ચિંતએ સડ્ઢો ।
અટ્ટવસટ્ટોવગઓ, નિરત્થયં તસ્સ સામાઇયં ।૨૬।

જો શ્રાવક પણ સામાયિક કરતો છતો ગૃહકાર્યને ચિંતવે અને આર્ત્ત-રૌદ્ર ધ્યાનને વશ થાય, તો તેનું સામાયિક નિરર્થક છે. ॥ ૨૬ ॥

આચાર્યના છત્રીશ ગુણ.

પડિરુવાઈ ચઉદ્દસ, ખંતીમાઈ ય દસવિહો ધમ્મો ।
બારસ ય ભાવણાઓ, સૂરિગુણા હુંતિ છત્તીસં ।૨૭।

(પ્રતિરૂપ ૧, તેજસ્વી ૨, યુગપ્રધાન–ઉત્કૃષ્ટ આગમના પારગામી અર્થાત્ સર્વ શાસ્ત્રના જાણ ૩, મધુર વચનવાળા ૪, ગંભીર ૫, ધૈર્યવાન્ ૬, ઉપદેશમાં તત્પર અને રૂડા આચારવાળા ૭, સાંભળેલું નહિ ભૂલી જનારા ૮, સૌમ્ય ૯, સંગ્રહશીલ ૧૦, અભિગ્રહ મતિવાળા ૧૧, વિકથા નહિ કરનાર ૧૨, અચપળ ૧૩ અને પ્રશાંત હૃદયવાળા ૧૪. એ) પ્રતિરૂપાદિક ચૌદ ગુણ; (ક્ષમા ૧, આર્જવ ૨, માર્દવ ૩, મુક્તિ ૪, તપ ૫, સંયમ ૬, સત્ય ૭, શૌચ ૮, અકિંચન ૯, બ્રહ્મચર્ય ૧૦ એ) ક્ષમાદિક દશ પ્રકારનો યતિધર્મ અને (અનિત્ય ૧, અશરણ ૨, સંસાર ૩, એકત્વ ૪, અન્યત્વ ૫, અશુચિ ૬, આશ્રવ ૭, સંવર ૮, નિર્જરા ૯, લોક સ્વરૂપ ૧૦, બોધિદુર્લભ ૧૧ અને ધર્મ ૧૨ એ) બાર ભાવના; એ પ્રમાંણે સૂરિ–આચાર્યના છત્રીશ ગુણ છે. ॥ ૨૭ ॥

સાધુ મુનિરાજના સત્તાવીશ ગુણ.

છવ્વય–છકાયરક્ખા, પંચિંદિયલોહનિગ્ગહો ખંતી ।
ભાવવિસુદ્ધિ–પડિલેહણા ય કરણે વિસુદ્ધી ય ।૨૮।
સંજમજોએ જુત્તો, અકુસલમણવયણકાયસંરોહો ।
સીયાઈપીડસહણં, મરણં ઉવસગ્ગસહણં ચ ।૨૯।

(પ્રાણાતિપાત ૧, મૃષાવાદ ૨, અદત્તાદાન ૩, મૈથુન ૪, પરિગ્રહ ૫ અને રાત્રિભોજન ૬, એ છને ત્યાગ કરવા રૂપ) છ વ્રત, (પૃથ્વી ૧, અપ્ ૨, તેઉ ૩, વાયુ

૪, વનસ્પતિ ૫ અને ત્રસકાય ૬ રૂપ જે) છકાયની રક્ષા, (સ્પર્શેંદ્રિય ૧, રસનેંદ્રિય ૨, ઘ્રાણેંદ્રિય ૩, ચક્ષુરિંદ્રિય ૪ અને શ્રોત્રેંદ્રિય ૫ એ) પાંચ ઇંદ્રિયો અને લોભનો નિગ્રહ ૧૮, ક્ષમા ૧૯, ભાવની વિશુદ્ધિ ૨૦, પડિલેહણ કરવામાં વિશુદ્ધિ ૨૧, સંયમ યોગે યુક્ત ૨૨, અકુશલ મન ૨૩, વચન ૨૪, કાયાનો સંરોધ ૨૫, શીતાદિ પીડાનું સહન ૨૬ અને મરણનો ઉપસર્ગ સહન કરવો તે ૨૭, આ પ્રમાણે સત્તાવીશ ગુણ સાધુના થાય છે.

સત્તાવીસગુણેહિં, એએહિં જો વિભૂસિઓ સાહૂ ।
તં પણમિજ્જઈ ભત્તિ—બ્ભરેણ હિયએણ રે જીવ ।૩૦।

પૂર્વોક્ત સત્તાવીશ ગુણે કરીને જે સાધુ વિભૂષિત હોય, તેને રે જીવ! તું બહુ ભક્તિવાળા હૃદયે કરીને નમસ્કાર કર. ॥ ૩૦ ॥

શ્રાવકના એકવીશ ગુણ.

ધમ્મરયણસ્સ જુગ્ગો, અક્ખુદ્દો રૂવવં પગઇસોમો ।
લોગપ્પિઓ અકૂરો, ભીરુ અસઢો સુદક્ખિન્નો ।૩૧।
લજ્જાલૂ અ દયાલૂ, મજ્ઝત્થો સોમદિટ્ઠિ ગુણરાગી ।
સક્કહ સુપક્ખજુત્તો, સુદીહદંસી વિસેસન્નૂ ।૩૨।
વુડ્ઢાણુગો વિણીઓ, કયન્નુઓ પરહિઅત્થકારી અ ।
તહ ચેવ લદ્ધલક્ખો, ઇગવીસગુણો હવઈ સડ્ઢો ।૩૩।

ધર્મરત્નને યોગ્ય એવા શ્રાવક એકવીશ ગુણે કરીને યુક્ત હોય. તે એકવીશ ગુણ આ પ્રમાણે–અક્ષુદ્ર ૧, રૂપવંત ૨, પ્રકૃતિએ સૌમ્ય ૩, લોકપ્રિય ૪, અક્રૂર ૫, ભીરુ ૬, અશઠ ૭, સુદાક્ષિણ્યવાન્ ૮, લજ્જાળુ ૯, દયાળુ ૧૦, મધ્યસ્થ સૌમ્યદૃષ્ટિ ૧૧, ગુણરાગી ૧૨, સત્કથ, ૧૩ સુપક્ષયુક્ત ૧૪, સુદીર્ઘદર્શી ૧૫, વિશેષજ્ઞ ૧૬, વૃદ્ધાનુગ ૧૭, વિનીત ૧૮, કૃતજ્ઞ ૧૯, પરહિતાર્થકારી ૨૦, તેમજ લબ્ધલક્ષ ૨૧. ॥ ૩૧ ॥ ૩૨ ॥ ૩૩ ॥

જિનાગમનું ઉત્કર્ષપણું.

કત્થ અમ્હારિસા પાણી, દૂસમા દોસદૂસિઆ ।
હા અણાહા કહં હુંતા,
ન હુંતો જઈ જિણાગમો ।૩૪।

દૂષમ કાળના દોષે કરીને દૂષિત એવા અમારા જેવા પ્રાણીઓ ક્યાં? અર્થાત્ શું ગણતરીમાં? હા! ખેદ થાય છે કે, જો જિનાગમ ન હોત તો અનાથ એવા જે અમે, તેનું શું થાત? અર્થાત્ સ્વામી રહિત જ અમે, તેને જિનાગમ હોવાથી જ આ પંચમકાળમાં આધાર છે. ।।૩૪।।

આગમનો આદર કરવામાં રહેલ તાત્પર્ય.

આગમં આયરંતેણં, અત્તણો હિયકંખિણો ।
તિત્થણાહો ગુરૂ ધમ્મો, સવ્વે તે બહુમન્નિયા ।૩૫।

આગમને અર્થાત્ આગમોક્ત રહસ્યને આચરતા છતા આત્માના હિતઇચ્છક પુરુષને તીર્થનાથ અરિહંત

ભગવંત, સદ્ગુરુ અને કેવળી પ્રરૂપિત ધર્મ એ સર્વ બહુ માનનીય-સત્યપણે અંગીકાર કરવા યોગ્ય થાય છે. ॥ ૩૬ ॥

કેવા સંઘને સંઘ ન કહેવો ?

સુહસીલાઓ સચ્છંદચારિણો વેરિણો સિવપહસ્સ ।
આણાભટ્ઠાઓ બહુ-જણાઓ
મા ભણહ સંઘુત્તિ ।૩૬।

(ગૌતમસ્વામી પ્રત્યે શ્રી વીર ભગવંત કહે છે.) સુખશીલિયા અર્થાત્ સુખને વિષે સ્થાપન કર્યો છે આત્મા જેણે એવા અને સ્વચ્છંદચારી અર્થાત્ સ્વેચ્છા મુજબ વર્તવાવાળા તથા શિવમાર્ગ જે મોક્ષમાર્ગ તેના વૈરી તેમ જ જિનાજ્ઞા થકી ભ્રષ્ટ એવા ઘણા લોકો હોય, તો પણ તેને સંઘ એમ ન કહીશ. ॥ ૩૬ ॥

કેવા સંઘને સંઘ કહેવો ?

એગો સાહૂ એગા ય,
સાહુણી સાવઓવિ સડ્ઢી વા ।
આણાજુત્તો સંઘો, સેસો પુણ અટ્ઠીસંઘાઓ ।૩૭।

એક સાધુ, એક સાધ્વી, એક શ્રાવક અને એક શ્રાવિકા (આ ચાર ભેદે કરીને સંઘ કહેવાય છે,) તેમાં જે જિનાજ્ઞાએ કરીને યુક્ત હોય, તેને સંઘ કહેવો. બાકીનાને હાડકાનો સંઘ-સમૂહ કહેવો. ॥ ૩૭ ॥

સંઘનું લક્ષણ.

નિમ્મલનાણપહાણો, દંસણજુત્તો ચરિત્તગુણવંતો ।
તિત્થયરાણ ય પુજ્જો, વુચ્ચઈ એયારિસો સંઘો ।૩૮।

નિર્મળ જ્ઞાનની છે પ્રધાનતા જેને વિષે અર્થાત્ નિર્મલ જ્ઞાનવાન્, દર્શન જે સમ્યકત્વ તેણે કરીને યુક્ત અને ચારિત્રના ગુણે કરીને અલંકૃત એવો જે સંઘ છે, તે તીર્થંકર ભગવંતને પણ પૂજ્ય છે; તેથી એવા ગુણવાનને સંઘ કહીએ. ।। ૩૮ ।।

જિનાજ્ઞાનું મુખ્યપણું.

જહ તુસખંડણ–મયમંડણાઈ રુણ્ણાઇ સુન્નરન્નંમિ ।
વિહલાઈ તહ જાણસુ, આણારહિયં અણુટ્ઠાણં ।૩૯।

જેમ ફોતરાનું ખાંડવું, મડદાને શણગારવું અને શૂન્ય અરણ્યમાં રોવું નિષ્ફળ છે, તેમ આજ્ઞા રહિત અનુષ્ઠાન પણ નિષ્ફળ જાણવું. ।। ૩૯ ।।

આણાઇ તવો આણાઇ–
સંજમો તહ ય દાણમાણાએ ।
આણારહિઓ ધમ્મો, પલાલપુલ્લુવ પડિહાઈ ।૪૦।

આજ્ઞાએ જ તપ, આજ્ઞાએ જ ચારિત્ર અને આજ્ઞાએ જ દાન કરવું; કેમકે, આજ્ઞા રહિત જે ધર્મ છે, તે તૃણ સમૂહની પેઠે શોભે છે. અર્થાત્ આજ્ઞા રહિત ધર્મ શોભતો નથી. ।। ૪૦ ।।

આજ્ઞા રહિતપણે કરેલી ધર્મક્રિયા નિરર્થક છે.

આણાખંડણકારી, જઇવિ તિકાલં મહાવિભૂઈએ ।
પૂએઈ વીયરાયં, સવ્વંપિ નિરત્થયં તસ્સ ।૪૧।

શ્રી વીતરાગની આજ્ઞાનું ખંડન કરવાવાલો પુરુષ જો કે, મ્હોટી સંપદાવડે કરીને ત્રણે કાળ વીતરાગ દેવની પૂજા કરે, તો પણ તે સર્વે ક્રિયા જેની પૂજા કરવી છે, તેની આજ્ઞાથી બહાર હોવાથી નિરર્થક છે.

રન્નો આણાભંગે, ઇક્કુચ્ચિય હોઈ નિગ્ગહો લોએ ।
સવ્વન્નુઆણભંગે, અણંતસો નિગ્ગહો હોઈ ।૪૨।

આ લોકને વિષે રાજાની આજ્ઞાનો ભંગ કરવાથી એક જ વાર નિગ્રહ-દંડ થાય છે, પરંતુ સર્વજ્ઞની આજ્ઞાનો ભંગ કર્યે છતે અનંતીવાર નિગ્રહ-બહુ જન્મોને વિષે છેદન, ભેદન, જન્મ, જરા, મરણ, શોક અને મોહાદિ રૂપ દંડને પામે છે. ॥ ૪૨ ॥

અવિધિએ અને વિધિએ કરેલા ધર્મમાં અંતરપણું.

જહ ભોયણમવિહિકયં,
વિણાસએ વિહિકયં જિયાવેઈ ।
તહ અવિહિકઓ ધમ્મો,
દેઇ ભવં વિહિકઓ મુક્ખં ।૪૩।

જેમ અવિધિએ કરેલું ભોજન શરીરનો વિનાશ કરે છે અને વિધિએ કરેલું ભોજન જીવાડે છે, તેમ અવિધિએ કરેલો ધર્મ સંસારને વધારે છે અને વિધિએ કરેલો ધર્મ મોક્ષને આપે છે. ॥ ૪૩ ॥

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું અંતરપણું.

મેરુસ્સ સરિસવસ્સ ય, જિત્તિયમિત્તં તુ અંતરં હોઈ।
દવ્વત્થયભાવત્થય–અંતરમિહ તિત્તિયં નેયં ।૪૪।

મેરુપર્વત અને સરસવમાં જેટલું અંતર છે, તેટલું અંતર અહિં દ્રવ્યસ્તવ અને ભાવસ્તવમાં જાણવું. ॥ ૪૪ ॥

દ્રવ્યસ્તવ અને ભાવસ્તવનું ઉત્કૃષ્ટ ફલ.

ઉક્કોસં દવ્વત્થયં, આરાહિય જાઈ અચ્ચુયં જાવ ।
ભાવત્થએણ પાવઈ, અંતમુહુત્તેણ નિવ્વાણં ।૪૫।

ઉત્કૃષ્ટ દ્રવ્યસ્તવનો આરાધક અચ્યુત નામે બારમા દેવલોક સુધી જાય અને ભાવસ્તવે કરીને અંતર્મુહૂર્ત્તમાં નિર્વાણ પદ પામે. ॥ ૪૬ ॥

કેવા ગચ્છનો ત્યાગ કરવો ?

જત્થ ય મુણિણો કય–વિ ક્કયાઇ
કુવ્વંતિ નિચ્ચપબ્ભટ્ઠા ।
તં ગચ્છં ગુણસાયર, વિસંવ દૂરં પરિહરિજ્જા ।૪૬।

જે ગચ્છમાં નિત્ય ભ્રષ્ટાચારી એવા મુનિયો ક્રય-વિક્રયાદિ કરે છે, તે ગચ્છને હે ગુણસાગર ! વિષની પેઠે દૂર ત્યજી દે. ॥ ૪૬ ॥

જત્થ ય અજ્જાલદ્ધં,
પડિગ્ગહમાઇય વિવિહમુવગરણં ।
પડિભુંજઈ સાહૂહિં, તં ગોયમ કેરિસં ગચ્છં ।૪૭।

જે ગચ્છમાં સાધ્વીએ લાવેલાં વસ્ત્ર-પાત્રાદિ ઉપકરણો સાધુઓ ભોગવે છે, હે ગૌતમ! તે કેવો ગચ્છ? અર્થાત્ કાંઈ નહી એવો જાણવો. ॥ ૪૭ ॥

જહિં નત્થિ સારણા વારણા ય-
પડિચોયણા ય ગચ્છંમિ ।
સો અ અગચ્છો ગચ્છો, સંજમકામીહિ મુત્તવ્વો

જે ગચ્છમાં સારણા, વારણા, ચ શબ્દથી ચોયણા અને પડિચોયણા થતી નથી, તે ગચ્છ, અગચ્છ તુલ્ય છે. તેથી સંયમના વાંછુક મુનિઓએ તે ગચ્છને તજી દેવો. ॥ ૪૮ ॥

ગચ્છની ઉપેક્ષા કરવાનું અને પાલવાનું ફલ.

ગચ્છં તુ ઉવેહંતો, કુવ્વઈ દીહંભવે વિહી એઓ ।
પાલંતો પુણ સિજ્ઝઈ, તઈઅ ભવે ભગવઈ સિદ્ધં

ગચ્છની ઉપેક્ષા કરે તો દીર્ઘ-લાંબા ભવ કરે અને વિધિપૂર્વક પાલન કરે તો ત્રીજે ભવે સિદ્ધિપદ પામે. એ પ્રમાણે શ્રી ભગવતીસૂત્રમાં સિદ્ધપણે કહ્યું છે. ॥૪૯॥

જત્થ હિરન્નસુવન્નં, હત્થેણ પરાણગંપિ નો છિપ્પે ।
કારણસમપ્પિયંપિ હુ, ગોયમ ગચ્છં તયં ભણિયં ।૫૦।

જે ગચ્છમાં મુનિઓ કારણથી આપે છતે પારકા એવાં હિરણ્ય અને સુવર્ણને હસ્ત સ્પર્શ પણ કરતા નથી, તેવા ગચ્છને ગચ્છ કહ્યો છે. ॥ ૫૦ ॥

પુઢવિદગઅગણિમારુઅ-

વણસ્સઇ તહ તસાણ વિવિહાણં ।

મરણંતેવિ ન પીડા, કીરઈ મણસા તયં ગચ્છં ।૫૧।

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ, વનસ્પતિ અને વિવિધ પ્રકારના ત્રસ જીવોને મરણાંતે પણ મનવડે કરીને પણ જ્યાં પીડા કરાતી નથી, એવા ગચ્છને ગચ્છ કહેવો. ૫૧

મૂલગુણેહિં વિમુક્કં, બહુગુણકલિયંપિ લદ્ધિસંપન્નં ।

ઉત્તમકુલેવિ જાયં, નિદ્ધાડિજ્જઈ તયં ગચ્છં ।૫૨।

કોઈ પણ મુનિ બીજા બહુગુણે અલંકૃત હોય, લબ્ધિસંપન્ન હોય અને ઉત્તમ કુળમાં ઉત્પન્ન થયેલા હોય, તો પણ મૂળ ગુણે કરીને વિમુક્ત હોય; તો તેને કાઢી મૂકે છે એવો ગચ્છ તે જ ગચ્છ છે. ।। ૫૨ ।।

જત્થ ય ઉસહાદીણં, તિત્થયરાણં સુરિંદમહિયાણં ।

કમ્મટ્ઠવિમુક્કાણં,

આણં ન ખલિજ્જઈ સ ગચ્છો ।૫૩।

જે ગચ્છમાં અષ્ટકર્મ વિમુક્ત અને સુરેંદ્ર પૂજિત ઋષભાદિક તીર્થંકરોની આણા સ્ખલના પામતી નથી, તે ગચ્છને ગચ્છ જાણવો. ।। ૫૩ ।।

જત્થ ય અજ્જાહિં સમં,

થેરાવિ ન ઉલ્લવંતિ ગયદસણા ।

ન ય ઝાયંતિત્થીણં, અંગોવંગાઈ તં ગચ્છં ।૫૪।

જે ગચ્છને વિષે જેના દાંત પણ ગએલા છે એવા સ્થવિર પણ, સાધ્વીની સાથે બોલતા નથી અને સ્ત્રીનાં અંગોપાંગને નિરખતા નથી, તેને ગચ્છ કહીએ.

વજ્જેઈ અપ્પમત્તા,
અજ્જાસંસગ્ગિ અગ્ગિવિસસરિસી ।
અજ્જાણુચરો સાહૂ,
લહઈ અકિત્તિં ખુ અચિરેણ ।૫૫।

અપ્રમત્ત મુનિ મહારાજાએ આર્યાનો, અગ્નિ અને વિષ સદૃશ જે સંસર્ગ છે, તે વર્જવો. આર્યાનો અનુચર સાધુ નિશ્ચે સ્વલ્પકાળમાં અપકીર્ત્તિ પામે છે. ૫૫

શીલની પુષ્ટિ.

જો દેઈ કણયકોડિં,
અહવા કારેઈ કણયજિણભવણં ।
તસ્સ ન તત્તિય પુન્નં, જત્તિય બંભવ્વએ ધરિએ ।૫૬।

જો કોઈ પ્રાણી સુવર્ણની કોટી અર્થાત્ કરોડો રૂપીયાની કિંમતનું સુવર્ણ યાચકોને આપે, અથવા કંચનનું જિનભવન કરાવે, તો પણ તેને તટલું પુણ્ય ન થાય કે, જેટલું બ્રહ્મવ્રત ધારણ કરનારને થાય છે.

સીલં કુલઆહરણં, સીલં રૂવં ચ ઉત્તમં હોઈ ।
સીલં ચિય પંડિત્તં, સીલં ચિય નિરુવમં ધમ્મં ।૫૭।

શીલ, કુળના આભરણ સમાન છે, શીલ, તે જ ઉત્તમ રૂપ છે, શીલ તે જ પાંડિત્ય છે અને શીલ તે જ નિરૂપમ ધર્મ છે. ॥ ૬૭ ॥

કુમિત્રનો સંગ વર્જવાનો ઉપદેશ.

વરં વાહી વરં મચ્ચૂ, વરં દારિદ્દસંગમો ।
વરં અરણ્ણવાસો અ, મા કુમિત્તાણ સંગમો ।૫૮।

વ્યાધિ, મૃત્યુ અને દારિદ્રનો સંગમ તેમ જ અરણ્યમાં વાસ એ સઘળું શ્રેષ્ઠ છે, પરંતુ કુમિત્રનો સંગમ શ્રેષ્ઠ નથી. ॥ ૫૮ ॥

અગીયત્થ-કુસીલેહિં, સંગં તિવિહેણ વોસિરે ।
મુક્ખમગ્ગંસિ મે વિગ્ઘં, પહંમિ તેણુગે જહા ૫૯।

અગીતાર્થ અને કુશીલિયાનો સંગ ત્રિવિધે કરીને તજી દેવો. કેમકે— પંથમાં ચોરની પેઠે તેઓ મોક્ષ માર્ગમાં વિઘ્ન કરનારા છે. ॥ ૫૯ ॥

અગીતાર્થ અને કુશીલિયાને નજરે પણ ન જોવા.

ઉમ્મગ્ગદેસણાએ, ચરણં નાસંતિ જિણવરિંદાણં ।
વાવન્નદંસણા ખલુ, ન હુ લબ્ભા તારિસં દટ્ઠું ।૬૦।

ઉન્માર્ગની દેશના દેવાથી શ્રી જિનેશ્વર ભગવંતનું કહેલું ચારિત્ર નાશ પામે છે. માટે નિશ્ચે નાશ પામ્યું છે સમકિત જેનું એવા તેઓનું દેખવું પણ ન થાઓ.

અવસન્નાની અનુવૃત્તિએ ન ચાલવાં માટે ઉપદેશ કહે છે.

પરિવારપૂઅહેઊ, ઉસન્નાણં ચ આણુવિત્તીએ ।
ચરણકરણનિગુહઈ, તં દુલહં બોહિઅં જાણ ।૬૧।

પરિવારની પૂજાના હેતુએ અવસન્નાની અનુવૃત્તિએ ચાલે અને ચરણસિત્તરી કરણસિત્તરીને ગોપવે તેને સમકિત દુર્લભ જાણવું. ॥ ૬૧ ॥

અવસન્નાની નિશ્રાએ ચાલવાથી સારા મુનિમાં પણ દોષ પ્રાપ્તિ થાય છે ત્યાં દૃષ્ટાંત કહે છે—

અંબસ્સ ય નિંબસ્સ ય, દુણ્હં પિ સમાગયાઇં મૂલાઈં ।
સંસગ્ગેણ વિણટ્ઠો, અંબો નિંબત્તણં પત્તો ।૬૨।

આંબાનાં અને લીંબડાનાં એ બન્નેનાં મૂલ એકઠાં થયાં, તેમાં લીંબડાના સંસર્ગથી આંબો વિનષ્ટ થયો અને લીંબડાપણાને પામ્યો. ॥ ૬૨ ॥

પક્કણકુલે વસંતો, સઉણીપારોવિ ગરહિઓ હોઈ ।
ઇય દંસણા સુવિહિઆ,
મજ્ઝિ વસંતા કુસીલાણં ।૬૩।

ચંડાલના કુલને વિષે વસતો એવો શકુનપારક (જ્યોતિષી) પણ નિંદનીય થાય છે. તેમ જ સુવિહિત એવા મુનિ પણ કુશીલીઆમાં વસતા થકા નિંદનીય થાય છે. ।૬૩।

ઉત્તમની સંગતથી થતો લાભ.

ઉત્તમજણસંસગ્ગી, સીલદરિદ્દં પિ કુણઇ સીલડ્ઢં ।
જહ મેરુગિરિવિલગ્ગં, તણં પિ કણગત્તણમુવેઈ ।૬૪।

ઉત્તમ જનની સંગતિ શીલ રહિત પુરુષને પણ શીલ-યુક્ત કરે છે. જેમ મેરુપર્વત સાથે લાગેલાં તૃણ પણ સુવર્ણપણાને પામે છે. ॥ ૬૪ ॥

મિથ્યાત્વ મહાદોષને ઉત્પન્ન કરનારૂં છે.

નવિ તં કરેસિ અગ્ગી,
નેવ વિસં નેવ કિન્હસપ્પો અ ।
જં કુણઈ મહાદોસં, તિવ્વં જીવસ્સ મિચ્છત્તં ।૬૫।

તીવ્ર મિથ્યાત્વ જીવને જેટલો મહાન્ દોષ કરે છે, તેટલો દોષ નથી કરતો અગ્નિ, નથી કરતું વિષ અને નથી કરતો કાલો સર્પ. ॥ ૬૫ ॥

મિથ્યાત્વ છતે બીજું સર્વ નિરર્થક છે.

કટ્ઠં કરેસિ અપ્પં, દમેસિ અત્થં ચયંસિ ધમ્મત્થં ।
ઇક્કં ન ચયંસિ મિચ્છત્ત-
વિસલવં જેણ વુડ્ઢિહસિ ।૬૬।

કષ્ટ કરે છે, આત્માને દમે છે અને ધર્મને અર્થે દ્રવ્યને તજે છે, પણ જો વિષલવ તુલ્ય મિથ્યાત્વને તજતો નથી, તો તે સર્વ નિરર્થક છે; કારણ કે, તે મિથ્યાત્વે કરીને સંસાર સમુદ્રને વિષે બૂડે છે. ॥ ૬૬ ॥

જયણાની પ્રાધાન્યતા.

જયણા ય ધમ્મજણણી,
જયણા ધમ્મસ્સ પાલણી ચેવ ।
તવવુડ્ઢિકરી જયણા, એગંતસુહાવહા જયણા ।૬૭।

જયણા ધર્મની માતા છે, જયણા ધર્મનું પાલન કરનારી છે, જયણા તપની વૃદ્ધિ કરનારી છે અને એકાંત સુખને આપનારી પણ જયણા છે. ॥ ૬૭ ॥

કષાયનું ફળ

જં અજ્જિઅ ચરિત્તં,
દેસૂણાએ અ પુવ્વકોડીએ ।
તં પુણ કસાયમિત્તો, હારેઇ નરો મુહુત્તેણં ।૬૮।

દેશે ઉણા પૂર્વક્રોડ વર્ષ સુધી ચારિત્ર પાળવાથી જે ચારિત્ર ગુણ ઉપાર્જન કર્યો હોય; તેને એક મુહૂર્ત માત્ર કષાય કરવાથી પ્રાણી હારી જાય છે. ॥ ૬૮ ॥

ચારે કષાયના દોષોનું જુદું જુદું વર્ણન કરે છે.

કોહો પીઈં પણાસેઈ, માણો વિણયનાસણો ।
માયા મિત્તાણિ નાસેઈ, લોહો સવ્વવિણાસણો ।૬૯।

ક્રોધ પ્રીતિનો નાશ કરે છે, માન વિનયનો નાશ કરે છે, માયા મિત્રાઈનો નાશ કરે છે અને લોભ સર્વનો વિનાશી છે. ॥ ૬૯ ॥

ક્ષમાના ગુણો.

ખંતી સુહાણ મૂલં, મૂલં ધમ્મસ્સ ઉત્તમા ખંતી ।
હરઇ મહાવિજ્જા ઇવ, ખંતી દુરિયાઇં સવ્વાઇં ।૭૦।

ક્ષમા સુખનું મૂલ છે, ધર્મનું મૂલ પણ ઉત્તમ ક્ષમા છે. મહાવિદ્યાની પેઠે ક્ષમા સર્વ દુરિતને હરે છે. ॥૭૦॥

પાપશ્રમણનું લક્ષણ.

સયં ગેહં પરિચ્ચજ્જ, પરગેહં ચ વાવડે ।
નિમિત્તેણ ય વવહરઈ, પાવસમણુત્તિ વુચ્ચઈ ।૭૧।

જે પોતાનું ઘર તજી દઈને પરઘરને જોયા કરે છે, (પરને વિષે મમત્વ ધારણ કરે છે) અને નિમિત્ત વડે વ્યાપાર કરે છે તેને પાપશ્રમણ કહીએ. ।।૭૧।।

દુદ્ધ દહી વિગઇઓ, આહારેઈ અભિક્ખણં ।
ન કરેઇ તવોકમ્મં, પાવસમણુત્તિ વુચ્ચઈ ।૭૨।

દૂધ, દહિં અને ઘૃતાદિક વિગઈ વારંવાર વાપરે અને તપકર્મ ન કરે, તે પાપશ્રમણ કહેવાય છે. ।।૭૨।।

પાંચ પ્રમાદ સેવવાનું ફલ.

મજ્જં વિસય કસાયા,
નિદ્દા વિકહા ય પંચમી ભણિયા ।
એએ પંચ પમાયા, જીવ પાડંતિ સંસારે ।૭૩।

મદ, વિષય, કષાય, નિદ્રા અને પાંચમી વિકથા એ પાંચ પ્રમાદો જીવને સંસારને વિષે પાડે છે.

નિદ્રાથી થતી હાનિ.

જઇ ચઉદ્દસપુવ્વધરો,
વસઇ નિગોએસુડણંતયં કાલં ।
નિદ્દાપમાયવસઓ, તા હોહિસિ કહ તુમં જીવ ।૭૪।

જ્યારે નિદ્રા રૂપ પ્રમાદના વશ થકી ચૌદ પૂર્વધર નિગોદને વિષે અનંતકાલ સુધી રહે છે, તો હે જીવ ! ત્હારૂં શું થશે ? અર્થાત્ તું જો નિદ્રા–પ્રમાદને વશ પડયો તો કદી પણ ઉંચો આવી શકીશ નહીં.

જ્ઞાન અને ક્રિયાની આવશ્યકતા.

**હયં નાણું ક્રિયાહીણું, હયા અન્નાણઓ ક્રિયા ।**
**પાસંતો પંગુલો દડ્ઢો, ધાવમાણો અ અંધઓ ।૭૫।**

ક્રિયા હીન જે જ્ઞાન તે હણાએલું છે અને અજ્ઞાન–પણાથી ક્રિયા હણાએલી છે. અર્થાત્ જ્ઞાન વડે શુભા-શુભ–ભાવકૃત્યાકૃત્ય જાણે છે, પરંતુ જો શુભ ક્રિયા કરતો નથી તો તેથી કાંઈ પણ સિદ્ધિ થતી નથી. અહિં દૃષ્ટાંત કહે છે–પાંગલો દેખતો થકો દાઝયો અને આંધલો દોડીને દાઝયો. ।।૭૫।।

**સંજોગસિદ્ધીઅ ફલં વયંતિ,**
**ન હુ એગચક્કેણ રહો પયાઈ ।**
**અંધો ય પંગૂય વણે સમિચ્ચા,**
**તે સંપણટ્ઠા નગરં પવિટ્ઠા ।૭૬।**

પંડિત પુરુષો જ્ઞાન અને ક્રિયાના સંયોગની સિદ્ધિ વડે જ મુક્તિ રૂપ ફલની પ્રાપ્તિ કહે છે. કારણ કે–એક પૈડા વડે રથ ચાલતો નથી, પણ બે પૈડાં વડે જ ચાલી શકે છે. ઈહાં દૃષ્ટાંત કહે છે–આંધલો અને પાંગળો વનને

વિષે એકઠા મલીને ત્યાંથી તે નાઠા અને નગરમાં પેસી ગયા. ॥૭૬॥

### ચારિત્રની પ્રાધાન્યતા.

સુબહુંપિ સુઅમહીઅં,
કિં કાહી ચરણવિપ્પહીણુસ્સ ।
અંધસ્સ જહ પલિત્તા, દીવસયસહસ્સકોડીઓ ।૭૭।

અત્યંત જ્ઞાનાભ્યાસ કર્યો હોય તો પણ ચારિત્ર રહિતને જ્ઞાન શું કરે? અર્થાત્ કાંઈ પણ અવબોધ કરી શકતું નથી. જેમ લાખો કરોડો પ્રજ્વલિત કરેલા દીપકો અંધને કાંઈ પણ બોધ કરી શકતા નથી.

અપ્પંપિ સુઅમહીઅં, પયાસગં હોઇ ચરણજુત્તસ્સ ।
ઇક્કોવિ જહ પઈવો, સચક્ખુઅસ્સ પયાસેઈ ।૭૮।

ચારિત્ર યુક્ત પુરુષનો અલ્પ પણ શ્રુતાભ્યાસ પ્રકાશને કરનાર થાય છે. જેમ ચક્ષુવાલાને એક દીપક પણ પ્રકાશને કરે છે તેમ. ॥૭૮॥

### શ્રાવકની અગિયાર પડિમા.

દંસણ વય સામાઇય,
પોસહપડિમા અબંભ સચ્ચિત્તે ।
આરંભ પેસ ઉદ્દિટ્ઠ—
વજ્જએ સમણભૂએ અ ।૭૯।

૧ સમકિત પ્રતિમા, ૨ વ્રત પ્રતિમા, ૩ સામાયિક પ્રતિમા, ૪ પૌષધ પ્રતિમા, ૫ કાયોત્સર્ગ પ્રતિમા, ૬ અબ્રહ્મવર્જક પ્રતિમા, ૭ સચિત્તવર્જક પ્રતિમા, ૮ આરંભ-વર્જક પ્રતિમા, ૯ પ્રેષ્યવર્જક પ્રતિમા, ૧૦ ઉદ્દિષ્ટવર્જક પ્રતિમા અને ૧૧ મી શ્રમણભૂત પ્રતિમા. ॥૭૯॥

શ્રાવક પ્રતિદિવસ શું સાંભળે ?

સંપત્તદંસણાઈ, પઇદિયહ જઇજણાઓ નિસુણેઇ ।
સામાયારિં પરમં, જો ખલુ તં સાવગં બિંતિ ।૮૦।

સંપ્રાપ્ત કર્યું છે સમકિત જેણે અર્થાત્ સંપૂર્ણ થઈ છે દર્શનાદિ પ્રતિમા જેમને એવો શ્રાવક પ્રતિદિવસ મુનિજનની પાસે પરમ–ઉત્કૃષ્ટ એવી સામાચારીને સાંભળે. નિશ્ચે તે પુરુષને તીર્થંકર ભગવંત શ્રાવક કહે છે.

જહા ખરો ચંદણભારવાહી,
ભારસ્સ ભાગી ન હુ ચંદણસ્સ ।
એવં ખુ નાણી ચરણેણ હીણો,
ભારસ્સ ભાગી ન હુ સુગ્ગઈએ ।૮૧।

ચંદનના કાષ્ઠ–સમૂહને ઉપાડનાર ગર્દભ જેમ ભાર માત્રને ઉપાડનાર છે, પણ તે ચંદનની સુગંધને ભોગવતો નથી; તેમ ચારિત્ર ધર્મે કરીને હીન–રહિત એવો જ્ઞાની

નિશ્ચે જ્ઞાન માત્રનો ભાગી છે, પરંતુ સદ્ગતિનું ભાજન થતો નથી. ॥૮૨॥

સ્ત્રીસંગમાં રહેલા દોષનું વર્ણન.

તહિં પંચિંદિઆ જીવા, ઇત્થીજોણીનિવાસિણો ।
મણુઆણં નવલક્ખા, સવ્વે પાસેઇ કેવલી ।૮૨।

તે સ્ત્રીની યોનિના નિવાસી એવા નવલાખ પંચેન્દ્રિય મનુષ્યો છે, તે સર્વે કેવલજ્ઞાની જોઈ શકે છે. ॥૮૨॥

ઇત્થીણં જોણીસુ, હવંતિ બેઇંદિયા ય જે જીવા ।
ઇક્કો ય દુન્નિ તિન્નિવિ,
લક્ખપુહુત્તં તુ ઉક્કોસં ।૮૩।

સ્ત્રીની યોનિને વિષે બેઇંદ્રિય જીવો જે છે, તેની સંખ્યા શાસ્ત્રકારે એક, બે, ત્રણ અથવા ઉત્કૃષ્ટ લાખ પૃથક્ત્વ કહેલી છે. ॥૮૩॥

પુરિસેણ સહગયાએ, તેસિં જીવાણ હોઇ ઉદ્દવણં ।
વેણુઅ દિટ્ઠંતેણં, તત્તાઇ સિલાગનાએણં ।૮૪।

તપાવેલી શલાકા દાખલ કરેલી ભૂંગળીના દૃષ્ટાંતે કરીને પુરુષની સંગાથે સ્ત્રીનો સંયોગ થવાથી તે પૂર્વોક્ત જીવોનો નાશ થાય છે. ॥૮૪॥

ઇત્થીણુ જોણિમજ્ઝે, ગબ્ભગયાય હવંતિ જે જીવા ।
ઉપ્પજ્જંતિ ચયંતિ ય,
સમુચ્છિમા અસંખયા ભણિયા ।૮૫।

સ્રીની યોનિને વિષે ગર્ભગત જે જીવો છે, તે ઉપજે છે અને ચ્યવે છે તથા સમૂચ્છિંમ જીવો પણ અસંખ્ય કહ્યા છે. ।।૮૫।।

મેહુણસન્નારુઢો, નવલક્ખ હણેઈ સુહુમ જીવાણં ।
તિત્થયરેણં ભણિયં, સદ્દહિયવ્વં પયત્તેણં ।૮૬।

મૈથુનસંજ્ઞાને વિષે આરુઢ થએલો મનુષ્ય નવલાખ સૂક્ષ્મ જીવોને હણે છે. એ પ્રમાણે તીર્થંકર દેવે કહ્યું છે. તેવી રીતે તે પ્રયત્ન કરીને સદ્દહવું. ।।૮૬।।

અસંખ ઇત્થી નર મેહુણાઓ,
પચ્છંતિ પંચિંદિય માણુસાઓ ।
નિસેસ અંગાણ વિભત્તિ અંએ,
ભણઇ જિણો પન્નવણા ઉવંગે ।૮૭।

સ્રી અને પુરુષના મૈથુનથી અસંખ્યાતા સમૂચ્છિંમ પંચેન્દ્રિય મનુષ્ય ઉત્પન્ન થાય છે. એ પ્રમાણે સર્વ અંગોને વિષે જીવાજીવાદિકના વિવરણ વડે મનોહર એવા પન્નવણા ઉપાંગને વિષે શ્રીજીનેશ્વર ભગવંતે કહ્યું છે. ।૮૭।

મજ્જે મહુંમિ મંસંમિ, નવણીયંમિ ચઉત્થએ ।
ઉપ્પજ્જંતિ અસંખા, તવ્વણ્ણા તત્થ જંતુણો ।૮૮।

મદિરામાં, મધમાં, માંસમાં અને ચોથા માખણમાં તે જ વર્ણ (રંગ)ના અસંખ્ય જંતુઓ ઉત્પન્ન થાય છે. ॥૮૮॥

આમાસુ અ પક્કાસુ અ,
વિપચ્ચમાણાસુ મંસપેસીસુ ।
સયયં ચિય ઉવવાઓ,
ભણિઓ અ નિગોઅજીવાણં ।૮૯।

કાચા માંસમાં, પાકા માંસમાં અને પકાવાતી એવી માંસની પેસીમાં સદા નિરંતર નિગોદ જીવોનો ઉપપાત કહેલો છે. ॥૮૯॥

વ્રત ભંગ કરવાનું ફલ.

આજમ્મં જં પાવં,
બંધઈ મિચ્છત્ત સંજુઓ કોઈ ।
વયભંગં કાઉમણો, બંધઇ તં ચેવ અટ્ઠગુણં ।૯૦।

મિથ્યાત્વ સંયુક્ત કોઈ પ્રાણી જન્મ પર્યંત જેટલું પાપ બાંધે, તે કરતાં વ્રત ભંગ કરવાનું મન કરનાર આઠગણું પાપ બાંધે. ॥૯૦॥

સયસહસ્સાણ નારીણં, પિટ્ટં ફાડેઈ નિગ્ઘિણો ।
સત્તટ્ઠમાસિએ ગબ્ભે, તપ્ફડંતે નિકત્તઈ ।૯૧।

તં તસ્સ જત્તિયં પાવં તં નવગુણિય મેલિયં હુજ્જા।
એગિત્થી અ જોગેણં,

સાહૂ બંધિજ્જ મેહુણઓ ।૯૨।

એક લાખ ગર્ભવંતી સ્ત્રીઓનાં નિર્દયપણે પેટ ચીરે અને તેમાંથી બહાર આવેલા સાત–આઠ માસના તરફડતા ગર્ભને મારી નાંખે, તે પ્રાણીને જેટલું પાપ લાગે, તેને નવગણું કરીએ તેટલું પાપ એક સ્ત્રીના યોગે કરીને મૈથુન સેવન કરવાથી સાધુ બાંધે.

કોની સમીપે સમકિત ગ્રહણાદિ કરવું?

અખંડિયચારિત્તો, વયધારી જો વ હોઇ ગીહત્થો ।
તસ્સ સગાસે દંસણ–વયગહણં સોહિકરણં ચ ।૯૩।

અખંડ ચારિત્રવંત મુનિ અથવા વ્રતધારી ગૃહસ્થ હોય, તેની સમીપે સમકિત તથા વ્રત ગ્રહણ કરવું અને આલોયણ કરવી. ।।૯૩।।

સ્થાવર જીવોમાં રહેલા જીવો.

અદ્દામલય પમાણે, પુઢવીકાએ હવંતિ જે જીવા ।
તે પારેવય મિત્તા, જંબૂદીવે ન માયંતિ ।૯૪।

લીલા આમલા પ્રમાણ પૃથ્વીકાયને વિષે જે જીવો રહેલા છે, તે દરેકનું શરીર પારેવા પ્રમાણ કરીએ તો જંબૂદ્વીપને વિષે સમાય નહીં. ।।૯૪।।

એગંમિ ઉદગબિંદુમિ,

જે જીવા જિણવરેહિં પન્નત્તા ।

તે જઈ સરિસવમિત્તા, જંબૂદીવે ન માયંતિ ।૯૫।

એક પાણીના બિંદુમાં જે જીવો જિનેશ્વરે કહ્યા છે, તેને સરશવ માત્ર શરીરવાલા કરીએ તો જંબૂદ્વીપમાં સમાય નહીં. ।।૯૫।।

બરંટતંદુલમિત્તા, તેઉકાએ હવંતિ જે જીવા ।

તે જઈ ખસખસમિત્તા, જંબૂદીવે ન માયંતિ ।૯૬।

બંટી, તંદૂલ માત્ર તેઉકાયને વિષે જેટલા જીવો છે, તે જો ખશખશ પ્રમાણ શરીરવાલા કરીએ તો જંબૂદ્વીપમાં સમાય નહીં. ।।૯૬।।

જે લિંબપત્તમિત્તા, વાઊકાએ હવંતિ જે જીવા ।।

તે મત્થયલિક્ખમિત્તા, જંબૂદીવે ન માયંતિ ।૯૭।

લીંબડાના પાંદડા જેટલી જગ્યા રોકનારા વાયુ-કાયમાં જે જીવો છે, તે દરેકને માથાની લીખ માત્ર શરીરવાલા કરીએ તો જંબૂદ્વીપમાં સમાય નહીં. ।૯૭।

પાસત્થાના સંગમાં રહેનારા મુનિ અવંદનીક છે.

અસુઇઠાણે પડિઆ, ચંપકમાલા ન કીરઇ સીસે ।

પાસત્થાઇ ઠાણે, સુવટ્ટમાણો તહ અપુજ્જે ।૯૮।

અશુચિ સ્થાનકને વિષે પડેલી ચંપાના પુષ્પની માલા જેમ મસ્તક ઉપર ધારણ કરાતી નથી, તેમ પાસ-ત્થાદિક સ્થાનકને વિષે વર્ત્તતા—રહેતા એવા મુનિ પણ અપૂજ્ય છે. પૂજવા યોગ્ય નથી. ॥૯૮॥

છટ્ટઠ્ઠમ દસમ દુવા–લસેહિં માસદ્ધમાસખમણેહિં ।
ઇત્તોઉ અણેગગુણા,
સોહા જિમિયસ્સ નાણિસ્સ ।૯૯।

છટ્ઠ, અટ્ઠમ, દશમ, દુવાલસ, અર્ધ માસખમણ અને માસખમણ કરવે કરીને જે શોભા છે, તે કરતાં અનેક ગુણી-શોભા (દરરોજ) જમતા એવા જ્ઞાનીની છે.

જં અન્નાણી કમ્મં,
ખવેઇ બહુઆઇં વાસકોડીહિં ।
તન્નાણી તિહિંગુત્તો, ખવેઇ ઉસ્સાસમિત્તેણં ।૧૦૦।

બહુ કરોડ વર્ષોએ કરીએ અજ્ઞાની જેટલાં કર્મને ખપાવે, તેટલાં કર્મને જ્ઞાની ત્રણ ગુપ્તિ યુક્ત વર્ત્તતા છતા એક શ્વાસોશ્વાસ માત્રે કરીને ખપાવે. ॥૧૦૦॥

દેવદ્રવ્યના રક્ષણનું ફલ.

જિણપવયણવુડ્ઢિકરં, પભાવગં નાણદંસણગુણાણં ।
રક્ખંતો જિણદવ્વં,
તિત્થયરત્તં લહઇ જીવો ।૧૦૧।

જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન–દર્શન ગુણુના પ્રભાવક જિનદ્રવ્યનું રક્ષણ કરનાર જીવ તીર્થંકરપણાને પ્રાપ્ત કરે. ॥૧૦૧॥

જિણપવયણવુડ્ઢિકરં, પભાવગં નાણદંસણગુણાણં ।
ભક્ખંતો જિણદવ્વં,
અણંતસંસારિઓ હોઇ ।૧૦૨।

જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન, દર્શન ગુણના પ્રભાવક પણ જિનદ્રવ્યનું ભક્ષણ કરતો જીવ અનંતસંસારી થાય. ॥૧૦૨॥

ભક્ખેઇ જો ઉવેક્ખેઇ, જિણદવ્વં તુ સાવઓ ।
પન્નાહીણો ભવે જીવો, લિપ્પઇ પાવકમ્મુણા ।૧૦૩।

જે શ્રાવક જિનદ્રવ્યનું ભક્ષણ કરે, અથવા ઉપેક્ષા કરે, તો તે જીવ પ્રજ્ઞા (બુદ્ધિ) હીન થાય અને પાપકર્મે લેપાય. ॥૧૦૩॥

ચાર મ્હોટાં અકાર્ય વર્જવાં.

ચેઇઅદવ્વવિણાસે, રિસિઘાએ પવયણસ્સ ઉડ્ડાહે ।
સંજઇચઉત્થભંગે, મૂલગ્ગી બોહિલાભસ્સ ।૧૦૪।

ચૈત્યદ્રવ્યનો વિનાશ કરનાર, મુનિનો ઘાત કરનાર પ્રવચનનો ઉડ્ડાહ કરનાર અને સાધ્વીના ચતુર્થ વ્રતનો ભંગ કરનાર, સમકિતના લાભ રૂપ વૃક્ષના-મૂલમાં અગ્નિ મૂકે છે. ॥૧૦૪।

પૂજા કરવાના ભાવ પણ મહા–ફલવાલા છે.

સુચ્ચઇ દુગ્ગયનારી, જગગુરુણો સિંદુવારકુસુમેહિં ।
પૂઆપણિહાણેહિં, ઉપ્પન્ના તિયસલોગંમિ ।૧૦૫।

સાંભલીએ છીએ કે, દરીદ્રિ એવી એક સ્ત્રી સિંદુવારના પુષ્પોએ કરીને પ્રભુની પૂજા કરવાના પ્રણિધાનથી. એકાગ્રતાથી ત્રિદશલોક જે દેવલોક, તેને વિષે ઉત્પન્ન થઈ. ।।૧૦૫।।

ગુરુવંદન કરવાનું ફલ.

તિત્થયરત્તં સમ્મત્ત–ખાઇયં સત્તમી તઇયાએ ।
વંદણએણં વિહિણા, બદ્ધં ચ દસારસીહેણં ।૧૦૬।

તીર્થંકરપણું, ક્ષાયિક સમકિત અને સાતમી નરકથી ત્રીજી નરકનો બંધ (એ ત્રણ વાનાં) વિધિપૂર્વક વંદન કરવાથી કૃષ્ણે ઉપાર્જન કર્યાં. ।।૧૦૬।।

દ્રવ્યસ્તવનું સ્થાપન.

અકસિણપવત્તગાણં,વિરયાવિરયાણ એસ ખલુ જુત્તો
સંસારપયણુકરણે, દવ્વત્થએ કૂવદિટ્ઠંતો ।૧૦૭।

સમસ્ત પ્રકારે ધર્મકાર્યમાં નહિ પ્રવર્ત્તેલા એવા વિરતાવિરત જે શ્રાવકો, તેને સંસાર પાતલો કરવાને અર્થે દ્રવ્યસ્તવ (આચરણીય છે.) તેને વિષે કૂવાનું દષ્ટાંત જાણવું. ।।૧૦૭।।

### ક્રોધનું ફલ.

અણથોવં વણથોવં, અગ્ગીથોવં ચ કસાય થોવં ચ।
ન હુ તે વિસસિઅવ્વં,
થોવંપિ હુ તં બહુ હોઇ ।૧૦૮।

રણ થોડું હોય, વ્રણ થોડું હોય, અગ્નિ થોડો હોય, અને કષાય થોડો હોય તો પણ તેનો વિશ્વાસ ન કરવો. કેમકે, થોડું હોય તો પણ તે ઘણું થઈ જાય છે. અર્થાત્ ઘણું થતાં વાર લાગતી નથી. ।।૧૦૮।।

### મિચ્છામિદુક્કડંનું પ્રવર્ત્તન.

જં દુક્કડંતિ મિચ્છા, તં ભુજ્જો કારણં અપૂરંતો।
તિવિહેણ પડિક્કંતો,
તસ્સ ખલુ દુક્કડં મિચ્છા ।૧૦૯।

જે દુષ્કૃતને મિથ્યા કરે, તે દુષ્કૃત સંબંધી કારણને ફરીને સેવે નહીં અને ત્રિવિધે કરીને પડિક્કમે તેનું ખરું મિથ્યાદુષ્કૃત જાણવું. ।।૧૦૯।।

જં દુક્કડંતિ મિચ્છા, તં ચેવ નિસેવઇ પુણો પાવં।
પચ્ચક્ખમુસાવાઇ, માયાનિયડિપ્પસંગો અ ।૧૧૦।

જે દુષ્કૃતને-પાપને મિથ્યા કરે, તે જ પાપના કારણને ફરીને સેવે, તે પ્રાણી પ્રત્યક્ષ મૃષાવાદી અને માયા-કપટના પ્રસંગવાલો જાણવો. ।।૧૧૦।।

મિચ્છા મિ દુક્કડં શબ્દનો અર્થ.

મિતિ મિઉ મદ્દવત્તે, ચ્છત્તીદોસાણ છાયણે હોઇ ।
મિત્તિઅ મેરાઇટ્ઠિઓ,
દુત્તિ દુગંછામિ અપ્પાણં ।૧૧૧।
કૂકઠત્તિ કડં મે પાવં, ડત્તિય દેવેમિ તં ઉવસમેણં ।
એસો મિચ્છાદુક્કડ, પયક્ખરત્થો સમાસેણં ।૧૧૨।

"મિ" મૃદુ માર્દવપણાને વિષે છે. "ચ્છા" દોષનું આચ્છાદન કરવાને અર્થે છે. "મિ" મર્યાદામાં રહ્યો છું એ જાણવા માટે છે. "દુ" આત્માની દુર્ગંછા કરૂં છું એમ જણાવવા માટે છે. "ક્ક" મ્હારાં કરેલાં પાપ એમ સૂચવે છે. અને "ડ" તે પાપને ઉપશમ વડે બાલી નાંખું છું એમ કહે છે. આ પ્રમાણે "મિચ્છામિદુક્કડ" શબ્દના દરેક અક્ષરનો અર્થ સંક્ષેપમાત્ર જાણવો. ।।૧૧૧।।૧૧૨।।

ચાર પ્રકારના તીર્થનું વર્ણન.

નામં ઠવણાતિત્થં, દવ્વંતિત્થ ચ ભાવતિત્થં ચ ।
ઇક્કિક્કંમિ ય ઇત્તો, ડણેગવિહં હોઇ નાયવ્વં ।૧૧૩।

નામ તીર્થ, સ્થાપના તીર્થ, દ્રવ્ય તીર્થ અને ભાવ તીર્થ. એ પ્રમાણે તીર્થના મુખ્ય ચાર ભેદ છે. તે એકેકના અનેક પ્રકાર છે તે જાણી લેવા. ।।૧૧૩।।

દાહોવસમં તન્હાઇ–છેયણં મલપિવાહણં ચેવ ।
તિહિં અત્થેહિં નિઉત્તં,

તમ્હા તં દવ્વઓ તિત્થં ।૧૧૪।

દાહનું ઉપશમાવવું, તૃષાનો છેદ કરવો અને મેલને દૂર કરવો, એ ત્રણ અર્થે કરીને યુક્ત હોય તે કારણથી તેને દ્રવ્યતીર્થ કહીએ. ।।૧૧૪।।

ભાવતીર્થનું સ્વરૂપ.

કોહમ્મિઉ નિગ્ગહિએ,

દાહસ્સ ઉવસમણં હવઇ તિત્થં ।
લોહંમિઉ નિગ્ગહિએ, તન્હાએ છેયણં હોઇ ।૧૧૫।
અટ્ઠવિહં કમ્મરયં,

બહુએહિં ભવેહિં સંચિયં જમ્હા ।
તવસંજમેણ ધોવઇ,

તમ્હા તં ભાવઓ તિત્થં ।૧૧૬।

ક્રોધનો નિગ્રહ થવાથી દાહના ઉપશમ રૂપ તીર્થ થાય અને લોભનો નિગ્રહ થવાથી તૃષા (તૃષ્ણા)ના છેદન રૂપ તીર્થ થાય. બહુ ભવે કરીને સંચય કરેલી આઠ પ્રકારની કર્મરૂપી રજ તે તપ અને સંયમે કરીને ધોવાઈ જાય—દૂર થાય. તેથી તેને ભાવતીર્થ કહીએ.

દંસણનાણચરિત્તે, સુનિઉત્તં જિણવરેહિં સવ્વેહિં ।
એએણ હોઇ તિત્થં,
એસો અન્નોવિ પજ્જાઓ ।૧૧૭।

જ્ઞાન, દર્શન અને ચારિત્ર વડે યુક્ત હોય તેને સર્વ જિનેશ્વરોએ તીર્થ રૂપ કહ્યા છે. તેથી એ રત્નત્રયીના સંયુક્તપણા વડે તીર્થ હોય છે—કહેવાય છે. એ પ્રમાણે અન્ય પર્યાય પણ જાણી લેવા. ।।૧૧૭।।

સવ્વો પુવ્વકયાણં, કમ્માણં પાવએ ફલવિવાયં ।
અવરાહેસુ ગુણેસુ અ,
નિમિત્તમિત્તં પરો હોઇ ।૧૧૮।

સર્વ જીવો પૂર્વ ભવે કરેલાં કર્મોનાં ફલ વિપાકને પામે છે. અપરાધને વિષે અને ગુણને વિષે બીજા તો નિમિત્ત માત્ર જ હોય છે. ।।૧૧૮।।

ધારિજ્જઇ ઇત્તો જલનિહીવિ કલ્લોલભિન્નકુલસેલો ।
ન હુ અન્નજમ્મનિમ્મિય-
સુહાસુહો કમ્મપરિણામો ।૧૧૯।

પોતાના કલ્લોલે કરીને મ્હોટા પર્વતોને જેણે ભેદી નાખ્યા છે એવા સમુદ્રને ધારણ કરી શકાય, પણ અન્ય જન્મ નિર્મિત શુભાશુભ કર્મના પરિણામને ધારણ કરી શકાય નહીં. અર્થાત્ રોકી શકાય નહીં.

અકયં કો પરિભુંજઇ,

સકયં નાસિજ્જ કસ્સ કિર કમ્મં ।

સકયમણુભુંજમાણો,

કીસ જણો દુમ્મણો હોઇ ।૧૨૦।

ન કરેલાં કર્મ કોણ ભોગવે છે? અને પોતાના કરેલાં કર્મ ભોગવ્યા વિના કોનાં નાશ પામે છે? (અર્થાત્ ન કરેલાં કોઈ ભોગવતું નથી અને કરેલાં કર્મ કોઈનાં નાશ પામતાં નથી.) ત્યારે પોતાનાં કરેલાં કર્મને ભોગવતો થકો શા માટે પ્રાણી દુર્મનવાલો થાય છે?

પૌષધનું ફલ.

પોસેઇ સુહભાવે, અસુહાઇ ખવેઇ નત્થિ સંદેહો ।

છિંદઇ નરયતિરિયગઈ,

પોસહવિહિ અપ્પમત્તો ય ।૧૨૧।

પૌષધની વિધિને વિષે અપ્રમત્ત—અપ્રમાદી એવા મનુષ્ય શુભ ભાવનું પોષણ કરે છે, અશુભ ભાવનો ક્ષય કરે છે અને નરક-તિર્યંચની ગતિનો છેદ કરે છે. એમાં સંદેહ નથી. ।।૧૨૧।।

જિનપૂજાના પ્રકાર.

વરગંધપુપ્ફઅક્ખય, પઈવફલધૂવનીરપત્તેહિં ।

નેવિજ્જવિહાણેણ ય,

જિણપૂઆ અટ્ઠહા ભણિયા ।૧૨૨।

શ્લો૦ ૧ ગંધ, ૨ પુષ્પ, ૩ અક્ષત (ચોખા), ૪ દીપક, ૫ ફલ, ૬ ધૂપ, ૭ જલપાત્ર અને ૮ નૈવેદ્યના વિધાને કરીને જિનપૂજા આઠ પ્રકારે કહી છે.

જિનેન્દ્રની પૂજાનું ફલ.

ઉવસમઇ દુરિયવગ્ગં,
હરઇ દુહં કુણિઇ સયલસુક્ખાઇ ।
ચિંતાઇયંપિ ફલં,
સાહઇ પૂજા જિણંદાણં ।૧૨૩।

જિનેન્દ્રની પૂજા દુરિત વર્ગને ઉપશમાવે છે, દુઃખને દૂર કરે છે, સમસ્ત સુખને ઉત્પન્ન કરે છે અને ચિંતાતીત—ચિંતવવાને પણ અશકય એવા ફલને—મોક્ષ ફલને સાધે છે. ।।૧૨૩।

ધર્મકાર્ય કરવામાં વિધિની પ્રબલતા.

ધન્નાણં વિહિજોગો, વિહિપક્ખારાહગા સયા ધન્ના
વિહિબહુમાણા ધન્ના,
વિહિપક્ખ—અદૂસગા ધન્ના ।૧૨૪।

વિધિનો યોગ ધન્ય પુરુષોને થાય છે, વિધિપક્ષના આરાધન કરનાર સદા ધન્ય છે, વિધિનું બહુમાન કરનાર ધન્ય છે અને વિધિપક્ષને દૂષણ આપે નહિ તે પણ ધન્ય છે. ।।૧૨૪।।

આ ગ્રંથ ભણવાથી થતું ફલ.

સંવેગમણો સંબો-હસત્તરિં જો પઢેઈ ભવ્વજીવો।
સિરિજયસેહરઠાણં, સો લહઇ નત્થિ સંદેહો ।।૧૨૫।

સંવેગ યુક્ત મનવાલા થયા છતા જે ભવ્ય જીવો આ સંબોધસત્તરિ પ્રકરણ ભણે, તે શ્રી જયશેખર સ્થાન =મોક્ષસ્થાન પામે એમાં સંદેહ નથી. ।।૧૨૫।।

(અનુષ્ટુબ્વૃત્તમ્.)

શ્રીમન્નાગપુરીયાહ્વય, તપોગણાકજારુણાઃ ।
જ્ઞાનપીયૂષપૂર્ણાંગાઃ, સૂરીન્દ્રા જયશેખરાઃ ।।૧।
તેષાં પત્કજમધુપાઃ, સૂરયો રત્નશેખરાઃ ।
સારસૂત્રાત્ સમુદ્ધૃત્ય, ચક્રુઃ સંબોધસપ્તતિં ।।૨।।

શ્રીમત્ નાગપુરીય નામના તપગચ્છ રૂપી કમલને સૂર્ય સમાન અને જ્ઞાનરૂપી અમૃત વડે પૂર્ણ શરીરવાલા શ્રી જયશેખર નામના સૂરીન્દ્રના ચરણકમલને વિષે ભ્રમર સમાન શ્રી રત્નશેખર નામે આચાર્યે, સૂત્રમાંથી સાર સાર ગાથાઓનો ઉદ્ધાર કરીને આ સંબોધસત્તરિ નામે પ્રકરણની રચના કરી. ।।૧।।૨।।

।। સમાપ્તમ્ ।।

શ્રી ધરણેંદ્ર પદ્માવતી સંપૂજિતાય
શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ
દાન-પ્રેમ-હીરસૂરિ ગુરુભ્યો નમઃ
શ્રી ચિરંતનાચાર્ય વિરચિત

# શ્રી પંચસૂત્ર

## (ગુજરાતી અનુવાદ સાથે)

## ૧. પાપ પ્રતિઘાત-ગુણબીજાધાન સૂત્ર

### ૧. મંગલસૂત્ર

**ણમો વીઅરાગાણં સવ્વણ્ણૂણં દેવિંદપૂઇઆણં જહટ્ઠિઅવત્થુવાઇણં તેલુક્કગુરૂણં અરુહંતાણં ભગવંતાણં ।**

રાગ દ્વેષથી રહિત, સર્વજ્ઞ, જગતના સઘળા પદાર્થોને જાણનારા, દેવેંદ્રોથી પૂજાયેલા, સત્યવસ્તુના પ્રરૂપક અને ત્રણલોકના ગુરુ અરિહંત ભગવંતોને નમસ્કાર હો!

### ૨. અરિહંતનો ઉપદેશ

**જે એવમાઇક્ખંતિ-ઇહ ખલુ ૧ અણાઇજીવે, ૨ અણાઇજીવસ્સ ભવે ૩ અણાઇકમ્મ સંજોગણિવ્વત્તિએ, ૪ દુક્ખરૂવે, ૫ દુક્ખફલે ૬ દુક્ખાણુબંધે ।**

તે અરિહંત ભગવંતો કહે છે : આ લોકમાં જીવ અનાદિ છે, જીવનો સંસાર અનાદિ છે, જીવનો સંસાર

અનાદિ કર્મસંયોગથી થયેલો છે. સંસાર દુઃખરૂપ, દુઃખ-ફલક, અને દુઃખાનુબંધી છે.

### ૩. સંસારનાશનો ઉપાય

એઅસ્સ ણં વુચ્છિત્તી સુદ્ધધમ્માઓ,
સુદ્ધધમ્મસંપત્તી પાવકમ્મવિગમાઓ,
પાવકમ્મવિગમો તહાભવ્વત્તાઇભાવઓ

એ સંસારનો નાશ શુદ્ધ ધર્મથી થાય છે. શુદ્ધધર્મની પ્રાપ્તિ પાપકર્મના નાશથી થાય છે. પાપકર્મનો નાશ તથા-ભવ્યત્વના પરિપાક વગેરે ભાવોથી થાય છે.

### ૪. તથાભવ્યત્વના પરિપાકનાં સાધનો

તસ્સ પુણ વિવાગસાહણાણિ–૧ ચઉસરણગમણં,
૨ દુક્કડગરિહા, ૩ સુકડાણ સેવણં,
અઓ કાયવ્વમિણં હોઉકામેણ સયા સુપ્પણિહાણં,
ભુજ્જો ભુજ્જો સંકિલેસે, તિકાલમસંકિલેસે

(૧) ચાર શરણ સ્વીકાર, (૨) દુષ્કૃત ગર્હા, (૩) સુકૃત અનુમોદના એ ત્રણ તથાભવ્યત્વના પરિપાકનાં સાધનો છે. આથી મોક્ષના અર્થી ભવ્યજીવે સદા મન–વચન–કાયાની એકાગ્રતાથી ચાર શરણ સ્વીકાર આદિ ત્રણ કરવા લાયક છે. ચિત્તમાં સંક્લેશ ન હોય ત્યારે સવાર–બપોર–સાંજ એમ ત્રિકાલ અને ચિત્તમાં સંક્લેશ હોય ત્યારે વારંવાર ચાર શરણ સ્વીકાર આદિ ત્રણ કરવાં જોઈએ.

### ૫. અરિહંતોના શરણનો સ્વીકાર

જાવજ્જીવં મે ભગવંતો પરમતિલોગણાહા, અણુત્તર-
પુન્નસંભારા, ખીણરાગદોસમોહા, અચિંતચિંતામણી,
ભવજલહિપોઆ એગંતસરણા, અરહંતા–સરણં ।

પરમ ત્રિલોકનાથ, સર્વોત્તમપુણ્યના સમૂહવાળા, રાગ–દ્વેષ અને મોહથી રહિત, અચિંત્ય ચિંતામણિ સમાન, સંસાર-રૂપ સમુદ્રને પાર પામવા વહાણ સમાન, એકાંતે શરણ કરવા લાયક અરિહંત ભગવંતોનું જીવનપર્યંત મારે શરણ છે.

### ૬. સિદ્ધોના શરણનો સ્વીકાર

તહા પહીણજરામરણા, અવેઅકમ્મકલંકા, પણટ્ઠ-
વાબાહા, કેવલનાણદંસણા, સિદ્ધિપુરનિવાસી,
નિરુવમસુહસંગયા, સવ્વહા કયકિચ્ચા સિદ્ધા સરણં ।

તથા જરા–મરણથી રહિત, કર્મરૂપ કલંકથી રહિત, સર્વ પીડાઓથી રહિત, સર્વજ્ઞ, સર્વદર્શી, મુક્તિ–નગરમાં રહેલા, અનુપમ સુખવાળા, સર્વથા કૃતકૃત્ય બનેલા સિદ્ધ ભગવંતોનું મારે શરણ છે.

### ૭. સાધુઓના શરણનો સ્વીકાર

તહા પસંતગંભીરાસયા, સાવજ્જજોગવિરયા, પંચ-
વિહાયારજાણગા, પરોવયારનિરયા, પઉમાઇનિદંસણા
ઝાણજ્ઝયણસંગયા, વિસુજ્ઝમાણભાવા સાહૂ સરણં ।

તથા પ્રશાંત, ગંભીર ચિત્તવાળા, પાપવ્યાપારોથી વિરામ પામેલા, પાંચ આચારોના જાણકાર, પરોપકાર કરવામાં તત્પર, પદ્મ વગેરેની ઉપમાવાળા, ધ્યાન અને સ્વાધ્યાયથી યુક્ત, ઉત્તરોત્તર, વિશુદ્ધ થતા ભાવવાળા સાધુ ભગવંતોનું મારે શરણ છે.

### ૮. ધર્મના શરણનો સ્વીકાર

**તહા સુરાસુરમણુઅપૂઇઓ, મોહતિમિરંસુમાલી, રાગદ્દોસવિસપરમમંતો, હેઊ સયલકલ્લાણાણં, કમ્મવણવિહાવસૂ, સાહગો સિદ્ધભાવસ્સ, કેવલિપણ્ણત્તો ધમ્મો જાવજ્જીવં મે ભગવં સરણં ।**

તથા સુર–અસુર અને મનુષ્યોથી પૂજાયેલ, મોહરૂપ અંધકારનો નાશ કરવામાં સૂર્યસમાન, રાગ–દ્વેષ રૂપ વિષનો નાશ કરવામાં ઉત્કૃષ્ટ મંત્ર સમાન, સઘળા કલ્યાણોનું કારણ, કર્મરૂપ વનને બાળવામાં અગ્નિ સમાન, સિદ્ધપણાની પ્રાપ્તિ કરાવનાર, કેવલી ભગવંતે કહેલા, ઐશ્વર્ય આદિ સઘળા ગુણોથી યુક્ત ધર્મનું મારે શરણ છે.

### ૯. દુષ્કૃત ગર્હા

**સરણમુવગઓ અ એએસિં, ગરિહામિ દુક્કડં । જણ્ણં અરહંતેસુ વા, સિદ્ધેસુ વા, આયરિએસુ વા, ઉવજ્ઝાએસુ વા, સાહૂસુ વા, સાહૂણીસું વા, અન્નેસુ વા ધમ્મટ્ઠાણેસુ માણણિજ્જેસુ પૂઅણિજ્જેસુ, તહા**

માઈસુ વા, પિઈસુ વા, બંધુસુ વા, મિત્તોસુ વા, ઉવયારીસુ વા ઓહેણ વા જીવેસુ મગ્ગટ્ઠિએસુ અમગ્ગટ્ઠિએસુ, મગ્ગસાહણેસુ અમગ્ગસાહણેસુ, જં કિંચિ વિતહમાયરિયં અણાયરિઅવ્વં અણિચ્છિઅવ્વં પાવં પાવાણુબંધિ, સુહુમં વા બાયરં વા, મણેણ વા વાયાએ વા, કાએણ વા, કયં વા કારાવિઅં વા અણુમોઇઅં વા, રાગેણ વા દોસેણ વા મોહેણ વા, ઇત્થ વા જમ્મે જમ્મંતરેસુ વા, ગરહિઅમેઅં, દુક્કડમેઅં, ઉજ્જિઝયવ્વમેઅં, વિઆણિઅં મએ કલ્લાણમિત્તગુરુભગવંતવયણાઓ એવમેઅંતિ રોઇઅં સદ્ધાએ, અરિહંતસિદ્ધસમક્ખં ગરિહામિ અહમિણં, દુક્કડમેઅં, ઉજ્જિઝયવ્વમેઅં, ઇત્થ મિચ્છા મિ દુક્કડં, મિચ્છા મિ દુક્કડં, મિચ્છા મિ દુક્કડં ।

અરિહંત આદિના શરણે ગયેલો હું દુષ્કૃતની ગર્હા કરું છું. અરિહંતોના વિષે, સિદ્ધોના વિષે, આચાર્યોના વિષે, ઉપાધ્યાયોના વિષે, સાધુઓના વિષે, સાધ્વીઓના વિષે, બીજા પણ માનનીય અને પૂજનીય ગુણાધિકોના વિષે, માતાઓના વિષે, પિતાઓના વિષે, બંધુઓના વિષે, મિત્રોના વિષે, ઉપકારીઓના વિષે, સામાન્યથી સમ્યક્ત્વ આદિ મોક્ષ-માર્ગમાં રહેલા અથવા કુમાર્ગમાં રહેલા જીવોના વિષે, મોક્ષમાર્ગના સાધનરૂપ પુસ્તકાદિના વિષે કે મોક્ષમાર્ગના

સાધન નહિ એવા તલવાર આદિ પદાર્થોના વિષે જે કંઈ વિપરીત આચરણ કર્યું હોય, આચરણ નહિ કરવા લાયક અને મનથી પણ નહિ ઈચ્છવા લાયક, સૂક્ષ્મ કે બાદર પાપાનુબંધી પાપ, આ જન્મમાં કે પર–જન્મમાં, રાગ, દ્વેષ અને મોહ વડે કરવા, કરાવવા અને અનુમોદવારૂપે કર્યું હોય તે નિંદનીય છે, તે દુષ્કૃત રૂપ છે અને ત્યાગ કરવા યોગ્ય છે એમ મેં કલ્યાણમિત્ર ગુરુએ કહેલા ભગવાનના વચનથી જાણ્યું છે, અને આ એ પ્રમાણે જ છે એમ શ્રદ્ધાથી મને ગમ્યું છે. આથી અરિહંત અને સિદ્ધ સમક્ષ હું એ સર્વ પાપોની ગર્હા કરું છું. એ પાપો દુષ્કૃત હોવાથી ત્યાગ કરવા યોગ્ય છે. અહીં (દુષ્કૃત ગર્હામાં) મારું પાપ મિથ્યા થાઓ, મારું પાપ મિથ્યા થાઓ, મારું પાપ મિથ્યા થાઓ.

## ૧૦. પ્રણિધાન શુદ્ધિ

હોઉ મે એસા સમ્મં ગરિહા । હોઉ મે અકરણ-નિયમો । બહુમયં મમેઅંતિ, ઈચ્છામો અણુસટ્ઠિં, ૧. અરહંતાણં ભગવંતાણં, ૨. ગુરુણં કલ્લાણ-મિત્તાણંતિ । હોઉ મે એએહિં સંજોગો । હોઉ મે એસા સુપત્થણા । હોઉ મે ઈત્થ બહુમાણો । હોઉ મે ઈઓ મુક્ખબીઅંતિ । પત્તેસુ એએસુ અહં સેવારિહે સિઆ, આણારિહે સિઆ, પડિવત્તિજુએ સિઆ, નિરઈઆરપારગે સિઆ ॥

આ મારી ગર્હા ભાવથી થાઓ. ફરી તેવું પાપ નહિ કરવાનો મારે નિયમ હો. આ બંને બાબત મને બહુ ઈષ્ટ છે. આથી હું અરિહંત ભગવંતોની તથા કલ્યાણ-મિત્ર ગુરુઓની હિતશિક્ષાને ઇચ્છું છું. મને અરિહંત આદિનો ઉચિત યોગ થાઓ. મારી આ પ્રાર્થના સફળ બનો. આ પ્રાર્થના વિષે મને બહુમાન થાઓ. આ પ્રાર્થનાથી મને મોક્ષના બીજ રૂપ પુણ્યાનુબંધી પુણ્યની પ્રાપ્તિ થાઓ. અરિહંત આદિનો ઉચિત યોગ થાય ત્યારે હું તેમની સેવા કરવાને યોગ્ય બનું, તેમની આજ્ઞા પાળવાને લાયક બનું, તેમની જ ભક્તિથી યુક્ત બનું, તેમની આજ્ઞાનો નિરતિચાર પાલન કરનારો બનું.

## ૧૧. સુકૃત અનુમોદના

સંવિગ્ગો જહાસત્તીએ સેવેમિ સુકડં । અણુમોએમિ સવ્વેસિં અરહંતાણં અણુટ્ઠાણં । સવ્વેસિં સિદ્ધાણં સિદ્ધભાવં । સવ્વેસિં આયરિઆણં આયારં । સવ્વેસિં ઉવજ્ઝાયાણં સુત્તપ્પયાણં । સવ્વેસિં સાહૂણં સાહુકિરિઅં । સવ્વેસિં સાવગાણં મુક્ખસાહણજોગે । સવ્વેસિં દેવાણં, સવ્વેસિં જીવાણં, હોઉકામાણં કલ્લાણાસયાણં મગ્ગસાહણ-જોગે ।

મોક્ષની ઈચ્છાવાળો હું યથાશક્તિ સુકૃત કરું છું.

સર્વ અરિહંતોના ધર્મોપદેશ આદિ અનુષ્ઠાનોને અનુમોદું છું. સર્વ સિદ્ધોના અવ્યાબાધ (=પીડાનો અભાવ) આદિ સિદ્ધપણાને અનુમોદું છું. સર્વ આચાર્યોના જ્ઞાનાચારાદિ આચારને અનુમોદું છું. સર્વ ઉપાધ્યાયોના સૂત્રદાનને અનુમોદું છું. સર્વ સાધુઓની સુંદર સ્વાધ્યાય આદિ ક્રિયાને અનુમોદું છું. સર્વ શ્રાવકોના મોક્ષના સાધનભૂત વૈયાવચ્ચ આદિ વ્યાપારોને અનુમોદું છું. નજીકમાં મોક્ષે જનારા અને શુદ્ધ આશયવાળા સર્વદેવોના અને સર્વજીવોના સામાન્યથી શુભ વ્યાપારોને અનુમોદું છું.

## ૧૨. પ્રણિધાન શુદ્ધિ

હોઉ મે એસા અણુમોઅણા । સમ્મં વિહિપુવ્વિઆ, સમ્મં સુદ્ધાસયા, સમ્મં પડિવત્તિરૂઆ, સમ્મં નિરઇઆરા । પરમગુણજુત્તઅરહંતાઇસામત્થઓ, અચિંતસત્તિજુત્તા હિ તે ભગવંતો, વીઅરાગા સવ્વણ્ણૂ પરમકલ્લાણા, પરમકલ્લાણહેઊ સત્તાણં, 'મૂઢે અમ્હિ પાવે,' અણાઇમોહવાસિએ, અણભિન્ને ભાવઓ હિઆહિઆણં, અભિન્ને સિઆ, અહિઅનિવિત્તે સિઆ, હિઅપવિત્તે સિઆ, આરાહગે સિઆ ઉચિઅપડિવત્તીએ સવ્વસત્તાણં સ–હિઅંતિ । ઇચ્છામિ સુકડં, ઇચ્છામિ સુકડં ઇચ્છામિ સુકડં ।

આ મારી અનુમોદના ઉત્તમગુણોથી યુક્ત અરિહંત આદિના પ્રભાવથી સૂત્રાનુસારે સમ્યગ્ વિધિપૂર્વક થાઓ, કર્મનો નાશ થવાથી સમ્યગ્ શુદ્ધ આશયવાળી બનો, ક્રિયાથી સમ્યક્ સ્વીકાર રૂપ બનો, સારી રીતે નિર્વાહ કરવાથી સમ્યગ્ નિરતિચાર બનો.

અચિન્ત્ય શકિતથી યુક્ત તે અરિહંત આદિ ભગવંતો વીતરાગ છે, સર્વજ્ઞ છે, પરનું કલ્યાણ કરનારા છે, ઉત્તમ કલ્યાણના હેતુ છે. પણ હું મૂઢ, પાપી, અનાદિથી મોહવાસિત, અને પરમાર્થથી હિતાહિતનો અજાણ છું. અરિહંત આદિના સામર્થ્યથી હું હિતાહિતનો જાણકાર બનું, હિતમાં પ્રવૃત્ત બનું, સર્વ પ્રાણીઓ પ્રત્યે ઉચિત વર્ત્તન વડે આરાધક બનું, કારણ કે તેમાં મારું હિત છે.

હું સુકૃતને ઇચ્છું, છું, સુકૃતને ઇચ્છું છું, હું સુકૃતને ઇચ્છું છું.

## ૧૩. સૂત્રપાઠનું ફળ—અશુભની નિવૃત્તિ

એવમેઅં સમ્મં પઢમાણસ્સ સુણમાણસ્સ અણુપ્પેહમાણસ્સ, સિઢિલીભવંતિ પરિહાયંતિ ખિજ્જંતિ અસુહકમ્માણુબંધા । નિરણુબંધે વાऽસુહકમ્મે ભગ્ગસામત્થે સુહપરિણામેણં, કડગબદ્ધે વિઅ વિસે, અપ્પફલે સિઆ, સુહાવણિજ્જે સિઆ, અપુણભાવે સિઆ ॥

આ પ્રમાણે આ સૂત્રનો સંવેગપૂર્વક સારી રીતે પાઠ કરનાર, સાંભળનાર અને તેના અર્થનું ચિંતવન કરનાર મનુષ્યના અશુભકર્મોના અનુબંધો (આ સૂત્રના પાઠ આદિથી થયેલા શુભપરિણામોથી) મંદવિપાકવાળા થવાથી શિથિલ થાય છે, (આનાથી રસહાનિ જણાવી.) આત્મામાંથી કર્મપુદ્ગલો ખસી જવાથી ઘટી જાય છે, (આનાથી સ્થિતિહાનિ જણાવી.) તથા વિશિષ્ટ પ્રકારના પરિણામોનો અભ્યાસ થતાં અશુભ કર્મના અનુબંધોનો સર્વથા ક્ષય થાય છે. નિરનુબંધ જે અશુભ કર્મો બાકી રહ્યાં હોય તે આ સૂત્રના પાઠ આદિથી થયેલા શુભ પરિણામોથી મંત્રના સામર્થ્યથી કંકણમાં બાંધેલા વિષની જેમ, સામર્થ્ય રહિત બને છે, તેથી અલ્પફળવાળાં બને છે, તેથી સુખપૂર્વક સંપૂર્ણપણે દૂરી કરી શકાય તેવા બને છે, (તેથી) ફરીથી ન બંધાય તેવા બને છે (=ફરીથી ઉત્કૃષ્ટ સ્થિતિ અને ઉત્કૃષ્ટ રસ ન બંધાય તેવા બને છે.)

### ૧૮. સૂત્રપાઠનું શુભની પ્રાપ્તિરૂપ ફળ

તહા આસગલિજ્જંતિ પરિપોસિજ્જંતિ ણિમ્મવિજ્જંતિ સુહકમ્માણુબંધા । સાણુબંધં ચ સુહકમ્મં પગિટ્ઠં પગિટ્ઠભાવજ્જિઅં નિયમફલયં । સુપઉત્તો વિઅ મહાગએ સુહફલે સિઆ, સુહપવત્તગે સિઆ, પરમસુહસાહગે સિઆ । અઓ અપડિબંધમેઅં અસુહભાવણિરોહેણં સુહભાવબીઅંતિ, સુપ્પણિહાણં, સમ્મં પઢિઅવ્વં, સમ્મં સોઅવ્વં સમ્મં અણુપ્પેહિઅવ્વંતિ ।

તથા શુભકર્મના અનુબંધનો ઉપચય થાય છે, શુભ-ભાવની વૃદ્ધિથી એ અનુબંધ મજબૂત થાય છે, તથા સંપૂર્ણ-પણે પારાકાષ્ઠા પ્રાપ્ત થાય છે, શુભભાવથી ઉપાર્જેલું પ્રકૃષ્ટ સાનુબંધ શુભ કર્મ સારી રીતે યોજેલા ઉત્તમ ઔષધની જેમ નિયમા ફળ આપે છે, શુભ ફળ આપે છે, શુભમાં પ્રવૃત્તિ કરાવે છે, પરંપરાએ મોક્ષસાધક બને છે.

આ સૂત્ર શુભભાવનું બીજ હોવાથી નિદાન રહિત બનીને અને અશુભ ભાવોને દૂર કરીને એકાગ્રતાથી સારી રીતે આ સૂત્રનું પઠન કરવું, શ્રવણ કરવું અને ચિંતન કરવું.

## ૧૫. અંતિમ મંગલ

નમો નમિઅનમિઆણં પરમગુરુવીઅરાગાણં । નમો સેસનમુક્કારારિહાણં । જયઉ સવ્વણ્ણુસાસણં । પરમસંબોહીએ, સુહિણો ભવન્તુ જીવા, સુહિણો ભવન્તુ જીવા, સુહિણો ભવન્તુ જીવા ॥

દેવોથી અને ઋષિઓથી વંદાયેલા તીર્થંકરોને નમસ્કાર થાઓ. નમસ્કાર કરવા લાયક બીજા આચાર્યાદિ ગુણાધિકોને નમસ્કાર થાઓ, કુતીર્થોને પરાસ્ત કરીને સર્વજ્ઞોનું શાસન જય પામો. ઉત્તમ સમ્યક્ત્વની પ્રાપ્તિથી જીવો સુખી બનો, જીવો સુખી બનો, જીવો સુખી બનો.

આ પ્રમાણે પાપ પ્રતિઘાત અને ગુણ–બીજાધાન નામનું સૂત્ર પૂર્ણ થયું.

## ૨. સાધુધર્મ પરિભાવના સૂત્ર

### ૧. ધર્મગુણોને સ્વીકારવાની રુચિ થયા પછીનું કર્તવ્ય

જાયાએ ધમ્મગુણપડિવત્તિસદ્ધાએ, ભાવિજ્જા એએસિં સરૂવં પયઇસુંદરત્તં અણુગામિત્તં પરોવયારિત્તં પરમત્થહેઉત્તં । તહા દુરણુચરત્તં, ભંગે દારુણત્તં, મહામોહજણગત્તં, ભૂઓ . દુલ્લહત્તંતિ । એવં જહાસત્તીએ ઉચિઅવિહાણેણ અચ્ચંતસુભભાવસારં પડિવજ્જિજ્જા ।

તેવા પ્રકારના કર્મના ક્ષયોપશમ વડે ભાવથી ધર્મ-ગુણનો સ્વીકાર કરવાની શ્રદ્ધા=રુચિ ઉત્પન્ન થાય ત્યારે તે ધર્મગુણોનું સ્વરૂપ વિચારવું. તે આ પ્રમાણે–ધર્મગુણો જીવના સંક્લિષ્ટ પરિણામને શુદ્ધ કરે છે. તેથી તે સ્વભા-વથી જ સુંદર છે, ભવાંતરમાં પણ તેની વાસના=ભાવના આવે છે, માટે ધર્મગુણો અનુગામી=જીવની સાથે જનારા છે. ધર્મગુણોથી તે તે રીતે પીડા આદિની નિવૃત્તિ થતી હોવાથી ધર્મગુણો પરોપકારી છે, પરંપરાએ મોક્ષનું કારણ હોવાથી ધર્મગુણો પરમાર્થના હેતુ છે, સદા તેનો અભ્યાસ ન હોવાથી ધર્મગુણો પાળવા દુષ્કર છે, ધર્મગુણોનો ભંગ થાય તો ભગવાનની આજ્ઞાનું ખંડન થવાથી ભયંકર ફળ મળે છે, ધર્મગુણોનો ભંગ ધર્મને દૂષિત બનાવતો હોવાથી તેનાથી મહામોહનીય કર્મ બંધાય છે, પાપના અનુબંધની પુષ્ટિ થવાથી ફરી ધર્મગુણોની પ્રાપ્તિ દુર્લભ બને છે.

આ પ્રમાણે ગુણોના લાભનો અને ગુણભંગના નુકશાનનો બરોબર વિચાર કરીને યથાશક્તિ શાસ્ત્રોક્ત વિધિપૂર્વક દૃઢ મનોબળથી ધર્મગુણોનો સ્વીકાર કરવો. [વિચાર કર્યા વિના ધર્મગુણોનો સ્વીકાર ન કરવો. કારણ કે વગર વિચારે ધર્મગુણોનો સ્વીકાર (ભંગ આદિથી) પરિણામે ભયંકર ફળ આપે છે.]

## ૨. ધર્મગુણો

તં જહા ૧, થૂલગ–પાણાઇવાયવિરમણં ૨, થૂલગ–મુસાવાયવિરમણં ૩, થૂલગ–અદત્તાદાણવિરમણં ૪, થૂલગ–મેહુણવિરમણં ૫, થૂલગ–પરિગ્ગહવિરમણ-મિચ્ચાઇ ॥

ધર્મગુણો આ પ્રમાણે છેઃ–[૧]સ્થૂલપ્રાણાતિપાત વિરમણ, [૨]સ્થૂલમૃષાવાદ વિરમણ, [૩]સ્થૂલ અદત્તાદાન વિરમણ, [૪]સ્થૂલ મૈથુનવિરમણ, [૫]સ્થૂલપરિગ્રહ વિરમણ વગેરે.

## ૩. ધર્મગુણોના સ્વીકાર પછી તેના પાલન માટે જરૂરી કર્તવ્યો

પડિવજ્જિઊણ પાલણે જઇજ્જા, ૧ સયાણાગાહગે સિઆ, ૨ સયાણાભાવગે સિઆ, ૩ સયાણાપરતંતે સિઆ, "આણા" હિ મોહવિસપરમમંતો, જલં રોસાઇજલણસ્સ, કમ્મવાહિતિગિચ્છાસત્થં, કપ્પપાયવો સિવફલસ્સ ॥ ૪ વજ્જિજ્જા અધમ્મમિત્તજોગં,

૫. ચિંતિજ્જાભિણવપાવિઐ ગુણે, ૬. અણાઇભિવ-સંગઐ અ અગુણે, ૭. ઉદગ્ગાસહકારિત્તં અધમ્મ-મિત્તાણં, ઉભયલોગ–ગરહિઅત્તં અસુહજોગ–પરંપરં ચ ।। ૮. પરિહરિજ્જા સમ્મં લોગવિરુદ્ધે, ૯. કરુણાપરે જણાણં, ૧૦, ન ખિંસાવિજ્જ ધમ્મં, સંકિલેસો ખુ એસા, પરમંબોહિબીઅમબોહિફલ-મપ્પણોત્તિ, ૧૧. એવમાલોઐજ્જા ણં ખલુ ઇત્તો પરો અણત્થો, અંધત્તમેઅં સંસારાડવીએ, જણ-ગમણિટ્ઠાવાયાણં, અઇદારુણં સરૂવેણં અસુહાણુ-બંધમચ્ચત્થં ।।

૧૨. સેવિજ્જ ધમ્મમિત્તે વિહાણેણં, અંધો વિવા-ણુકટ્ઠઐ, વાહિઐ વિવ વિજ્જે, દરિદ્દો વિવ ઇસરે, ભીઐા વિવ મહાણાયગે, ન ઇઐા સુંદરતરમન્નંતિ, બહુમાણજુત્તે સિઆ, આણાકંખી, આણાપડિચ્છગે, આણા–અવિરાહગે, આણા નિપ્ફાયગેત્તિ ।।

૧૩. પડિવન્નધમ્મગુણારિહં ચ વટ્ટિજ્જા, ગિહિ-સમુચિઐસુ ગિહિસમાચારેસુ, ૧૪. પરિસુદ્ધાણુટ્ઠાણે, ૧૫. પરિસુદ્ધમણકિરિઐ, પરિસુદ્ધ વઇકિરિઐ, પરિ-સુદ્ધકાયકિરિઐ ।। ૧૬. વજ્જિજ્જાણેગોવઘાયકારગં,

ગરહણિજ્જં બહુકિલેસં, આયઈવિરાહગં, સમારંભં ૧૭. ન ચિંતિજ્જા પરપીડં । ૧૮. ન ભાવિજ્જા દીણયં ૧૯. ન ગચ્છિજ્જા હરિસં । ૨૦. ન સેવિજ્જા વિતહાભિનિવેસં । ૨૧. ઉચિઅમણપવત્તગે સિઆ । ૨૨. ન ભાસિજ્જા અલિઅં, ન ફરુસં, ન પેસુન્નં, નાણિબદ્ધં, હિઅમિઅભાસગે સિઆ । ૨૩. એવં ન હિંસિજ્જા ભૂઆણિ । ૨૪. ન ગિણ્હિજ્જ અદત્તં । ૨૫. ન નિરિક્ખજ્જ પરદારં । ૨૬. ન કુજ્જા અણત્થદંડં । ૨૭. સુહકાયજોગે સિઆ । ૨૮. તહા લાહોચિઅદાણે, લાહોચિઅભોગે, લાહોચિઅપરિવારે, લાહોચિઅણિહિકરે સિઆ । ૨૯. અસંતાવગે પરિવારસ્સ, ૩૦. ગુણકરે જહાસત્તિં, ૩૧. અણુકંપાપરે, ૩૨. નિમ્મમે ભાવેણં । એવં ખલુ તપ્પાલણેવિ ધમ્મો, જહ અણ્ણપાલણેત્તિ । સવ્વે જીવા પુઢો પુઢો, મમત્તં બંધકારણં ॥

૩૩. તહા તેસુ તેસુ સમાયારેસુ સઇ સમણ્ણાગએ સિઆ, ૧. અમુગેહં ૨. અમુગકુલે ૩. અમુગસિસ્સે ૪. અમુગધમ્મટ્ઠાણટ્ઠિએ । ૫. ન મે તવ્વિરાહણા, ૬. ન મે તદારંભો, ૭. વુડ્ઢી મમે-

અસ્સ, ૮. એઅમિત્થ સારં, ૯ એઅમાયભૂઅં, ૧૦. એઅં હિઅં, ૧૧. અસારમણ્ણું સવ્વં, ૧૨. વિસેસઓ અવિહિગહણેણં । એવમાહ તિલોગબંધૂ પરમકારુણિગે સમ્મં સંબુદ્ધે ભગવં અરહંતેત્તિ । એવં સમાલોચિઅ, તદવિરુદ્ધેસુ સમાયારેસુ સમ્મં વટ્ટિજ્જા, ભાવમંગલમેઅં તન્નિપ્ફત્તીએ ॥

૩૪. તહા જાગરિજ્જ ધમ્મજાગરિઆએ, ૧. કો મમ કાલો? ૨. કિમેઅસ્સ ઉચિઅં? ૩. અસારા વિસયા, ણિઅમગામિણો, વિરસાવસાણા । ૪. ભીસણો મચ્ચૂ, સવ્વાભાવકારી. અવિન્નાયાગમણો, અણિવારણિજ્જો પુણો પુણોડણુબંધી । ૫. ધમ્મો એઅસ્સ ઓસહં, એગંતવિસુદ્ધો, મહાપુરિસસેવિઓ, સવ્વહિઅકારી, નિરઇઆરો પરમાણંદહેઊ ॥

૬. નમો ઇમસ્સ ધમ્મસ્સ । નમો એઅધમ્મપગાસગાણં । નમો એઅધમ્મપાલગાણં । નમો એઅધમ્મપરૂવગાણં । નમો એઅધમ્મપવજ્જગાણં । ૭. ઇચ્છામિ અહમિણં ધમ્મં પડિવજ્જિત્તએ, સમ્મં મણવયણકાયજોગેહિં । ૮. હોઉ મમેઅં કલ્લાણં, પરમકલ્લાણાણં જિણાણમણુભાવઓ ।

૯. સુપ્પણિહાણમેવં ચિંતિજ્જા પુણો પુણો, ૧૦. એઅધમ્મજુત્તાણમવવાયકારી સિઆ । પહાણં મોહચ્છેઅણમેઅં ॥

ધર્મગુણોનો સ્વીકાર કરીને તેના પાલનમાં યત્ન કરવો. તે યત્ન આ પ્રમાણે છે :— (૧) સદા જિનાજ્ઞાનું અધ્યયન અને શ્રવણ કરવા દ્વારા જિનાજ્ઞા ગ્રહણ કરવી = સમજવી. (૨) સદા ચિંતન કરીને જિનાજ્ઞાને ભાવિત કરવી. (૩) દરેક અનુષ્ઠાન જિનાજ્ઞાને આધીન બનીને કરવું; કારણ કે જિનાજ્ઞા મોહરૂપ ઝેરને ઉતારવામાં પરમમંત્ર સમાન છે. દ્વેષાદિરૂપ અગ્નિને શાંત કરવામાં જલ સમાન છે, કર્મરૂપ વ્યાધિનો નાશ કરવામાં ચિકિત્સાશાસ્ત્ર સમાન છે. મોક્ષરૂપ ફળ મેળવવામાં કલ્પવૃક્ષ સમાન છે. (૪) અકલ્યાણ મિત્રોનો સંગ છોડવો. (૫) નવા પ્રાપ્ત થયેલા સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ આદિ ગુણોનું ચિંતન કરવું. (૬) અનાદિભવથી સાથે રહેલા દુર્ગુણોનું (= તેનાથી થતા નુકશાન વગેરેનું) ચિંતન કરવું. (૭) અકલ્યાણ મિત્રોનો સંબંધ તેમના પાપની અનુમતિ આદિ દ્વારા ભયંકર છે, ઉભયલોકમાં ગર્હ્ય છે = અહિતકર છે, અશુભકર્મના અનુબંધનું કારણ હોવાથી અશુભયોગોની પરંપરાવાળો છે એમ વિચારવું. (૮) લોક–વિરુદ્ધ કાર્યોનો સારી રીતે ત્યાગ કરવો. (૯) લોકો પર અનુકંપા કરવી. (૧૦) બીજા લોકો દ્વારા ધર્મની હીલના ન કરાવવી. કારણ કે આ ધર્મહીલના અશુભભાવરૂપ હોવાથી સંકલેશરૂપ જ

છે. ધર્મ પ્રત્યે દ્વેષ થવાથી અબોધિનું મુખ્ય કારણ છે. ધર્મ હીલના કરાવવાથી પોતાને બોધિની (= જિનધર્મની) પ્રાપ્તિ થતી નથી. (૧૧) તથા એ પ્રમાણે વિચારવું કે આ અબોધિ-ફલ (= મિથ્યાત્વ) મોટામાં મોટો અનર્થ છે, એનાથી વધીને બીજો કોઈ અનર્થ નથી, હિતનું જ્ઞાન ન થવાથી અંધાપો છે, નરકાદિમાં પતન થવાનું કારણ હોવાથી અનિષ્ટ-પ્રસંગોનો જનક છે, સંક્લેશની મુખ્યતાવાળું હોવાથી સ્વાભાવિક પણે અતિભયંકર છે, પરંપરાએ વિનાશનું કારણ હોવાથી અશુભ અનુબંધ કરાવનારું છે. (૧૨) જેમ અંધ પડી જવા આદિના ભયથી પોતાને દોરનારનો આશ્રય લે છે, રોગી દુઃખ–ભયથી વૈદ્યનું શરણું લે છે, જેમ દરિદ્ર આજીવિકા માટે ધનવંતની સેવા કરે છે, જેમ ભય પામેલો માનવી મહાન નાયકનો આશ્રય લે છે, તેમ સદ્ભક્તિ આદિથી ધર્મમિત્રોની સેવા કરવી. ધર્મમિત્રની સેવાથી અધિક બીજું કંઈ સુંદર ન હોવાથી ધર્મમિત્રો પ્રત્યે બહુમાન યુક્ત બનવું. મને ક્યારે આજ્ઞા કરે! એમ ધર્મમિત્રોની આજ્ઞાની આકાંક્ષા રાખવી, અને આજ્ઞા કરે ત્યારે તેનો સ્વીકાર કરવો, તેમની આજ્ઞાના વિરાધક ન બનવું, ઔચિત્યપૂર્વક તેમની આજ્ઞાનું પાલન કરવું.

(૧૩) ગૃહસ્થને યોગ્ય ગૃહસ્થના આચારોમાં સ્વીકારેલા ધર્મગુણોને અનુરૂપ વર્તન કરવું. (૧૪) શુદ્ધ અનુષ્ઠાનો કરવાં. (૧૫) શાસ્ત્રાનુસારે મન–વચન કાયાના વ્યાપારો શુદ્ધ કરવા. (૧૬) અનેક જીવોનો નાશ કરનાર, નિંદ્ય, બહુ-

સંકલેશયુક્ત, પરલોકમાં દુઃખ કરનાર અંગારકર્માદિ રૂપ સમારંભ ન કરવો. (૧૭) બીજા દુઃખી થાય એમ ન વિચારવું. (૧૮) કોઈ વસ્તુ ન મળે તો દીનતા ન કરવી. (૧૯) કોઈ વસ્તુ મળે તો ખુશી ન થવું. (૨૦) અતત્ત્વનો આગ્રહ ન રાખવો. (૨૧) જિનવચનાનુસાર ઉચિતમાં મનને પ્રવર્તાવવું. (૨૨) અસત્ય, કઠોર, પરપ્રીતિવિનાશક, પૈશૂન્યરૂપ અને વિકથા વગેરે સંબંધરહિત વચન ન બોલવું, કિંતુ શાસ્ત્ર-મર્યાદા પ્રમાણે હિતકર અને થોડું (=જરૂર પૂરતું) બોલવું.

(૨૩) જીવહિંસા ન કરવી. (૨૪) અલ્પ પણ નહિ આપેલું કંઈ ન લેવું. (૨૫) રાગથી પરસ્ત્રી પ્રત્યે દૃષ્ટિ ન કરવી. (૨૬) અશુભધ્યાન આદિ અનર્થદંડનું સેવન ન કરવું. (૨૭) આગમ પ્રમાણે શુભ કાયિક વ્યાપારો કરવા. (૨૮) ધનના લાભ પ્રમાણે દાન કરવું, લાભ પ્રમાણે પોતાના ભોગમાં વાપરવું, લાભ પ્રમાણે પરિવારનું ભરણ–પોષણ કરવું, લાભ પ્રમાણે સંગ્રહ કરવો. (૨૯) પરિવારને સંતાપ ઉપજાવવો નહિ. (૩૦) યથાશક્તિ સંસારનું સ્વરૂપ કહીને પરિવાર ઉપર ઉપકાર કરવો. (૩૧) ફલની અપેક્ષા વિના (પરિવાર પ્રત્યે) અનુકંપા પરાયણ બનવું. (૩૨) સંસારના સ્વરૂપની વિચારણા કરીને ભાવથી (પરિવારાદિના) મમત્વથી રહિત બનવું. જેમ પરિવાર સિવાયના જીવનું પાલન કરવાથી તેના ઉપર ઉપકાર કરવા દ્વારા ધર્મ થાય, તેમ મમત્વ રહિત બનીને પરિવારનું પાલન કરવા છતાં ધર્મ થાય. કારણ કે જીવો ઉપર ઉપકાર થાય છે. સર્વ જીવો જુદા જુદા છે. મમત્વ કર્મબંધનું કારણ છે.

(૩૩) ગૃહસ્થને યોગ્ય સારા આચારોમાં ઉપયોગવાળા બનવું. જેમ કે– (૧) હું અમુક નામનો છું. (૨) અમુક કુળનો છું. (૩) અમુક ગુરુનો શિષ્ય છું. (૪) અણુવ્રત વગેરે અમુક ધર્મસ્થાનોમાં છું, (૫) મારે તે ધર્મસ્થાનોની વિરાધના કરવી યોગ્ય નથી. (૬) હું હમણાં ધર્મસ્થાનોની વિરાધના કરતો નથી. (૭) તથા મારે એ ધર્મસ્થાનોની વૃદ્ધિ થાય છે. (૮) આ લોકમાં આ ધર્મસ્થાનો જ સારભૂત છે. (૯) આ ધર્મસ્થાનો જ પરલોકમાં સાથે આવનારાં હોવાથી પોતાનાં છે. (૧૦) આ ધર્મસ્થાનો જ સુંદર પરિણામવાળાં હોવાથી હિતકર છે. (૧૧) ધનસમૂહ વગેરે બીજું બધું અસાર છે, (૧૨) તેમાં પણ અવિધિથી (અપ્રામાણિકતા આદિથી) સંચિત કરેલ ધન–ધાન્ય વગેરે ભયંકર પરિણામવાળા હોવાથી વિશેષરૂપે અસાર છે. આ પ્રમાણે (=ઉપર કહ્યું તે પ્રમાણે) ત્રિલોકબંધુ પરમકરુણાવંત અને સમ્યક્ બોધ પામેલા અરિહંત ભગવાને કહેલું છે. આ પ્રમાણે બરોબર વિચાર કરીને પ્રસ્તુત ધર્મસ્થાનોથી અવિરુદ્ધ આચારો વિષે શાસ્ત્રોક્ત વિધિથી સમ્યક્ પ્રવૃત્તિ કરવી. શાસ્ત્રોક્ત વિધિથી આચારોમાં સમ્યક્ પ્રવૃતિ ભાવમંગળ છે. કારણ કે તેનાથી આચારો પરિપૂર્ણ થાય છે.

(૩૪) તથા તાત્ત્વિક વિચારણા રૂપ ધર્મજાગરિકાથી જાગવું, એટલે કે તાત્ત્વિક વિચારણા કરવી. તે આ પ્રમાણે (૧) હાલ મારી કઈ અવસ્થા છે? (૨) મારી અવસ્થાને ઉચિત ધર્માનુષ્ઠાન કયું છે? (૩) શબ્દાદિ વિષયો તુચ્છ છે, અવશ્ય જનારા છે, પરિણામે ભયંકર ફળ આપનારા છે.

(૪) મૃત્યુ મહા—ભયજનક છે, મૃત્યુથી (=મૃત્યુ થતાં) કંઈ સાધી શકાતું ન હોવાથી મૃત્યુ સર્વનો અભાવ કરે છે, તે ક્યારે આવશે તેની ખબર પડતી નથી, સ્વજન આદિના બલથી મૃત્યુને આવતું રોકી શકાતું નથી, મૃત્યુ અનેક યોનિઓમાં થતું હોવાથી વારંવાર અનુબંધવાળું છે.

(૫) એકાંત શુદ્ધ, તીર્થંકરાદિએ આચરેલ, સર્વ હિતકારી, સ્વીકાર કરવા પ્રમાણે પાલન કરવાથી નિરતિચાર અને નિર્વાણનું કારણ એવો ધર્મ મૃત્યુનું ઔષધ છે.

(૬) ધર્મને નમસ્કાર હો ! આ ધર્મના પ્રકાશક અરિહંતોને નમસ્કાર હો ! આ ધર્મના પાલક મુનિઓને નમસ્કાર હો ! આ ધર્મના પ્રરૂપક આચાર્યાદિને નમસ્કાર હો ! આ ધર્મનો સ્વીકાર કરનારા શ્રાવકાદિને નમસ્કાર હો !

(૭) હું સમ્યક્ મન—વચન—કાયાના યોગોથી આ ધર્મ સ્વીકારવાને ઇચ્છું છું. (૮) પરમકલ્યાણ રૂપ જિનોના અનુગ્રહથી પ્રસ્તુતધર્મની પ્રાપ્તિરૂપ મારું કલ્યાણ થાઓ !

(૯) આ પ્રમાણે અત્યંત એકાગ્રતાથી વારંવાર ચિંતન કરવું. (૧૦) તથા હું આ ધર્મથી યુક્ત મુનિઓની આજ્ઞાનું પાલન કરનારો બનું. કારણ કે તેમની આજ્ઞાનું પાલન મોહને છેદવાનું મુખ્ય સાધન છે.

## ૪. સાધુધર્મની ભાવનાથી થતા લાભો

એવં વિસુજ્ઝમાણે ભાવણાએ, કમ્માપગમેણં ઉવેઇ એઅસ્સ જુગ્ગયં । તહા સંસારવિરત્તો સંવિગ્ગો

ભવઈ, અમમે અપરોવતાવી, વિસુદ્ધે વિસુદ્ધમાણ-ભાવે ॥

આ પ્રમાણે સાધુધર્મની ભાવનાનો શુભ અભ્યાસ થતાં શુભ અભ્યાસ કરનાર જીવ ઉક્ત ભાવનાથી વિશુદ્ધ બનતો જાય છે, તેથી ધર્મની યોગ્યતાને પામે છે, સંસારથી વિરક્ત બને છે, મોક્ષનો અર્થી બને છે, મમત્વ રહિત બને છે, પરપીડાનો ત્યાગ કરનારો બને છે, ગ્રંથિભેદ આદિથી વિશુદ્ધ બને છે, અધિક અધિક વિશુદ્ધ ભાવવાળો બને છે.

---

### ૩. પ્રવ્રજ્યા ગ્રહણ વિધિ

### ૧. સાધુધર્મને સ્વીકારવાનો વિધિ

પરિભાવિઅ સાહુધમ્મે જહોદિઅગુણે, જઇજ્જા સમ્મમેઅં પડિવજ્જિત્તએ । અપરોવતાવો હિ તપ્પડિવત્તિવિગ્ઘં, અણુપાઆે ખુ એસો, ન ખલુ અકુસલારંભાઓ હિઅં ।

પૂર્વસૂત્રમાં કહેલ વિધિથી સાધુધર્મની ભાવના કર્યા પછી સંસાર વિરક્ત વગેરે પૂર્વોક્ત ગુણવાળો જીવ વિધિ-પૂર્વક સાધુધર્મને સ્વીકારવા બીજાને સંતાપ ન થાય તે રીતે પ્રયત્ન કરે કારણ કે પરસંતાપ સાધુધર્મની પ્રાપ્તિમાં વિઘ્ન-રૂપ છે. પરસંતાપ ધર્મસ્વીકારમાં ઉપાય જ નથી (= ખોટો ઉપાય છે.) કારણ કે અકુશલ આરંભથી હિત ન થાય. ધર્મસ્વીકારમાં પણ પરસંતાપ અકુશલ આરંભ છે.

## ૨. માતા-પિતાને પ્રતિબોધ પમાડવાનો વિધિ

અપડિબુદ્ધે કહિંચિ પડિબોહિજ્જા અમ્માપિઅરે । ૧. ઉભયલોગસફલં જીવિઅં, ૨. સમુદાયકડા કમ્મા સમુદાયફલત્તિ । ૩. એવં સુદીહો અ વિઓગો । ૪. અણ્ણહા એગરુક્ખનિવાસિસઉણતુલ્લમેઅં । ૫. ઉદ્દામો મચ્ચૂ પચ્ચાસણ્ણો અ । ૬. દુલ્લહં મણુઅત્તં સમુદ્દપડિઅરયણલાભતુલ્લં । ૭. અઇપ્પભૂઆ અણ્ણે ભવા દુક્ખબહુલા મોહંધયારા અકુસલાણુબંધિણો અજુગ્ગા સુદ્ધધમ્મસ્સ । ૮. જુગ્ગં ચ એઅં પોઅભૂઅં ભવસમુદ્દે, જુત્તં સકજ્જે નિઉંજિઉં, સંવરઠઇઅચ્છિદ્દં, નાણકણ્ણધારં તવપવણજવણં । ૯. 'ખણે દુલ્લહે', સવ્વકજ્જોવમાઈએ સિદ્ધિસાહગધમ્મસાહગત્તેણં ।

૧૦. ઉવાદેઆ ચ એસા જીવાણં જં ન ઇમીએ જમ્મો, ન જરા, ન મરણં, ન ઇટ્ઠવિઓગો, નાણિટ્ઠસંપઓગો, ન ખુહા, ન પિવાસા, ન અણ્ણો કોઇ દોસો, સવ્વહા અપરતંતં જીવાવત્થાણં અસુભરાગાઇરહિઅં સંતં 'સિવં' અવ્વાબાહંતિ ॥

માતા–પિતા કર્મની વિચિત્રતાથી પ્રતિબોધ ન પામ્યા હોય તો પ્રતિબોધ પમાડવો. તે આ રીતે :– હે માતા–પિતા! (૧) ઉભયલોકના ફલવાળું જીવન પ્રશંસનીય છે. (૨) તથા સામુદાયિક રૂપે કરેલાં શુભ કાર્યો સમુદાયરૂપે ફળે છે. (૩) આપણા બધાનો ભવપરંપરાથી દીર્ઘકાળનો વિયોગ થશે. (૪) સામુદાયિક રૂપે શુભ કાર્યો ન કરવામાં આવે તો આપણી આ પ્રવૃત્તિ એક વૃક્ષ ઉપર રહેનારા પક્ષીઓના તુલ્ય થાય. (૫) મૃત્યુને આવતું રોકી શકાતું નથી, અને આયુષ્ય અલ્પ હોવાથી મૃત્યુ અત્યંત નજીક છે. (૬) સમુદ્રમાં પડેલ રત્નની જેમ મનુષ્યભવ દુર્લભ છે. (૭) મનુષ્ય ભવ સિવાય પૃથ્વી-કાયાદિના બીજા ઘણા ભવો છે. પણ તે ભવો બહુ દુઃખ-વાળા, મોહરૂપ અંધકારવાળા, પાપના અનુબંધવાળા હોવાથી ચારિત્ર ધર્મ માટે અયોગ્ય છે. (૮) ભવરૂપ સમુદ્રના પારને પામવા વહાણ સમાન આ મનુષ્યભવ ચારિત્ર માટે યોગ્ય છે. સંવરથી જેના જીવહિંસા વગેરે છિદ્રો પૂરાઈ ગયા છે, જ્ઞાન જેનો સુકાની છે, તપરૂપ પવન જેનો સહાયક છે, તેવા મનુષ્યભવરૂપ વહાણનો ચારિત્રધર્મરૂપ સ્વકાર્યમાં ઉપયોગ કરવો જોઈએ. (૯) મનુષ્યભવ રૂપ આ અવસર દુર્લભ છે, અને સિદ્ધિસાધક ધર્મનું સાધન હોવાથી અનુપમ છે.

(૧૦) સિદ્ધિ (=મોક્ષ) જ સર્વ જીવોને આદરવા લાયક છે. કારણ કે સિદ્ધિમાં જન્મ, જરા, મરણ, ઈષ્ટ-વિયોગ, અનિષ્ટસંયોગ, ક્ષુધા, તૃષા કે બીજા પણ ઠંડી–ગરમી વગેરે દુઃખો નથી. સિદ્ધિમાં જીવો સર્વથા પરતંત્રતાથી રહિત રહે છે. સિદ્ધિમાં જીવો અશુભરાગાદિથી રહિત,

શાંત, શિવ અને અવ્યાબાધ છે. [ શક્તિથી ક્રોધાદિ ન હોવાથી શાંત, કોઈ ઉપદ્રવો ન હોવાથી શિવ અને કોઈ ક્રિયા ન હોવાથી અવ્યાબાધ છે. ]

૧૧. વિવરીઓ અ સંસારો ઇમીએ અણવટ્ઠિઅસહાવો । "ઇત્થ ખલુ સુહીવિ અસુહી, સંતમસંતં, સુવિણુવ્વ સવ્વમાલમાલંતિ । ૧૨. તા અલમિત્થ પડિબંધેણં ૧૩. કરેહ મે અણુગ્ગહં" । ૧૪. ઉજ્જમહ એઅં વુચ્છિંદિત્તએ । ૧૫. અહંપિ તુમ્હાણુમઈએ સાહેમિ એઅં । ૧૬. નિવ્વિણ્ણો જમ્મમરણેહિં । ૧૭. સમિજ્જઇ અ મે સમીહિઅં ગુરુપ્પભાવેણં । ૧૮. એવં સેસે વિ બોહિજ્જા । ૧૯. તઓ સમમેએહિં સેવિજ્જ ધમ્મં । ૨૦. કરિજ્જોચિઅકરણિજ્જં, નિરાસંસોઉ સવ્વદા, ૨૧. એઅં પરમમુણિસાસણં ॥

(૧૧) સંસાર સિદ્ધિથી વિપરીત છે, આથી જ અસ્થિર સ્વભાવવાળો છે. આ સંસારમાં સુખી પણ દુઃખી બને છે, વિદ્યમાન પણ ( મૃત્યુથી ) અવિદ્યમાન બને છે. બધી જંજાળ સ્વપ્નતુલ્ય છે. (૧૨) આથી સંસારના રાગથી સર્યું. (૧૩) મારા ઉપર અનુગ્રહ કરો. (૧૪) આ સંસારનો નાશ કરવા તમે પ્રયત્ન કરો. (૧૫) હું પણ તમારી અનુમતિથી સંસારનો નાશ કરું. (૧૬) હું જન્મ-મરણથી કંટાળી ગયો છું.

(૧૭) માતા-પિતાદિ ગુરુઓના પ્રભાવથી સંસારનાશ રૂપ મારું વાંછિત સિદ્ધ થશે. (૧૮) આ પ્રમાણે ભાઈ વગેરે બીજાઓને પણ ઉચિત રીતે પ્રતિબોધ પમાડવો. (૧૯) પછી માતા-પિતાદિની સાથે ચારિત્રધર્મનું પાલન કરવું. (૨૦) સદા આલોક-પરલોકની આશંસાથી રહિત બનીને ઉચિત કર્તવ્યનું પાલન કરવું. (૨૧) આ પ્રમાણે વીતરાગનું વચન છે.

### ૩. માતા-પિતાની આજીવિકાની વ્યવસ્થા કરીને દીક્ષા લેવી.

અબુજઝમાણેસુ અ, કમ્મપરિણઈએ વિહિજ્જા, જહાસત્તિં તદુવકરણં આઓવાયસુદ્ધં સમઈએ । કયણ્ણુઆ ખુ એસા । કરુણા ય, ધમ્મપહાણ-જણણી જણમ્મિ । તઓ અણુણ્ણાએ પડિવજ્જિજ્જ ધમ્મં ।

તેવા કર્મપરિણામના કારણે માતા-પિતાદિ પ્રતિબોધ ન પામે તો સ્વ-શકિત અને સ્વ-બુદ્ધિ પ્રમાણે બેઠી આવક અને બીજા ઉપાયોથી શુદ્ધ નિર્વાહનું સાધન કરી આપવું. કારણ કે આ કૃતજ્ઞતા છે, લોકમાં શાસન-પ્રભાવનાનું કારણ એવી કરુણા છે. ત્યારબાદ માતા-પિતાની રજા મેળવીને ચારિત્રધર્મનો સ્વીકાર કરવો.

**૪. માતા-પિતા રજા ન આપે તો માયા-કપટ કરીને દીક્ષા લેવી.**

અણુહા, અણુવહે ચેવ ઉવહિજુત્તે સિઆ । 'ધમ્મારાહણં ખુ હિઅં' સવ્વસત્તાણં । તહા તહેઅં સંપાડિજ્જા ।

આ પ્રમાણે નિર્વાહનું સાધન કરવા છતાં અનુજ્ઞા ન આપે તો અંદરથી કપટભાવ વિના પણ બહારથી માયાવી બનવું. કારણ કે આ પ્રમાણે ધર્મની આરાધના જ સર્વ જીવોને હિતકર છે. કપટથી દુઃસ્વપ્ન (મને ખરાબ સ્વપ્ન આવ્યું હોવાથી મારું મૃત્યુ નજીક છે) આદિ કહીને રજા મેળવીને ધર્મારાધના પ્રાપ્ત કરે.

**૫. માતા-પિતા કોઈ પણ રીતે રજા ન આપે તો રજા વિના પણ દીક્ષા લેવી**

સવ્વહા અપડિવજ્જમાણે ચઇજ્જા તે, અટ્ઠાણગિલાણોસહત્થચાગનાએણં ॥

આમ કરવા છતાં કોઈ પણ રીતે રજા નહિ આપતા માતા-પિતાદિનો અસ્થાને રહેલા ગ્લાનને ઔષધ લેવા જવા માટે છોડવાના દૃષ્ટાંતથી ત્યાગ કરવો.

**૬. ગ્લાન ઔષધનું દૃષ્ટાંત**

સે જહા—નામએ કેઇ પુરિસે, કહંચિ કંતારગએ અંમ્માપિઇ સમેએ, તપ્પડિબદ્ધે વચ્ચિજ્જા । તેસિં તત્થ નિઅમઘાઈ પુરિસમિત્તાસજ્ઝે સંભવ-

ઓસહે મહાયંકે સિઆ । તત્થ સે પુરિસે, તપ્પ-ડિબંધાઓ એવમાલોચિઅ 'ન ભવંતિ એએ નિઅમઓ ઓસહમંતરેણ, ઓસહભાવે અ સંસઓ, કાલસહાણિ અ એઆણિ'। તહા સંઠવિઅ તદ્દો-સહનિમિત્તં સવિત્તિનિમિત્તં ચ, ચયમાણે સાહુ । એસ ચાએ અચાએ । અચાએ ચેવ ચાએ । ફલ-મિત્થ પહાણં બુહાણં, ધીરા એઅદંસિણો ॥ સ તે ઓસહસંપાયણેણ જીવાવિજ્જા । સંભવાઓ પુરિસોચિઅમેઅં ।

તે દૃષ્ટાંત આ પ્રમાણે છે–માતા–પિતા પ્રત્યે રાગ-વાળો કોઈ પુરુષ કોઈ કારણસર માતા–પિતા સાથે જંગલમાં ગયો હોય, ત્યાં માતા–પિતાને અવશ્ય મરણ નિપજાવનાર મહાન રોગ થાય, તે રોગ તે પુરુષથી દૂર કરી શકાય તેવો ન હોય, કિંતુ ઔષધિથી કદાચ દૂર થાય, તેવો હોય, આ વખતે તે પુરુષ માતા–પિતા પ્રત્યેના રાગથી ઔષધ વિના માતા–પિતા અવશ્ય જીવી શકે તેમ નથી, ઔષધથી કદાચ બચી જાય, થોડો ટાઈમ ઔષધ વિના પણ જીવી શકે તેમ છે, એમ વિચારીને, ભોજન–આચ્છાદન આદિની સારી રીતે વ્યવસ્થા કરીને માતા–પિતાના રોગનું ઔષધ લેવા જવા માટે અને પોતાની આજીવિકા નિમિત્તે માતા–પિતાનો ત્યાગ કરનાર પુરુષ સારો છે. કારણકે ફરી

સંયોગ થવાનો હોવાથી પરમાર્થથી આ ત્યાગ ત્યાગ નથી, કિંતુ અત્યાગ જ ત્યાગ છે. કારણ કે મૃત્યુ થવાથી વિયોગ થાય. પંડિતો ફલને પ્રધાન માને છે. ધીરપુરુષો નિપુણ-બુદ્ધિથી ફલને જુએ છે. તે પુરુષ ઔષધ મેળવીને માતા પિતાને જીવાડે એવો સંભવ હોવાથી આ પ્રમાણે ત્યાગ કરવો એ પુરુષને ઉચિત છે.

## ૭. દૃષ્ટાંતનો ઉપનય

એવં, સુક્કપક્ખિએ મહાપુરિસે સંસારકંતાર-પડિએ અમ્માપિઇસંગએ ધમ્મપડિબદ્ધે વિહરિજ્જા। તેસિં તત્થ નિઅમવિણાસગે, અપત્તબીજાઇપુરિસમિ-ત્તાસજ્ઝે, સંભવંતસમ્મત્તાઇઓસહે, મરણાઈવિવાગે, કમ્માયંકે સિઆ । તત્થ સે સુક્કપક્ખિએ પુરિસે ધમ્મપડિબંધાઓ, એવં સમાલોચિઅ–વિણસ્સંતિ એએ અવસ્સં સમ્મત્તાઇઓસહવિરહેણ । તસ્સ સંપાડણે વિભાસા । કાલસહાણિ અ એઆણિ વવ-હારઓ । તહા સંઠવિઅ સંઠવિઅ, ઇહલોગચિં-તાએ તેસિં સમ્મત્તાઇઓસહનિમિત્તં, વિસિટ્ઠગુરુ-માઇભાવેણં સવિત્તિનિમિત્તં ચ,કિચ્ચકરણેણં ચયમાણે, સંજમપડિવત્તીએ, સાહુ સિદ્ધીએ,

આ પ્રમાણે માતા–પિતા પ્રત્યે ધર્મના રાગવાળો

શુક્લપાક્ષિક (= જેનો સંસારકાળ અલ્પ છે તેવો) મહાપુરુષ માતા–પિતા સાથે સંસાર રૂપ જંગલમાં જાય, માતા પિતાને સંસારરૂપ જંગલમાં નિયમા વિનાશ કરનાર, બોધિબીજ આદિથી રહિત સામાન્ય પુરુષથી દૂર ન કરી શકાય તેવો, મરણાદિવિપાકવાળો કર્મ રૂપ રોગ થાય, અને કદાચ સમ્યક્ત્વાદિ રૂપ ઔષધિથી એ રોગ દૂર થાય તેવો હોય, આ વખતે ધર્મરાગથી તે મહાપુરુષ સમ્યક્ત્વાદિ ઔષધ વિના માતા–પિતાદિ અવશ્ય વિનાશ પામશે, સમ્યક્ત્વાદિ ઔષધથી કદાચ બચી જાય, વ્યવહારથી થોડો ટાઈમ જીવી શકે તેવા છે, આમ વિચારીને, માતા–પિતાને સંતોષ થાય તે રીતે તેમની આ લોકની ચિંતા કરીને (= નિર્વાહનું સાધન કરીને) વિશિષ્ટ ગુરુ આદિનો યોગ કરવા દ્વારા માતા–પિતાના સમ્યક્ત્વાદિ રૂપ ઔષધ માટે અને યોગ્ય કૃત્ય કરવાના હેતુથી (સંયમ રૂપ) સ્વવૃત્તિ માટે સંયમનો સ્વીકાર કરીને માતા–પિતાનો ત્યાગ કરનાર સિદ્ધિપ્રાપ્તિની અપેક્ષાએ (=પરિણામે) સારો છે.

### ૮. આવો ત્યાગ વાસ્તવિક ત્યાગ નથી

'એસ ચાએ અચાએ' તત્તભાવણાઓ। 'અચાએ ચેવ ચાએ' મિચ્છાભાવણાઓ। તત્તફલમિત્થ પહાણં પરમત્થઓ। ધીરા એઅદંસિણો આસન્નભવ્વા॥ સ તે સમ્મત્તાઇઓસહસંપાડણેણ જીવાવિજ્જા અચ્ચંતિઅં, અમરણાવંઝબીઅજોગેણં। સંભવાઓ સુપુ-

રિસોચિઅમેઅં, દુપ્પડિઆરાણિ અ અમ્માપિઇણિ । એસ ધમ્મો સયાણં । ભગવં ઇત્થ નાયં, પરિહરમાણે અકુસલાણુબંધિ અમ્માપિઇસોગંતિ ।

આવો (માતા પિતાનો) ત્યાગ હિતકારી હોવાથી અત્યાગરૂપ છે અને અત્યાગ જ અહિતકર હોવાથી ત્યાગરૂપ છે. પરમાર્થથી અહીં પંડિતો તાત્ત્વિક ફળને જ પ્રધાન માને છે. નિપુણબુદ્ધિથી જોનારા ધીરપુરુષો આસન્નભવ્ય છે. તે શુકલપાક્ષિક મહાપુરુષ સમ્યક્ત્વાદિ રૂપ ઔષધની પ્રાપ્તિથી ચરમમૃત્યુનું અવંધ્ય કારણ એવા સમ્યક્ત્વાદિનો યોગ કરાવીને ફરી મૃત્યુ ન થાય તે રીતે માતા–પિતાને જીવાડે એ સંભવ છે. આથી આ રીતે માતા–પિતાનો ત્યાગ સત્પુરુષને યોગ્ય છે. કારણ કે માતા–પિતા દુષ્પ્રતિકાર્ય હોવાથી સત્પુરુષોનું કર્તવ્ય છે=ધર્મ છે. આ વિષયમાં ગર્ભાવાસમાં અભિગ્રહ સ્વીકારીને માતા–પિતાના પાપાનુબંધી શોકને દૂર કરનાર મહાવીર સ્વામી દૃષ્ટાંત રૂપ છે.

## ૯. દીક્ષાનો વિધિ

એવમરોવતાવં સવ્વહા, સુગુરુસમીવે પૂઇત્તા ભગવંતે વીઅરાગે સાહૂ અ, તોસિઊણ, વિહવોચિઅં કિવણાઈ, સુપ્પઉત્તાવસ્સએ, સુવિસુદ્ધનિમિત્તે, સમહિવાસિએ, વિસુજ્ઝમાણો મહયા પમોએણં, સમ્મં પવ્વઇજ્જા, લોઅધમ્મેહિંતો લોગુત્તરધમ્મગમણેણ ।

એસા જિણાણમાણા 'મહાકલ્લાણા'ત્તિ, ન વિરાહિઅવ્વા બુહેણં, મહાણત્થભયાઓ સિદ્ધિકંખિણા ॥

આ પ્રમાણે માતા–પિતા વગેરેને સંતાપ ન થાય તે રીતે, વીતરાગ ભગવંતની અને સાધુઓની પૂજા કરીને, પોતાના વૈભવ પ્રમાણે દુઃખી જીવોને દાનાદિવડે સંતોષ પમાડીને, સારી રીતે સામાયિકાદિ આવશ્યક કરીને, ઉચિત-વેશ આદિથી સુવિશુદ્ધ* શુકનવાળો, દરેક યોગમાં ગુરુથી ગુરુમન્ત્ર વડે (વાસક્ષેપથી) સારી રીતે વાસિત કરાયેલો, ખૂબ ઉલ્લાસથી વિશુદ્ધ બનતો, વિચિત્ર પ્રકારના લોકધર્મ-માંથી લોકોત્તર ધર્મમાં જવા વડે સારા ગુરુ પાસે પ્રવ્રજ્યાનો સ્વીકાર કરે.

આ પ્રમાણે પ્રવ્રજ્યા લેવી એવી જિનાજ્ઞા છે. આ જિનાજ્ઞા મહાકલ્યાણ કરનારી હોવાથી મોક્ષાર્થી પંડિતોએ મહાન અનર્થ થવાના ભયથી જિનાજ્ઞાની વિરાધના ન કરવી. [કારણ કે જિનાજ્ઞાની વિરાધનાથી અધિક બીજો કોઈ અનર્થ નથી, અને જિનાજ્ઞાની આરાધનાથી અન્ય કોઈ મોક્ષમાર્ગ નથી.]

* શુભ કાર્ય માટે નીકળતાં સારા વેશવાળો પુરુષ વગેરે સામે મળે તો શુકન થાય. આથી દીક્ષાર્થી ઘરેથી નીકળતાં સારા વેશવાળાં પુરુષ આદિના શુકન લઈને નીકળે.

૬ સ્વકાર્યનો અસાધક ઉપાય પરમાર્થથી ઉપાય નથી.

સ એવમભિપવ્વઇએ સમાણે, સુવિહિભાવઓ કિરિઆફલેણ જુજ્જઇ। વિસુદ્ધચરણે મહાસત્તે ન વિવજ્જયમેઇ। એઅઅભાવેડભિપ્પેઅસિદ્ધી ઉવાયપવિત્તિઓ। નાવિવજ્જત્થોણુવાએ પયટ્ટઇ। ઉવાઓ અ સાહગો નિઅમેણ। તસ્સ તત્તચ્ચાઓ; અણ્ણહા અઇપ્પસંગાઓ નિચ્છયમયમેઅં ॥

આ પ્રમાણે ઉક્ત વિધિવડે પ્રવ્રજિત બનેલો તે મુમુક્ષુ સારી વિધિ પાળવાથી ક્રિયાના ફલથી જોડાય છે, અર્થાત્ આ (= ચારિત્ર સ્વીકારની) ક્રિયા સારી હોવાથી વિધિપૂર્વક કરવાથી તેના ફલને પામે છે. તે મુમુક્ષુ વિશુદ્ધચારિત્રવાળો અને મહાસત્ત્વવાળો હોવાથી મિથ્યાજ્ઞાન રૂપ વિપરીતપણાને પામતો નથી. મિથ્યાજ્ઞાન રૂપ વિપરીતપણાને નહિ પામેલો જીવ અનુપાયમાં (= ખોટા ઉપાયમાં) પ્રવૃત્તિ કરે નહિ. ઉપાય નિયમા ઉપેયનો (= કાર્યનો) સાધક છે. પોતાના કાર્યને સિદ્ધ ન કરનાર ઉપાય પોતાના તત્ત્વથી (= ઉપાયપણાથી) રહિત જ થાય, અર્થાત્ તે ઉપાય જ ન કહેવાય. કારણ કે કાર્યને ન સાધનાર

ઉપાયને પણ ઉપાય માનવામાં આવે તો જે નથી તે માનવા રૂપ (= અનુપાયને ઉપાય માનવા રૂપ) અતિ-પ્રસંગનો દોષ થાય. આ નિશ્ચયનયનો મત છે. [અર્થાત્ નિશ્ચયનય જે ઉપાય (= કારણ) કાર્ય સિદ્ધ કરે તેને જ ઉપાય માને પણ વ્યવહાર નય ક્યારેક કાર્ય સિદ્ધ ન કરે તો પણ જેનો જે ઉપાય હોય તેને તેનો ઉપાય માને.]

## ૨ વિધિથી દીક્ષિત બનેલા સાધુનું સ્વરૂપ

સે સમલિટ્ઠુકંચણે, સમસત્તુમિત્તે, નિઅત્તગ્ગહ-દુક્ખે, પસમસુહસમેએ, સમ્મં સિક્ખમાઇઅઇ। ગુરુકુલવાસી, ગુરુપડિબદ્ધે, વિણીએ, ભૂઅત્થદરિસી "ન ઇઓ હિઅં તત્તંતિ" મન્નઇ, સુસ્સૂસાઇ-ગુણજુત્તે તત્તાભિનિવેસા વિહિપરે। પરમમંતોત્તિ અહિજ્જઇ સુત્તં, બદ્ધલક્ખે આસંસાવિપ્પમુક્કે આયયટ્ઠી।

સારી રીતે પ્રવ્રજિત બનેલો તે પત્થર અને સુવર્ણ વિષે સમાન (વૃત્તિ), શત્રુ અને મિત્ર વિષે સમાન (વૃત્તિ), કદાગ્રહના દુઃખથી રહિત બનેલો અને એથી પ્રશમસુખથી યુક્ત બનેલો તે ગ્રહણ અને આસેવન રૂપ શિક્ષાને સારી રીતે ગ્રહણ કરે છે. કારણ કે ગુરુકુલવાસી, ગુરુપ્રત્યે બહુમાનવાળો, વિનીત અને પરમાર્થદર્શી તે ગુરુકુલવાસથી

અન્ય કોઈ હિતકર તત્ત્વ નથી એમ માને છે. બુદ્ધિના શુશ્રૂષાદિ આઠ ગુણોથી યુક્ત, તત્ત્વમાં આગ્રહ હોવાથી વિધિમાં તત્પર, કરવા લાયક પ્રત્યે લક્ષ્ય રાખનાર, આલોક આદિની આશંસાથી રહિત, અને મોક્ષાર્થી તે સૂત્રને પરમમંત્ર માનીને ભણે છે.

### ૩ અવિધિથી ભણેલું સૂત્ર સફલ ન થાય

સ તમવેઇ સવ્વહા । તઓ સમ્મં નિઉંજઇ ।
એઅં ધીરાણ સાસણં । અણહા અણિઓગો ।

આથી તે સૂત્રને યથાર્થપણે જાણે છે. જાણીને સૂત્રનો સારી રીતે ઉપયોગ કરે છે. આ રીતે વિધિપૂક ભણેલા સૂત્રનો સદુપયોગ થાય. એવી ધીરપુરુષોની આજ્ઞા છે. જેમ અવિધિથી ગ્રહણ કરેલા મંત્રનું ફળ આવતું નથી, તેમ અવિધિથી ભણેલું સૂત્ર પણ સફળ થતું નથી.

### ૪ અવિધિથી ભણનારને કોઈ ફળ મળતું નથી.

અવિહિગહિઅમંતનાએણ, અણારાહણાએ ન કિંચિ, તદણારંભાઓ ધુવં ।

અવિધિથી સૂત્ર ભણનાર એકાંતે અનારાધનામાં પ્રવૃત્ત હોવાથી તેને ઈષ્ટ કે અનિષ્ટ કંઈ ફળ મળતું નથી.

કારણ કે તેણે હજી પરમાર્થથી આરાધનાનો આરંભ જ કર્યો નથી.[1]

### ૫ અનારાધનાનું લક્ષણ

ઇત્થ. મગ્ગદેસણાએ દુક્ખં અવધીરણા અપ્પડિવત્તી ।

અનારાધનાનું લક્ષણ આ પ્રમાણે છેઃ– અનારાધનામાં પ્રવૃત્તને તાત્ત્વિક ધર્મદેશનામાં દુઃખ થાય, તેનાથી કંઈક લઘુકર્મીને દુઃખ ન થાય, પણ અનાદરભાવ થાય, તેનાથી કંઈક લઘુકર્મીને અનાદરભાવ ન થાય, પણ ધર્મદેશનાનો સ્વીકાર (= શ્રદ્ધા) ન થાય,

### ૬ અનારાધનાથી ભણેલું ભણેલું નથી

નેવમહીઅમહીઅં અવગમવિરહેણ,

આ રીતે અનારાધનાથી ભણેલું પરમાર્થથી ભણેલું જ નથી. કારણ કે અનારાધનાથી ભણવાથી સમ્યગ્ બોધ ન થાય.

---

૧. અનારાધના એટલે આરાધનાનો જ અભાવ. આથી જેમ વેપાર નહિ કરનારને નફો કે નુકસાન કંઈ થતું નથી, તેમ અનારાધનામાં પ્રવૃત્તને ધર્મથી લાભ કે નુકસાન કંઈ ન થાય. તે બાહ્યદૃષ્ટિથી ધર્મ કરતો હોવા છતાં પરમાર્થથી તેને કંઈ લાભ ન થાય, અને (આરાધના કરનારને વિરાધનાથી જેવું નુકસાન થાય તેવું) નુકસાન પણ ન થાય.

### ૭ માર્ગગામીને અનારાધના ન હોય

ન એસા મગ્ગગામિણો,

માર્ગગામીને (=મોક્ષ તરફ પ્રવર્તેલાને) એકાંતે આવી અનારાધના ન હોય. (કેમકે તેને સમ્યક્ત્વાદિ હોવાથી સર્વથા સત્ક્રિયાનો યોગ થયો છે.)

### ૮. માર્ગગામીની વિરાધના અર્થહેતુ છે

વિરાહણા અણત્થમુહા અત્થહેઊ ।
તસ્સારંભાઓ ધુવં ।

માર્ગગામી જીવને અનર્થમુખવાળી (= ઉન્માદાદિ અનર્થ કરનારી) વિરાધના થવા છતાં અર્થહેતુ છે. કારણ કે મોક્ષમાર્ગનો પ્રારંભ થયો હોવાથી પરંપરાએ મોક્ષનું કારણ બને છે.[૧]

### ૯. માર્ગગામી વિરાધકનું લક્ષણ

ઇત્થ મગ્ગદેસણાએ અણભિનિવેસો ।
પડિવત્તિમિત્તં કિરિઆરંભો ।

---

૧. જેમ વેપારી વેપાર કરે, તેમાં કદાચ કોઈ વખત થોડી ખોટ પણ જાય, પણ સરવાળે લાભ થાય તેમ મોક્ષમાર્ગની આરાધનામાં પ્રવૃત્ત થયેલાને વિરાધના થાય તો પણ પરિણામે લાભ જ થાય. આથી તેની વિરાધના પરિણામની દૃષ્ટિએ અર્થહેતુ છે.

વિરાધક માર્ગગામી જીવને પારમાર્થિક ધર્મદેશનામાં અનભિનિવેશ (= કદાગ્રહનો અભાવ) હોય. તેનાથી કંઈક ઓછા વિરાધકને અનભિનિવેશ તો ન હોય, વધારામાં માર્ગનો સ્વીકાર (= શ્રદ્ધા) પણ હોય. એનાથી કંઈક ઓછા વિરાધકને અનભિનિવેશ અને સ્વીકાર ઉપરાંત ક્રિયાનો આરંભ પણ હોય.

## ૧૦. માર્ગગામીનું ભણેલું ભણેલું છે

એવંપિ અહીઅં 'અહીઅ' અવગમલેસજોગઓ ।

માર્ગગામીને કંઈક સમ્યગ્ બોધ થયો હોવાથી તેનું વિરાધનાથી પણ ભણેલું પરમાર્થથી ભણેલું છે.

## ૧૧. વિરાધનાવાળો સબીજ હોય

અયં સબીઓ નિકામેણ, મગ્ગગામિણો ખુ એસા ।

વિરાધનાવાળો જીવ અવશ્ય સબીજ (= સમ્યગ્દર્શનાદિથી યુક્ત) હોય છે. કારણકે માર્ગગામીને (સમ્યગ્દર્શનાદિથી યુક્તને) જ આ (= અર્થહેતુ) વિરાધના હોય છે.

## ૧૨ માર્ગગામી બધાને વિરાધના ન હોય

અવાયબહુલસ્સ ।

વિરાધના બધા માર્ગગામીને ન હોય, કિંતુ

અનિરુપક્રમ (= ઉપાય કરવા છતાં તૂટે નહિ એવા) કિલષ્ટ કર્મવાળાને હોય.

**૧૩ અનિરૂપક્રમ કર્મથી રહિત સાધુનું સ્વરૂપ**

નિરવાએ જહોદિએ સુત્તુત્તકારી હવઈ, પવયણ-
માઈસંગએ પંચસમિએ તિગુત્તો, અણુત્થપરે ।
એઅચ્ચાએ અવિઅત્તસ્સ સિસુજણણીચાયનાએણ ।

અનિરુપક્રમ કિલષ્ટ કર્મથી રહિત પૂર્વે કહ્યો તેવો માર્ગગામી જીવ સૂત્રમાં કહ્યા પ્રમાણે કરે છે, અને પાંચ સમિતિ–ત્રણ ગુપ્તિ રૂપ અષ્ટ પ્રવચનમાતાથી યુક્ત હોય છે. કારણ કે જેમ માતાનો ત્યાગ થતાં બાળક વિનાશ પામે છે, તેમ અષ્ટ પ્રવચન માતાનો ત્યાગ અવ્યકત = ભાવ બાલનો (અર્થાત અવીતરાગનો) ચારિત્રરૂપ પ્રાણનો નાશ કરવા દ્વારા અનર્થ કરે છે.

**૧૪ વ્યક્ત શબ્દનો અર્થ**

વિઅત્તો ઈત્થ કેવલી, એઅફલભૂઓ

અહીં તાત્ત્વિક વિચારણામાં વ્યક્તરૂપે અષ્ટ પ્રવચન માતાના ફલભૂત કોઈ હોય તો તે સર્વજ્ઞ છે.

**૧૫ પ્રવચનમાતાના ત્યાગથી થતા અનર્થને માર્ગગામી સાધુ જાણે છે**

સમ્મમેઅં વિઆણઈ, દુવિહાએ પરિણ્ણાએ ॥

જેમ માતાનો ત્યાગ થતાં બાળક વિનાશ પામે છે, તેમ અષ્ટ પ્રવચન માતાનો ત્યાગ ભાવબાલનો ચારિત્રરૂપ પ્રાણનો નાશ કરવા દ્વારા અનર્થ કરે છે એમ માર્ગગામી સાધુ જ્ઞાનરૂપ જ્ઞ–પરિજ્ઞાથી અને જ્ઞાનયુક્ત ક્રિયારૂપ પ્રત્યાખ્યાન–પરિજ્ઞાથી બરોબર જાણે છે.

### ૧૬ ચારિત્ર અને જ્ઞાનના બે પ્રકાર

**તહા આસાસપયાસદીવં, સંદીણાડથિરાઇભેઅં, અસંદીણથિરત્થમુજ્જમઇ । જહાસત્તિં ।**

સંસારરૂપ સમુદ્રમાં આશ્વાસન આપનાર ચારિત્ર-રૂપ દ્વીપ છે, અને મોહરૂપ અંધકારમાં પ્રકાશ કરનાર જ્ઞાનરૂપ દીપક છે. ચારિત્રરૂપ દ્વીપ સ્પંદનવાન (= પાણીમાં ડૂબી જાય તેવો) અને અસ્પંદન (= પાણીમાં ન ડૂબે તેવો) બે પ્રકારે છે. જ્ઞાનરૂપ દીપક અસ્થિર (= પ્રતિપાતી) અને સ્થિર (= અપ્રતિપાતી) એમ બે પ્રકારે છે. અર્થાત્ ચારિત્ર અને જ્ઞાન એ બંને ક્ષાયોપશમિક અને ક્ષાયિક એમ બે–બે પ્રકારે છે, ક્ષાયોપશમિક ચારિત્ર અને જ્ઞાન વિઘ્નસહિત હોવાથી તેમનાથી લાંબા કાળે ઇષ્ટ સિદ્ધિ થાય છે. ક્ષાયિક ચારિત્ર અને જ્ઞાન નિર્વિઘ્ન હોવાથી તેમનાથી શીઘ્ર ઇષ્ટ સિદ્ધિ થાય છે. આ પ્રમાણે તે સાધુ બરોબર જાણે છે, અને અસ્પંદનવાન ચારિત્ર અને સ્થિર જ્ઞાન મેળવવા યથાશક્તિ ઉદ્યમ કરે છે.

### ૧૭ અબાધિત યોગોની આરાધના

અસંભંતે અણૂસગે અસંસત્તજોગારાહએ ભવઇ,

ભ્રાન્તિ અને ફ્લસંબંધી ઉત્સુકતાથી રહિત તે પરસ્પર એક બીજાને બાધા ન થાય તેમ (પ્રતિલેખનાદિ) યોગોની આરાધના કરે છે.

### ૧૮ ઉત્તરોત્તર યોગોની સિદ્ધિનું ફળ

ઉત્તરુત્તરજોગસિદ્ધીએ મુચ્ચઇ પાવકમ્મુણત્તિ । વિસુજ્ઝમાણે, આભવં ભાવકિરિઅમારાહેઈ । પસમ-સુહમણુહવઇ, અપીડિએ સંજમતવકિરિઆએ, અવ્વ-હિએ પરીસહોવસગ્ગેહિં, વાહિઅસુકિરિઆનાએણં ॥

આ પ્રમાણે ઉત્તરોત્તર યોગોની સિદ્ધિથી તે તે ગુણના પ્રતિબંધક પાપકર્મથી મુક્ત બને છે. આ પ્રમાણે વિશુદ્ધ થતો તે સંસારમાં રહે ત્યાં સુધી મોક્ષ આપનારી ભાવક્રિયાની આરાધના કરે છે. તથા સંયમ અને તપની ક્રિયાથી પીડિત બન્યા વિના પરીષહ અને ઉપસર્ગોથી વ્યથિત બન્યા વિના પ્રશમ સુખનો અનુભવ કરે છે. આ વિષયમાં રોગીની સત્ક્રિયાનું દૃષ્ટાંત છે.

### ૧૯. રોગીની સત્ક્રિયાનું દૃષ્ટાંત

સે જહા ૧. નામએ કેઈ મહાવાહિગહિએ, ૨. અણુહૂઅતવ્વેઅણે, ૩. વિણ્ણાયા સરૂવેણ, ૪.

નિવિણ્ણે તત્તઓ ૫. સુવિજ્જવયણેણ સમ્મં તમ-વગચ્છિઅ, જહાવિહાણઓ પવણ્ણે સુકિરિઅં ૬. નિરૂદ્ધજહિચ્છાચારે ૭. તુચ્છપત્થભોઈ ૮. મુચ્ચ-માણે વાહિણા ૯. નિઅત્તમાણવેઅણે ૧૦. સમુવ-લબ્ભારોગ્ગં પવડ્ઢમાણતબ્ભાવે ૧૧. તલ્લાભનિવ્વુ-ઈએ તપ્પડિબંધાઓ સિરાખારાઈ—જોગે વિવાહિ-સમારુગ્ગવિણ્ણાણેણ ઇટ્ઠણિપ્ફત્તીઓ અણાકુલ-ભાવયાએ કિરિઓવઓગેણ અપીડિએ અવ્વહિએ સુહલેસ્સાએ વડ્ઢઈ ૧૨. વિજ્જં ચ બહુ મન્નઈ ॥

તે આ પ્રમાણે : (૧) જેમ કોઈ મહાન્ વ્યાધિથી ઘેરાયો હોય, (૨) મહાવ્યાધિની વેદનાનો અનુભવ કર્યો હોય, (૩) સ્વરૂપથી વેદનાનો જ્ઞાતા હોય=વેદનાને વેદના-રૂપ સમજતો હોય,× (૪) સાચે જ તે વેદનાથી કંટાળી ગયો હોય, (૫) તેથી સુવૈદ્યના વચનથી તે વ્યાધિને બરોબર જાણીને દેવપૂજા આદિ વિધિપૂર્વક રોગ દૂર કરવાની સારી ક્રિયાનો સ્વીકાર કરે છે, (૬) નુકશાનના ભયથી સ્વચ્છંદ વર્તનનો ત્યાગ કરે છે. (૭) વ્યાધિ મટે તેવું હલકું અને પથ્ય ભોજન કરે છે, (૮) આ રીતે તે વ્યાધિથી મુક્ત બનતો જાય છે. (૯) વેદના દૂર થતી જાય છે. (૧૦) પહેલાં થોડું

---

× અર્થાત્ ખસને ખંજવાળવાથી સારું લાગતું હોવાથી ખસને દુઃખરૂપ ન સમજનાર મૂર્ખ જેવો આ ન હોય ?

આરોગ્ય· થયા પછી ઉત્તરોત્તર આરોગ્ય વધતું જાય છે. (૧૧) થોડા આરોગ્યના લાભથી શાંતિ થવાના કારણે (પૂર્ણ) આરોગ્યની ઇચ્છા (= મને અવશ્ય પૂર્ણ આરોગ્ય મળશે એવી શ્રદ્ધા) હોવાથી, (થોડી) વ્યાધિ દૂર થવાથી થયેલા આરોગ્યના * અનુભવ પૂર્વક આરોગ્યની સિદ્ધિ થતી હોવાથી, (રોગને દૂર કરવા કષ્ટ સહન કરવું જરૂરી છે વગેરે) પોતાના કર્તવ્યનો ખ્યાલ હોવાના કારણે વ્યાકુળતાનો અભાવ હોવાથી (આ ત્રણ કારણોથી) નસો વીંધીને તેમાં ક્ષાર વગેરે નાખવાની ક્રિયા થવા છતાં (અપીડિએ=) ક્ષાર આદિ નાખવાથી થતી પીડાને ગણકાર્યા વિના અને (અવ્વહિએ=) પવન વિનાના સ્થળે સૂવું, કડવું ઔષધ પીવું વગેરેથી કંટાળ્યા વિના શુભ ભાવથી વધતો જાય છે (૧૨) વૈદ્ય ઉપર બહુમાન ધારણ કરે છે.

## ૨૦. દૃષ્ટાંતનો ઉપનય

એવં ૧. કમ્મવાહિગહિએ ૨. અણુભૂઅજમ્માઈવેઅણે ૩. વિણ્ણાયા દુક્ખરૂવેણં ૪. નિવ્વિણ્ણે તત્તઓ ૫. તઓ સુગુરુવયણેણ અણુટ્ઠાણાઇણા તમવગચ્છિઅ, પુવ્વુત્તવિહાણઓ પવન્ને સુકિરિઅં

* અર્થાત્ ક્યારેક ભ્રમ થવાથી આરોગ્યની સિદ્ધિ ન થઈ હોવા છતાં થઈ છે એમ લાગે, પણ અહીં ભ્રમ નથી. કારણ કે વ્યાધિ દૂર થવાથી થયેલા આરોગ્યનો અનુભવ = સંવેદન થાય છે.

પવ્વજ્જં ૬. નિરુદ્ધપમાયાચારે ૭. અસારસુદ્ધભોઈ ૮. મુચ્ચમાણે કમ્મવાહિણા ૯. નિઅત્તમાણિટ્ઠવિઓગાઈવેઅણે ૧૦. સમુવલબ્ભ ચરણારુગ્ગં, પવડ્ઢમાણસુહભાવે ૧૧. તલ્લાભનિવ્વુઈએ તપ્પડિબંધવિસેસઓ પરીસહોવસગ્ગભાવેવિ તત્તસંવેઅણાઓ, કુસલાસયવુડ્ઢીએ થિરાસયત્તેણ, ધમ્મોવઓગાઓ, સયા થિમિએ તેઉલ્લેસાએ પવડ્ઢઈ ।. ૧૨. ગુરું ચ બહુ મન્નઈ। જહોચિઅં અસંગપડિવત્તીએ નિસગ્ગં પવિત્તિભાવેણ.

એ પ્રમાણે (૧) કર્મરૂપ વ્યાધિથી ઘેરાયેલો, (૨) જન્માદિરૂપ વેદનાનો અનુભવ કરનાર, (૩) જન્માદિ રૂપ વેદનાને દુઃખ રૂપ સમજનાર, (૪) સાચે જ જન્માદિ રૂપ વેદનાથી કંટાળી ગયેલ. (૫) (ગુરુ કેવા હોવા જોઈએ ઈત્યાદિ) ગુરુના વચનથી અનુષ્ઠાન આદિથી (=ગુરુ ક્રિયા કેવી કરે છે ઈત્યાદિ જોઈને) સુગુરુને અને કર્મરૂપ વ્યાધિને ઓળખીને ત્રીજા સૂત્રમાં કહેલી વિધિથી પ્રવ્રજ્યાનો સ્વીકાર કરે છે, (૬) પ્રમાદાચરણનો ત્યાગ કરે છે, (૭) સંયમની વૃદ્ધિ થાય તેમ અસાર અને નિર્દોષ ભોજન કરે છે, (૮) આ રીતે તે કર્મવ્યાધિથી મુકત બનતો જાય છે, (૯) મોહની નિવૃત્તિ થવાથી ઇષ્ટવિયોગ આદિ સંબંધી વેદના દૂર થતી જાય છે, (૧૦)

ચારિત્રરૂપ આરોગ્ય પામ્યા પછી તે ચારિત્રરૂપ આરોગ્ય ઉત્તરોત્તર વધતું જાય છે. (૧૧) [અપૂર્ણ] ચારિત્રરૂપ આરોગ્યના લાભથી શાંતિ થવાના કારણે (પૂર્ણ) ચારિત્ર રૂપ આરોગ્યની ઇચ્છા (= શ્રદ્ધા) હોવાથી, સમ્યગ્જ્ઞાન હોવાના કારણે તાત્ત્વિક (= ચારિત્રરૂપ) આરોગ્યના સુખનું સંવેદન થતું હોવાથી, ક્ષાયોપશમિકભાવની વૃદ્ધિ થવાના કારણે ચિત્તની સ્થિરતા હોવાથી, સ્વકર્તવ્યનો બોધ હોવાથી (આ ચાર કારણોથી) પરીષહો અને ઉપસર્ગો આવવા છતાં રાગ–દ્વેષાદિ દ્વન્દ્વોથી રહિત હોવાથી પ્રશાંત તે શુભ ભાવરૂપ તેજોલેશ્યાથી વધતો જાય છે, (૧૨) વૈદ્યસમાન ગુરુ ઉપર પૌદ્ગલિક આશંસા કે વ્યક્તિગત રાગ વિના ભાવપૂર્વક ઉચિત ભક્તિથી બહુમાન ધારણ કરે છે.

## ૨૧ ગુરૂબહુમાનની મહત્તા

એસા ગુરુઈ વિઆંહિઆ ભાવસારા વિસેસઓ ભગવંતબહુમાણેણં । 'જો મં પડિમન્નઇ સે ગુરુત્તિ' તદાણા ।

તીર્થંકરોએ ગુરુની આશંસારહિત ભાવપૂર્વકની ભક્તિને મહાન કહી છે.

પ્રશ્ન : આનું શું કારણ?

ઉત્તર : આનાં ત્રણ કારણો છે. (૧) આવી ભક્તિમાં સ્વાભાવિકપણે પ્રવૃત્તિ થાય છે, અર્થાત્ દુન્યવી આશંસાથી

કે ગુરુ ઉપરના વ્યક્તિગત સ્નેહથી પ્રેરાઈને નહિ, પણ મારું આ કર્તવ્ય છે, એવી બુદ્ધિથી સહજપણે ગુરુભક્તિમાં પ્રવૃત્તિ થાય છે. (૨) આમાં ઔદયિક ભાવ ન હોવાથી આ ભક્તિ ભાવની પ્રધાનતાવાળી છે. (૩) આમાં ભગવાન ઉપર બહુમાન થાય છે. કારણ કે જે મારા ઉપર બહુમાનવાળો છે તે જ પરમાર્થથી ગુરુ ઉપર બહુમાનવાળો + છે એવી ભગવાનની આજ્ઞા છે.

### ૨૨ ગુરુબહુમાન રહિત ક્રિયાનું ફળ સંસાર

અન્નહા, કિરિઆ અકિરિઆ, કુલડાનારીકિરિઆસમા । ગરહિઆ તત્તવેઇણં, અફલજોગઓ, વિસણ્ણતત્તીફલમિત્થ નાયં, આવટ્ટે ખુ તપ્ફલં, અસુહાણુબંધે ॥

ગુરુ બહુમાન વિના પ્રતિલેખનાદિ ક્રિયા કુલટા નારીની ઉપવાસાદિ ક્રિયાની જેમ અક્રિયા (= અસત્ક્રિયા) છે. આથી પરમાર્થના જ્ઞાતાઓએ ગુરુબહુમાન વિનાની ક્રિયાની નિંદા કરી છે. કારણ કે તેનાથી સાંસારિક ફલ મળે છે. આ વિષયમાં વિષાન્નથી થયેલી તૃપ્તિનું ફળ દૃષ્ટાંત રૂપ છે. જેમ વિષ મિશ્રિત અન્નના ભોજનથી

---

+ અગ્નિ વિના ધૂમાડો ન હોય, આથી જ્યાં ધૂમાડો હોય ત્યાં અગ્નિ છે એમ સિદ્ધ થાય છે. તેમ ભગવાન ઉપર બહુમાન વિના પરમાર્થથી ગુરુ ઉપર બહુમાન ન હોય. આથી જેને ગુરુ ઉપર અસંગ ભક્તિથી બહુમાન છે તેનામાં ભગવાન ઉપર બહુમાન છે એ સિદ્ધ થાય છે.

થયેલી તૃપ્તિનું ક્ષણિક આનંદરૂપ ફળ અલ્પ છે, અને તેનું મૃત્યુરૂપ પરિણામ ભયંકર છે. તેમ ગુરુ બહુમાન રહિત ક્રિયા વિરાધનાવાળી હોવાથી સાંસારિક સુખરૂપ ફળ અલ્પ મળી જાય છે, પણ એ ફળ પરિણામે સંસારમાં પરિભ્રમણ કરાવે છે. આથી પરમાર્થથી આ ક્રિયાનું ફલ અશુભ અનુબંધવાળો સંસાર = સંસાર પરિભ્રમણ જ છે

## ૨૩. ગુરૂ બહુમાનની સર્વોત્કૃષ્ટ સુંદરતા

આયઓ ગુરુબહુમાણો અવંઝકારણત્તેણ ।
અઓ પરમગુરુસંજોગો । તઓ સિદ્ધી અસંસયં ।
એસેહ સુહોદઓ, પગિટ્ઠતયણુબંધે ભવવાહિતેગિચ્છી ।
ન ઇઓ સુંદરં પરં । ઉવમા ઇત્થ ન વિજ્જઇ ।।

ગુરુ બહુમાન મોક્ષનું અવંધ્ય કારણ હોવાથી આયત = મોક્ષરૂપ છે. ગુરુ બહુમાનથી તીર્થંકરનો સંયોગ થાય છે. તીર્થંકરના સંયોગથી અવશ્ય મોક્ષ થાય છે. આથી આ ગુરુ બહુમાન શુભોદય રૂપ છે, × પ્રકૃષ્ટ શુભોદયના અનુબંધ રૂપ છે, ભવવ્યાધિની ચિકિત્સા કરનારું છે. ગુરુ બહુમાનથી અન્ય કંઈ સુંદર નથી. ગુરુ બહુમાન વિષે અન્ય કોઈ ઉપમા નથી,

---

× ગુરુબહુમાન શુભોદય આદિનું કારણ હોવાથી કારણમાં કાર્યના ઉપચારથી શુભોદય આદિરૂપ છે.

## ૨૪. સાધુને દેવોથી અધિક સુખ

સ એવં પણ્ણે, એવં ભાવે, એવં પરિણામે, અપ્પડિવડિએ, વડ્ઢમાણે તેઉલ્લેસાએ, 'દુવાલસમાસિએણં પરિઆએણં અઇક્કમઈ સવ્વદેવતેઉલ્લેસં,' એવમાહ મહામુણી । તઓ સુક્કે સુક્કાભિજાઇ ભવઇ ॥

નિર્મલ વિવેકથી આવી + બુદ્ધિવાળો, θ વિવેક વિના પણ સ્વભાવથી જ આવા ભાવવાળો, ગુરુના યોગ વિના પણ ક્ષયોપશમથી આવા પરિણામવાળો, પતન નહિ પામેલ અને ચિત્ત-સુખના લાભરૂપ તેજોલેશ્યાથી વધતો પ્રસ્તુત સાધુ બાર મહિનાના દીક્ષાપર્યાયથી સર્વદેવોની તેજોલેશ્યાને ઓળંગી જાય છે, અર્થાત્ સર્વદેવોના સુખથી

+ આવી બુદ્ધિ એટલે પ્રસ્તુત સાધુમાં જેવી બુદ્ધિ છે તેવી. એ પ્રમાણે આવા ભાવ અને આવા પરિણામ વિશે પણ સમજવું.

θ અહીં વિવેક એટલે શાસ્ત્રનો વિશિષ્ટ બોધ. કેટલાકને શાસ્ત્રના વિશિષ્ટ બોધપૂર્વક આવો ભાવ થાય અને કેટલાકને માષતુષમુનિ આદિની જેમ વિશિષ્ટ બોધ વિના પણ સ્વભાવથી જ આવો ભાવ હોય છે. તે પ્રમાણે કેટલાકને ગુરુના યોગથી આવા પરિણામ થાય છે, પણ કેટલાકને માષતુષમુનિ આદિની જેમ ગુરુના યોગ પહેલાં પણ કર્મના ક્ષયોપશમથી આવા પરિણામ થાય છે.

અધિકસુખનો અનુભવ કરે છે,૪ એમ મહાવીર ભગવાને કહ્યું છે. ત્યારબાદ તે સાધુ શુક્લ અને શુક્લાભિજાત્ય બને છે.

[શુક્લ એટલે અખંડચારિત્રી, મત્સરરહિત, કૃતજ્ઞ, સત્કાર્યનો આરંભ કરનાર અને હિતના અનુબંધવાળો. શુક્લ જીવોમાં અભિજાત્ય = શ્રેષ્ઠ તે શુક્લાભિજાત્ય, અર્થાત જેના ઉક્ત અખંડચારિત્ર વગેરે ગુણો ઉત્કૃષ્ટ બને છે તે શુક્લાભિજાત્ય બને છે.]

**૨૫ કેવો સાધુ યોગી છે તેનું વર્ણન**

પાયં છિણ્ણકમ્માણુબંધે, ખવઈ લોગસણ્ણં । પડિસોઅગામી, અણુસોઅનિવિત્તે, સયા સુહજોગે, એસ 'જોગી' વિઆહિએ ॥

પ્રાયઃ × તેના કર્મોનો અનુબંધ છેદાઈ જાય છે. તે

| ૪ દીક્ષાપર્યાય | કયા દેવોથી અધિક સુખ. |
|---|---|
| ૧. માસ | વાણવ્યંતર |
| ૨. ,, | ભવનપતિ (અસુર સિવાય) |
| ૩. ,, | અસુરકુમાર |
| ૪. ,, | ગ્રહ, નક્ષત્ર, તારા |
| ૫. ,, | ચંદ્ર, સૂર્ય |
| ૬-૭-૮-૯-૧૦ | ક્રમશઃ ૧-૨, ૩-૪, ૫-૬, ૭-૮ ૯-૧૨ |
| ૧૧-૧૨ | ક્રમશઃ ૯ ગ્રૈવેયક, ૫ અનુત્તર. |

× અર્થાત્ જે કર્મને ઉદયથી ભોગવે તે કર્મ નવું ન બાંધે. કર્મશક્તિ અચિંત્ય હોવાથી કયારેક નવું બાંધે પણ, આથી અહીં પ્રાયઃ કહ્યું છે.

ભવાભિનંદી જીવોની ક્રિયામાં પ્રીતિરૂપ લોકસંજ્ઞાનો ત્યાગ કરે છે. લોકાચારના પ્રવાહની વિરુદ્ધ જાય છે, અર્થાત્ લૌકિક આચારોથી વિરુદ્ધ એવા ધાર્મિક આચારોનું સેવન કરે છે, તથા લોકાચારના પ્રવાહમાંથી નિવૃત્ત થાય છે, અર્થાત્ લોકાચારનું સેવન કરતો નથી.

[ અહીં (૧) લોકસંજ્ઞાના ત્યાગમાં લૌકિક આચારો પ્રત્યે પ્રેમનો–આદરનો ત્યાગ સૂચિત થાય છે, લોકાચારના પ્રવાહથી નિવૃત્તિમાં લોકાચારનો ત્યાગ સૂચિત થાય છે.]

તે સાધુ સદા સાધુપણાના આચારોથી યુક્ત હોય છે. આવા સાધુને ભગવાને યોગી કહ્યો છે.

**એસ આરાહગે સામણ્ણસ્સ જહા ગહિઅપઇણ્ણે, સવ્વોવહાસુદ્ધે, સંધઇ સુદ્ધગં ભવં, સમ્મં અભવસાહગં, ભોગકિરિઆ સુરૂવાઇકપ્પં । તઓ તા સંપુણ્ણા પાઉણઈ અવિગલહેઉ ભાવઓ, અસંકિલિટ્ઠ સુહરૂવાઓ, અપરોવતાવિણો, સુંદરા અણુબંધેણં, ન ય અણ્ણા સંપુણ્ણા તત્તખંડણેણ ॥**

સાધુપણાનો આરાધક, (પ્રારંભથી જ સારી પ્રવૃત્તિ કરવાથી) સ્વીકાર્યા પ્રમાણે પ્રતિજ્ઞાનો પાલક, (અતિચાર રહિત હોવાથી) સર્વ સંયમગુણોથી શુદ્ધ આ સાધુ ભોગક્રિયા માટે સુરૂપાદિ સમાન અને સારી રીતે મોક્ષસાધક શુદ્ધ ભવ પામે છે. અર્થાત્ આવો સાધુ તે જ ભવમાં મોક્ષે ન જાય તો દેવલોકાદિમાં ઉત્પન્ન થાય છે

અને ધર્મસાધના કરતાં કરતાં એવો શુદ્ધ ભવ પ્રાપ્ત કરે છે કે જે ભવમાં મોક્ષની પ્રાપ્તિ થાય છે. આ શુદ્ધભવ ભોગક્રિયા માટે સુરૂપાદિ સમાન છે એનો ભાવ એ છે કે, સુંદર રૂપ, યૌવન, વિચક્ષણતા, સૌભાગ્ય, મધુરસ્વર અને ઐશ્વર્ય એ ભોગનાં સાધનો છે. દુન્યવી દૃષ્ટિએ વિચારણા કરવામાં આવે તો જેની પાસે ભોગનાં આ સાધનો હોય તેની ભોગની ક્રિયાઓ સારી થાય, સંપૂર્ણ થાય. તેવીરીતે તાત્ત્વિકદૃષ્ટિએ વિચારણા કરવામાં આવે તો મોક્ષસાધક શુદ્ધભવવાળાની ભોગક્રિયાઓ સારી થાય છે, સંપૂર્ણ થાય છે. (તતઃ =) તેનાથી, એટલેકે સુરૂપાદિસમાન ભવથી, ભોગક્રિયાઓ સંપૂર્ણતા પામે છે કારણકે ભોગક્રિયાનાં સાધનો સંપૂર્ણ હોય છે. ભોગસાધનોમાં ન્યૂનતા કે ખામી ન હોવાથી એ સાધનોનો ભોગવટો કરતાં કોઈ જાતનો સંક્લેશ ન થવાથી ભોગક્રિયાઓ સંક્લેશ રહિત સુખરૂપ છે. (સંક્લેશ રહિત સુખનું કારણ હોવાથી કારણમાં કાર્યના ઉપચારથી સંક્લેશ રહિત સુખરૂપ છે.) ભોગક્રિયા કરનાર વિચક્ષણતા (પરને સંતાપ ન થાય તેમ વર્તવું જોઈએ ઇત્યાદિ બુદ્ધિ) વગેરે ગુણોથી યુક્ત હોવાથી તેની ભોગક્રિયાઓ બીજાને સંતાપ પમાડતી નથી, અને એથી જ (= વિચક્ષણતા વગેરે ગુણોથી યુક્ત હોવાથી) અનુબંધ થવાથી (= ભવાંતરમાં પણ તેવી જ ભોગક્રિયાની પ્રાપ્તિ થવાથી) સુંદર છે. આવી ભોગક્રિયાઓથી અન્ય ભોગક્રિયાઓ સંપૂર્ણ નથી.

કારણકે અન્ય ભોગક્રિયાથી ઉભયલોકમાં સંકલેશ વગેરે થતાં હોવાથી ભોગક્રિયાનું સ્વરૂપ રહેતું નથી. (જેમાં સંકલેશ વગેરે ન થાય તેવી જ ભોગક્રિયા વાસ્તવિક ભોગક્રિયા છે.)

**૨૭. જ્ઞાનનું સ્વરૂપ અને ફળ**

એઅં 'નાણંતિ' વુચ્ચઇ । એઅંમિ સુહજોગસિદ્ધી, ઉચિઅપડિવત્તિપ્પહાણા ।

આ રીતે ઇષ્ટવસ્તુના સ્વરૂપને (= સુખ વગેરેના વાસ્તવિક સ્વરૂપને) જણાવનાર જ્ઞાન પરમાર્થથી જ્ઞાન છે. આવું જ્ઞાન થતાં ઉભયલોકમાં ઇષ્ટમાં પ્રવૃત્તિ થવાથી શુભ વ્યાપારોની સિદ્ધિ થાય છે. કારણ કે સમ્યગ્જ્ઞાનથી વિચારણા દ્વારા તે તે વ્યાપારના અનુબંધ તરફ દૃષ્ટિ રાખીને ઉચિત પ્રવૃત્તિનો સ્વીકાર થાય છે.

**૨૮. ઉચિત પ્રવૃત્તિના સ્વીકારનું કારણ**

ઇત્થ ભાવો પવત્તગો ।

અહીં પ્રવૃત્તિ કરાવનાર શુભ અંતઃકરણ રૂપ ભાવ છે, મોહ નહિ. શુભ અંતઃકરણરૂપ ભાવ ઉચિત પ્રવૃત્તિ કરાવે છે. મોહ અનુચિત પ્રવૃત્તિ કરાવે છે. અહીં શુભ અંતઃકરણરૂપ ભાવ પ્રવૃત્તિ કરાવનાર હોવાથી ઉચિત પ્રવૃત્તિનો સ્વીકાર થાય છે.

**૨૯ પ્રસ્તુત પ્રવૃત્તિમાં વિઘ્નાભાવ અને તેનું કારણ**

પાયં વિગ્ઘો ન વિજ્જઇ, નિરણુબંધાઽસુહકમ્મભાવેણ ।

આથી જ (= શુભ અંતઃકરણરૂપ ભાવ પ્રવર્તક હોવાથી) આ પ્રવૃત્તિમાં અશુભ કર્મો નિરનુબંધ હોવાથી પ્રવ્રજ્યારૂપ શુભ ઉપાયનો યોગ થવાના કારણે પ્રાયઃ× વિઘ્ન આવતું નથી. (સાનુબંધ અશુભ કર્મવાળાને પ્રવ્રજ્યા-રૂપ શુભ ઉપાયનો યોગ ન થાય.)

### ૩૦. ઇષ્ટ સિદ્ધિનું કારણ

અક્ખિત્તાઓ ઇમે જોગા ભાવારાહણાઓ । તહા તઓ સમ્મં પવત્તઇ, નિપ્ફાયઇ અણાઉલે ।

જન્માંતરમાં પ્રવ્રજ્યા ઉપર બહુમાન આદિ દ્વારા ભાવથી તો પ્રવ્રજ્યાના શુભ વ્યાપારોનો સ્વીકાર કરી જ લીધો છે. ભાવથી સ્વીકાર કરી લીધો હોવાથી સમ્યક્ પ્રવૃત્તિ કરે છે. આથી અનાકુલપણે ઇષ્ટને સિદ્ધ કરે છે.

### ૩૧. સુક્રિયાનું સ્વરૂપ

એવં કિરિઆ 'સુકિરિઆ' એગંતનિક્કલંકા નિક્કલંકત્થસાહિઆ । તહા સુહાણુબંધા, ઉત્તરુત્તર-જોગસિદ્ધિએ ।

સમ્યગ્જ્ઞાન પૂર્વક ઉચિત રીતે શરૂ કરેલી ક્રિયા સુક્રિયા બને છે. આ સુક્રિયા નિરતિચાર હોવાથી નિષ્કલંક

---

× કર્મવિચિત્રતાના કારણે મેઘકુમાર આદિની જેમ કોઈકને વિઘ્ન પણ આવે, આથી અહીં પ્રાયઃ કહ્યું છે.

અને મોક્ષસાધક છે. તથા વચ્ચે તૂટયા વિના ઉત્તરોત્તર યોગની સિદ્ધિ થવાથી શુભાનુબંધવાળી છે.

### ૩૨. સુક્રિયાથી પરાર્થસાધના

અઓ સે સાહઇ પરં પરત્થં સમ્મં । તક્કુસલે સયા તેહિં તેહિં પગારેહિં, સાણુબંધં મહોદએ બીજબીજાદિટ્ઠાવણેણં ।

સદા પરાર્થને સિદ્ધ કરવામાં કુશલ તે શુભાનુબંધવાળી સુક્રિયાથી બીજ (= સમ્યક્ત્વ) અને બીજ-બીજ (= સમ્યક્ત્વની પ્રાપ્તિ કરાવનાર જિનશાસન–પ્રશંસા વગેરે) વગેરેનું આરોપણ કરવું, વગેરે તે તે પ્રકારોથી અનુબંધસહિત મુખ્ય પરાર્થને સિદ્ધ કરે છે. આથી તે મહોદય (= સારી ઉન્નતિવાળો) બને છે.

### ૩૩. પરાર્થસાધક સાધુનું સ્વરૂપ

કત્તિવિરિઆઇજુત્તો, અવંઝસુહચિટ્ઠે, સમંતભદ્દે, સુપ્પણિહાણાઇહેઊ, મોહતિમિરદીવે, રાગામયવિજ્જે, દોસાનલ-જલનિહી, સંવેગસિદ્ધિકરે હવઇ ।

મુખ્ય પરાર્થને+ સાધવા પ્રવર્તમાન વીર્યથી યુક્ત,

---

+ વીર્યના લબ્ધિ અને કરણ એમ બે ભેદ છે. આત્મામાં વીર્યાંતરાયનો ક્ષયોપશમ તે લબ્ધિવીર્ય. જે વીર્યનો ઉપયોગ થતો હોય = જે વીર્ય પ્રવર્તતું હોય તે કરણવીર્ય. વીર્યાંતરાયના ક્ષયોપશમથી લબ્ધિવીર્ય હોય, પણ તેનો ઉપયોગ ન થાય એટલે કે પ્રવર્તમાન વીર્ય ન હોય તો તે વીર્ય શા કામનું ? આથી અહીં કહ્યું કે દીક્ષિત પ્રવર્તમાન વીર્યથી યુક્ત હોય છે.

મુખ્ય પરાર્થને સાધવા જ સફળ શુભ ક્રિયાવાન, સુંદર આકૃતિવાળો હોવાથી સમંતભદ્ર (બાહ્ય-અભ્યંતર અને આલોક-પરલોક એમ બધી રીતે કલ્યાણવાળો), અનુષ્ઠાનોમાં ક્યાંય ખામી ન હોવાથી સુપ્રણિધાન આદિનો હેતુ, મોહરૂપ અંધકારને દૂર કરવાના સ્વભાવવાળો હોવાથી મોહરૂપ અંધકાર માટે દીપક સમાન, રાગરૂપ રોગનો પ્રતિકાર કરવામાં સમર્થ યોગવાળો હોવાથી રાગરૂપ રોગ માટે વૈદ્ય સમાન, દ્વેષરૂપ અગ્નિને શાંત કરવાની શક્તિવાળો હોવાથી દ્વેષરૂપ અગ્નિ માટે સમુદ્રસમાન તે દીક્ષિત સંવેગની સિદ્ધિના કારણોથી યુક્ત હોવાથી સંવેગની સિદ્ધિ કરનાર બને છે.

### ૩૪. પરાર્થસાધનાનું કારણ

અચિંતચિંતામણિકપ્પે । સ એવં પરંપરત્થસાહએ, તહા કરુણાઇભાવઓ, અણેગેહિં ભવેહિં વિમુચ્ચમાણે પાવકમ્મુણા, પવડ્ઢમાણે અ સુહભાવેહિં, અણેગભવિઆએ આરાહણાએ પાઉણઇ સવ્વુત્તમં ભવં । ચરમં અચરમભવહેઉં, અવિગલપરંપરત્થનિમિત્તં ।

બીજા જીવોના સુખનું કારણ હોવાથી અચિંત્યચિંતામણિ સમાન તે દીક્ષિત આ રીતે ધર્મદાન વડે મુખ્ય પરાર્થનો સાધક બને છે. કારણ કે પ્રધાન ભવ્યત્વના કારણે વિશિષ્ટ કરુણાદિભાવોથી અનેક ભવોમાં જ્ઞાનાવરણીયાદિ પાપકર્મોથી અતિશય મૂકાતો અને સંવે-

ગાદિ શુભભાવોથી અતિશય વધતો તે અનેક ભવોની પારમાર્થિક આરાધનાથી મોક્ષનો હેતુ, સર્વોત્કૃષ્ટ પુણ્યના સમૂહની પ્રાપ્તિ થવાથી સંપૂર્ણ મુખ્ય પરાર્થનો હેતુ, અને તીર્થંકરાદિરૂપે જન્મ થાય તેવો સર્વોત્તમ અંતિમ ભવ પામે છે.

### ૩૫. અંતિમ ભવનું વર્ણન

તત્થ કાઊણ નિરવસેસં કિચ્ચં, વિહૂઅરયમલે સિજ્જઈ, બુજ્ઝઇ, મુચ્ચઇ, પરિનિવ્વાઈ, સવ્વદુક્ખાણમંતં કરેઇ ॥

અંતિમ ભવમાં મહાન જીવોને જે ઉચિત હોય તે સઘળાં કર્તવ્યો કરીને કર્મરૂપ રજથી રહિત બનેલો તે સિદ્ધ થાય છે = અણિમાદિ લબ્ધિઓને પામે છે, બુદ્ધ થાય છે = કેવલજ્ઞાન પામે છે, મુક્ત થાય છે = સર્વ કર્મોથી રહિત બને છે, પરિનિર્વાણ પામે છે = સંપૂર્ણ સુખ પામે છે. આ રીતે તે સર્વ દુઃખોનો અંત કરે છે.

## ૫. પ્રવ્રજ્યા ફલસૂત્ર

### ૧. સિદ્ધ થયેલા જીવનું સ્વરૂપ

સ એવમભિસિદ્ધે પરમબંભે મંગલાલએ જમ્મ-જરામરણરહિએ પહીણાડ્સુહે અણુબંધસત્તિવજ્જિએ સંપત્તનિઅરૂવે અકિરિએ સહાવસંઠિએ અણંતણાણે અણંતદંસણે ।

ઉક્તરીતે સુખપરંપરાથી સંપૂર્ણ સિદ્ધ બનેલ તે દીક્ષિત સદા સુખી હોવાથી પરમબ્રહ્મ, ગુણોત્કર્ષનો યોગ હોવાથી મંગલાલય, જન્મ આદિના નિમિત્તો ન હોવાથી જન્મ-જરા-મરણથી રહિત, અશુભથી રહિત, અશુભના અનુબંધથી રહિત, નિજસ્વરૂપને પામેલો, ક્રિયારહિત, સ્વભાવમાં સ્થિત, અનંતજ્ઞાનવાળો અને અનંતદર્શનવાળો બને છે.

### ૨. સિદ્ધમાં શબ્દાદિ ન હોય

સે ન સદ્દે, ન રૂવે, ન ગંધે, ન રસે, ન ફાસે ।

તે સિદ્ધ શબ્દ નથી, રૂપ નથી, ગંધ નથી, રસ નથી, સ્પર્શ નથી. (અર્થાત્ સિદ્ધમાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ ન હોય.)

### ૩ સિદ્ધો અભાવરૂપ નથી

અરૂવી સત્તા અણિત્થંત્થસંઠાણા, અણંતવિરિઆ, કયકિચ્ચા, સવ્વબાહાવિવજ્જિઆ, સવ્વહા નિરવિક્ખા, થિમિઆ, પસંતા ।

સિદ્ધો શબ્દાદિરૂપ ન હોવા છતાં અભાવરૂપ નથી, કિંતુ જ્ઞાનની જેમ સિદ્ધોની સત્તા છે=વિદ્યમાનતા છે, અર્થાત્ અરૂપિપણે સિદ્ધો વિદ્યમાન છે. + સિદ્ધોની સત્તા આકૃતિ રહિત, અનંતવીર્યયુક્ત, કૃતાર્થ, સર્વપ્રકારની પીડાથી રહિત, સર્વથા નિરપેક્ષ=સર્વ અપેક્ષાઓથી રહિત, સર્વ અપેક્ષાઓથી રહિત હોવાથી જ તરંગ રહિત સમુદ્રની જેમ સ્થિર અને પ્રશાંત છે.

૪ સિદ્ધોનું સુખ સંયોગ અને અપેક્ષાથી રહિત છે.

અસંજોગિએ એસાણંદે, અઓ ચેવ પરે મએ ।

સિદ્ધોનું આ સુખ સંયોગ વિના પ્રાપ્ત થાય છે. આથી જ તે સુખ અપેક્ષા વિનાનું હોવાથી પ્રધાન છે.

૫ મોહ મુખ્ય ભાવશત્રુ છે

અવિક્ખા અણાણંદે, 'સંજોગો વિઓગકારણં' અફલં ફલમેઆઓ, વિણિવાયપરં ખુ તં, બહુમયં મોહાઓ અબુહાણં, જમિત્તો વિવજ્જઓ, તઓ અણત્થા અપજ્જવસિઆ, એસ ભાવરિઊ પરે । અઓ વુત્તે ઉ ભગવયા ।

---

+ સિદ્ધોની સત્તા આકૃતિરહિત છે ઈત્યાદિનો "સિદ્ધો આકૃતિરહિત છે." ઈત્યાદિ ભાવાર્થ સમજવો.

* જ્યાં સંયોગ ન હોય ત્યાં નિયમા અપેક્ષા પણ ન હોય. જ્યાં અપેક્ષા હોય ત્યાં નિયમા સંયોગ હોય.

અપેક્ષા સુખરૂપ નથી. કારણકે તેમાં ઔત્સુક્યનું દુઃખ છે. સંયોગ વિયોગનું કારણ છે. સંયોગથી મળતું ફલ ફલ નથી. કારણકે તે ફલ વિનાશી છે. મોહથી અજ્ઞાન જીવને આ ફલ બહુ ગમે છે. કારણ કે મોહથી વિપર્યય = અફલમાં ફલબુદ્ધિ થાય છે. વિપર્યયથી અસત્પ્રવૃત્તિ થવાથી અનંત અનર્થો થાય છે. આથી જ ભગવાને આ મોહને મુખ્ય ભાવશત્રુ કહ્યો છે.

૬ સિદ્ધો સંયોગ અપેક્ષાથી રહિત છે

નાગાસેણ જોગો એઅસ્સ । સે સરૂવસંઠિએ । નાગાસમણુત્થ । ન સત્તા સદંતરમુવેઇ । અચિંતમેઅં કેવલિગમ્મં તત્તં, નિચ્છયમયમેઅં । 'વિજોગવં ચ જોગોત્તિ', ન એસ જોગો, ભિણ્ણં લક્ખણમેઅસ્સ ન ઇત્થાવિક્ખા ।

[જો સંયોગ દુષ્ટ છે, તો સિદ્ધોનો આકાશ સાથે જે સંયોગ છે, તે કેમ દુષ્ટ નથી ? આ પ્રશ્નનું સમાધાન] સિદ્ધજીવનો આકાશ સાથે સંયોગ નથી. કારણ કે સિદ્ધ પોતાના સ્વરૂપમાં રહેલ છે. આકાશ બીજામાં રહેતું નથી. અર્થાત્ જેમ આકાશ બીજાના આધાર વિના=સંયોગ વિના સ્વ-સ્વરૂપમાં રહેલું છે, તેમ સિદ્ધો બીજાના આધાર વિના=સંયોગ વિના સ્વ-સ્વરૂપમાં રહેલા છે. કારણ કે એક સત્તા બીજી સત્તાને પામતી નથી, અર્થાત્ એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે બનતું નથી.

**ભાવાર્થ** : દરેક દ્રવ્ય પરરૂપે બનતું નથી, સ્વરૂપમાં જ રહે છે. જેમકે જડ ચેતન ન બને, ચેતન જડ ન બને. ચેતન ચેતનરૂપે રહે અને જડ જડરૂપે રહે. [જેમ એક દ્રવ્ય બીજા દ્રવ્યરૂપે બનતું નથી, તેમ બીજા દ્રવ્યમાં પણ રહેતું નથી.] અચિંત્ય આ તત્ત્વ કેવલિગમ્ય છે. આ નિશ્ચયમત છે. (કારણ કે વ્યવહારનયના મતે) સંયોગ વિયોગવાળો હોય. સિદ્ધ અને આકાશનો સંયોગ વિયોગવાળો નથી. પ્રસ્તુત સંયોગનું (= સિદ્ધ અને આકાશના સંયોગનું લક્ષણ ભિન્ન છે.

[સંયોગ બે જાતના છે. (૧) વિયોગવાળો (૨) વિયોગ રહિત = કે કેવળ આધાર–આધેયરૂપ, મોહાધીન જીવોનો બીજી વસ્તુ સાથે થતો સંયોગ વિયોગવાળો છે. સિદ્ધ અને આકાશમાં વિયોગવાળો સંયોગ નથી, કિંતુ સિદ્ધો આકાશમાં રહેલા હોવાથી આધાર–આધેયભાવ રૂપ સંયોગ છે, નિશ્ચયનયના મતે વિયોગવાળો સંયોગ વાસ્તવિક સંયોગ છે. કેમકે તે સંયોગથી સંયોગનું ફળ વિયોગ મળે છે. નિશ્ચયનયના મતે એક સ્થાને રહેવા રૂપ સિદ્ધ–આકાશનો સંયોગ વિયોગરૂપ ફળથી રહિત હોવાથી વાસ્તવિક સંયોગ નથી. નિશ્ચયનય જે વસ્તુનું જે ફળ હોય તેનાથી તે ફળ મળતું હોય તો જ તેને તે વસ્તુરૂપે માને. એટલે નિશ્ચયનય જેનાથી વિયોગરૂપ ફળ મળતું હોય તેને જ સંયોગ માને. સિદ્ધ–આકાશના સંયોગમાં વિયોગરૂપ ફળ મળતું નથી. આથી

નિશ્ચયનયના મતે સિદ્ધ–આકાશનો સંયોગ નથી.]

અહીં (આકાશ-સિદ્ધના આધાર-આધેયરૂપ સંયોગમાં) સિદ્ધોને અપેક્ષા નથી. (મોહાધીન જીવોના વિયોગવાળા સંયોગમાં અપેક્ષા છે)

## ૭. સિદ્ધોનો લોકાંતે જવાનો સ્વભાવ છે.

સહાવો ખુ એસો, અણુંતસુહસહાવકપ્પો ।

(સિદ્ધો લોકાંત સુધી આકાશમાં કેમ જાય છે? એ પ્રશ્નનું સમાધાન) સિદ્ધોનો લોકાંત સુધી આકાશમાં જવાનો સ્વભાવ છે. સિદ્ધોનો જેમ અનંતસુખ સ્વભાવ છે અને તે કર્મક્ષયથી પ્રગટ થાય છે, તેમ લોકાંત સુધી આકાશમાં જવું એ સિદ્ધોનો સ્વભાવ છે અને તે કર્મક્ષયથી પ્રગટ થાય છે.

## ૮. સિદ્ધના સુખનું વર્ણન

ઉવમા ઇત્થ ન વિજ્જઇ । તબ્ભાવેઽણુભવો પરં તસ્સેવ । 'આણા એસા' જિણાણં સવ્વણ્ણૂણં અવિતહા એગંતઓ । ન વિતહત્તે નિમિત્તં । ન ચાનિમિત્તં કજ્જંતિ નિદંસણમિત્તં તુ નવરં ।

સિદ્ધનું સુખ ઉપમા રહિત છે. પણ સિદ્ધનું સુખ હોવાનો અનુભવ સિદ્ધોને જ થાય, અર્થાત્ સિદ્ધનું સુખ કેવું છે તે સિદ્ધ જ અનુભવી શકે છે, એમ સર્વજ્ઞ જિનની આજ્ઞા છે. સર્વજ્ઞ જિનની આજ્ઞા એકાંતે સત્ય છે. કારણકે

રાગાદિ ન હોવાથી અસત્યનું નિમિત્ત નથી. નિમિત્ત વિના કાર્ય ન થાય. આ રીતે સિદ્ધસુખ સ્વ-સંવેદ્ય છે. સિદ્ધસુખ સંબંધી (=સિદ્ધસુખનો સામાન્ય ખ્યાલ કરાવનાર) નીચે મુજબ માત્ર દૃષ્ટાંત છે.

## ૯-સિદ્ધ સુખ સંબંધી દૃષ્ટાંત

**સવ્વસત્તુક્ખએ, સવ્વવાહિવિગમે, સવ્વત્થસંજોગેણં. સવ્વિચ્છાસંપત્તીએ. જારિસમેઅં । ઇત્તોણંતગુણં, તં તુ ભાવસત્તુક્ખયાદિતો । રાગાદઓ ભાવસત્તૂ, કમ્મોદયા વાહિણો, પરમલદ્ધીઓ ઉ અટ્ઠા, અણિચ્છેચ્છા ઇચ્છા ।**

સર્વ શત્રુઓનો ક્ષય થઈ ગયો હોય, સર્વવ્યાધિઓનો નાશ થયો હોય, સર્વ અર્થોનો (=ઈષ્ટ વસ્તુઓનો સંયોગ થયો હોય, સર્વ ઈચ્છાઓ પૂર્ણ થઈ હોય ત્યારે જેવું સુખ હોય તેનાથી અનંતગણું સિદ્ધનું સુખ હોય છે. કારણકે સુખ ભાવ શત્રુઓના ક્ષય વગેરેથી થાય છે.

(સિદ્ધસુખના દૃષ્ટાંતમાં શત્રુ, વ્યાધિ, અર્થ અને ઈચ્છા એ ચારનો ઉલ્લેખ છે. આથી હવે પરમાર્થથી શત્રુ વગેરે કોણ છે તેનું વર્ણન કરે છે:)

રાગાદિ ભાવશત્રુ છે. કર્મોનો ઉદય (ભાવ) વ્યાધિ છે. (પરાર્થનું કારણ હોવાથી ઉત્તમ લબ્ધિઓ ભાવ અર્થ છે. ઈચ્છાના અભાવની ઈચ્છા એ ઈચ્છા છે. (કારણકે તેનાથી પરિણામે ઈચ્છાનો સર્વથા નાશ થાય છે.)

### ૧૦ સિદ્ધોનું સુખ બુદ્ધિથી ગમ્ય નથી.

એવં સુહુમમેઅં, ન તત્તઓ ઇયરેણ ગમ્મઇ । 'જઇસુહં વ અજઇણા' । 'આરુગ્ગસોહં વ રોગિણુત્તિ' વિભાસા । અચિંતમેઅં સરૂવેણ ।

આ પ્રમાણે સિદ્ધસુખ સૂક્ષ્મ છે, પરમાર્થથી સિદ્ધ સિવાય બીજાથી અનુભવી શકાતું નથી. જેમ સાધુ સિવાય બીજો જીવ સાધુનું સુખ ન અનુભવી શકે, જેમ રોગી આરોગ્યનું સુખ ન અનુભવી શકે, આ પ્રમાણે વિભાષા કરવી, એટલે કે આ બે દૃષ્ટાંતોની જેમ સિદ્ધસુખમાં પણ કહેવું, અર્થાત્ તે રીતે અસિદ્ધ સિદ્ધસુખ ન અનુભવી શકે. સિદ્ધસુખ સ્વરૂપથી અચિંત્ય છે, અર્થાત્ સિદ્ધસુખનું સ્વરૂપ સર્વથા અચિંત્ય છે, કારણ કે તે પરમાર્થથી બુદ્ધિનો વિષય નથી.

### ૧૧ સિદ્ધસુખ અને સિદ્ધોનો કાળ

સાઇ-અપજ્જવસિઅં; એગસિદ્ધાવિક્ખાએ । પવાહઓ અણાઈ । તેવિ ભગવંતો એવં ।

